ક્રમાંક ઉ/ગપક/એલબી/જાહેરનામું/૧૫૪૯૧/૯૫.—શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ ૧૭ (૩) બી અન્વયેનું જાહેરનામું સુરત મહાનગર પાલિકાની ચૂંટણીના અનુસંધાને તારીખ ૨૦મી મે, ૧૯૯૫ થી ૧૫મી જૂન, ૧૯૯૫ સુધી સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારના રાંદેર, ચોકબજાર, વરાછારોડ, લીંબીયાત, અઠવા અને કતારગામ પોલીસ સ્ટેશન વિસ્તારના તમામ હથિયાર પરવાનેદારોના હથીયાર જમા કરાવવા માટે આમુખ નંબર-૧માં જણાવેલ પત્રથી હુકમ કરવામાં આવેલ હતો, જે હવેથી તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે. અને હવેથી ઉપર જણાવેલ પોલીસ સ્ટેશનના તમામ પરવાનેદારોએ પોતાના હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા નહીં કરાવવા જણાવવામાં આવે છ.

સુરત, તારીખ ૧૫મી મે, ૧૯૯૫.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪.

નંબર ડી/એમએજી-૧/તા.જિ.પં./ચૂંટણી/વશી ૧૯૪૫/૨૦૦૩/૯૫.—આથી મને એવી ખાત્રી કરાવવામાં આવી છે કે, આગામી જુન માસમાં જિલ્લા, તાલુકા તથા ગ્રામ પંચાયતોની ચુંટણીઓ યોજનાર છે. આ ચૂંટણીઓના સંદર્ભમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ચૂંટણી પ્રક્રિયા શાંત અને સરળ રીતે યોજાય તે રીતે ચૂંટણી પંચના હુકમ નં.પઈ-એલઈસી-સીઓસી લો એન્ડ ઓર્ડર-ડુંરીંગ ઈલેકશન તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ મળેલ સુચનાઓ અનુસંધાને જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન હથિયારો સાથે લઈને ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી છે.

આથી હું રાજ ગોપાલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા પાલનપુર ઉપરોકત હકીકત ધ્યાને લેતાં સને ૧૯૭૩ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની ચૂંટણી દરમિયાન એટલે કે, તારીખ ૧૦મી મે, ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધીના સમય દરમ્યાન કોઈપણ (સરકારી ફરજ સિવાયની વ્યકિત એટલે કે ખાનગી વ્યકિત) જેઓ હથિયાર પરવાના તળે હથિયાર ધારણ કરે છે. તેઓ તેમના હથિયાર સાથે લઈને જાહેરમાં ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું.

જો કે આ હુકમ વ્યકિતગત રીતે જિલ્લાના તમામ હથિયાર પરવાનેદારોને બજવી શકાય તેમ નથી. તેમ છતાં આ હુકમ કરવો અતિ આવશ્યક હોઈ એક તરફી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તારીખ ૧૦મી મે, ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૧૦મી મે, ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

રાજ ગોપાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા,પાલનપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડી. સી. બી./એમએજી/બીપીએ/૩૦/૧૯૯૫.—કાર્યપાલક ઈજનેર નવસારી (માર્ગ અને મકાન) વિભાગ નવસારીએ તેમના પત્ર ક્રમાંક નં. પી. બી./ઈ૬/૩/૫૨૫, તારીખ ૯મી મે ૧૯૯૫ અન્વયે જણાવેલ છે કે, ભીલાડ સરીગામ ફણસા રાજય ધોરીમાર્ગ અગાઉ મુખ્ય જિલ્લા માર્ગ તરીકે માન્ય કરેલ હતો. સદર રસ્તા ઉપર જીઆઈડીસી આવેલ હોવાથી નેશનલ હાઈવેથી કિ. મી. ૫/૦ સુધી ભારે વાહનોવાળા વાહનોની અવરજવર વધુ પ્રમાણમાં રહે છે. તે સદરહું રસ્તા ઉપરથી ૧૦.૦૦ મે. ટનથી વધુ વજનવાળા ભારે વાહનો પસાર થાય છે તેને કારણે આ રસ્તા પર આવેલા ત્રણ નાળાને નુકશાન થયેલ છે. અને અકસ્માત થવાનો ભય રહે છે. આ રસ્તા ઉપરથી માત્ર એક જ વાહન (બસ) જઈ શકે એટલો જ રસ્તો ખુલ્લો રહેશે. જેથી અકસ્માત નિવારવા જાહેર સલામતિને ધ્યાનમાં લેતાં આ રસ્તાને "આ રસ્તાને એક માર્ગીય" બનાવવો જરૂરી જણાય છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા-કલમ (૧)ના ક્લોઝ (બી) થી મને મળેલ સત્તાની રૂએ હું ડી. ટી. જોષી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આથી નીચેના નિયમો કરું છું.

(૧) ભીલાડ-સરીગામ-ફણસા રસ્તાના કીલોમીટર ૦/૦ થી ૫/૦ ની પરિસિમામા તે રસ્તા ઉપરથી ૧૦ (દસ) મેટ્રીક ટનથી વધુ વજનવાળા વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાઉ છું.

INDEX

(૨) ઉપરોકત માર્ગ એક માર્ગીય જાહેર થતાં વૈકલ્પિક સ્વરૂપે મારે વાહનોની અવરજવર સંજાણ-નારગોલ રસ્તા પરથી થઈ હાઈવે ઉપર આવી શકશે.

ઉપર જણાવેલ રસ્તો તેની વૈકલ્પિક વ્યવસ્થા સહ તારીખ ૨૦મી મે, ૧૯૯૫ થી ૨૦મી ઓક્ટોબર, ૧૯૯૫ સુધી (બંને દિવસ સુધ્ધાંના) સમય માટે એક માર્ગીય જાહેર કરવામાં આવે છે.

વલસાડ, તારીખ ૧૫મી મે, ૧૯૯૫.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ./૨જી-૩૧/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. ટી. જોષી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, આગામી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, તથા ગ્રામ પંચાયતની ચૂંટણી અંગેની પ્રવર્તમાન પરિસ્થિતિ જોતાં જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૧મી મે, ૧૯૯૫ થી ૪થી જૂન, ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેબોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય, અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની (સને ૧૯૫૧ના ૨૨ માં કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૯મી મે, ૧૯૯૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/૨જી/૩૨/૯૫ .—રાજય ચૂંટણી પંચ દ્વારા જીલ્લા તાલુકા તથા ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ ૧૯૯૫ નો કાર્યકમ જાહેર કરેલ છે. અને તે મુજબ વલસાડ જીલ્લામાં ચૂંટણીની પ્રકિયાં શરૂ થઈ ગયેલ છે. જીલ્લા/ તાલુકા પંચાયતોની મતદાનની તારીખ ૩૧મી મે, ૧૯૯૫ તથા ગ્રામ પંચાયતોની મતદાન ની તારીખો ૪થી જુન, ૧૯૯૫ અને ૬ઠ્ઠી જુન, ૧૯૯૫ નકકી થયેલી છે. એજ રીતે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓની મત ગણતરી તારીખ ૭મી જુન, ૧૯૯૫ અને જીલ્લા/ તાલુકા પંચાયતોની ચૂંટણીની મતગણતરીની તારીખ ૧૭મી જુન, ૧૯૯૫ નકકી થયેલી છે. ભારતના બંધારણની કલમ ૨૪૩ કે અને ૨૪૩ ઝેડ અન્વયે આપેલા આદેશ નં. ૫/ઈ/એલસી/સીઓસી કા. વ્ય. તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫ ના પેરા ૩-૪ માં આપેલા આદેશ મુજબ ચૂંટણી જાહેર થયા પછી અધિકૃત પરવાનાવાળા હથિયારો સાથે હરવા ફરવા ઉપર અને જાહેરમાં પ્રદર્શિત કરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા આદેશ થયેલો છે.

જીલ્લા—તાલુકા ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ દરમ્યાન વલસાડ જીલ્લામાં હિંસક બનાવો બને અને કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં બાધકરૂપ થાય તેવા કૃત્યો થવાની શકયતાઓ માલમ પડે છે. તથા મુકત ન્યાયી અને શાંતિપૂર્વકની ચૂંટણી પ્રકિયાઓ જાહેર હિતમાં સંપન્ન થાય તે માટે ચૂંટણી પ્રકિયા દરમ્યાન લોકોની જાહેર સલામતી શાંતી જળવાય તે અંગે હુકમ કરવાનું મને આવશ્યક માલુમ પડયુ છે.

ચૂંટણીની સ્પર્ધાત્મક પ્રચાર પ્રકિયાઓ દરમ્યાન કે અન્ય કારણો સર હિંસક બનાવો બને તો તેમાં હથિયારોનો ઉપયોગ થવાની શકયતાઓ માલમ પડે છે જેથી ચૂંટણી પ્રકિયાઓ દરમ્યાન જીલ્લામાં હથિયારોનો ઉપયોગ ગેર કાયદેસર રીતે ન થઈ શકે તે માટે વલસાડ જીલ્લા વિસ્તારમાં હથિયાર સાથે હરવા—ફરવા ઉપર અને જાહેરમાં પ્રદર્શિત કરવા ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાયું છે. તથા વલસાડ જીલ્લા બહારથી જે લોકોએ હથિયાર પરવાનો મેળવેલ હોય તેવા હથિયારોનો ઉપયોગ ચૂંટણી પ્રકિયા દરમ્યાન તેઓ વલસાડ જીલ્લામાં ન કરી શકે તેઓ પ્રતિબંધ કરવાનું પણ મને તાત્કાલિક આવશ્યક અને જરૂરી જણાયું છે.

જેથી હું ડી. ટી. જોષી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારોની રૂએ હુકમ કરૂ છું કે.

(અ) વલસાડ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવનું કોઈપણ હથિયાર ધારણ કરવું નહી. અથવા આવા હથિયાર પ્રદર્શિત કરી જાહેરમાં હરવું ફરવું નહી.

(બ) વલસાડ જીલ્લા બહારથી મેળવેલા હથિયાર પરવાના ધારણા કરનાર વ્યકિતઓ વલસાડ જીલ્લાની હદમાં પ્રવેશ કરે અથવા

INDEX

જીલ્લામાં વસવાટ કરતાં હોય તો તેમના હથિયારો તાત્કાલીક નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા.

વલસાડ જીલ્લામાં જીલ્લા તાલુકા અને ગ્રામ પંચાયતોની ચૂંટણી ૧૯૯૫ ની ચૂંટણી પ્રક્રિયાઓ શરૂ થઈ ગયેલ હોઇ અને ચૂંટણીના સમય બધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોઇ અને યોગ્ય સમયમાં સ્વતંત્ર કિસ્સામાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઇ અને સુનાવણી રાખી શકાય તેમ ન હોઇ ઉપર જણાવ્યા અનુસાર, હું ફોજદારી કાર્યરિતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪(૨) હેઠળ હુકમ કરૂ છું આ હકમ તારીખ ૨૩મી મે, ૧૯૯૫ થી ૨૦મી જુન, ૧૯૯૫ (બંન્ને દિવસો સહિત) સુધીના સમય માટે અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૦મી મે, ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

ડી. ટી. જોષી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૪૩(૧) હેઠળ.

ક્રમાંક પી. ઓ. એલ./વશી-૩૧૬૭.—ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકાના ગોરા ખાતે તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૫ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૫ સુધી (બંને દિવસો સહિત) સુરપાણેશ્વર મહાદેવનો મેળો ભરાનાર છે, અને તે દરમ્યાન હમારો અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો સંભવ છે, જેથી મેળામાં જનાર દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેના નજીકના ૧૦ ફુટના અંતરમાં અથવા તે જગ્યા ઉપર શરીરની સાફસુફી કરવી નહિ તેમજ કપડાં જાનવર અથવા વાહન વિગેરે ધોવા નહીં.

(૨) જે સ્થળે યાત્રા ભરાવવાની હોય તે સ્થળમાં નિયત કરેલી જગ્યા સિવાયની અન્ય જગ્યાએ ઝાડા પેશાબ કરવા નહીં.

(૩) ગંધાતા-વાસી-ઉતરી ગયેલ અગર ખાદ્ય માટે બિનઉપયોગી એવા ફળ-ફળાદી પીણા તેમજ ખોરાક વેચવા નહીં, પાન-પાનની દુકાનો હોટલ અને રેસ્ટોરન્ટ તથા દુકાનો અસ્વચ્છ અને ગંદા રાખવા નહીં.

(૪) જો યાત્રાળુ કોલેરા, શીતળા, પ્લેગ, વિગેરે અગર એવા બીજા ભયંકર રોગથી પીડાતા હોય તો તેમણે ફરજ પર હાજર રહેતા તે માટેના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી એવા રોગ અટકાવવા માટેની દવા ઈન્જેકશનો વિગેરે અગાઉથી લીધાવગર મેળામાં જવું નહીં.

જેથી હું બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) હેઠળ પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરપાણેશ્વર મંદિરની આજુબાજુના ગામોમાં જ્યાં મેળો ભરાતો હોય તેવા ગામોએ ઉપર જણાવેલ કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તો તે સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૯ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ઉપર આજરોજ તારીખ ૨૫ માહે એપ્રિલ સને ૧૯૯૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જે. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૨૧૪૦.—શહેરા તાલુકાના વાડી વલ્લવપુર ગામે માછીઓ અને ઠાકોર કોમો વચ્ચે સુમેળ ભર્યા સંબંધો ન હોવાના કારણે ગયા વર્ષે તારીખ ૨જી મે, ૧૯૯૪ના રોજ લગ્નનો વરઘોડો કાઢવાના પ્રસંગે પોલીસ ફાયરીંગ થયેલું ચાલુ વર્ષે તારીખ ૮મી મે, ૧૯૯૫ ના રોજ પણ માછી કોમનો લગ્ન પ્રસંગ હોય ભૂતકાળનું પુનરાવર્તન ન થાય તે માટે તકેદારી રાખવા સારું તથા ગામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મળેલી સત્તાની રૂએ હું એ. બી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફરમાવું છું કે પંચમહાલ જિલ્લાના વાડી અને વલ્લવપુર ગામપંચાયતના સમગ્ર વિસ્તારમાં તારીખ ૭મી મે, ૧૯૯૫ થી ૫મી જુન, ૧૯૯૫ સુધી (બંને દિવસો સહિત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરી, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાનાં યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ઠા કરવી નહીં, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહી, બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીનાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૯૫.

INDEX

જાહેર હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (થ) હેઠળ.

નંબર ઉ/મકપ/પલસ/વશી/૨૨૫૬/૨૩૫૫.—ગુજરાત રાજય ચૂંટણી પંચના આદેશ નં. ૧ એફ.એલ.એફ.સી./સી.ઓ.સી. લાઉડ સ્પીકર્સ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ થી આગામી ચુંટણીઓ દરમ્યાન ચૂંટણી પ્રચાર અંગે લાઉડ સ્પીકરના ઉપયોગ પર નિયંત્રણ મુકેલ છે, જે બાબત લક્ષમાં લેતા જહેર શાંતી, બીમાર વ્યકિતઓના સ્વાસ્થય, વગેરે બાબત લક્ષમાં લેતા જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાતા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈના અધિનિયમ ૨૨ મો) ની કલમ ૩૩ (૧) (થ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ, હું એ. બી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા નીચે મુજબ હુકમ ફરમાવું છું.

પંચમહાલ જિલ્લામાં આગામી તાલુકા, જિલ્લા પંચાયત, તથા ગ્રામ પંચાયત ચૂંટણી દરમ્યાન, ચૂંટણી પ્રચાર કે જાહેરસભા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ રાત્રિના ૧૦-૦૦ વાગ્યાથી સવારના ૬-૦૦ વાગ્યા સુધી કરી શકાશે નહીં, તેમજ આ સિવાયના સમયગાળા દરમિયાન સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે. આ હુકમનો અમલ, હકમ થયા તારીખથી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી રહેશે.

આ હકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ મુંબઈ **અધિનિયમ ૨૨** મી)ની કલમ-૧૩૬ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૭મી મે, ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ઉ/મકપ/પલસ/વશી/૨૩૫૬/૨૪૫૫.—ગુજરાત રાજય ચૂંટણી પંચના આદેશ નં. ૧ એફ.એલ.એફ.સી./સી.ઓ.સી./લો એન્ડ ઓર્ડર ડ્યુરીંગ ઈલેકશન, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના પેરા ૩.૪ થી આગામી તાલુકા, જિલ્લા, ગ્રામ પંચાયત ચૂંટણીઓ દરમ્યાન હથીયાર ધારણ કરી હરવા ફરવા પર પ્રતિબંધ મુકવા જણાવેલ છે, જે લક્ષમાં લેતાં જાહેર સુલેહ શાંતી માટે તેમ કરવું જરૂરી જણાતા ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, હું એ. બી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા નીચે મુજબ હુકમ ફરમાવું છું.

પંચમહાલ જિલ્લામાં હથીયાર પરવાનો ધરાવતા તમામ પરવાનેદારોએ તેમના શસ્ત્રો અને દારૂગોળો લઈ જાહેરમાં હરવું ફરવું નહીં, શસ્ત્રો તથા દારૂગોળો લઈ હરવા ફરવા પરનો આ પ્રતિબંધ આ જાહેરનામાની તારીખથી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૭મી મે, ૧૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જાહેર હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ ૩૭ (૧) (છ) હેઠળ.

નંબર ઉ/મકપ/પલસ/વશી/૨૪૫૬/૨૫૫૫.—ગુજરાત રાજય ચૂંટણી પંચના આદેશ નં. ૨ એફ.એલ.એફ.સી./સી.ઓ.સી./મિલ્કતોના બગાડ પર નિયંત્રણ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ થી આગામી તાલુકા / જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત ચુંટણીઓ દરમ્યાન, ચુંટણી પ્રચાર દરમ્યાન મિલ્કતોના બગાડ પર નિયંત્રણ મુકેલ છે, જે બાબત લક્ષમાં લેતાં જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાતા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ ૨૨ મો) ની કલમ ૩૭ (૧) (છ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ, હું એ. બી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

પંચમહાલ જિલ્લામા આગામી તાલુકા, જિલ્લા, ગ્રામ પંચાયત ચુંટણીઓ દરમ્યાન ચૂંટણીના પ્રચાર માટે, મકાન માલિકની લેખિત પરવાનગી સિવાય કોઈપણ પક્ષ, ઉમેદવાર કે તેમના ટેકેદારો કે અન્ય કોઈ સંસ્થાએ દિવાલો પર લખાણ લખીને, ચિત્રો, બનાવીને કે પોસ્ટરો ચોંટાડીને ઉપયોગ કરવો નહીં, આ નિયંત્રણ જાહેર તથા ખાનગી એમ બન્ને પ્રકારના મકાનો અંગે લાગુ પડશે. આ હેતુસર કોઈ જાહેર રસ્તા તે પરના દિશાસૂચક, અંતર સૂચક, તકેદારી સુચન મુકેલ બોર્ડ અંગે પણ આ નિયંત્રણ લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ એકટ, ૧૯૫૧ કલમ-૧૩૫ (૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી ૩૦મી જુન, ૧૯૯૫ સુધી રહેશે.

આજ રોજ તારીખ ૧૭મી મે, ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી-૨૫૫૬/૨૬૫૫.— પંચમહાલ, જિલ્લામાં આગામી તાલુકા, જિલ્લા પંચાયત તથા ગ્રામ પંચાયત ચૂંટણી દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક એલ. આઈ. બી/ઈલેકશન/જાહેરનામું/૮૬૦/૯૫, તારીખ ૧૩મી મે ૧૯૯૫ થી મુંબઈ પોલીસ એકટ કલમ ૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવા વિનંતિ કરેલ છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની સને (૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની) કલમ-૩૭ (૧) અન્વયે મળેલી સત્તાની રૂએ હું, એ. બી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં હુકમ થયા તારીખથી તારીખ ૩૦મી જૂન ૧૯૯૫ સુધી (બંને દિવસો સહિત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરી, લાકડી, કે લાઠી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

INDEX

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાનાં યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો, અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં, બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમના ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવું હોય, અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય , પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકતિના કારણે લાકડી, અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને,

ગોધરા, તારીખ ૧૭મી મે ૧૯૯૫.

એ. બી. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના, મુંબઈના, ૨૨માં) ની કલમ-૩૩ (૧) (બી) સાથે ૩૩ (૬) મુજબ .

નંબર પલસ/કડોદ/કોસાડી રોડ/૧૯૯૫.—સુરત જિલ્લામાં બારડોલી, માંડવી તાલુકાઓમાં આવેલ એફડીઆર ટુ કડોદ કોસાડી રોડના, તાપી નદી ઉપર આવેલ પુલને સમારકામ સુધારાકામ કરવાનું હોવાથી આ કડોદ કોસાડી પુલ વાહન વ્યવહાર માટે બંધ રાખવાનું જરૂરી છે.

જે અર્થે હું, શ્રી રમેશ કંસારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ ની કલમ-૩૩ની પેટા કલમ (૧)ની બાબત 'બી' સાથે કલમ-૩૩ની પેટા કલમ (૬) થી મને મળેલા અધિકારની રૂએ સુરત જિલ્લામાં બારડોલી-માંડવી તાલુકાઓમાં આવેલ એફડીઆર ટુ કડોદ કોસાડી રોડના તાપી નદી ઉપર આવેલ પુલને વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવે છે.

૧. આ હુકમનો અમલ આજથી તારીખ ૩૧મી મે, ૧૯૯૫ સુધી રહેશે.

૨. વિકલ્પ તરીકે આ સમય દરમ્યાન માંડવી નજીકના તાપી નદીના પુલનો વાહન વ્યવહાર માટે ઉપયોગ કરી શકાશે.

ઉપરોકત માર્ગો પર જરૂર જણાય તે સ્થળોએ જરૂરી લખાણવાળા બોર્ડ જાહેર જનતાને સરળતાથી દેખી શકાય તે રીતે કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (માર્ગ-મકાન) વિભાગ-૨, સુરતનાએ મુકવાના રહેશે.

આજ તારીખ ૩૭ મે, ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (૨) અન્વયોનો.

નંબર પલસ/જીતાગ્રા/ચુંટણી/૧૯૯૫.—સને ૧૯૯૫ ની જિલ્લા તાલુકા પંચાયતની આગામી ચૂંટણીના દિવસો દરમ્યાન સુરત (ગ્રામ્ય) જિલ્લા વિસ્તારમાં જાહેરશાંતી અને સલામતી જાળવવા પગલા લેવાનું મને જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧) (૨) અન્વયે મળેલી સત્તાની રૂએ હું, રમેશ સી. કંસારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સુરત જિલ્લા અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂ ફરમાવું છું કે, નીચે અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ (૧૦મી મે ૧૯૯૫ થી તારીખ ૧૬ મી જૂન ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધા) કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, ભાલા, સોટા, બંદુક, ચાકુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું ઉપયોગમાં થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(ગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જેવી નહી.
(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવાં આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.
(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી અથવા વાદ્ય વગાડવું નહી.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહી. તેવા હાવભાવ (ચાળા) વગેરે કરવા નહી. તથા તેવા ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવા નહી. દેખાડવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

કલમ-૩૭ (૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (ઘ) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈપણ પોલીસ અધિકારી તે વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે. અને સરકારમાં દાખલ કરવામાં આવશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી કે સરકારી ફરજ બજાવતી વ્યકિતને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (ફરલ), સુરતે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

INDEX

અનુસૂચિ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી સુરત શહેર વિસ્તાર સિવાય

આ હુકમ કોઈપણ ઇંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૦૫૧ ની કલમ-૧૩૫ (૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

અમે આજ તારીખ ૯મી મે ૧૯૯૫ ના રોજ મારી સહી કરી શિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પલસ/જી. તા. ગ્રા./ચટણ/૧૯૯૫.—સુરત જિલ્લામાં જિલ્લા તાલુકા ગ્રામ પંચાયતોની ચૂંટણી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવાઈ રહે તે સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું શ્રી આર. સી. કંસારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મને મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત રૂરલ જિલ્લામાં તારીખ ૧૫મી મે ૧૯૯૫થી તારીખ ૨૯મી મે ૧૯૯૫ સુધી (બંને દિવસો સુદ્ધાંત) ચાર કરતા વધુ માણસોએ એકત્ર થવું નહી, ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી, તેમજ ભેગા થવું નહી.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવાં માગતા મંદિર મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૨) તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

(૩) આ હુકમ ચૂંટણીના મતદાન મથકે મતદાન માટે એકત્રિત થયેલ મતદારોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) નીકલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતનાં ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી મે, ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સીકકો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે કાઢેલો.

નંબર પલસ/લા. સ્પીકર/૧૯૯૫(૧).—રાજય ચૂંટણી પંચ દ્વારા જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયત ચૂંટણી ૧૯૯૫ ના કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત જિલ્લામાં જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયત મતદાનની તારીખ ૩૧મી મે ૧૯૯૫ તથા ૪ અને ૬ જુન ૧૯૯૫ અને મતગણતરીની તારીખ ૫મી અને ૭મી જુન ૧૯૯૫ તથા ૧૭-૬-૯૫ નક્કી કરવામાં આવેલી છે રાજય ચૂંટણી પંચે બંધારણની કલમ-૨૪૩ કે અને ૨૪૩-ઝેડ-એ હેઠળ મળેલી સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ઈએલસી-સીઓસી-લાઉડસ્પીકર તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫ માં આપેલી સુચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી ચૂંટણી પ્રક્રિયાના સમય ગાળા દરમ્યાન લાઉડસ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો અને તેમના કાર્યકરો સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટાપાયે કરે છે આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપરજ નહી પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન ત્રણ પૈડાવાળા સ્કુટરો, સાયકલ રિક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે ખુબજ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથે ના આ વાહનો તમામ માર્ગો શેરીઓ ગલીઓમાં ફરે છે તેમજ જુદા જુદા ગામોએ વસવાટોએ મહોલ્લાએ વસાહતોએ અને લત્તાઓમાં પણ જાય છે આને કારણે ખુબ ધ્વની પ્રદષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર પ્રતિકુળ અસર પડે છે.

કેમ કે વહેલી સવારથી મોડી રાત સુધી લાઉડસ્પીકરો વગાડવાનું ચાલુ હોય છે. વૃધ્ધો અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખુબ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ઘણી હરકત અગવડ ત્રાસ જોખમ ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના બેફામ અને મનસ્વી રીતે વગાડવા/ઉપયોગ કરવા ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું શ્રી રમેશ કંસારા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત મુંબઈ પોલીસ અધિનિયમની -૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલી સત્તાની રૂએ હુકમ કરૂ છું કે.

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારનાં વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૧૦-૦૦ વાગ્યા સુધીજ પરવાનગી મેળવીને કરવાનો રહેશે.

કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રિના ૧૦-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ-સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

કોઈપણ જાહેર સભાના હેતુસર સવારને ૬-૦૦ વાગ્યા પહેલાં કે રાત્રીના ૧૦-૦૦ વાગ્યા પછી સ્થળ પરજ રખાયેલા લાઉડ-સ્પીકરોનો ઉપયોગ કરવાનો હોય તો તેને સંબંધીત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. જાહેર-સભાના હેતુ માટે આવી ખાસ પરવાનગી આપતી વખતે સરકારી અધિકારીએ જાતે ખાત્રી કરીને કે પરવાનગીને લીધે જાહેર શાંતિ અને સ્વાસ્થય (શાંતિ) જોખમાય નહી તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડસ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નકકી કરવાના રહેશે.

(૩) તમામ લાઉડસ્પીકરોનો અગર સામાન્ય પ્રચાર માટે જાહેર સભા અથવા સરઘસ માટે, હોય અને ફરતા વાહનો ઉપર યા અન્ય રીતે ઉપયોગ કરવાનો હોય તે ઉપર નકકી કરેલ સમય દરમ્યાન જ ઉપયોગ કરી શકાશે.

INDEX

(૪) અગર ઉપર નકકી કરેલા સમય સિવાયના સમયે સત્તાધિકારીની લેખિત પરવાનગી મેળવ્યા સિવાય લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો તેવા લાઉડસ્પીકરોનો તે સાથે જોડેલા તમામ સાધનો સહીત સંબંધિત સત્તાવાળા જપ્ત કરશે.

(૫) તમામ રાજકીય પક્ષો ઉમેદવારો અને કોઇ બીજી વ્યકિતઓ ફરતા વાહનો ટેમ્પો કાર ટેક્ષી વાન ત્રણ પૈડાવાળા સ્કુટરો સાયકલ રીક્ષા વિગેરે જે મર્યાદિત નહી ઉપર લાઉડ સ્પીકરનો ઉપયોગ કરશે તેઓએ નવા વાહનોના રજીસ્ટ્રેશન નંબર/ઓળખ નંબરની જાણ કરવાની રહેશે કે જેનો સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડસ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર રજીસ્ટ્રેશન નંબર લખવાના રહેશે.

(૬) કોઇપણ વાહન ઉપર લાઉડ સ્પીકરનો ઉપયોગ લેખિત પરવાનગી પત્ર (પરમીટ) મેળવ્યા સિવાય કરવામાં આવશેતો તેનો લાઉડસ્પીકર અને તમામ ઉપયોગ કરેલા સાધનો સાથે જપ્ત કરવામાં આવશે.

(૭) તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને દરેક બીજી વ્યકિતઓએ ફરતા વાહનો ઉપર અથવા સ્થાયી સ્થળે લાઉડસ્પીકરનો ઉપયોગ કરતાં અગાઉ (૧) સંબંધિત મત વિસ્તારના ચૂંટણી અધિકારી (૨) સ્થાનિક પોલીસ અધિકારીને લેખિતમાં વિગતવાર જાણ કરવાની રહેશે.

ફરતા વાહનો ઉપરાંત લાઉડ સ્પીકરના ઉપયોગ સંબંધમાં રજીસ્ટ્રેશન નંબર ઓળખ નંબરની નોંધણી પણ ચૂંટણી અધિકારીને તથા સ્થાનિક પોલીસ અધિકારીને ત્યાં કરાવવાની રહેશે.

(૮) ઉપરોકત પૈકી કોઇપણ સુચનાનો ભંગ થયેલો જણાશે તો આપેલી પરમીટ રદ ગણાશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૦મી જુન ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૫મી મે ૧૯૯૫ ના રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે કાઢેલો.

નંબર પલસ/વાહનો/જીતાગ્રા/ચટણુ/૯૫.—રાજય ચૂંટણી પંચ દ્વારા જિલ્લા તાલુકા ગ્રામ પંચાયતની ચૂંટણી-૧૯૯૫નાં કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત જિલ્લાના ચૂંટણીની પ્રક્રિયામાં તારીખ ૩૧મી મે ૧૯૯૫ તથા ૪થી અને ૫મી જુન ૧૯૯૫ના મતદાન તથા ૬ઠ્ઠી અને ૭મી જૂન અને ૧૩મી જૂન ૧૯૯૫ મતગણતરી કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે. રાજય ચૂંટણી પંચે ભારતના બંધારણની કલમ-૨૪૩ કે અને ૨૫૪૩ ઝેડ ઓ થી મળેલા અધિકારની રૂએ બહાર પાડેલા આદેશ નંબર ૭/૬એલસી/સીઓસી/હિસ્ટ્રીકશન ઓન મીસયુઝ ઓફ વ્હીકલ તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫માં આપેલ સુચના મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન પ્રચાર કે અન્ય હેતુથી ઉમેદવારો તેમના એજન્ટ અને પક્ષ આગેવાનો અને (ટેકેદારો) અને સપોર્ટર્સ તરફથી ખાનગી વાહનોનો ઉપયોગ કરવામાં આવે છે. અને તેમાં ઘણાં પ્રસંગે અસામાજિક તત્વો વાહનોનો ઉપયોગ કરતા હોય છે. તેથી મતદાતાઓમાં ભય પેદા થતો હોય છે. જેને લીધે તેઓ ચોક્કસ પક્ષ/ઉમેદવારોની તરફેણમાં મત આપે અથવા મત નહીં આપે તેવું બને છે. આવા વાહનો કેટલીક વાર અનાધિકૃત હથિયારો અને દારૂગોળાની દાણચોરીના કામે પણ ચૂંટણી સમય ગાળા દરમ્યાન જાહેર શાંતિમાં ખલેલ પહોંચાડવા ઉપયોગ થતો હોય છે જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું શ્રી રમેશ કંસારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ધી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) થી મને મળેલી સત્તાની રૂએ હુકમ કરું છું કે ચૂંટણી પ્રચાર અને અન્ય હેતુ માટે, ચૂંટણી લડનાર ઉમેદવારો જિલ્લા ચૂંટણી અધિકારી/જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી સૂરત અથવા જે તે મતદાન વિસ્તારના ચૂંટણી અધિકારીની પરમીટ મેળવીને ચૂંટણીના મતદાનના દિવસે તેમના ચૂંટણી મતદાન વિસ્તારમાં બે કરતા વધુ વાહનોના ઉપયોગ કરી શકે નહીં જેમા મતદાનનો દિવસે તેમના મતદાર વિસ્તારમાં. એક વાહન કરી શકે ચૂંટણી લડનાર ઉમેદવાર પોતાના ઉપયોગ માટે અને બીજુ એક વાહન ચૂંટણી એજન્ટ અથવા તેમના કાર્યકરો અથવા પક્ષ કાર્યકરો માટેજ ઉપયોગ કરી શકશે.

(૧) રાજકીય પક્ષો અને તેના ઉમેદવારોએ તેમનું વાહન ચૂંટણી અધિકારી સમક્ષ નોંધાવવાનું રહેશે અને મેળવેલ પરમીટને વાહન ઉપર સરળતાથી દેખાય તે રીતે પ્રદર્શીત ચોંટાડવાનું રહેશે કે જેથી મતદાનને દિવસે પોલિસના અધિકારી માણસો વાહન રોકે નહિ.

(૨) તમામ ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી લડતા ઉમેદવારો, તેમન એજન્ટો અને રાજકીય પક્ષોને આ હુકમની જાણ કરવી.

(૩) આ હુકમની સુચનાઓનો ભંગ થયેલો જણાશે તો વાહન જપ્ત કરવામાં આવશે. જે ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધી પરત સોંપવામાં આવશે નહિ.

આ હુકમ નિચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં.

(૧) પોલીસના વાહનોને,
(૨) ચૂંટણીના કામે જતા સરકારી વાહનોને સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદિત કરેલા વાહનોને.

આ હુકમનો ભંગ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૩ મુજબ સજાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૨૦મી જૂન ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૫મી મે ૧૯૯૫ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ડીએ) અન્વયે.

ક્રમાંક પલસ/જી.તાગ્રા/ચટણુ/(૨)-૧૯૯૫.—રાજય ચૂંટણી આયોગ દ્વારા જિલ્લા તાલુકા ગ્રામ પંચાયતોની ૧૯૯૫ની ચૂંટણીનો કાર્યક્રમ જહેર કરવામાં આવેલ છે. અને તે મુજબ સુરત જિલ્લામાં ચૂંટણીની પ્રક્રિયા તારીખ ૭મી મે, ૧૯૯૫ થી ૧૭મી જૂન, ૧૯૯૫ દરમ્યાન નક્કી કરવામાં આવેલ છે. રાજય ચૂંટણી આયોગ ભારતનાં બંધારણની કલમ ૨૪૩ કે અને ૨૪૩ ઝેડ એ હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ આપેલા આદેશ ક્રમાંક ૨/૬એલસી-સીઓસી-પ્રિવેન્શન ઓફ ડિફેસમેન્ટ ઓફ પ્રોપર્ટી તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ મુજબ

INDEX

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ચૂંટણી જાહેરાત-પત્રો, સુત્રો, ચૂંટણી નિશાનો વિગેરે મુકવા ચોઢવા પર નિયંત્રણ રાખવાની જરૂર છે. અને આ રીતે ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બંને બાજુ, વાહન વ્યવહારથી ધમધમતાં ચાર રસ્તા, શેરીઓ નાકા, જાહેર માલિકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર રાજકીય અગ્રણીઓના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે. પ્રદર્શિત કરવામાં આવે છે. એવી જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મકાનો વિજળીના કે ટેલિફોનનાં થાંભલાઓ હાઈવે, માઈલસ્ટોન, રેલ્વે નોટિસ બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મના બસ ટર્મીનસના નોટિસ બોર્ડ જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાઓ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત પાટિયા બેનર, ધજા પતાકા ભીંતપત્રો ઉભા કરે છે. અથવા મુકે છે જેને લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. જેથી રાહદારીઓ માટે અસલામતિ વધે છે. જાહેર રસ્તાઓ, સાર્વજનિક જગાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાયું છે.

જેથી હું શ્રી રમેશ કંસારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ ૨૨મો) ની કલમ ૩૩ (૧) (ડી) એ) થી મને મળેલ અધિકારની રૂએ હુકમ કરું છું કે.

(૧) રાજકીય પક્ષ સંગઠન / સંસ્થા અથવા ઉમેદવાર તેમના કાર્યકરો સમર્થકો કોઈપણ વ્યકિતની જમીન, મકાન, કમ્પાઉન્ડ વોલ વિગેરેની તેમની પરવાનગી વગર ધજાપતાકા, બેનર્સ, નોટિસો મુકવા સુત્રો લખવા વિગેરે માટે ઉપયોગ કરી શકશે નહીં. આ ઉપરાંત.

રાજકીય પક્ષ / સંગઠન સંસ્થા અગર ઉમેદવાર કે તેનાં કાર્યકરો સમર્થકો સરકારી મિલકતો જાહેર મિલકતો જેવી કે જાહેર માર્ગ પર અથવા માર્ગના મહત્ત્વના ક્રોસીંગ પર માર્ગ-દિશા બતાવતા સાઈન-બોર્ડ, માઈલ સ્ટોનો, રેલ્વે સ્ટેશનો / પ્લેટફોર્મ ટ્રેઈનો, એસટી બસો ઉપર કે ડેપો ઉપર તથા શૈક્ષણિક સંસ્થાના મકાનો ઉપર અગાઉથી લેખિત મંજુરી લીધા વગર પોસ્ટરો ચોંટાડીને, સુત્રો લખીને પ્રતિક ચિતરીને તે દ્વારા જાહેર કે ખાનગી મકાનો / મિલ્કત દિવાલો પર કોઈપણ પ્રકારની ચૂંટણી જાહેરાત થઈ શકશે નહીં કોઈપણ પ્રકારનાં કટ આઉટ જાહેરાત પાટિયાં, પોસ્ટર, ધજાપતાકા કે બેનર્સ મુકી શકાશે નહિ કે દિવાલો પર ચિત્રો દોરાવી શકાશે નહીં, કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહીં.

(૨) ઉપરના ખંડ-૧ માં જણાવ્યા પ્રમાણેની પૂર્વ મંજુરી આપતા પહેલાં સંબંધિત સરકારી કચેરીનાં સક્ષમ અધિકારી, નગરપાલિકા, પંચાયતો, સહકારી બોર્ડ, નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સુચિત રસ્તાઓ માર્ગો સ્થળ અથવા મકાનોએ આવા કટ આઉટ જાહેરાત પાટિયા પોસ્ટર ધજાપતાકા બેનર્સ કમાનો દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતિ કે સુરક્ષા જોખમાની નથી અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવરજવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી. અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો સહકારી બોર્ડ નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હકમ તારીખ ૨૦મી જુન, ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૫મી મે, ૧૯૯૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

રમેશ કંસારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કાર્યકારી મેજિસ્ટ્રેટ અને મામલતદાર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે.

નંબર એમએજી/પરક્ષ/જાહેરનામું/૯૫.—ચાલુ સાલે એટલે કે સને ૧૯૯૫ના માર્ચ મહીનાની ૨૦મી તારીખથી ન્યુ. એસ. એસ. સી. ની પરીક્ષા તેમજ ધોરણ ૧૨ ની પરીક્ષા નીચેના કેન્દ્રો ઉપર લેવાનાર છે.

ધોરણ ૧૦ ની પરીક્ષાના કેન્દ્રો :

(૧) સર પ્રતાપ હાઈસ્કુલ, ઈડર.
(૨) કે. એમ. પટેલ હાઈસ્કુલ, ઈડર.
(૩) સી. કે. સરસ્વતી, હાઈસ્કુલ, ઈડર.
(૪) ધી ન્યુ હાઈસ્કુલ, ઈડર.
(૫) શેઠ બી. જે. હાઈસ્કુલ, જાદર.
(૬) શેઠ સી. જે. હાઈસ્કુલ, વડાલી.
(૭) ઉમેદગઢ હાઈસ્કુલ, ઉમેદગઢ.

ધોરણ ૧૨ ની પરીક્ષાના કેન્દ્રો :

(૧) સર પ્રતાપ હાઈસ્કુલ, ઈડર.
(૨) કે. એમ. પટેલ, હાઈસ્કુલ, ઈડર.
(૩) સી. કે. સરસ્વતી હાઈસ્કુલ, ઈડર.
(૪) ધી ન્યુ હાઈસ્કુલ, ઈડર.
(૫) શેઠ સી. જે. હાઈસ્કુલ, વડાલી.

ઉપરોકત પરીક્ષા કાર્યક્રમ તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૫ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૫ દરમ્યાન પરીક્ષાના સમયે પરીક્ષા કેન્દ્રો ઉપર બહારના વિદ્યાર્થીઓ તેમજ અન્ય માણસો મોટી સંખ્યામાં એકત્ર થવાના હોઈ પરીક્ષા આપવા બેઠેલા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચે તેમજ કોઈ અડચણ અથવા ઈજા થવાના અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો અથવા હુલ્લડ વખેડો થવાનો સંભવ છે. વળી પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને વિદ્યાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે અને કોઈ ખલેલ ના પડે તે માટે ઝડપી ઉપાયો યોજવાની ઈષ્ટ છે તેવો અમારો અભિપ્રાય છે.

જેથી હું એ. બી. રાવલ, કાર્યકારી મેજિસ્ટ્રેટ અને મામલતદાર ઈડર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે.

લોકોએ ઈડર તાલુકાના નીચે જણાવેલ વિસ્તાર અંદર પાંચ કે તેથી વધારે સંખ્યામાં લોકોએ અમારી પરવાનગી વગર એકત્ર થવું નહીં અથવા ભેગા થવું નહી. અથવા સભાઓ ભરવી નહી અને નીચેની

INDEX

જણાવેલ હદની અંદર સરઘસ કાઢવું નહી થતા સુત્રોચ્ચાર પોકારવા નહીં.

(૧) સર પ્રતાપ હાઈસ્કુલ ઈડર.
(૨) કે. એમ. પટેલ, વિદ્યામંદીર, ઈડર.
(૩) સી. કે. સરસ્વતી મંદીર, ઈડર.
(૪) ધી ન્યુ હાઈસ્કુલ, ઈડર.
(૫) શેઠ બી. જે. હાઈસ્કુલ, જાદર.
(૬) શેઠ સી. જે. હાઈસ્કુલ, વડાલી.
(૭) ઉમેદગઢ હાઈસ્કુલ, ઉમેદગઢ.

ઉપરોકત સાત હાઈસ્કુલની આજુબાજના ૧૦૦ ચો.મી. વિસ્તારને સદરહું પ્રતિબંધક હુકમ લાગુ પડશે.

સદરહું પ્રતિબંધક હુકમ તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૫ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૫ સુધી દરરોજ સવારના ૧૦-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમ જાહેર ટ્રાફીકને અસર કરશે નહી તેમજ પરીક્ષાર્થી અને ફરજ પરના અધિકારીને લાગુ પડશે નહી.

આ હુકમ ઉપર તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૫ના રોજ મારી સહી સીક્કો મારી બહાર પાડેલ છે.

એ. બી. રાવલ,
કાર્યકારી મેજિસ્ટ્રેટ અને મામલતદાર,
ઈડર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

©



The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII [THURSDAY, MARCH 28, 1996 / CAITRA 8, 1918 [No. 13

Separate paging is given to each part of Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation.

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	112-123
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	13
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	225-248
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	305-316

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ ૩૭(૧) અન્વયે.

નંબર ઉ/ગપક/વશી/૯૫ —એસ. બી./જાહેરનામું./૧૦૯૩/૯૫.— સુરત શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતા હોવાથી વાસ્તે, હું, પી. સી. પાંડે (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૩માંની પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી મે ૧૯૯૫ ક. ૦૦/૦૦ થી તારીખ ૧૯મી જુન ૧૯૯૫ કલાક ૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ-વસ્તુઓ લઈ જવાની;

INDEX

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની ;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તથા તૈયાર કરવાની ;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની :

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની, અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા નિશાની જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા તે ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાથી.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવુ કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને ;

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

(૩) કાયદેસરનો પરવાનો ધરાવનાર વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની સજા અને દંડની મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ ૧૩૫(૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી મે ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧માંની પેટા-કલમ ૩૭(૩) મુજબનું.

નંબર એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૧૧૧/૯૫. આગામી સુરત મહાનગરપાલિકાની ચુંટણી તથા સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સમાવેશ થતા ચોર્યાસી તાલુકાના ગામોમાં જિલ્લા અને તાલુકા અને ગ્રામ પંચાયતોની ચુંટણીઓ થનાર છે. આ ચૂંટણીઓ દરમ્યાન કોઈ અનિચ્છિય બનાવ ન બને તે અને જાહેર સુલેહ શાંતિ અને સલામતિના હેતુસર ચાર કે તેથી વધુ વ્યકિતઓને ભેગા થવા સભા ભરવા દેવા કે સરઘસ કાઢવા દેવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું પી. સી. પાંન્ડે (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧માંની પેટા-કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તેમજ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સમાવિષ્ટ થતાં ચોર્યાસી તાલુકાનાં ગામોમાં તારીખ ૨૧મી મે ૧૯૯૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૯મી જૂન ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કે તેથી વધુ વ્યકિતઓને ભેગા થવા, કોઈ સભા ભરવા કે સરઘસ કાઢવા દેવા પર પ્રતિબંધ ફરમાવું છું.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમ નિચેના ઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને,

(૨) ફરજ ઉપર હોય તેવી હોમગાર્ડ દળની વ્યકિતઓને,

(૩) કોઈ લગ્નના વરઘોડાને/કોઈ સ્મશાન યાત્રાને,

(૪) પરવાનગી મેળવી ભરાતી સભા કે સરઘસને,

(૫) ચુંટણી મતદાન મથકોને એકત્ર થનાર મતદારોને,

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૯મી મે ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર, સુરત શહેર.

એડીશનલ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટ્રાફિક/વશી/૭૮૭ / નવ. / બજાર ટેક્ષ માર્કેટ/ ભાગળ / ઉધના / નવસારી રોડ/૯૫.—સુરત શહેરમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી, અને કલમ ૨ (૬) થી મળેલી સત્તાની રૂએ નીચે જણાવ્યા મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

(૧) સગરામપુરા પુતળીથી નવસારી બજાર ચાર રસ્તા સુધીનાં રસ્તાને એક માર્ગીય (વન વે) સવાર ક. ૧૦-૦૦ થી ૧૨-૦૦ અને સાંજે ૫-૦૦ થી ૭-૦૦ દરમ્યાન માટે જાહેર કરવામાં આવે છે. આ સમય દરમ્યાન સગરામપુરા પુતળીથી નવસારી બજાર ચારરસ્તા સુધી વાહનો જઈ શકશે. નવસારી બજાર ચારરસ્તાથી સગરામપુરા પુતળી નવસારી બજાર થઈને વાહનો જઈ શકશે નહી. આ હુકમ મહાવીર જતાં દર્દીઓ અને સાયકલ સવારો ઉપર લાગુ પડશે નહી જે બન્ને બાજુથી અવર-જવર કરી શકશે. આ હુકમ તારીખ ૧લી જૂન, ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

(૨) રીંગરોડ ઉપર આવેલ રેશમવાળા માર્કેટ ત્રણ રસ્તા ટ્રાફિક પોઈન્ટથી મહાવીર માર્કેટ શિવશકિત માર્કેટ, સાંઈદર્શન માર્કેટ સુધીનાં રસ્તાને એક માર્ગીય (વન વે) જાહેર કરવામાં આવે છે. આ વન-વે માર્ગ ઉપર રીંગરોડ બાજુથી રેશમવાળા માર્કેટ ત્રણ રસ્તાથી વાહનો પ્રવેશ કરી શકે છે. કમેલા લીબાયત રોડ તરફથી આ એક માર્ગીય રોડ પર પ્રવેશ વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

INDEX

સાયકલ સવારો માટે ઉપરનો વન-વે લાગુ પડશે નહી. તારીખ ૧લી જૂન, ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી સવારનાં ક્લાક ૯-૦૦ થી સાંજે ક્લાક ૯-૦૦ વાગ્યા સુધી ઉપરોકત વન-વે નો અમલ કરવાનો રહેશે.

(૩) કાંસકીવાડા ચાર રસ્તાથી ભાજીવાળી પોળ, ભાગળ પોઈન્ટ, તરફ આવતાં વાહનોને કાંસકીવાડ ચાર રસ્તાથી ભાગોળ તરફ ભાજીવાળી પોળ થઈ જવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે. સાયકલ સવારો માટે ઉપરનો વન-વે લાગુ પડશે નહી. આ હુકમ તારીખ ૧લી જૂન, ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી સવાર ક. ૯-૦૦ થી સાંજનાં ક્લાક ૯-૦૦ વાગ્યા સુધી રહેશે.

(૪) ઉધના નવસારી રોડ ઉપર ઉધના તરફથી આવતાં વાહનો ઉડીપી હોટલ ઉધના ત્રણ રસ્તાથી જમણી બાજુ વળાંક લઈ ઉધના સ્ટેશન રોડ તરફ જઈ શકશે નહી. તારીખ ૧લી જૂન, ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી સવારનાં ક્લાક ૯-૦૦ થી રાત્રીનાં ક્લાક ૯-૦૦ સુધી આ પ્રતિબંધ જાહેર કરવામાં આવે છે.

(૫) રીંગરોડ પર આવેલ રોહિત માર્કેટ (પુનમ માર્કેટ ત્રણ રસ્તાથી) હરિઓમ માર્કેટથી હીરાપન્ના માર્કેટથી કિનખાબવાલાની ગલીનાં નાકા સુધીનાં માર્ગ ઉપર તારીખ ૧લી જૂન, ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી સવારે ક્લાક ૯-૦૦ થી સાંજે ક. ૯-૦૦ સુધી ચાર ચકી વાહનોનાં અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવે છે. ઉપરોકત માર્ગ તલાવડી મહોલ્લામાં જે લોકોનાં રહેણાંક મકાનો આવેલા છે. તેમના ચાર ચકી વાહનોને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૧લી જૂન, ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી ઉપર જણાવ્યા સમય માટે ફરમાવવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૪મી મે, ૧૯૯૫નાં રોજ મારી સહી સિક્કા કર્યા.

સુધીર સિન્હા,
એડીશનલ પોલીસ કમિશનર,
રેન્જ-૨, સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨માં) ની કલમ-૩૩ (૧) :

નંબર ડી/બીપીએ/તા. પં./જી.પં./૨/૯૫ વશી-૧૨૦૭૭થી ૧૨૧૩૦/૯૫.—આગામી તા. પં. / જી. પં. ની ચૂંટણી દરમ્યાન માન્ય રાજકીય પક્ષો તથા અન્ય ઉમેદવારો દ્વારા પ્રચાર માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં થશે, અને લાઉડસ્પીકરનો ઉપયોગ ચૂંટણી પંચે નક્કી કરેલ નીતિ-નિયમો મુજબ થવો જરૂરી છે. જેથી લાઉડસ્પીકરના ઉપયોગ માટે નિયમન કરવું મને જરૂરી જણાયેલ છે. / હોઈ વાસ્તે હું, રાજગોપાલ આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, બનાસકાઠાં સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨માં) ની કલમ-૩૩ (૧) થી મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૨૨માં મે, ૧૯૯૫ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૫ સુધી (બંને દિવસો સહિત) સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૨૨-૦૦ કલાકના સમય દરમ્યાન ચુંટણીના કામ માટે લાઉડસ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજૂરી મેળવીને જ કરી શકશે, તે સિવાયના સમય દરમ્યાન લાઉડસ્પીકર કોઈપણ રીતે વગાડવા કે ઉપયોગ કરવા ઉપર આથી પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

આજ રોજ તારીખ ૨૨મી મે, સને ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

રાજગોપાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

હુકમ

શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨૨(૧) (ખ) મુજબ.

નંબર ડી.સી./એમએજી/આર્મ્સએકટ-જાહેરનામું/વશી-૩૦૮૧-૯૦/૯૫. ગુજરાત ચૂંટણી પંચનાં તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫ના હુકમ ક્રમાંક ઈલેક/સીઓસી/લો એન્ડ ઓર્ડર ડ્યુરીંગ ઈલેકશનસથી આપેલ આદેશનુસાર આગામી ગ્રામ-તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીઓનું સંચાલન સરળ અને શાંતિપુર્ણ થાય તેમજ ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઈ રહે તે માટે ઉમેદવારી પાછી ખેંચવા છેલ્લી તારીખ પછીના અઠવાડિયાના સમયગાળા દરમ્યાન તમામ બંદુક, પીસ્તોલ, રીવોલ્વર-રાયફલ વિગેરે જિલ્લા સત્તાધિકારીઓને સોંપવાનાં રહે છે.

આથી ગાંધીનગર જિલ્લાનાં સમગ્ર ચુંટણી વિસ્તારમાં ગ્રામ-તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી કોઈપણ જાતના ભયવગર સુમેળભર્યા વાતાવરણમાં થઈ શકે , કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે યોગ્ય નિયમન અને તકેદારી રાખવી અતિ આવશ્યક છે. તેથી શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨૨ મુજબ ના પગલાં હાથ ધરવા માટે પુરતુ કારણ અને આવશ્યક કારણ છે. તેવો મારો અભિપ્રાય છે. તેથી હું વી. એલ. જોષી, (આઈ. એ. એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર મજકુર અધિનિયમની કલમ-૨૨ (૧) (ખ)નીચે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ગાંધીનગર જિલ્લાના સમગ્ર ચુંટણી વિસ્તારમાં બંદુક-પીસ્તોલ, રીવોલ્વર, રાયફલ વિગેરે હથિયારો ઉમેદવારી ફોર્મ પાછી ખેંચવાનાં તારીખથી એક અઠવાડિયામાં એટલેકે તારીખ ૨૮મી મે ૧૯૯૫ સુધીની નિયત સમય મર્યાદામાં પોતે ધારણ કરેલ તમામ હથિયારો તેઓના પરવાનાબુક સાથે તેમને લાગુ પડતા પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા આથી ફરમાવું છું. આ જાહેરનામું તારીખ ૩૦મી જુન ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

સદરહું જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમને ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮માં નિર્દિષ્ટ કરેલ જોગવાઈ તેમજ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની જોગવાઈ અનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગરના અધ્યક્ષપણા હેઠળ નિયુક્ત થયેલ પરિક્ષણ સમિતિ દ્વારા અપાયેલ મંજૂરીવાળી/પરમીટવાળી વ્યકિતઓને લાગુ પડશે નહીં અને ફરજ ઉપર હાજર રહેલ પોલીસ અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૨૪મી મે ૧૯૯૫ના રોજ મારા સહી સિક્કો કરી આપ્યો.

વી. એલ. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૬૧ની (સને ૧૯૫૧ ના એકટ નં. ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ખંડ બી અન્વયે.

નંબર પીઓએલ/નો પાર્કીંગ વશી/૨૦૧૮/૯૫ .—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કેલમ-૧ ના ખંડ (બી) અન્વયે જાહેરનમાનો મુસદ્દો સદરહુ કલમ-૩૩ની પેટા કલમ (૬) થી ફરમાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાની હોય તેવી સઘળી વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધિ કરવામાં આવે છે અને આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીના પછી જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠા સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

સદરહુ મુસદ્દાના સંબંધમાં જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠાને ઉપરોકત મુદત પુરી થતા પહેલા જે કાંઇ વાંધા કે સુચનો મળશે તેને વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે સબજેલ હિંમતનગરથી કલેકટર કચેરી, સુધીના સ્ટેટ હાઈવે રોડ વિસ્તારમાં ગમે તે જગ્યાએ વાહન માલીકો ખાનગી વાહનો ઉભા રાખે છે. જેના કારણે ટ્રાફીક સમસ્યા વધે છે. તથા ઘોધાટને કારણે મુશ્કેલી ઉભી થાય છે. આ મુદ્દાનો કાયમી ઉકેલ લાવવા માટે અત્રેની કચેરીએ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૫ ના રોજ મળેલ કાયદો અને વ્યવસ્થાની મીટીંગમાં ચર્ચા કરવામાં આવેલ. અને સર્વ સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાયો મુજબ આ વિસ્તારમાં ખાનગી વાહનો ન ઉભા રહે તે માટે નો પાર્કીંગ ઝોન જાહેર કરવા નિર્ણય લેવામાં આવેલ હતો.

વાસ્તે, હું, કે. શ્રીનિવાસ આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ની બાબત (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતેના સબજેલ હિંમતનગરથી કલેકટર કચેરી સુધીના સ્ટેટ હાઈવે રોડ ઉપર ખાનગી વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ ગુજરાત સરકારના ગેજેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

મેં આજ તારીખ ૧૯મી મે ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

કે. શ્રી નિવાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ)ની કલમ ૩૭(૧)મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર નં. ૨૪/૯૫.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે,

હું ડી. વી. મેવાડા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૦મી મે ૧૯૯૫ થી તારીખ ૨૫મી મે ૧૯૯૫ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું :—

કૃત્ય :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પું કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળુ પાનું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાઇ ધરાવતું આણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની,

(૨) કોઇપણ રીતે શરીરને હાનિકારક એવા કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થર અથવા બીજી શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના, કે ઘકેલવાના યંત્રો અથવા સાધન લઇ જવાની એકઠા, કરવાની તથો તૈયાર કરવાની,

(૪) સળગતી અગર સલગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(૬) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની તથા ચાળા પાડવાની વિગેરે કરવાની અને તેવા ચિત્રો નિશાનીઓ, વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર)ના હકુમતના વિસ્તાર સિવાય.

અપવાદ.—આ હુકમના ખંડ (૧) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેને ઉપરી અધિકારીઓએ આવું કોઇ હથિયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જે તે શારિરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાંના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની સુધીની કેદની સજા અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનયમ નં. ૪૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી મે ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમ નં. ૨૨માની કલમ-૩૭ (૩) અન્વયે હુકમ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર./૨૫/૯૫.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે—

હું ડી. વી. મેવાડા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદ જીલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૦મી મે ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી મે ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા,થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ : (વિસ્તાર) અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર.)

ખુલાસો :— આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ આ રસ્તાઓમાં સમાવેશ છે.

અપવાદ :— આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તેમને ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના તેમજ અધિકૃત સત્તાધિકારી પાસેથી પૂર્વ મંજુરી મેળવેલ હોય, તેવી સભા, સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૯મી મે સને ૧૯૯૫ના રોજ મારી સહી કરી અને સિક્કો માર્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ નં. ૨૨માં) ની કલમ -૩૭ (૩) અન્વયે.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર.-૨૮/૯૫.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે, હું, ડી. વી. મેવાડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૬મી મે, ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૦મી જૂન, ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો સિવાયનો વિસ્તાર)

ઉપરોકત જાહેરનામાની જોગવાઈઓ અંગે સરિગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસીયેશન તરફથી રજુઆત કરી આ વૈકલ્પિક રસ્તા ઉપરથી મોટા વાહનો પસાર કરવામાં મુશ્કેલીઓ ઉપસ્થિત થતી હોવાથી રજુઆત કરેલી છે. તથા કાર્યપાલક ઈજનેરશ્રી, (માર્ગ અને મકાન) વિભાગ, નવસારી તરફથી પણ ઉપરોકત જાહેરનામાનો મજકુર રદ કરવા સારૂ તારીખ ૨૫મી મે ૧૯૯૫ ના પત્ર દ્વારા રજુઆત કરવામાં આવી છે. આમ આ જાહેરનામાના મજકુર અંગે મળેલી રજુઆતો અવલોકનમાં લેતાં તેના પેરા નં. (૧) અને (૨) માં દર્શાવેલી ઉપબંધો આથી રદ કરી તેને બદલે નીચે મુજબનો સુધારેલો ઉપબંધ વાંચવા આદેશ કરવામાં આવે છે.

૧. ૧૦ મેટ્રીક ટનથી વધુ વજનવાળા વાહનોને બદલે ૧૭ મેટ્રીક ટન (ગ્રોસવેઈટ) થી વધુ વજનવાળાં વાહનોની અવરજવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૨. સંજાણ નારગોળ રસ્તા ઉપરથી ભારે વાહનોની અવર જવર બંધ કરી એક માર્ગીય કરવામાં આવેલ છે. તે આથી રદ કરવામાં આવે છે.

અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

વલસાડ, તારીખ ૧લી જૂન ૧૯૯૫.

હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ (૧) (બી) (એનઓ) તથા કલમ ૩૭ મુજબ.

નંબર ડીસીબી/એમએજી/મોહરમ/રજી.૩૬/૯૫.—સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા-કલમ (બી) એન.ઓ) તથા કલમ-૩૭ અન્વયે મળેલા અધિકારની રૂએ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ આગામી મહોરમના તહેવાર અંગે વલસાડ જિલ્લામાં નીચે મુજબનો હુકમ ફરમાવે છે.

૧. વલસાડ જિલ્લામાં આવતા મહોરમના તહેવાર દરમ્યાન કોઈપણ તાબુત, પંજા અગર પંજા વગર સવારી સરઘસ સંબંધિત સબ ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીની લેખિત જરૂરી પરવાનગી લીધા સિવાય કાઢી શકાશે નહી.

૨. આવી પરવાનગી ફકત મુસ્લીમ બીરાદરોને જ આપવામાં આવશે અને એવી પરવાનગી પોતાની પાસે જ રાખવી પડશે. અને જયારે કોઈપણ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અગર પોલીસ અધિકારીશ્રી તરફથી રજુ કરવા સુચન કરવામાં આવે ત્યારે રજુ કરવી પડશે.

૩. પરવાનગી મેળવવા માટે જે તે અરજદારશ્રી તરફથી ૬૫ પૈસાની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડીને અરજી તારીખ ૫મી જૂન ૧૯૯૫ સુધીમાં ઉપરોકત સબ ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીને પહોંચે તેમ કરવી જોઈએ.

૪. આવી પરવાનગી ધારણ કરનારએ કોઈપણ તાબુત પંજા અગર ઢોલ, પંજા અગર સવારીના સરઘસમાં સામેલ થયેલ માણસોની શાંત વર્તણુક માટે અંગત જવાબદાર રહેશે સરઘસમાં એવી રીતે સામેલ થયેલા ઈસમોમાંથી કોઈપણ ઈસમ તોફાની રીતે અગર અયોગ્ય રીતે વર્તે તો જિલ્લા પોલીસ અધિકારીશ્રી સબ ડીવીઝનલ ઓફીસર શ્રી અગર પોલીસ ઈન્સ્પેકટરશ્રીની નીચલી પાયરીના ન હોય તેવા સીનીયર પોલીસ અધિકારીશ્રી અગર પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી જે સ્થળ ઉપર હાજર હશે તેને મૌખિક હુકમ દ્વારા આપેલી પરવાનગી એકદમ રદ થશે અને સરઘસમાં ભેગા થયેલા સઘળા ઈસમોને તાત્કાલીક વિખેરાઈ જવું પડશે. અને ફરી ભેગા થઈ શકશે નહી કે તાબુત પંજા અગર સવારી સરઘસ આગળ લઈ જઈ શકશે નહી.

૫. મહોરમના તહેવાર દરમિયાન સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીની નીચેની ગ્રેડના નહી હોય તેવા પોલીસ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ શેરી કે જાહેર જગ્યાએ લાઉડ સ્પીકર વાજીંત્ર અગર મ્યુઝીક વગાડી શકશે નહીં.

૬. મોહરમના તહેવાર દરમ્યાન શેરી કે જાહેર જગ્યાના આજુબાજુ લાઉડ સ્પીકર વાજીત્ર વગાડવાની પરવાનગી તહેવારના તારીખ ૯મી જુન ૧૯૯૫ થી ૧૦મી જુન ૧૯૯૫ ના રોજ માટે આપવામાં આવ શે અને તે સિવાયનાં બીજા દિવસો માટે આપવામાં આવશે નહી અને એવી પરવાનગી અરજદારશ્રી પરવાનગીની શરતોનું પાલન કરવામાં સંમત થશે તોજ આપવામાં આવશે.

૭. કતલની રાત્રે કોઈપણ સરઘસ સાંજે ૭-૦૦ કલાક પહેલા અગર રાત્રે એક વાગ્યા પછી કાઢી શકાય નહી અને સઘળી ક્રિયા બીજે દિવસે એટલે કે મહોરમના દિવસે સુર્યાસ્ત પહેલા અચુક પુરી કરવી પડશે.

૮. તાબુત પંજા કે ઢોલકા પંજા વગર સવારી અંગે રાબેતા મુજબ સંબંધીત સબ ડીવીઝનલ પોલીસ ઓફીસરની લેખિત પરવાનગી લેવાની રહેશે.

૯. કતલની રાત્રે તાબુતો તેમના જુના નિયત રૂટ પ્રમાણે ફેરવી શકાશે.

૧૦. કતલની રાત્રે અને તાજીયા ડુબાડવાના દિવસે તાબુત પંજો અગર ઢોલકા પંજા અગર સવારીને ઉંચકીને ફેરવવાના સઘળા સરઘસો અને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૬ પ્રમાણે જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ નકકી કરેલા સ્થળ સમય અને મીટીંગમાં નકકી થયેલા નિયત જુના રૂટ પ્રમાણે કાઢવા દેવામાં આવશે.

૧૧. તાબુતનું સરઘસ કાઢવા માટે જવાબદાર ઈસમની એ જોવાની ફરજ રહેશે કે તાબુત સાથે જે ઈસમોને કોઈપણ જાતનો સંબંધ

INDEX

નથી એવા ઈસમોને કે અનિષ્ટ તત્વોને તાબુતના સરઘસમાં સામેલ થવા ન દેવા અને તે ઉપર તાબુતનું સંચાલન કરતી વ્યકિતએ નજરબંધી રાખવી તેમજ રસ્તામાં અડચણ ઉપસ્થિત થાય નહી અને તાબુત લઈ જવામાં બીન જરૂરી ઢીલ થાય નહી તે જોવાની જવાબદારી જવાબદાર ઈસમોને રહેશે.

૧૨. કોઈપણ શેરી કે જાહેર જગ્યાએ જુલુસ જુન્નર અગર પવિત્ર ઘોડાનું સરઘસ અગર માતમ અગર છાતી ફુટવા અંગે પરવાનગી આપવામાં આવશે નહીં.

૧૩. તાબુત એટલી ઉંચાઈનું હોવું જોઈએ અને એવી રીતે બનાવવું જોઈએ કે જેથી કરીને વિદ્યુત લાઈન તથા ટેલીફોન લાઈન વિગેરેને અડે નહી અને આ લાઈનો બંધ ન થઈ જાય તે રીતની ઉંચાઈ રાખવાની રહેશે.

૧૪. જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અગર સબ ડીવીઝનલ પોલીસ ઓફીસરશ્રી, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીની નીચેની ગ્રેડના નહી હોય તેવા પોલીસ અધિકારીશ્રીએ પરવાનગી સિવાય કોઈપણ જાહેર જગ્યાએ તલવાર, ભાલા, સોટી, બંદુક, ચાકુ, ચપ્પુ, લાકડી વિગેરે એવા બીજા કોઈ શસ્ત્રો હથિયારો કે જે ગુન્હાહીત હથિયાર તરીકે વાપરી શકાય તેવું હોય તેવા હથિયારો લઈ જવા મનાઈ ફરમાવવામાં આવે છે.

૧૫. પથ્થરો અગર બીજા શસ્ત્રો અગર તો શસ્ત્રો ફેંકવાના અગર નાખવાના યંત્રો અગર સાધનો લઈ જવા એકત્ર કરવાની અને તૈયાર કરવાની મનાઈ કરવામાં આવે છે.

૧૬ (અ). તાજીયા ડુબાડવાના દિવસે શાંતિપૂર્ણ રીતે સુલેહ શાંતી જાળવીને નકકી થયેલા રૂટ પ્રમાણે તાજીયા લઈ જવાના રહેશે. વધુમાં જાહેર હિતમાં સુલેહ શાંતિ જાળવવાની રહેશે. અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતી કાળજી રાખવાની રહેશે.

૧૬(ક). કોઈપણ જાહેર જગ્યાએ માણસો મુડદાઓ, આકૃતિઓ દેખાડવાની મનાઈ કરવામાં આવે છે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની મનાઈ કરવામાં આવે છે.

૧૬(ડ). જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થવાનો સંભવ હોય અથવા જેનાથી સમાજના જુદા જુદા વર્ગોમા ધાર્મિક દુશ્મનાવટ ઉપસ્થિત અથવા ગુનો કરવા અગર જાહેર શાતિનો ભગ થયા અગર કાયદાના અગર કાયદેસરના અધિકારીશ્રીની વિરોધ અગર ધૃણા કરવામાં આવે તેવા ચાળા પાડવાની નિશાનીઓ તથા પીકચરો, સીમ્બોલો, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની બતાવવાની અને તેનો ફેલાવો કરવાની મના કરવામાં આવે છે.

૧૭. નીચે જણાવ્યા પ્રમાણેના રસ્તાઓ તેની સામે જણાવેલ દિવસોએ સમયે ટ્રાફીક વ્હીકયુલર માટે બંધ રહેશે.

(અ). વલસાડ ટાઉન :

૧. કતલની રાત્રે તા. ૯મી જૂન ૧૯૯૫	(૧)	ટાવરથી મોટા બજાર વાયા શાંતિભુવન	સાજે ૭-૦૦ રાત્રે ૧-૦૦
૨. ડુબાડવાના દિવસે તા. ૧૦મી જુન ૧૯૯૫	૧	ટાવરથી મોટા બજાર વાયા શાતિભુવન લીંગલી મોટા પારસી વાડ બંદરરોડ	બપોરે ૧-૦૦ થી રાત્રે ૨૧-૦૦ કલાકે

(બ) નવસારી ટાઉન :

૧. કતલની રાત્રે તા. ૯મી જુન ૧૯૯૫	૧	વિરાવળ મોટર સ્ટેન્ડથી ગોલવાડગેટ વાયા ટાવર,	સાજે ૭-૦૦ થી રાત્રે ૧-૦૦
	(૨)	બજાર ગેટથી જુનાથાણા	
૨. ડુબાડવાના દિવસો તા. ૨૦મી જુન ૧૯૯૫	૩	પાચ હાટડીથી ચાર પુલ ઉપરના ત્રણ રસ્તા ઉપરાંત મચ્છી માર્કેટ અને સતી નાકા અને ચાર પુલથી દરગાહ રોડ	બપોરે ૧-૦૦ થી રાત્રે ૧-૦૦

જો બધા સરઘસો ઉપર જણાવેલ કોઈપણ રસ્તા ઉપર મનાઈ કરેલ સમય પહેલા પસાર થઈ જશે તો રસ્તો જાહેર જનતાના ઉપયોગ માટે ખુલ્લો રહેશે. ઉપર જણાવેલ રસ્તાઓ મના કરેલ સમય દરમ્યાન ફાયર બ્રીગ્રેડવાન, પોસ્ટલવાન એમ્બ્યુલન્સ અને ફરજ પરના અધિકારીઓની વાન માટે ખુલ્લો રહેશે.

૧૮. કોઈપણ ઈસમ ઉપર જણાવેલા કોઈપણ નિયમોનો ભંગ કરશે અગર અયોગ્ય રીતે વર્તશે અગર કોઈપણ જાતની ધાંધલ કરશે તો તેથી સામે તાત્કાલીક અટકાયતી પગલાં લઈ કાયદેસર કામ ચલાવવામા આવશે.

૧૯. ઉપરના હુકમમાં "મોહરમ તહેવાર" શબ્દનો અર્થ મોહરમ માસના પહેલા દશ દિવસો અને રાત્રી થાય છે. "મહોલ્લો" શબ્દનો અર્થ શેરી અગર ગલી કે જ્યા તાબુત સ્થાપિત કરવામાં આવે છે "હયુજ તાબુત" શબ્દનો અર્થ તાબુત તાજીયા છે.

વલસાડ, તારીખ ૨જી જૂન, ૧૯૯૫.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧નો અધિનિયમ ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/૨જી/૩૯/૯૫.— જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારૂ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું. એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ, ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૮મી જુન, ૧૯૯૫ થી ૨૨મી જુન, ૧૯૯૫ સુધી (બંને દિવસો સહિત) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહિ કે સરઘસ બોલાવવી નહિ કે સરઘસ કાઢવું નહિ તેમજ ચારથી વધુ વ્યકિતઓએ એકત્ર (ભેગા) થવું નહિ.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જીદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ ૨૨મો) કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

INDEX

આજ રોજ તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૯૫ના રોજ મારી સહી સીક્કા કરી આપવામાં આવ્યા છે.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી/વશી/૪૦૫૩.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ અન્વયે મળેલી સત્તાની રૂએ હું, બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈને નીચેની અનુસૂચિમાં દર્શાવિલા વિસ્તારમાં તારીખ ૩જી જૂન ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધા).—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી;

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી કે તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બતાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ.

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાના કોઈપણ ખંડ નો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧)મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ તારીખ ૨જી જૂન, ૧૯૯૫ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી./વશી-૪૧૬૫.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૯મી જૂન, ૧૯૯૫ના દિવસે સવારના ૦૬-૦૦ વાગ્યાથી તારીખ ૨૩મી જુન, ૧૯૯૫નાં રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને;

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને;

(૩) કોઈ લગ્નના વરઘોડાને;

(૪) કોઈ સ્મશાન યાત્રાને;

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ અને ભારતનાં ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૬૦નાં ૪૫ માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૫ માહે જૂન, સને ૧૯૯૫નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

બી. જે. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

હુકમ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમની, કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

નંબર પલસ/જીતા/ગ્રા/ચટણ/૧૯૯૫. —રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જિલ્લા, તાલુકા, ગ્રામ પંચાયતોની ચુંટણી ૧૯૯૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત જિલ્લામાં ચૂંટણીની પ્રક્રિયા તારીખ ૩૧મી મે ૧૯૯૫ થી ૧૩મી જુન ૧૯૯૫ સુધીની નકકી કરવામાં આવેલી છે ભારતના બંધારણની કલમ-૨૪૩/કે અને ૨૪૩/ઝેડ, એ આપેલા આદેશ ક્રમાંક ૫/ઈએલસી/સીઓસી/કા. વ્ય./તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫ના પારા ૩-૪ માં આપેલા આદેશ મુજબ ચૂંટણી જાહેર થયા પછી પરવાના વાળા હથિયારો સાથે હરવા ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો છે.

જિલ્લા, તાલુકા, ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ દરમ્યાન સુરત જિલ્લામાં હિસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડતા કૃત્યો થાય તેવી શકયતા રહે છે અને મુકત અને ન્યાયી ચૂંટણી થાય તે માટે ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેવી કાર્યવાહી કરવાનું મને જરૂરી જણાયું છે.

હિસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીને બગાડતાં કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જિલ્લામાં હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે ન થઈ શકે તે માટે સુરત (ગ્રામ્ય) જિલ્લા વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

સુરત જિલ્લા બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારોનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત (ગ્રામ્ય) જિલ્લામાં ન કરી શકે તેનો ઉપાય કરવાનું મને તાત્કાલીક જરૂરી જણાયું છે.

જેથી હું, શ્રી રમેશ કંસારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ હુકમ કરૂ છું

(૧) સુરત (ગ્રામ્ય) જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈ પણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે જિલ્લામાં હરવું ફરવું નહીં;

(૨) સુરત જિલ્લા બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓ સુરત જીલ્લામાં પ્રવેશ કરે અથવા જિલ્લામાં વસવાટ કરતા હોય તો તેમના હથિયારો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા.

સુરત જિલ્લામાં જિલ્લા, તાલુકા, ગ્રામ પંચાયતોની ચુંટણી ૧૯૯૫ની ચુંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોઈ અને ચૂંટણીનો સમયબધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય અને યોગ્ય સમયમાં બજાવી શકાય તેમ ન હોય અને સુનાવણી રાખી શકાય તેમ ન હોઈ, ઉપર ફકરા ૪માં જણાવ્યા મુજબ હું, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૨) હેઠળ હુકમ કરૂ છું, આ હુકમ તારીખ ૨૨મી મે ૧૯૯૫થી તારીખ ૨૧મી જુન ૧૯૯૫ સુધીના સમય માટે અમલમાં રહેશે.

આજ તારીખ ૧૫મી મે ૧૯૯૫ ના રોજ મારી સહી અને સીકકો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પલસ/જી. તા. ગ્રા./ચટણ/૧૯૯૫.—સુરત જિલ્લામાં જિલ્લા, તાલુકા, ગ્રામ પંચાયતોની ચૂંટણી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તથા જાહેર સુલેહ શાંતી અને સલામતી જળવાય રહે તે સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાયું છે.

વાસ્તે, હું, શ્રી આર. સી. કંસારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં)ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત જિલ્લા વિસ્તારમાં તારીખ ૩૦મી મે, ૧૯૯૫ના રોજ સવારે ૮-૦૦ કલાકથી તારીખ ૧૪મી જૂન, ૧૯૯૫ના રોજ ૨૪-૦૦ કલાક સુધી ૪૦ કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં. તેમજ ભેગા થવું નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી;

(૨) તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ નડશે નહીં;

(૩) આ હુકમ ચુંટણીના મતદાન મથકે, મતદાન માટે એકત્રિત થયેલ મતદારોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી મે, ૧૯૯૫ના રોજ સહી કરી સિક્કો કરી આપ્યો છે.

આર. સી. કંસારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી-૨૮૮૧/૨૯૬૧/૧૯૯૫ .—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં ની અધિનિયમ)ની કલમ-૩૭ (૧) (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, એમ. એમ. પઠાન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ—આહવા આગામી મહોરમ તહેવારને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તેમજ ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં સભા સરઘસ કાઢવા વિગેરે ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરીયાત જણાય છે જેથી ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતઓને તારીખ ૨જી જુન ૧૯૯૫ થી તારીખ ૧૧મી જુન ૧૯૯૫ (બન્ને દિવસો સહિત) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) હથિયાર, શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ અથવા શારીરીક હિસ પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની ;

INDEX

(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાની અથવા નાખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા અથવા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દખાડવા;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની પરંતુ ચુંટણી પ્રચારમાટે પરવાનગી અપાયેલ હોય તેવી બાબત સિવાયની બાબત,

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવા ટીકાત્મક ભાષણ કરવા તેવા ભાવભાવ ચેષ્ટા કરવાના તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને એના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય, અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી ડાંગ આહવા અથવા તેમણે અધિકૃત કરેલાં કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ;

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટે આ અર્થે ખાસ અધિકૃત કરેલ તેવી વ્યકિતઓ આ જાહેરનામાના કોઈ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે;

(૪) ચૂંટણીને લગણી કામગીરી માટે નિમાયેલ વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૨જી જુન ૧૯૯૫ ના રોજ મારી સહી કરીને સીકકા કરેલ છે.

એમ. એમ. પઠાન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ડાંગ-આહવા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, APRIL 11, 1996 / CAITRA 22, 1918 [No. 15

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	140-155
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-B, under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	15
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	273-296
Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	334-389

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉગપક/૩૧/૯૫.—સને ૧૯૫૧ નો મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના મુંબઈ રસ્તાની, કલમ-૩૩ ની પેટા કલમ ૧ની કલમ-૭૨ (બી) થી આપવામાં આવેલ સત્તાની રૂએ અને અજ વિભાગના પેટા કલમ-૬ સાથે વંચાણે લેતાં હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ટાફિકની સરળતા માટે નીચે મુજબ હુકમ કરૂં છું.

કારંજ ત્રણ દરવાજા વિસ્તારમાં આડેધડ પાર્ક થતા વાહનો વ્યવસ્થિત પાર્ક થાય તે હેતુસર જુના કારંજભવન બિલ્ડીંગની ઉત્તરની દિવાલે નિશાંત હોટેલ ની સામે મો. વ્હી. ફૂટ્સ ૨૭૭ ની પેટા કલમ ૧,૩ મુજબ વધુમાં વધુ બે કલાક માટે ૧૬ જીપ/કાર માટે પાર્કીંગ સ્ટેન્ડ જાહેર કરવામાં આવે છે જેની જાહેર જનતાને નોંધ લેવી.

INDEX

આજ રોજ તારીખ ૩૧મી મે ૧૯૯૫ ના રોજ મારી સહી સિક્કા કરેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ઉ/ગપક/વિ. શા. / ૨૫૬ / ૧૯૯૫.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેર હકુમત હેઠળના વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી તારીખ ૧૨મી જુન, ૧૯૯૫ના રોજ તથા તાલુકા / જિલ્લા પંચાયતની ચૂંટણી તારીખ ૧૬મી જુન, ૧૯૯૫ ના રોજ મતદાન થનાર છે અને ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના અધિનિયમ) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં (અ) તારીખ ૧૦મી જુન, ૧૯૯૫ના કલાક-૧૭-૦૦ થી તારીખ ૧૨મી જૂન, ૧૯૯૫ના કલાક ૨૦-૦૦ સુધી (બ) તથા તારીખ ૧૪મી જૂન, ૧૯૯૫ના કલાક ૧૭-૦૦ થી તારીખ ૧૬મી જુન, ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં મતદાન મથકથી ૧૦૦ મીટર વિસ્તારની અંદર ચૂંટણી અંગે પ્રચાર કરવો નહીં ચીન્હો રાખવા નહીં.

વિસ્તાર :

(અ) પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પૈકી, (અ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં.

તથા

(બ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારો સિવાયના અન્ય વિસ્તારોમાં.

ખુલાસો :

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :

આ હુકમ મરણોત્તર અગર લગ્નના વરઘોડાને અથવા જે સરઘસોને તથા સભા માટે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નંબર-૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮ માહે જૂન સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) ની કલમ-૩૬ મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિશા/૨૫૭/૧૯૯૫.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પૈકી :—

(અ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં તારીખ ૧૨મી જુન, ૧૯૯૫ ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને લગતી ચુંટણી તથા ;

(બ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારો સિવાયના અન્ય સ્થળોએ તારીખ ૧૬મી જૂન, ૧૯૯૫ ના રોજ તાલુકા / જિલ્લા પંચાયતને લગતી ચુંટણી નિયુક્ત કરેલ મતદાન મથકોએ તારીખ ૧૨મી જુન, ૧૯૯૫ તથા તારીખ ૧૬મી જૂન, ૧૯૯૫ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા સારું એકઠા થવાનો સંભવ છે. જેથી જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારમાં તારીખ ૧૨મી જુન, ૧૯૯૫ તથા તારીખ ૧૬મી જુન, ૧૯૯૫ ના રોજ અડચણ થતી અટકાવવા અને વ્યવસ્થા જાળવવા પગલાં લેવાં જરૂરી છે.

વાસ્તે હું એમ. એમ. મહેતા પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના અધિનિયમ) ની કલમ ૩૬ (ગ) અને (ઘ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સદરહુ ચુંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ ;

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે, જો જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે ;

(૨) મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું ;

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી તુર્તજ ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૧૨મી જૂન, ૧૯૯૫ (અ) માટે તથા તારીખ ૧૬મી જુન, ૧૯૯૫ (બ) માટેના દિવસોએ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી માહે જુન, સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં ની કલમ-૩૭ (૩) નો હુકમ.

નંબર ઉ/ગપક/વિ.શા. / ૨૫૮ / ૧૯૯૫.—તારીખ ૧૩મી જૂન, ૧૯૯૫ ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા તારીખ ૧૭મી જૂન, ૧૯૯૫ ના રોજ તાલુકા / જિલ્લા પંચાયત તથા તારીખ ૨૩મી જૂન, ૧૯૯૫ ના રોજ ગ્રામ પંચાયતન. ચુંટણીની મત ગણતરી વખતે જુદા જુદા પક્ષોના લોકો આ મતગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એક બીજા પક્ષો વચ્ચે સંઘર્ષ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાની અને લોકોન. સુલેહ શાંતી જોખામાય તેવો સંભવ છે જેની નીચે જણાવેલ વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂર જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમ) ની

INDEX

કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારો પૈકી (અ) વિસ્તારમાં તારીખ ૧૩મી જૂન, ૧૯૯૫ ના કલાક ૬-૦૦ થી તારીખ ૧૫મી જૂન, ૧૯૯૫ના કલાક ૨૦-૦૦ સુધી, (બ) વિસ્તારમાં તારીખ ૧૭મી જૂન, ૧૯૯૫ના કલાક ૬-૦૦ થી તારીખ ૧૯મી જૂન, ૧૯૯૫ના કલાક ૨૦-૦૦ સુધ. તથા (ક) વિસ્તારમાં તારીખ ૨૩મી જન, ૧૯૯૫ના કલાક ૬-૦૦ થી તારીખ ૨૫મી જૂન, ૧૯૯૫ ના કલાક ૨૦-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસો ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ કોઈ સરઘસ કાઢવું નહી, કોઈ સુત્રોચ્ચાર કરવા નહી, માઈક પણ વગાડવું નહી, કોમી લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહી અને મત ગણતરી સ્થાને બિન અધિકૃત માણસોએ પ્રવેશવું નહી.

વિસ્તાર :

(અ) (૧) એલ. ડી. એન્જી. કોલેજ કે જે ગુજરાત યુનિ. વિસ્તાર નવરંગપુરામાં આવેલ છે તેનું કંમ્પાઉન્ડ તથા તેની આજબાજુનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર.

(૨) ગુજરાત કોલેજ કે જે એલીસબ્રીજમાં આવેલ છે તેનું કમ્પા-ઉન્ડ તથા તેની આસપાસનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર

(૩) પોલીટેકનીક બિલ્ડીંગ કમ્પાઉન્ડ વિસ્તાડ તથા તેની આસ પાસનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર.

(૪) સંસ્કાર કેન્દ્ર બિલ્ડીંગ કે જે પાલડીમાં છે તેનો કંમ્પાઉન્ડ વિસ્તાર તથા તેની આસપાસનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર.

વિસ્તાર :

(બ) (૧) ડીપાર્ટમેન્ટ ઓફ ટેક્ષટાઈલ્સ ટેકનોલોજી એલ.ડી. એન્જી. કોલેજ ગુજરાત યુનિ. તથા કંમ્પાઉન્ડ તેની આજુબાજુનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર.

વિસ્તાર :

(ક) (૧) સીટી મામલતદારશ્રીની કચેરી કે જે કલેકટરશ્રીની કચેરીના કંમ્પાઉન્ડમાં આવેલ છે તે જુની સીવીલ હોસ્પિટલ તથા તેની આસપાસનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર.

(૨) સીટી તાલુકા પંચાયત ઓફિસ જિલ્લા પંચાયત કચેરી કંમ્પાઉન્ડ (લાલ દરવાજા) તેની આજુબાજુનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેઓને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માહે જૂન, ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં ની કલમ-૩૭ (૩).

નંબર ઉ/ગપક/વિ. શા. / ૨૫૯/૧૯૯૫માં સુધારો.—તારીખ ૧૩મી જૂન, ૧૯૯૫ ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ચુંટણીની મત ગણતરી વખતે જુદા જુદા પક્ષોના લોકો આ મત ગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એક બીજા પક્ષો વચ્ચે સંઘર્ષ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાની અને લોકોની સુલેહ શાંતી જોખમાય તેવો સંભવ છે જેથી નીચે જણાવેલ વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. મહેતા, પોલાસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૩મી જુન, ૧૯૯૫ના કલાક ૬-૦૦ થી તારીખ ૧૭મી જુન, ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી, કોઈ સુત્રોચાર કરવા નહી, માઈક પણ વગાડવું નહી, કોમી લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહી અને મત ગણતરી સ્થાને બિન અધિકૃત માણસોએ પ્રવેશવું નહી.

વિસ્તાર :

(૧) એલ. ડી. એન્જી. કોલેજ કે જે ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર નવરંગપુરામાં આવેલ છે તેનું કંમ્પાઉન્ડ તથા તેની આજુબાજુનો ૫૦૦ (પાંચસો) મીટરનાં સમગ્ર વિસ્તાર.

(૨) ગુજરાત કોલેજ કે જે એલીસબ્રીજમાં આવેલ છે તેનું કંમ્પાઉન્ડ તથા તેની આસપાસનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર.

(૩) પોલી ટેકનીક બિલ્ડીગ કંમ્પાઉન્ડ વિસ્તાર તથા તેની આસ-પાસનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર.

(૪) સંસ્કાર કેન્દ્ર બિલ્ડીંગ કે જે પાલડીમાં છે તેનો કંમ્પાઉન્ડ વિસ્તાર તથા તેની આસપાસનો ૫૦૦ (પાંચસો) મીટરનો સમગ્ર વિસ્તાર.

(બ) તથા (ક) માં જણાવેલ વિસ્તારમાં કોઈપણ જાતનો સુધારો કરવામાં આવેલ નથી.

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેઓને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી માહે જૂન, સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સન ૧૯૫૧ના ૨૨ માં) ની કલમ-૩૭ (૩).

નંબર ઉ/ગપક/૨૬૦/વિ.શા./૧૯૯૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આ ઉપરથી મને મળેલ સત્તાની રૂએ પોલીસ અધિનિયમ ૧૯૫૧ નાર૨ મા અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની

INDEX

રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી જૂન, ૧૯૯૫ ક્લાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ ના ક્લાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર તો કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાનયાત્રાને અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ ૧૪૫ની પેટા કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી માહે જૂન, ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ. શા. / ૨૬૧ / ૧૯૯૫.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર સિવાયના ગ્રામ પચાયતની ચુંટણી અંગે તારીખ ૨૧મી જૂન, ૧૯૯૫ના રોજ મતદાન થનાર છે. અને ચુંટણીના અનુસધાનમા જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના અધિનિયમ) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમા તારીખ ૧૯મી જુન, ૧૯૯૫ ના ક્લાક ૧૭-૦૦ થી તારીખ ૨૧મી જૂન ૧૯૯૫ના ક્લાક-૨૦-૦૦ સુધી કોઈ સભા ભરવી કે બોલાવવી નહિ. તેમજ સરઘસ કાઢવું નહિ. મતદાન મથકથી ૧૦૦ મીટર વિસ્તારની અદર ચુંટણી અંગે પ્રચાર કરવો નહીં કે ચિન્હો રાખવા નહિ.

વિસ્તાર :

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર સિવાયના (૧) સૈજપુર ગોપાલપુર (૨) પીપળજ (૩) વસ્ત્રાપુર (૪) મકરબા (૫) નિકોલ (૬) ગ્યાસપુર (૭)નવા નરોડા (૮) મકતમપુર ગ્રામ પચાયતના વિસ્તારમા.

ખુલાસો :

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફટપાથો, ગલીઓ, તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :

આ હુકમ મરણોત્તર અગર લગ્નના વરઘોડાને અથવા જે સરઘસોને તથા સભા માટે પોલીસ કમિશનર; અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી માહે જુન, સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૬

નંબર ઉ/ગપક/વિ. શા./ ૨૬૨ / ૧૯૯૫.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તાર સિવાયના (૧) સૈજપુર ગોપાલપુર, (૨) પીપળજ, (૩) વસ્ત્રાપુર (૪) મકરબા, (૫) નિકોલ (૬) ગ્યાસપુર, (૭) નવા નરોડા (૮) મકતમપુર ગ્રામ પંચાયતને લગતી ચુંટણી અંગે નિયુકત કરેલ મતદાન મથકોએ તારીખ ૨૧મી જૂન, ૧૯૯૫ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા સારૂ એકઠા થવાનો સંભવ છે. જેથી જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારમાં તારીખ ૨૧મી જૂન, ૧૯૯૫નાં રોજ અડચણ થતી અટકાવવા અને વ્યવસ્થા જાળવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે, હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના અધિનિયમ) ની કલમ ૩૬ (ગ) અને (ઘ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સદરહું ચુંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે.

(૨) મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી તુર્તજ ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૨૧મી જન, ૧૯૯૫ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે જૂન, સને ૧૯૯૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

એમ. એમ મહેતા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

એડીશનલ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટ્રાફિક/વશી ૮૪૪/ઉધના/૧૭૭૮૫ / ૯૫.—સુરત શહેરમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે નીચે જણાવ્યા મુજબ કાયમી જાહેરનામું બહાર પાડવા વિચારેલ છે.

INDEX

(૧) "ઉધના નવસારી રોડ ઉપર ઉન તરફથી આવતાં વાહનો ઉડીપી હોટલ ઉધના ત્રણ રસ્તાથી જમણી બાજૂ વળાંક લઈ ઉધના સ્ટેશન રોડ તરફ જઈ શકશે નહીં. સવારનાં કલાક ૯-૦૦ વાગ્યાથી રાત્રીનાં કલાક ૯-૦૦ વાગ્યા સુધી આ પ્રતિબંધ જાહેર કરવામાં આવે છે."

(૨) "રીંગરોડ પર આવેલ રોહિત માર્કેટ / પુનમ માર્કેટ ત્રણ રસ્તાથી) હરિઓમ માર્કેટથી હીરાપન્ના માર્કેટથી કિનખાબવાલાની ગલીનાં નાકા સુધીનાં માર્ગ ઉપર સવારે કલાક ૯-૦૦ વાગ્યાથી સાંજે કલાક ૯-૦૦ વાગ્યા સુધી ચારચકી વાહનોનાં અવરજવર પ્રતિબંધિત કરવામાં આવે છે. ઉપરોકત માર્ગ તલાવડી મહોલ્લામાં જે લોકોનાં રહેણાંક મકાનો આવેલા છે. તેમના ચારચકી વાહનોને આ જાહેર-નામામાંથી મુકિત આપવામાં આવે છે."

ઉપરોકત જાહેરનામું તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫ થી કાયમી કરવા વિચારેલ છે. જેથી ઉપરોકત જાહેરનામાથી જે વ્યકિત / સંસ્થાને અસર થવા સંભવ છે. તેઓ તેમનાં વાંધા/સુચનો તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫ પહેલા પોલીસ કમિશનરશ્રીની કચેરી, નાનપુરા, સુરતને મોકલી આપશે, તો કાયમી જાહેરનામું બહાર પાડતાં પહેલાં તે વિચારણામાં લેવામાં આવશે.

આજ રોજ તારીખ ૧૩મી જૂન, ૧૯૯૫નાં રોજ મારી સહી સિક્કા કર્યા.

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટ્રાફિક/વશી/૮૪૫/ઢોર ડબ્બા / ૧૭૭૮૪ / ૯૫.— આથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી), ૨ (૬), અને કલમ-૯૦ થી મળેલ સત્તાની રૂએ હુકમ કરવામાં આવે છે .

સુરત શહેરમાં ટુંક સમયમાં ચોમાસાની સીઝન શરૂ થનાર હોવાથી સુરત શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ ખુબ જ વધારે પ્રમાણમાં વધી જવાની શકયતા છે. જેને વાહન વ્યવહારની સવલત અને સલામત માટે અંકુશમાં લેવા માટે ઢોર પાર્ટી મારફત રખડતા ઢોરોને પકડી પાડવા જરૂરી જણાય છે. અને તે માટે કતારગામ તથા ભટાર વિસ્તાર-માં હાલમાં ઢોરના ડબ્બાની સુવિધા ઉપલબ્ધ નહી હોવાના કારણે આ વિસ્તારમાં આ કામગીરી અસરકારક બનાવવી જરૂરી હોવાથી મહાનગરપાલિકા કમિશનરશ્રીનું નિમપત્ર ક્રમાંક : પી.એચ.ડી./માર્કેટ/ સા./૧૦૪૪/૯૫, તારીખ ૨૬મી મે, ૧૯૯૫ની દરખાસ્ત મુજબ.

(૧) કતારગામમાં શાળા નંબર ૧૫૧ પાસે આવેલ મહાનગરપાલિકાનો ખુલ્લો પ્લોટ.
(૨) રેડિયો સ્ટેશન ભટાર પાસે આવેલ સુરત મહાનગરપાલિકાનો ઓપન પ્લોટ.
કે જેની ચારે દિશામાં ફેન્સીંગ (વાડા) કરેલ છે. તથા પાણીની સગવડ છે.

આ બન્ને જગ્યાઓને તારીખ ૧૦મી જૂન, ૧૯૯૫ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૫ સુધી ઉપરોકત હેતુસર "ઢોર ડબ્બા" તરીકે જાહેર કરવામાં આવે છે.

તારોખ ૧૩મી જૂન, ૧૯૯૫નાં રોજ મારી સહી-સિક્કા કર્યા.

સુધીર સિન્હા,
એડીશનલ પોલીસ કમિશનર,
રેન્જ-૨, સુરત શહેર.

BY DISTRICT AND SESSIONS JUDGE

Read. — G.A.D. Notification No. GS/95-36/PHD/1095/1679/Gh, dated 29th May, 1995.
(ii) Para-627 of the Civil Manual, Vol.I, 1960.

Notification

No. N/1/1814/1995.— The undersigned is pleased to declare, Friday the 16th day of June, 1995, to be a Public Holiday, for the Courts at Dhanera, Deodar, Sihari, Jharad, Wav and Danta only of Banaskantha District, on account of Election of Taluka Panchayat and District Panchayat. The other Courts in the District of Banaskantha shall function as usual.

Palanpur, 12th June, 1995.

J. R. VORA,
District and Sessions Judge,
Palanpur.

જિલ્લા અને સત્ર ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધા :—(૧)સા. વ. વિભાગના જાહેરનામાં ક્રમાંક ગસ/૯૫ ૩૬/જસર/૧૦૯૫/૧૬૭૯/ધ, તારીખ ૨૯મી મે ૧૯૯૫.

(૨) સીવીલ મેન્યુઅલ વોલ્યુમ-૧ ૧૯૬૦ના પેરા ૬૨૭.

જાહેરનામું

નંબર એન/૧/૧૮૧૪/૯૫. — અમો જિલ્લા અને સત્ર ન્યયાધિશ, બનાસકાંઠા, પાલનપુર, શુકવાર, તારીખ ૧૬મી જૂન ૧૯૯૫ના રોજ બનાસકાંઠા જિલ્લાની ફકત ધાનેરા, દીઓદર, શિહોર., થરાદ, વાવ અને દાંતા મુકામેની અદાલતો માટે, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચુંટણીઓના દિવસે, જાહેર રજા તરીકે જાહેર કરે છે બનાસકાંઠા જિલ્લાની અન્ય અદાલતો રાબેતા મુજબ કામકાજ કરશે.

પાલનપુર, તારીખ ૧૨મી જૂન, ૧૯૯૫.

જે. આર. વોરા
જિલ્લા અને સત્ર ન્યાયાધિશ,
પાલનપુર.

BY DISTRICT JUDGE

Read. (1). Government Notification No. GS/95-96/PHD/1095/1679/GH dated 29th May 1995.
(2). Para-627 of the Civil Manual, Volume--I, 1960.
(3). This office Notification No. 1775 of 1995 dated 2nd June 1995.

Notification

No. 1839 of 1995.— In partial modification of Notification No. 1775 of 1995 dated 2nd June 1995, of this Court, it is hereby ordered that only

INDEX

link Courts at Limkheda and Garbada will remain closed on 16th June 1995 and other Courts of the Judicial District of Panchmahals will function as usual.

Panchmahals, Godhra, June 15, 1995.

R.M. PARMAR
District Judge,
Panchmahals, Godhra.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધો.— સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક ગસ/ ૯૩૬ જાસર/૧૦૯૫-૧૬૭૯/ધ, તારીખ ૨૯મી મે ૧૯૯૫. સિવિલ મેન્યુઅલ ભાગ-૧ના ૧૯૬૦ના ફકરા નં. ૧૨૭.

આ કાર્યાલયના જાહેરનામાં નં. ૧૭૭૫/૯૫ તારીખ ૨જી જુન ૧૯૯૫.

જાહેરનામા

ક્રમાંક ૧૮૩૯ સને ૧૯૯૫.—આ કોર્ટના તારીખ ૨જી જૂન ના જાહેરનામાં નંબર ૧૭૭૫/૯૫માં થોડો ફેરફાર કરી ફકત લીમખેડા અને ગરબડાની લીન્ક કોર્ટો તારીખ ૧૬મી જુન ૧૯૯૫ના રોજ રહેશે. અને પંચમહાલ જિલ્લાની અન્ય જ્યુડીશિયલ કોર્ટો હંમેશ મુજબ ચાલુ રહેશે.

પંચમહાલ, ગોધરા તારીખ ૧૫મી જૂન ૧૯૯૫.

આર. એમ. પરમાર,
જિલ્લા ન્યાયાધિશ
પંચમહાલ, ગોધરા.,

—

Notification

No. B-46(ii) /1168/1995.—The following Judicial Officer working in this District were prevented from availing of Summer Vacation 1995 commencing from 1st May 1995 to 11th June 1995 for the period shown against their respective names under Rule 741 of the Bombay Civil Services Rules, 1959 Vol. I.

Sr. No.	Name of the Judicial Officer	Period for which prevented	No. of days
1	2	3	4
1	Shri K. C. Kella, Chief Judicial Magistrate, Bharuch.	1st May 1995 to 4th June 1995	35
2	Shri V. N. Shah, 2nd Joint Civil Judge, Senior Division, Bharuch.	1st May 1995 to 4th June 1995	35
3	Shri H. S. Tripathi, 3rd Joint Civil Judge, Senior Division, Bharuch	1st May 1995 to 11th June 1995	42
4	Shri K. I. Kachhiva, 4th Joint Civil Judge. Senior Division, Bharuch.	1st May 1995 to 21st May 1995 and 30th May 1995 to 11th June 1995	34
5	Shri K. S. Alvi, 5th Joint Civil Judge, Senior Division, Bharuch.	1st May 1995 to 2nd June 1995 and 8th June 1995 to 11th June 1995	37
6	Shri P. A. Dave, Joint Civil Judge, Junior Division, Bharuch.	1st May 1995 to 11th June 1995	42
7	Shri M. A. Shaikh, 2nd Joint Civil Judge, Junior Division, Bharuch.	1st May 1995 to 7th May 1995 and 22nd May 1995 to 11th June 1995	28
8	Shri K. A. Patel, Civil Judge, Junior Division, Jambusar.	8th May 1995 to 4rth June 1995	28
9	Shri M. M. Saiyed, Joint Civil Judge, Junior Division, Jambusar.	1st May 1995 to 7th May 1995 and 15th May 1995 to 11th June 1995	35
10	Shri K. B. Gujarathi, Civil Judge, Junior Division, Ankleshwar.	1st May 1995 to 26th May 1995	26
11	Smt. D. L. Desai, Civil Judge, Junior Division, Jhagadia.	15th May 1995 to 3rd June 1995	20

INDEX

1	2	3	4
12	Shri H. K. Chaval, Civil Judge, Junior Division, Valia.	1st May 1995 to 12th May 1995 and 15th May 1995 to 23th May 1995 and 1st June 1995 to 4th June 1995	25
13	Shri J. V. Pandya, Civil Judge, Junior Division, Rajpipla.	1st May 1995 to 7th May 1995 and 22nd May 1995 to 11th June 1995	28
14	Shri K. V. Vyas, Joint Civil Judge, Junior Division, Rajpipla.	8th May 1995 to 4th June 1995	28

Bharuch, 16th June 1995.

H. H. MEHTA,
District Judges, Bharuch.

જાહેરનામું

ક્રમાંક બી-૪૬(૧૧)/૧૧૬૮/૧૯૯૫.— સીવીલ મેન્યુઅલ ૧૯૬૦ ના પ્રથમ ભાગના ફકરા ૬૨૮ અન્વયે ભરૂચ જીલ્લાના નીચે જણાવેલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક. ને તેમની સામે જણાવેલ સમય માટે સને ૧૯૯૫ના ઉનાળું વેકેશન જે તારીખ ૧લી મે ૧૯૯૫ થી ૧૧મી જુન ૧૯૯૫ (બન્ને દિવસો સહિત) જાહેર કરવામાં આવેલ તે દરમ્યાન તેઓએ આસન નંબર ઉમાં જણાવેલ સમય માટે વેકેશન ભોગવવા માટે અટકાયત કરવામાં આવેલ છે.

અનુ. નંબર.	જજનું નામ તથા હોદ્દો.	વેકેશન ભોગવવા માટે અટકાયત કરવામાં આવેલ તે સમય	કુલ દિવસ
૧	૨	૩	૪
૧	શ્રી કે. સી. કેલા, ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભરૂચ.	૧લી મે ૧૯૯૫ થી ૪થી જુન ૧૯૯૫	૩૫
૨	શ્રી વી. એન. શાહ, બીજા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી. ભરૂચ.	૧લી મે ૧૯૯૫ થી ૪થી જુન ૧૯૯૫	૩૫
૩	શ્રી એચ. એસ. ત્રિપાઠી, ત્રીજા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી. ભરૂચ.	૧લી મે ૧૯૯૫ થી ૧૧મી જુન ૧૯૯૫	૪૨
૪	શ્રી કે. આઈ. કાછીયા, ચોથા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી., ભરૂચ	૧લી મે ૧૯૯૫ થી ૨૧મી મે ૧૯૯૫ અને ૩૦મી મે ૧૯૯૫ થી ૧૧મી જુન ૧૯૯૫	૩૪
૫	શ્રી કે. એસ. અલ્વી, પાંચમાં જોઈન્ટ સીવીલ જજ,	૧લી મે ૧૯૯૫ થી ૨જી જુન ૧૯૯૫ અને ૮મી જુન ૧૯૯૫ થી ૧૧મી જુન ૧૯૯૫	૩૭
૬	શ્રી પી. એ. દવે, જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી., ભરૂચ.	૧લી મે ૧૯૯૫ થી ૧૧મી જુન ૧૯૯૫	૪૨
૭	શ્રી એમ. એ. શેખ, બીજા જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી., ભરૂચ.	૧લી મે ૧૯૯૫ થી ૭મી મે ૧૯૯૫ અને ૨૨મી મે ૧૯૯૫ થી ૧૧મી જુન ૧૯૯૫	૨૮
૮	શ્રી કે. એ. પટેલ, સીવીલ જજ, જુ. ડી., જંબુસર	૮મી મે ૧૯૯૫ થી ૪થી જુન ૧૯૯૫	૨૮
૯	શ્રી એમ. એમ. સૈયદ, જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી., જંબુસર.	૧લી મે ૧૯૯૫ થી ૭મી મે ૧૯૯૫ અને ૧૫મી મે ૧૯૯૫ થી ૧૧મી જુન ૧૯૯૫	૩૫

INDEX

1	2	3
21	Sni J. J. Pandya, Joint Civil Judge (Junior Division), Chhotandepur.	29th May 1995 to 11th June 1995
22	Shri V. S. Dave, Civil Judge (Junior Division), Sankheda.	8th May 1995 to 17th May 1995 and 27th May 1995 to 11th June 1995
23	Shri K. S. Patel, Joint Civil Judge (Junior Division) Sankheda.	8th May 1995 to 11th May 1995 and 20th May 1995 to 31st May 1995 and 2nd June 1995 to 11th June 1995
24	Shri K. I. Makhija, Civil Judge (Junior Division), Dabhoi.	8th May 1995 and 16th May 1995 to 28th May 1995.
25	Shri K. M. Shaikh, Civil Judge (Junior Division) Sinor.	8th May 1995 to 15th May 1995 and 24th May 1995 to 11th June 1995
26	Shri G. C. Gamit, Civil Judge (Junior Division), Karjan	8th May 1995 to 11th June 1995
27	Shri B. S. Upadhyay Civil Judge (Junior Division), Padra.	8th May 1995 to 17th May 1995 and 19th May 1995 to 21st May 1995 and 27th May 19955 to 5th June 1995.
28	Shri S. J. Jadav, Civl Judge (Junior Division), Savli.	8th May 1995 to 14th May 1995 and 29th May 1995 to 11th June 1995.

Vadodara, 19th June 1995.

A. M. KAPADIA,
District Judge,
Vadodara.

જાહેરનામુ

ક્રમાંક સીબી/૮૯૦/૧૯૯૫.—મુંબઈ રાજ્ય મુલ્કી સેવા નિયમોના નિયમ ૭૪૩ અન્વયે આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, નીચે આસન નં. ૨માં જણાવેલા વડોદરા જિલ્લાના દિવાની ન્યાયાધીશો અને પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટોને આ ઓફીસના જાહેરનામા જાહેરનામા ક્રમાંક : સીબી-૩૮૪/૯૫, તારીખ ૧૪મી માર્ચ, ૧૯૯૫થી વડોદરા જિલ્લાની અદાલતો માટે તારીખ ૮મી મે, ૧૯૯૫ થી તારીખ ૧૧મી જૂન, ૧૯૯૫ સુધી ૩૫ દિવસના જાહેર કરેલ ઉનાળુ વેકેશન દરમ્યાન તેમની સામે આસન નં. ૩માં જણાવેલ સમય દરમ્યાન વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલાં હતાં.

અનુ. નંબર ૧	ન્યાયાધિશનું નામ અને હોદ્દો ૨	વેકેશનનો લાભ લેતાં અટકાવવામાં આવ્યા તે સમય ૩
૧	શ્રી એમ. આઈ. એલ. દલાલ જજ, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા.	... વેકેશન લેતા અટકાવ્યા નથી.
૨	શ્રી એફ. એ. ગઢવી એડીશનલ જજ, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા.	... તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧લી જૂન, ૧૯૯૫
૩	શ્રી સી. ડી. ગજજર બીજા એડીશનલ જજ, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા.	...તારીખ ૫મી જૂન, ૧૯૯૫ થી ૧૧મી જૂન, ૧૯૯૫
૪	શ્રી આર. જી. ભટ્ટ સીવીલ જજ (સી.ડી.) વડોદરા.	... તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૪મી મે, ૧૯૯૫ અને તારીખ ૫મી જૂન, ૧૯૯૫ થી ૧૧મી જૂન, ૧૯૯૫.
૫	શ્રી પી. પી. ચૌધરી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૧મી જૂન, ૧૯૯૫

INDEX

૧	૨	૩
	શ્રી એસ આઈ. નાગામીયા ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૪મી મે, ૧૯૯૫ અને
૬	ત્રીજા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.), વડોદરા	તારીખ ૩૦મી મે, ૧૯૯૫ થી ૧૧મી જૂન, ૧૯૯૫
૭	શ્રી વાય. એમ. શુકલ ...	તારીખ ૧૧મી મે, ૧૯૯૫ થી ૧૮મી મે, ૧૯૯૫
	ત્રીજા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.), વડોદરા.	
૮	શ્રીમતિ બી. જે. પટેલ ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૧મી જૂન, ૧૯૯૫
	ચોથા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.), વડોદરા.	
૯	શ્રીમતિ એમ. ડી. ભટ્ટ ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૫મી મે, ૧૯૯૫ અને
	જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.), વડોદરા.	તારીખ ૧લી જુન, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
૧૦	શ્રી એ. જે. ખીમાની	તારીખ ૧૫મી મે, ૧૯૯૫ થી ૨૮મી મે, ૧૯૯૫ અને
	બીજા જોઈન્ટ સીવીલ જજ (જુ. ડી.), વડોદરા.	તારીખ ૫મી જુન, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
૧૧	શ્રી એસ. એચ. ઠક્કર ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૪મી મે, ૧૯૯૫ અને
	૩જા જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.), વડોદરા.	તારીખ ૨૨મી મે, ૧૯૯૫ થી ૧લી જુન, ૧૯૯૫
૧૨	શ્રી વી. ડી. પરમાર ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૪મી મે, ૧૯૯૫ અને
	ચોથા જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.), વડોદરા.	તારીખ ૨૨મી મે, ૧૯૯૫ થી ૧લી જુન, ૧૯૯૫
૧૩	શ્રી સી. બી. પટેલ ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૮મી મે, ૧૯૯૫ અને
	પાંચમા જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.), વડોદરા	તારીખ ૨૭મી મે, ૧૯૯૫ થી ૩૧મી મે, ૧૯૯૫
૧૪	શ્રી એફ. યુ. ખત્રી ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૭મી મે, ૧૯૯૫ અને
	જ્યુડી. મેજીસ્ટ્રેટ, ફ. ક., પહેલી કોર્ટ, વડોદરા.	તારીખ ૧૯મી મે, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
૧૫	શ્રી જે. એન. પટેલ ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૨૪મી મે, ૧૯૯૫ અને
	જ્યુડી. મેજીસ્ટ્રેટ, ફ.ક., બીજી કોર્ટ, વડોદરા.	તારીખ ૨૬મી મે, ૧૯૯૫ થી ૪થી જુન, ૧૯૯૫ અને
		તારીખ ૬ઠ્ઠી જુન, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
૧૬	શ્રી એમ. એમ. કામદાર ...	તારીખ ૮મી મે. ૧૯૯૫ થી ૧૪મી મે, ૧૯૯૫ અને
	જ્યુડી. મેજીસ્ટ્રેટ, ફ.ક., ત્રીજી કોર્ટ, વડોદરા.	તારીખ ૨૯મી મે, ૧૯૯૫ થી ૪થી જુન, ૧૯૯૫
૧૭	શ્રી કે. કે. પટેલ ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૩૧મી મે, ૧૯૯૫
	જ્યુડી. મેજીસ્ટ્રેટ, ફ.ક., ચોથી કોર્ટ, વડોદરા.	
૧૮	શ્રી વાય. એ. દવે ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૯મી મે, ૧૯૯૫ અને
	જ્યુડી. મેજીસ્ટ્રેટ, ફ.ક., ટ્રાફિક કોર્ટ, વડોદરા.	તારીખ ૨૨મી મે, ૧૯૯૫ થી ૨૯મી મે, ૧૯૯૫ અને
		તારીખ ૨જી જુન, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
૧૯	શ્રી વાય. એમ. વ્યાસ ...	તારીખ ૨૨મી મે, ૧૯૯૫ થી ૪થી જુન, ૧૯૯૫ અને
	જ્યુડી. મેજીસ્ટ્રેટ, ફ.ક., મ્યુનિ. કોર્ટ, વડોદરા	તારીખ ૬ઠ્ઠી જુન, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
૨૦	શ્રી જે. એન. બ્રહ્મભટ્ટ ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
	સીવીલ જજ (જુ.ડી.), છોટાઉદેપુર.	
૨૧	શ્રી જે. જે. પંડયા ...	તારીખ ૨૯મી મે, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
	જોઈન્ટ સીવીલ જજ (જુ. ડી.), છોટાઉદેપુર	
૨૨	શ્રી વી. એસ. દવે ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૭મી મે, ૧૯૯૫ અને
	સીવીલ જજ (જુ. ડી.) સંખેડા.	તારીખ ૨૭મી મે, ૧૯૯૫ થી ૧૧મી જૂન, ૧૯૯૫
૨૩	શ્રી કે. એસ. પટેલ ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૧મી મે, ૧૯૯૫ અને
	જોઈન્ટ સીવીલ જજ (જુ. ડી.), સંખેડા.	તારીખ ૨૦મી, મે ૧૯૯૫ થી ૩૧મી મે, ૧૯૯૫ અને
		તારીખ ૨જી જન, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
૨૪	શ્રી કે. ટી. માખીજા ...	તારીખ ૮મી, મે ૧૯૯૫ અને તારીખ ૧૬મી મે, ૧૯૯૫ થી
	સીવીલ જજ (જુ. ડી.), ડભોઈ.	૨૮મી મે, ૧૯૯૫
૨૫	શ્રી કે. એમ. શેખ ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૫મી મે, ૧૯૯૫ અને
	સીવીલ જજ (જુ. ડી.), શિનોર.	તારીખ ૨૪મી મે, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
૨૬	શ્રી જી. સી. ગામીત ...	તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫
	સીવીલ જજ (જુ. ડી.), કરજણ.	

INDEX

૧	૨	૩
૨૭	શ્રી બી. એસ. ઉપાધ્યાય સીવીલ જજ, (જુ. ડી.), પાદરા.	... તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૭મી મે, ૧૯૯૫ અને તારીખ ૧૯મી મે, ૧૯૯૫ થી ૨૧મી મે, ૧૯૯૫ અને તારીખ ૨૭મી મે, ૧૯૯૫ થી ૫મી જુન, ૧૯૯૫
૨૮	શ્રી એસ. જે. જાદવ સીવીલ જુજ (જુ. ડી.), સાવલી.	... તારીખ ૮મી મે, ૧૯૯૫ થી ૧૪મી મે, ૧૯૯૫ અને તારીખ ૨૯મી મે, ૧૯૯૫ થી ૧૧મી જુન, ૧૯૯૫.

વડોદરા, તારીખ ૧૯મી જૂન, ૧૯૯૫.

અ. મો. કાપડીયા,
જિલ્લા ન્યાયાધીશ,
વડોદરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા.
હુકમ

ક્રિમીનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/જા. ના/મત-ગણતરી/ટી.પી.ડી.પી/૯૫/વશી ૨૩૦૦/૨૩૪૫.— આથી મને એવી ખાત્રી કરાવવામાં આવી છે કે તારીખ ૧૭મી જુન ૧૯૯૫ ના રોજ બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતની ચૂંટણીની મત ગણતરીની કાર્યવાહી થનાર છે આ દિવસે જિલ્લાના તમામે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના મત ગણતરીના સ્થળે મોટી સંખ્યામાં લોકો પરિણામ જાણવાની આતુરતાથી એકઠા થશે. આવા સમયે મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોવાથી સુલેહ શાંતીનો ભંગ થવાની શકયતા છે.

આથી મને સંતોષ થયેલ છે કે બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના મત ગણતરીના પરિશિષ્ટ-અ મુજબના સ્થળેથી ૨૦૦ મીટરના અંતરમાં સંભવિત સુલેહ ભંગની પરિસ્થિતિને પહોંચી વળવાની કાર્યવાહીના ભાગરૂપે તાત્કાલીક અસરથી લોકોના એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી છે.

આથ હું રાજગોપાલ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા, પાલનપુર, ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં સને ૧૯૭૩ના ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે—

(૧) તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના પરિશિષ્ટ-અ મુજબના મત ગણતરી દરમ્યાન એટલે કે તારીખ ૧૭મી જુન ૧૯૯૫ ના રોજ સવારના ૮-૦૦ કલાકથી મત ગણતરી કાર્યવાહી પુર્ણ થાય ત્યાં સુધી ઉકત સ્થળોના ૨૦૦ મીટરના આજુબાજુના વિસ્તારમાં સરકારી ફરજ સિવાયના અન્ય કોઈ ચાર કે તે કરતાં વધુ વ્યકિતઓ એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરૂ છું.

જો, કે આ હુકમ વ્યકિતગત રીતે બનાસકાંઠા જિલ્લાના દરેક વ્યકિતને બજાવી શકાય તેમ નથી, તેમ છતાં આ હુકમ કરવો અતિ આવશ્યક હોઈ એક તરફી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તારીખ ૧૭મી જુન ૧૯૯૫ ના રોજ સવારના ૮-૦૦ કલાકથી મત ગણતરી કર્યવાહી પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

પરિશિષ્ટ-અ

અનુ. નંબર.	તાલુકા પંચાયત/ જિલ્લા પંચાયતનું નામ.	મત—ગણતરીનું સ્થળ.
૧	૨	૩
૧	ડીસા	સ્પોર્ટ કલબ ડીસા.
૨	દાંતા	સરભવાની સિહ વિદ્યાલય દાંતા બીજા માળે આવેલ મોટો સેન્ટ્રલ રૂમ.
૩	ધાનેરા	મામલતદાર કચેરી ધાનેરાનો વહીવટી શાખાનો રૂમ.
૪	પાલનપુર	જિલ્લા કર્મચારી કલ્યાણતંત્ર ભવન પાલનપુર
૫	પાલનપુર	જિલ્લા કર્મચારી કલ્યાણતંત્ર ભવન પાલનપુર
૬	રાધનપુર અને સાંતલપુર	મામલતદાર તેમજ પ્રાન્ત કચેરીના સ્થળે રાધનપુર.
૭	વડગામ	વડગામ તાલુકા ખરીદ વેચાણ સંઘ શ્રી ગલબાભાઈ માનજીભાઈ પટેલ સભાગૃહ વડગામ.
૮	થરાદ	તાલુકા પંચાયત, થરાદનો મીટીંગ હોલ, થરાદ
૯	દિયોદર	તાલુકા પંચાયત, દિઓદરની કચેરીની મીટીંગ રૂમ દિઓદર.
૧૦	વાવ	વાવ તાલુકા પંચાયતનો મીટીંગ હોલ વાવ
૧૧	કાંકરેજ	તાલુકા પંચાયતનો મીટીંગ હોલ મુ. શીહોરી

આજરોજ તારીખ ૧૪મી જુન ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

રાજગોપાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા
પાલનપુર.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના એકટ નંબર ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) ના ખંડ (બી) અન્વયે.

નંબર પીઓએલ/નો પાર્કીંગ/વશી./૩૩૧૨/૯૫.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (બી) અન્વયે જાહેરનામાનો મુસદ્દો સદરહુ કલમ-૩૩ ની પેટા કલમ-(૬) થી ફરમાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાની હોઇ તેવી સઘળી વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીના પછી જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

સદરહુ મુસદ્દાના સંબંધમાં જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠાને ઉપરોકત મુદત પુરી થતાં પહેલાં જે કાંઇ વાંધા કે સુચનો મળશે તેને વિચારણામાં લેશે.

જાહેરનામાના મુસદ્દો

જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના (૧) મોતીપુરા સર્કલ, (૨) હેડ પોસ્ટ ઓફીસ સામે (૩) મહેતાપુરા સર્કલ વિસ્તારમાં ગમે તે જગ્યાએ વાહન માલીકો ખાનગી વાહનો જેવા કે ટેક્ષી, જીપો, ટેમ્પા, ટ્રક, મેટાડોર વિગેરે ઉભા રાખે છે. જેના કારણે ટ્રાફીક સમસ્યા વધે છે તથા જાહેર જનતાને ઘણી ઘણી અગવડ પડે છે.. આ મુદ્દાનો કાયમી ઉકેલ લાવવા માટે અત્રેની કચેરીએ તારીખ ૨૨મી મે ૧૯૯૫ ના રોજ મળેલ ટ્રાફીક સમસ્યા નિવારણ અંગેની મીટીંગમાં ચર્ચા કરવામાં આવેલ. અને સર્વ સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાયો મુજબ ઉકત વિસ્તાર/જગ્યામાં ખાનગી વાહનો ન ઉભા રાખવા માટે "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવા નિર્ણય લેવામાં આવેલ હતો.

વાસ્તે હું, કે. શ્રીનિવાસ, આઇ. એ. એસ; જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર, સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ની બાબત (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિંમતનગરના (૧) મોતીપુરા સર્કલ (૨) હેડ પોસ્ટ ઓફીસ સામે (૩) મહેતાપુરા સર્કલ, વિસ્તારમાં ઉપર મુજબના ખાનગી વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

મેં આજ તારીખ બીજી જૂન ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

કે. શ્રીનિવાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમના ૨૨માં) ની કલમ ૩૭ (૧૩) અન્વયે.

નંબર ડી.સી/પીઓએલ/એમએજી/એસઆર નં. ૩૧/૯૫.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે, હું, ડી. વી. મેવાડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી જુન ૧૯૯૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જુન ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ.—(વિસ્તાર) અદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર (પોલીસ કમિસનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર

ખુલાસો. આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તાઓમાં સમાવેશ છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તેમને ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના તેમજ અધિકૃત સત્તાધિકારી પાસેથી પુર્વ મંજુરી મેળવેલ હોય તેવા સભા સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૮મી જુન ૧૯૯૫ ના રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો છે.

ડી. વી. મેવાડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
અમદાવાદ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. નં. ૪૦/૯૫.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ આગામી જગન્નાથ રથયાત્રી નિમિત્તે જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૨મી જન, ૧૯૯૫ થી તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૫ સુધી (બન્ને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શત્રો, દંડા, તલવાર, ભાલા સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.
૫. શ્રી પી. એચ. ધંધુકીયા ... જૂનીયર ક્લાર્ક, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ. મુકામ ; નવસારી.	ટાઈપીંગ ટેસ્ટ
૬. કુમારી સી. આર. દેસાઈ ... જૂનીયર ક્લાર્ક ડિસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ મુકામ ; નવસારી.	ટાઈપીંગ ટેસ્ટ

વલસાડ, મુકામ નવસારી તારીખ ઓગષ્ટ ૨૭, ૧૯૯૫.

એ. ૨. શેલત,
ડિસ્ટ્રીક્ટ જજ, વલસાડ,
મુકામ : નવસારી.

BY DISTRICT JUDGE

Notification

The HIGH COURT CIVIL MANUAL, 1960 PARA-569. :

No. 2270 of 1995.— The following Clerks serving in District Court and Subordinate Courts of the Judicial District of Panchmahals has passed the Departmental Examination held in July-1995. Their names are arranged in order of merits :—

Higher Standard Examination :

1. Shri S. S. Farmar
2. Shri M. A. Haji
3. Shri M. N. Soni
4. Shri D. B. Damor
5. Shri R. S. Naik
6. Kum. J. A. Malek
7. Shri H. S. Patel
8. Shri S. B. Solanki
9. Shri P. M. Harijan
10. Shri Z. S. Malek
11. Shri A. H. Parikh
12. Shri K. P. Parmar
13. Shri G. P. Parmar
14. Shri A. H. Pathan
15. Shri J. B. Raol
16. Shri D. D. Panchal
17. Shri A. V. Patel
18. Shri H. R. Pandya
19. Shri N. M. Bhuria
20. Shri J. K. Saiyad
21. Shrimati R. R. Kaka
22. Shri D. K. More
23. Shri M. A. Shaikh
24. Shri S. S. Vadwala
25. Shri S. J. Shah
26. Shri S. S. Naik
27. Shri M. F. Pathan
28. Shri G. S. Dalwadi
29. Shri G. M. Baria

The following clerk who appeared at the Higher standard Examination has falied, however, he is entitled to exemption from passing in the papers mentioned against his name shown hereunder :—

INDEX

1. Shri S. L. Vahunia Paper No. II, IV.

Lower Standard Examination

1. Shri D. T. Gandhi
2. Shri K. H. Patel
3. Shri R. B. Devda
4. Shri S. U. Shah
5. Shri J. C. Baria
6. Shri P. P. Shrimali.
7. Shri J. R. Makwana
8. Shri A. A. Makrani
9. Shri J. U. Barot
10. Shri R. S. Kishori
11. Shri D. S. Rana
12. Shri B. J. Patel
13. Shrimati S. V. Parikh
14. Shrimati R. H. Parikh

The below mentioned candidate who appeared at the Lower Standard Departmental Examination is entitled to exemption from appearing in paper mentioned against his name is shown below.

1. Shri S. N. Baria. Paper No. III.

Panchmahals, Godhra, 28th July, 1995.

R. M. PARMAR,
District Judge,
Panchmahals, Godhra.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

હાઈકોર્ટ સીવીલ મેન્યુઅલના પેરા-૫૬૯ મુજબ.

કમાં ક૨૨૭૦/૯૫.—પંચમહાલ જિલ્લા અદાલત અને તાબાની અદાલતોમાં કામ કરતા નીચે જણાવેલ ક્લાર્કો ખાતાકીય પરીક્ષા જે જુલાઈ-૧૯૯૫માં લેવાઈ હતી તેમાં ઉતીર્ણ થયા છે. તેમના નામો ગુણવત્તા મુજબ ગોઠવવામાં આવ્યા છે.

ઉચ્ચ શ્રેણી પરીક્ષા ;

૧. શ્રી એસ. એસ. ફારમર
૨. શ્રી એમ. ઓ. હાજી
૩. શ્રી એમ. એન. સોની
૪. શ્રી ડી. બી. ડામોર
૫. શ્રી આર. એસ. નાયક
૬. શ્રી જે. એ. મલેક
૭. શ્રી એચ. એસ. પટેલ
૮. શ્રી એસ. બી. સોલંકી
૯. શ્રી પી. એસ. હરીજન
૧૦. શ્રી ઝેડ. એસ. મલેક
૧૧. શ્રી એ. એચ. પરીખ
૧૨. શ્રી કે. પી. પરમાર
૧૩. શ્રી જી. પી. પરમાર
૧૪. શ્રી એ. એચ. પઠાણ
૧૫. શ્રી જે. બી. રાઉલ
૧૬. શ્રી ડી. ડી. પંચાલ
૧૭. શ્રી એ. વી. પટેલ
૧૮. શ્રી એચ. આર. પંડ્યા
૧૯. શ્રી એન. એસ. ભુરીઆ
૨૦. શ્રી જે. કે. સૈયદ
૨૧. શ્રીમતિ આર. આર. કાકા
૨૨. શ્રી ડી. કે. મોરે
૨૩. શ્રી એમ. એ. શેખ
૨૪. શ્રી એસ. એસ. પઠવાલા
૨૫. શ્રી એસ. જે. શાહ
૨૬. શ્રી એસ. એસ. નાયક
૨૭. શ્રી એમ. એફ. પરીખ
૨૮. શ્રી જી. એસ. દલવાડી
૨૯. શ્રી જી. એમ. બારીઆ

નીચે જણાવેલ ક્લાર્ક ખાતાકીય ઉચ્ચ શ્રેણી પરીક્ષામાં બેઠા હતા તે અનઉત્તીર્ણ થયા છે. પરંતુ હવે પછી થનાર સદરહુ પરીક્ષામાં તેમના નામ સામે જણાવેલ પેપરમાં મુકિત મેળવવા હક્કદાર છે.

૧. શ્રી એસ. એલ. વહોનીયા ... પેપર નંબર-૨, ૪

નીમ્ન શ્રેણી પરીક્ષા ;

૧. શ્રી ડી. ટી. ગાંધી
૨. શ્રી કે. એચ. પટેલ
૩. શ્રી આર. બી. દેવડા
૪. શ્રી એસ. યુ. શાહ
૫. શ્રી જે. સી. બારીઆ
૬. શ્રી પી. પી. શ્રીમાળી
૭. શ્રી જે. આર. મકવાણા
૮. શ્રી એ. એ મકરાણી
૯. શ્રી જે. યુ. બારોટ
૧૦. શ્રી આર. એસ. કીશોરી
૧૧. શ્રી ડી. એસ. રાણા
૧૨. શ્રી બી. જે. પટેલ
૧૩. શ્રીમતી એસ. વી. પરીખ
૧૪. શ્રીમતી આર. એચ. પરીખ

નીચે જણાવેલ ઉમેદવારો ખાતાકીય નિમ્ન શ્રેણી પરીક્ષામાં બેઠા હતા તે અનઉત્તીર્ણ થયા છે. પરંતુ હવે પછી થનાર પરીક્ષામાં તેમના નામ સામે જણાવેલ પેપરમાં મુકિત મેળવવા હક્કદાર છે.

૧. શ્રી એસ. એન. બારીઆ પેપર નં. ૩

પંચમહાલ, ગોધરા, તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૫.

આર. એમ. પરમાર,
ડીસ્ટ્રીકટ જજ,
પંચમહાલ-ગોધરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(ઓ) મુજબના હુકમની મુદતમાં વધારો કરતો હુકમ :

નંબર ડી/એમએજી-૧ / સભા-સરઘસ/૯૫-૯૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ઓ) મુજબ જિલ્લાના શહેરે અને ગામોમાંથી સભા/સરઘસ કાઢવા યોજવા માંગતા હોય તો કેવી રીતભાત, વર્તણુંકથી સભાઓ તથા સરઘસો કાઢવા જે સંબંધનું

INDEX

જાહેરનામું કચેરીના નં. ડી/એમએજી/૧૯૮૬ તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૮૬થી પ્રસિધ્ધ કરેલ છે, જે તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ સુધી અમલની મુદત મુકરર કરવામાં આવેલ હતી.

સબબ પ્રવર્તમાન સંજોગોને લક્ષમાં લેતાં તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં આ જાહેરનામાની મુદતમાં વધારો કરવો જરૂરી જણાયેલ છે, આથી મુંબઈ પોલીસ અધિનિયમ, ની કલમ ૩૩ (૧) (ઓ) અન્વયે મળેલ સત્તાની રૂએ હું રાજ ગોપાલ આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા, પાલનપુર સદરહુ જાહેરનામું વધુ એક વર્ષ માટે એટલે કે તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૫ થી ૩૧મી જુલાઈ, ૧૯૯૬ સુધી લંબાવવા હુકમ કરું છું.

આજરોજ તારીખ ૨૮મી જુલાઈ સને ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

રાજ ગોપાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) મુજબ.

નંબર ઉ/મકય/વલસ/મજય/વશી/૪૫૦૯.—પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૫ ના રોજ ઈદએ મીલાદ તથા રક્ષાબંધન તહેવાર હોઈ તથા તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૯૫ ના જન્માષ્ટમી તથા તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૯૫ના રોજ ગણેશ ચતુર્થીના તહેવારો હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં તેમ કરવાનું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. એલ. મીના, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી ફરમાવું છું કે પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૫ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ સુધી (બન્ને દિવસો સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ચોકા, બંદુક, છરી, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાવી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની યંત્રો સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી,

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ઠા કરવી નહી તથા તેવા પત્રકો પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહી, બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓને જેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી થી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૫.

સી. એલ મીના,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. ૪૨ / ૯૫.—આથી જણાવવામાં આવે છે કે, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, વલસાડની તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૫ ના રોજની દરખાસ્ત ક્રમાંક ; મમનિય/સીએસી/૯૫-૯૬/૨૬૨૦ થી દરખાસ્ત અનુસાર અત્રેના જિલ્લામાં ઝીંગા ઉછેર હેઠળના તળાવોમાં ઉછેરવામાં આવતા ઝીંગાઓને "વ્હાઈટ સ્પોટ ડીસીઝ સીન્ડ્રોમ" નામનો રોગ લાગુ પડેલ છે. આ રોગ મુખ્યત્વે દક્ષિણ ભારતમાંથી આયાત કરેલ ઝીંગા બિયારણમાંથી ફેલાવા પામેલ છે. સદરહુ રોગ વલસાડ જિલ્લામાં અન્ય વિસ્તારમાં વધુ ફેલાય નહીં તે માટે હું એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૩૩ (૧) તથા ૩૩ (૩) (ઢ) અન્વયે રોગ નિયંત્રણમાં લેવા નીચે મુજબના નિયમો કરું છું.

(૧) વલસાડ જિલ્લામાં અન્ય રાજયમાંથી કોઈપણ વ્યકિતએ જિલ્લાના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, વલસાડની લેખિત પરવાનગી સિવાય ઝીંગાના બિયારણની આયાત કરી શકશે નહીં.

(૨) જિલ્લામાં આવેલ ઝીંગા ઉછેર તળાવોમાં મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, વલસાડ કોઈપણ સમયે તળાવોનું નિરીક્ષણ કરી શકશે અને ઉપરોકત રોગ સદરહુ બિયારણમાં લાગુ પડેલ માલમ પડતા બિયારણ નાશ કરવા સંબંધે ૨૪ કલાકની નોટીશ સંબંધિતને આપી શકશે.

(૩) સદરહુ રોગ નિયંત્રણમાં લેવા મત્સ્યોદ્યોગ ખાતા તરફથી કરવામાં આવતી કાર્યવાહી / આપવામાં આવતી સૂચનાનો અમલ બિયારણ ઉછેર કેન્દ્રના સંચાલક દ્વારા કરવામાં આવશે નહીં તો ખર્ચે અને જોખમે બિયારણ નાશ કરી શકશે, અને ખર્ચ ખેડૂત પાસેથી વસૂલ કરી શકશે.

(૪) અન્ય કોઈપણ રાજયમાંથી ઝીંગા લીઝ આયાત કરી આ જિલ્લામાં સંગ્રહ કરતા પહેલા ઝીંગા ઉછેર કરનાર વ્યકિત / સંસ્થા / એજન્સી સંગ્રહ કરવામાં આવનાર ઝીંગા રોગમુકત, તંદુરસ્ત અને ઉછેર માટે સંગ્રહ કરવા લાયક છે તે મતલબનું પ્રમાણપત્ર આસીસ્ટંટ ડાયરેકટર ફીશરીઝ, વલસાડ પાસેથી મેળવી લેવાનું રહેશે.

ઉપરોકત નિયમોનો ઉલ્લંઘન કરનાર સાથે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી છે.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી./બી.પી.એ./૨જી. ૪૩/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી આવતાં રક્ષાબંધન / ઈદ-એ-મિલાદ, જન્માષ્ટમી તથા પારસી નવું વર્ષના તહેવાર નિમિત્તે જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો અને વ્યવસ્થાની, પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૯૫ થી ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી મશાલ અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેબોર્ડ, અથવા બીજી કોઈપણ પદાર્થ, અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા, તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજરોજ તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૫ના રોજ મારી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી / એમઓજી/બીપીએ/ફાયર/તલમ/૨જી. ૪૪/૯૫.— આસીસ્ટન્ટ સીકયુરીટી કમિશ્નર, આર.પી.એફ ટ્રેનીંગ સેન્ટર, વલસાડના પત્ર નં. જી/ટીઆરજી/૯-બી, તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૯૫ થી જણાવ્યા મુજબ આર.પી.એફ. રીક્રુસર કોર્સના બેંચના માણસોનું ફાઈરીંગ ટેસ્ટ નીચે જણાવેલ સ્થળે, સમયે, અને તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) હેઠળ મને મળેલી સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૪૭ની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ નીચે જણાવેલા સ્થળે અને તારીખે ફાયરીંગ તથા તેની આજુબાજુના ૨ કિ. મી. વિસ્તારમાં.

સ્થળ	તારીખ	સમય
ભીલાડ ફાયરીંગ રેંજ	૨૧મી ઓગષ્ટ, ૧૯૯૫ થી ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધાં)	સવારે ૭-૦૦ કલાકે થી સાંજ ૧૮-૦૦ કલાકે

ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર. સાથે જવા અને ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમે ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગષ્ટ, સને ૧૯૯૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી./વશી/૫૬૨૪.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧)એ અન્વયે મળેલી સત્તાની રૂએ હું, બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

INDEX

(૫૧) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(૫૨) પત્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહીં અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(૫૩) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(૫૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(૫૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહીં, બતાવવા નહીં તથા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલા કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી, ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

મેં આજ તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૫ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી/વશી-૫૬૨૭.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૧) ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જે. ભટ્ટ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૫ ના દિવસે સવારના ૦૦-૦૦ વાગ્યાની તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૫ ના રોજ સાજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને ;
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને ;
(૩) કોઈ લગ્નના વરઘોડાને ;
(૩) કોઈપણ સ્મશાન યાત્રાને ;

આ હુકમનો ભંગ કરનાર ઉલંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ મને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૫ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

બી. જે. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળ.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે હેડ કવાર્ટર કંપનીના જુથ-૧૦ના જવાનોનું વાર્ષિક ગોળીબાર પ્રેકટીશ કાર્યક્રમ તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ રમેશભાઈ સી. ડંસારા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને, ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધી ગોળીબાર પ્રેકટીશનો કાર્યક્રમ હોઈ, સદરહું વિસ્તારની આજુબાજુ રહેતી તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ત્યાં ચરાવવામાં આવતા ઢોર, ઢાંખર વિગેરેને સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધીના રોજ પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ (૧)ના ક્લોઝ (બી) અન્વયે.

નંબર પલસ/ચોમાસુ/૧૯૯૫.—સુરત જીલ્લા આવેલ કેટલાક રસ્તાઓ ચોમાસા દરમ્યાન ભારે વાહન વ્યવહારને લીધે ખરાબ બની જવા તથા રાહદારીઓ માટે અગવડરૂપ બનવાની સંભાવના હોવાથી આવા રસ્તાઓના ઉપયોગનું નિયમન કરવું જરૂરી જણાયું છે. સબબ ચાલુ વર્ષ પણ ચોમાસાની ઋતુ દરમ્યાન કેટલાક રસ્તાઓ ઉપર ભારે વાહનોની અવર જવર બંધ કરવાનું મને જરૂરી જણાયું છે.

જેથી આ અર્થે હું, શ્રી રમેશ સી. કંસારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) ની ક્લોઝ (બી) થી મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓ પર સાત માણસોથી વધુ બેસી શકાય તેવા વાહનો તેમજ ભારે વાહનો તારીખ ૧૫મી ઓક્ટોબર ૧૯૯૫ સુધી ચોમાસાના સમય દરમ્યાન અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય હંકારી શકાશે નહીં.

પરિશિષ્ટ

અનુ. નંબર	રસ્તાનું નામ	તાલુકાનું નામ	રસ્તાની કક્ષા	રસ્તાની લંબાઈ કી. મી.	ચોમાસા દરમ્યાન રસ્તો બંધ કરવાના કારણે
૧	૨	૩	૪	૫	૬
૧	પાઠકવાડી પદમડુંગરી બોરકચ્છ ચુનાવાડી રાયગઢ રોડ	વ્યારા	મુ.જી. માર્ગ	૨૧.૦૦	કી.મી.૯/૦ થી ૨૦/૦ કોઝવે તથા નાળા બાકી છે.
૨	ધામણદેવી સરા કેડવી રોડ	,,	ગા.મા.	૨૪.૫૦	નાળા તથા પુલની કામગીરી બાકી છે.
૩	કાનપુર મુસા રોડ.	,,	,,	૫.૫૦	નાળાની કામગીરી બાકી છે.
૪	કપુરા છીરમા રોડ.	,,	,,	૨.૦૦	એજન્યુ.
૫	વેલ્ચા ટીચકીયા રોડ	,,	,,	૨,૦૦	કાચી સપાટીનો રસ્તો છે.
૬	ચલથાણ તળોદરા ઓરથાણ રોડ.	પલ સાણા	,,	૫.૦૦	નેક લેયર મેટલ સપાટી સીંગલ લેન રસ્તો બંધ રાખવા જરૂરી છે.
૭	બગસરા બલેશ્વર રોડ.	,,	,,	૨.૦૦	,,
૮	તાંતીથૈયા સાંકી રોડ.	,,	,,	૩.૬૧	,,
૯	ધામડોદ ચોથાણી રોડ.	પલસાણા	ગા. માં.	૪.૦૦	એક લેયર મેટલ સપાટી સીંગલ લેન રસ્તો બંધ રાખવો જરૂરી છે.
૧૦	કડોદરા જોળવા રોડ.	,,	,,	૫.૦૦	,,
૧૧	મીંયાપુર શેખપુર મુડત પોરદવી રોડ.	મહુવા	,,	૭.૬૩	રસ્તાના કી. મી. ૩/૪ થી ૩/૬ અને ૪/૬ થી ૪/૮ ની લંબાઈમાં આવેલ નબળા નાળાને કારણે રસ્તો બંધ રાખવો જરૂરી છે.
૧૨	હળદવા મહવરીયા રોડ.	,,	,,	૯.૯૦	રસ્તાની કી. મી. ૪/૬ થી ૪/૮ લંબાઈમાં આવેલ કોઝ કોઝવે ભારે વાહન વ્યવહાર માટે યોગ્ય ન હોવાથી રસ્તો બંધ રાખવો જરૂરી છે.
૧૩	ઓડમ આપચક કવીઠા રેનહાલી રોડ	,,	,,	૮.૮૪	રસ્તાની કી. મી. ૬/૬ થી ૬/૮ ધુમાસો ખાતે ઉપર મે. રોડ, ઘોવાઇ જતો હોવાથી ૧/૮ થી ૨/૦ માં આપેલ સી. ડી. વર્કસ ખરાબ હોવાના કારણે રસ્તા ઉપર દેદવાસણ પરકી ખાડીનો કોઝવે ખરાબ હોવાથી.
૧૪	ભગવાનપુરા વાંકથી ભોરીયા રોડ.	,,	,,	,,	
૧૫	ઘોળીકુઇ દેદવાસણ ગોવલા ધડોઇ વાલ્હેશ્વર રોડ	,,	,,	,,	

INDEX

૧	૨	૩	૪	૫	૬
૧૬	કરચેલીયા ખરવાણ દેદવાસણ ઉગતરોડ.	મહુવા	ગા.મા.	૧૧.૦૦	રસ્તાના કી. મી. ૧૦/૮ મા ૧૧/૦ ટોકરવા ખાડી ઉપરનો કોઝવે ખરાબ હોવાથી.
૧૭	વાંસકુઇ મે. રોડ.	,,	,,	,,	૦/૦ થી ૦/૨,૦/૦ થી ૦/૨ મી નાળુ ખરાબ હોવાથી.
૧૮	અંબાચ એપોચ રોડ.	વાલોડ	,,	૩.૦૦	પથ્થરની ખાણ આવેલ હોય તથા રસ્તો મેટલ સીલીંગ સપાટીનો જ હોય ચોમાસા દરમ્યાન ભારે વાહનો ચલાવવા હિતાવહ નથી.
૧૯	રાનવેરી નાલોઠા કેળકુઇ રોડ.	,,	,,	૪.૦૦	પથ્થરની ખાણ તથા નદીમાંથી રેતી કાઢવાનું કામ ચાલુ હોવાથી ભારે વાહનો બંધ રાખવા જરૂરી છે રસ્તાને ખુબજ નુકસાન થવા સંભવ છે
૨૦	વાલોડ કોસંબીયા કુંભીયા મોરદેવી રોડ.	,,	,,	૮.૦૦	પથ્થરની ખાણ તથા નદીમાંથી રેતી કાઢવાનુ કામ ચાલુ હોવાથી ભારે વાહનો બંધ રાખવા જરૂરી છે.
૨૧	ખુટવાડા ઇનમાં ટોકરવા રોડ	,,	,,	૪.૦૦	ચોમાસા દરમ્યાન ભારે વાહનો ચાલતા રસ્તા ઉપર મોટા મોટા ખાડા પડી જાય છે જેથી આમ જનતાને ખુબજ તકલીફ પડતી હોય ભારે વાહનો બંધ રાખવા હિતાવહ છે.
૨૨	પાણદાથી વરાડ રસ્તો	બારડોલી	,,	૩.૦૦	રસ્તો કાચો છે (મોટી સપાટી)
૨૩	ટીમ્બરવાથી કરચકા રસ્તો	,,	,,	૩.૦૦	,,
૨૧	પોતાથી મોવાછા રસ્તો	,,	,,	૩.૦૦	,,
૨૭	બાલ્દાથી ભેસુદલા રસ્તો	,,	,,	૩.૦૦	,,
૨૬	ગાજીથી સેજવાડા રસ્તો	,,	,,	૩.૦૦	,,
૨૭	તલંગપોર ગભેણી રોડ વી. આર. ૦/૧ થી ૭/૦	ચોર્યાસી	,,	૪.૦૦	ભારે વાહન વ્યવહાર માટે બંધ રાખવો
૨૮	મોહિણી ગાંગવા રોડ ખોડીઆર ૦/૦ થી ૨/૦	,,	,,	૨.૦૦	,,
૨૯	જામાવ કડોદ બમરોલી રોડ વી. આર. ૦/ થી ૩/૦	,,	,,	૩.૦૦	,,
૩૦	એરથાણ ભોણંદ રોડ વી. આર. ૦/૦ થી ૪/૦	,,	,,	૪.૦૦	
૩૧	ભાટીયા પોપડા રોડ વી. આર.	,,	,,	,,	,,

આજ રોજ તારીખ ૨૭મી જુલાઇ ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) અને (૨).

નંબર પલસ/વશી/૯૫.—ચાલુ વર્ષે ઓગષ્ટ, ૧૯૯૫ મહીનામાં નાળિયેરી પૂર્ણિમા, ઈદે મિલાદ, જન્માષ્ટમી, પટેટી તહેવારોની ઉજવણી લેનાર હોવાથી સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરૂર છે. તેવું મને જણાયું છે;

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, શ્રી રમેશ સી. કંસારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫ (બંને દિવસો સુદ્ધાં) સુધી કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ધોરા, બંદક, છરા લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ધકેલવામાં કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવા નહી. એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર
(પોલીસ કમિશનરશ્રી, વિસ્તાર સિવાય)

(૧) આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

આર. સી. કંસારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

પ્રાદેશિક પરિવહન તંત્ર દ્વારા

જાહેરનામું

નંબર આર. ટી.એ./મહેસાણા/૯૧૦૮.—ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૧૮૮માં મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લામાં બાકી રહેતા એસ. ટી. બસ સ્ટેશનોની આસપાસના વિસ્તારમાં એસ. ટી. બસોને આવતાં-જતાં મુશ્કેલી ન પડે તે હેતુથી નીચે દર્શાવ્યા મુજબ બીજા એસ. ટી. બસ સ્ટેશનોની આસપાસના વિસ્તારમાં જાહેર સેવાના વાહનો જેવા કે જીપ-ટેક્ષી ઓમની બસો માટે ઉભા રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે :—

અ. નં.	શહેર-ગામ	વાહનો નહી ઉભા રાખવાનો વિસ્તાર	હદ
૧	૨	૩	૪
૧	મહેસાણા	... મહેસાણા હાઈવે રાધનપુર ચાર રસ્તા ઉપર રાધનપુર બાજુ, મહેસાણા શહેર તરફ તથા ઉત્તર દક્ષિણ એમ ચાર રસ્તા ઉપર.	દરેક બાજુ ૪૦૦ ફુટ સુધી.
૨	વિસનગર	... વિસનગર સવાલા દરવાજાના સ્ટેન્ડ ઉપર મહેસાણા તરફનો રસ્તો, વિજાપુર તરફનો રસ્તો, બસ સ્ટેન્ડ અને શહેર તરફનો રસ્તો.	,,
૩	ઉંઝા	... ઉંઝા બસ સ્ટેશનથી ઉંઝા શહેર તરફ પાટણ રોડ તરફ તેમજ મહેસાણા પાલનપુર હાઈવેના બંને છેડે સુધી.	,,
૪	સિધ્ધપુર	... સિધ્ધપુર બસ સ્ટેશનથી પાલનપુર તરફના રસ્તે તથા મહેસાણા તરફથી આવવાના રસ્તે કોર્ટ તરફ તેમજ શહેર તરફના રસ્તે.	,,
૫	વિજાપુર	... (અ) વિજાપુર એસ. ટી. બસ સ્ટેશન દરેક બાજુથી ચારે બાજુ.	,,
		(બ) વિજાપુર ચક્કર પાસે ઉમિયા સુધી માતાના મંદિર પાસે.	,,
		(ક) વિજાપુર ચાર રસ્તા આનંદપુરા ખાતે	,,
૬	લાડોલ	... એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુનો વિસ્તાર	,,
૭	મહડી	... એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુનો વિસ્તાર	,,
૮	માણસા	... માણસા એસ. ટી. બસ સ્ટેશન શહેર તરફ તેમજ ચાર રસ્તા સર્કલ સુધીનો વિસ્તાર તથા મહેસાણા તરફનો વિસ્તાર.	,,
૯	ચરાડા વિહાર ચાર રસ્તા પીલવાઈ, વસઈ ગોઝારીયા	એસ. ટી. સ્ટેન્ડની ચારે બાજુનો વિસ્તાર.	,,

મહેસાણા, તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૫.

એમ. કે. હેમાવત,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી,
મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No.G-BA-14-E

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. X [VII] THURSDAY, MAY 9, 1996 / VAISAKHA 19, 1918 [No. 19

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section to enable that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Parts-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than tnese published in Parts I-A IV--A, IV-B and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette	199 – 207
Part I-A	Orders and Notifications (other than those published in art I / B) under the Bombay Local Boards Village Panchayats Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	19—20
Part, I-B—Government Notifications published under Land Acquisition Act only.		384—434
Part-I L-Notifications, Orders and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.		466—489

MISCELLANEOUS NOTIFICATONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૩).

નંબર ઉ/ગપક/૨૬૫/વિ.શા./૧૯૯૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકૂમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી મને મળેલ સત્તાની રૂએ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર તો કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહિ.

INDEX

વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટાકલમ (૩) હેઠળ અને ભારતનાં ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ ૧૪૫ની પેટા કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧ માહે ઓગષ્ટ, સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

એમ. એમ. મહેતા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧માની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર / ઉ/ગપક/એસ.બી./જાહેરનામું/૧૭૫૬/૯૫.—સુરત શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતા હોવાથી વાસ્તે હુ, પી. સી. પાંડે (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ ૩૭ (૧) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૫ ક. ૦૦-૦૦ થી ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની;

(ગ) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈ સરઘસમાં જ્વલની અથવા પેટાવેલી મશાલો લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા નિશાની જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા તે ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને;

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

(૩) કાયદેસરનો પરવાનો ધરાવનાર વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની સજા અને દંડની મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ ૧૩૫ (૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર, સુરત શહેર.

એડીશનલ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટ્રાફીક/વશી-૨૪૫૨૮/૧૧૮૭/નવસારી રોડ નહેરૂબ્રીજ ૯૫.—સુરત શહેરમાં વાહન વ્યવહારની સવલત અને સલામતિ માટે મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી), અને કલમ-૨(૬) થી મળેલી સત્તાની રુએ નીચે જણાવ્યા મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે . છે.

ઉધના નવસારી રોડ ઉપર ઉધના તરફથી આવતાં વાહનો ઉડીપી હોટલ ઉધનાં ત્રણ રસ્તા થી જમણી બાજું વળાંક લઈ ઉધના સ્ટેશન રોડ તરફ જઈ શકશે નહીં. તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૫ સુધી સવારના કલાક ૯-૦૦ થી રાત્રીનાં કલાક ૯-૦૦ સુધી આ પ્રતિબંધ જહેર કરવામાં આવે છે.

રીંગરોડ પર આવેલ રોહિત માર્કેટ (પુનમ માર્કેટ ત્રણ રસ્તા) થી હરિઓમ માર્કેટથી હીરાપન્ના માર્કેટથી કિનખાબવાલાની ગલીની નાકાં સુધીનાં માર્ગ ઉપર તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૫ સુધી સવારે કલાક ૯-૦૦ થી સાંજે કલાક ૯-૦૦ વાગયા સુધી ચાર ચક્રી વાહનોનાં અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવે છે. તેમનાં ચાર ચક્રી વાહનોને આ જાહેરનામા માંથી મુકિત આપવામાં આવે છે.

નહેરૂ બ્રીઝ ઉપર સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ અને સાંજે કલાક ૬-૦૦ થી કલાક ૮-૦૦ દરમ્યાન વાહનો માટે વન વે" જાહેર કરવામાં આવે છે.

સવારે કલાક ૯-૦૦ થી કલાક ૧૧-૦૦ દરમ્યાન રાંદેર બાજુથી વાહનો નહેરૂ બ્રિજમાં પ્રવેશ કરી ચોક બજાર જઈ શકશે જ્યારેચોક બજારથી વાહનો આ સમય દરમ્યાન નહેરૂ બ્રિજમાં પ્રવેશ કરી શકશે જ નહીં.

સાંજે કલાક ૬-૦૦ થી કલાક ૮-૦૦ દરમ્યાન વાહનો ચોક બજારથી નહેરૂ બ્રિજમાં પ્રવેશ કરી શકશે. જ્યારે રાંદેર બાજુથી વાહનો નહેરૂ બ્રિજમાં આ સમય દરમ્યાન પ્રવેશ કરી શકશે નહીં.

INDEX

આ જાહેરનામું તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૫ સુધી ઉપર જણાવ્યા સમય માટે ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કા કર્યા.

સુધીર સિન્હા,
એડિશનલ પોલીસ કમિશનર,
રેન્જ-૨, સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/વશી-૨૭૪૦/૯૫ .—સને ૧૯૭૩ ના ફોજદારી કામ ચલાવવાની રીતના નિબંધની કલમ-૧૭૪ ની પેટા, કલમ-(૪) થી મળેલ અધિકારની રૂએ હું, એસ. અપર્ણા, આઈ. એ, એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આથી અત્રેના જિલ્લાના નીચે જણાવ્યા મુજબના અધિકારીઓ કે જેઓ મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે ફરજ બજાવે છે તેમના કાર્યક્ષેત્ર હેઠળનો વિસ્તાર માટે તેઓ તે જગ્યાનો હવાલો સંભાળે ત્યાં સુધી કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે મજકુર નિબંધની કલમ-૧૭૪ની સત્તાનો ઉપયોગ કરવા આથી તેઓને અધિકૃત કરવા ઠરાવું છું.

અનુ. નંબર	અધિકારીશ્રીનું નામ	હોદ્દો	કાર્યક્ષેત્ર હેઠળ વિસ્તાર
૧	શ્રી બી. એમ. વીરાણી	કાર્યપાલક મેજિસ્ટ્રેટ	પારડી તાલુકો
૨	શ્રી એ.સ એમ. શાહ	કાર્યપાલક મેજિસ્ટ્રેટ	નવસારી (ગ્રામ્ય) તાલુકો
૩	શ્રી એ૨. એ. ચૌધરી	કાર્યપાલક મેજિસ્ટ્રેટ	ધરમપુર તાલુકો
૪	શ્રી ડી. જે. ઝાંડા	કાર્યપાલક મેજિસ્ટ્રેટ	ચીખલી તાલુકો

વલસાડ, તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૫.

જાહેરનામું.

નંબર ડીસીબી/એમએજી/વશી/૨૭૫૪/૯૫.—સને ૧૯૭૩ના ફોજદારી કામ ચલાવવાની રીતના નિબંધની કલમ-૧૭૪ ની પેટા કલમ-૪ થી મળેલ અધિકારની રૂએ હું એસ. અપર્ણા, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ, આથી, અત્રેના જિલ્લાના નીચે જણાવ્યા મુજબના અધિકારીને મામલતદાર અને કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવે છે. તેમના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર માટે તેઓને જગ્યાનો હવાલો સંભાળે ત્યાં સુધી કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે મજકુર નિબંધની કલમ-૧૭૪ ની સત્તાનો ઉપયોગ કરવા આથી તેઓને અધિકૃત કરવા ઠરાવું છું.

અનુ. નંબર	અધિકારીશ્રીનું નામ	હોદ્દો	કાર્યક્ષેત્ર હેઠળ વિસ્તાર
૧	શ્રી એ. એ. શેખ	કાર્યપાલક મેજિસ્ટ્રેટ	વલસાડ તાલુકો

વલસાડ, તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૫.

એસ. અપર્ણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧) મુજબનો હુકમ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. / નં. ૪૪ / ૯૫.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે,

હું એમ. કે. ચૌધરી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૫થી તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૫ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો. દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, અસ્ત્રો સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાઈ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ, લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શારિરીકને હાનીકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના ધકેલવામાં યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની,ગીતો ગાવાની તેમજ વાજ વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નીશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીઓ નો અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર ; અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદશહેર)આ હકુમતના વિસ્તાર સિવાય

INDEX

અપવાદ ; આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેને ઉપરી અધિકારીઓએ આવું કોંઇ હથિયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીએ જે તે શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ના પેટા-કલમ (૧) હેઠળ ઓછામાં ઓછા ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ ના અધિનિયમ નં. ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૫ ના રોજ મારી સહી અને કરી આપ્યો.

———

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ નંબર ૨૨માં ની કલમ-૩૭ (૨) અન્વયેનો.

નંબર ડીસી/પીઓએલ/એમઓજી/એસ.આર./૪૫/૯૫.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે ;

હું, એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૯૫૧ના ૨૨માં) અધિ-નિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવિલ વિસ્તારોમાં તારીખ ૯મી ઓગસ્ટ ૧૯૯૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માંણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા કરવીકે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓના ફટપથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તાઓમાં સમાવેશ છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તેમને તથા ધાર્મીક અથગર મરણોત્તર અથવા લગ્ન અંગેના તેમજ અધિકૃત સરતા અધિકારીના પાસેથી પુર્ણ મંજૂરી મેળેવેલ હોય તેવા સભા સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારે સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમની કલમ-૧૩૮ હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ)ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કો માર્યો છે.

એમ. કે. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

———

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ કાયદાની કલમ ૩૭ (૧) મુજબ.

ક્રમાંક ડી.-બી. પી.એ./૧૯/૯૫/૩૦૭૯/૯૫.—માહે ઓગસ્ટ ૧૯૯૫ના માસમાં રક્ષાબંધન તેમજ ઈદે મિલાદ, જન્માષ્ટમી વગેરે ધાર્મિક તહેવારો આવતા હોઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જળવવા સારૂ માઈલના વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શત્રૉ, દંડા, તલવાર ભાલા, ધોકા, બંદુક છરી, લાકડી, અથવા શારીરિકઈજા પહોંચાડી શકાય તેવા કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણે કરવાથી ચાળા, પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવે કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું, એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭ (૧)અન્વયે મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરૂ છું. આ હુકમ તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૫ સુધી બન્ને દિવસો સહિત અમલમા રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઇ વ્યકિત જે તે ઉપરી અધિકારીએ એવું કઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેટ્રેજિસ્ટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઇપણ શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

INDEX

આજરોજ તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એસ. એસ. વાંધેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી / બીપીએ / ફાયર/તલમ/૨જિ. /૪૫/૯૫. આસીસ્ટન્ટ સીકયુરીટી કમિશનર, આર.પી.એફ. ટ્રેનીંગ સેન્ટર, વલસાડનાં પત્ર નં. જી/ટીઆરજી/૯-બી, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ થી જણાવ્યા મુજબ આર.પી.એફ. રીક્રુરેશરકોર્સનાં બેચના માણસોનું ફાઈરીંગ ટેસ્ટ નીચે જણાવેલ સ્થળે, સમય અને તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા-કલમ (૧) હેઠળ મને મળેલી સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા-કલમ-૪ની જોગવાઈ મુજબ નીચે જણાવેલા સ્થળે અને તારીખે ફાયરીંગ તથા તેની આજુબાજુ ૨ કિ.મી. નાં વિસ્તારમાં.

સ્થળ	તારીખ	સમય
૧	૨	૩
ભીલાડ ફાયરીંગ બટ (તાલુકા ઉમરગામ)	તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધાં).	સવારે ૭-૦૦ કલાક થી સાંજે ૧૮-૦૦ કલાક

ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનાધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર સાથે જવા અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૫નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ એકટ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની પેટા કલમ-૩૭ (૧) અન્વયેનું.

ક્રમાંક ડીસી/પીઓએલ/બીપીએ/૩૭-૧/વશી ૩૬૨૯ થી ૩૬૩૦/૯૫.—ગાંધીનગર જિલ્લોઓ ગુજરાત રાજયના પાટનગરનો જિલ્લો છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા, કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ સરકારી કચેરીઓ આવેલી છે અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોવાથી આ સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરિયાત છે.

જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ગંભીર પરિસ્થિતિ ઉભી થાય તેવી શકયતા હોઈ કાયદો અને વ્યવસ્થાનો ભંગ ન થાય તેમજ જાહેર સુલેહ શાંતી જાળવવાના હેતુથી હું, સંજય ભાવસાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂહે નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધીના બંને દિવસો સહિત નીચેના કૃત્ય નહીં કરવા ફરમાવું છું.

૧. હથિયાર, તલવાર, ધોકા, બંદૂક, છરા કે અન્ય શસ્ત્રો સળગતી મશાલ બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

૩. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે યંત્રો અથવા સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

૪. મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

૫. અપમાનિત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગાતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

૬. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા, પાળવાની અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજી કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાના અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :

૧. જાહેરનામું ધાર્મિક મરણોત્તર ક્રિયા માટે લાગુ પડશે નહી.

૨. ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ પર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિકારી, ગાંધીનગર તથા અધિક જિલ્લા પોલીસ અધિકારી તથા પોલીસ ઈન્સ્પેકટર ગાંધીનગરે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી, સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

૪. અત્રેથી કોઈ ખાસ કિસ્સા તરીકે આપવામાં આવેલ પરવાનગીને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમના કલમ-૧૩૫ હેઠળ ગુનાને પાત્ર ઠરશે.

આજ તારાખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૫ના રોજ મારી સહી / સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ (૩) મુજબ

ક્રમાંક ડીસી/પીઓએલ/બીપીએ / ૩૭ (૩)/જાહેરનામું/વશી ૩૬૨૯ થી ૩૬૩૦/૯૫.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ. એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજૂઆત કરવા આવતા હોય છે. આવા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ ૩થી મને મળેલ સત્તાની રૂએ હું સંજય ભાવસાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૫ મંગળવારના સવારના ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૫ ને મંગળવારના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.—
(૧) ફરજ ઉપર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈ સ્મશાનયાત્રાને.
(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર :

(૧) જ. ૩ થી ગ. ૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.
(૨) ઘ. ૩ થી ઘ. ૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.
(૩) ઘ. ૫ થી છ. ૫ સુધીનો રોડ સિવાયનો ચ. ૫ સે. ૧૭નો ખુણાનો ભાગ છોડીને દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
(૪) છ. ૫ થી છ. ૬ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.
(૫) છ. ૬ થી જ. ૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
(૬) જ. ૬ થી જ. ૩ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો મંત્રી વિસ્તાર.

આ ઉપરાંત રાજભવન સહીત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તેમજ મંત્રીશ્રીઓનાં રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

નોંધ.—આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ઠરશે.

આજ તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૫ના રોજ મારી સહી / સિક્કો કરી આપ્યો.

સંજય ભાવસાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

ક્રમાંક એમ.એ.જી./વશ/૬૦૫૧/.—ભરૂચ શહેરમાં ગોકુળ અષ્ટમીના તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધીના સમય દરમ્યાન જાહેર મેળો ભરાશે અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જાહેર જનતાની સલામતિ માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહનવ્યવહાર ઉપર અંશત : નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૫ થી ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૫ બન્ને દિવસો સહિત બપોરના ૧૨-૦૦ કલાકથી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહનવ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેમને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.
(૨) લલ્લુભાઈ ચકલાથી સોનેરી મહેલ સુધી.
(૩) હાજીખાના બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.
(૪) વલંદા કોઠીથી સોનેરી મહેલ સુધી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૧૭મી ઓગષ્ટ, સને ૧૯૯૫ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ./વશી-૬૦૫૨.—ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં જન્માષ્ટમી, છઠીનોમ, મેઘરાજા ઉત્સવ નિમિત્તે તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૫ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેરમેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રિત થશે અને ઘાસ, કામળા, વાંસ, વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે જેથી ઉપરોકત દિવસો દરમ્યાન સોનેરી મહેલ વિસ્તારની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉપરોકત મેળાના દિવસો દરમ્યાન ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતઓ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

INDEX

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજે તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમ.ઓ.જી.-વશી-૬૧૪૬.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫નાં દિવસે સવારના ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૫ના રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર ".

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરો અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલોસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ અને ભારતનાં ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે ઓગષ્ટ સને ૧૯૯૫ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

ક્રમાંક પી.ઓ.એલ./વશી-૬૨૭૦.—ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં જન્માષ્ટમી, છઠીનોમ, મેઘરાજ ઉત્સવ નિમિત્તે તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધી જાહેર મેળો ભરાનાર છે. અને તમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોનો ચેપી રોગચાળો ફાટી નીકળવાનો પૂરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે :

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકનાં ૧૨ ફૂટ વિસ્તારમાં અથવા તે જગ્યા ઉપર નહાવું ધોવું કે કપડા ધોવા કે જાનવરોને નવડાવવા નહિ અને વાહનો ધોવા નહિ.

(૨) યાત્રાના સમયે/મેળાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડે, પેશાબ કરવા નહિ.

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાદ્ય માટે બીન ઉપયોગી એવા ફળફળાદી, પીણા તથા ખોરાક વેચવા નહિ.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદકી રાખવી નહિ.

(૫) જે યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી એવા રોગ અટકાવવા માટેની દવા-ઈન્જેકશનો વિગેરે અગાઉથી લીધા વગર યાત્રા / મેળામાં આવવું નહિ.

વાસ્તે હું, બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં જ્યાં મેળો, યાત્રા ભરાતા હોય તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોની જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦ (બસો) સુધીના દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી). અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ./વશી-૬૨૭૧.—ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે જન્માષ્ટમી, છઠીનોમ, મેઘરાજાના ઉત્સવ નિમિત્તે તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધીના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રિત થશે. જેથી મેળામાં હાથલારીઓમાં માલસામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મૂકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાઉ છું કે, તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધીના સમયમાં (બંને દિવસો સહિત) ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારના મેળામાં કોઈપણ ઈસમે પોતાની હાથલારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ, પરંતુ પોલીસ ખાતા અગર નગરપાલિકા તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે. આજ તારીખ ૧૬મી ઓગષ્ટ, સને ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

બી. જે. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (૩) અન્વયે.

ક્રમાંક ઉ-મકડ/પીઓએલ/વશી-૩૮૦૪-૩૯૦૩/૧૯૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-(૩૭) (૧) (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, એમ.એમ. પઠાન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ આહવા જિલ્લાની પ્રવર્તમાન અશાંત પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી જળવવા સારૂ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તેમજ ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં સભા સરઘસ કાઢવા વિગેરે ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરીયાત છે, જેથી ડાંગ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતઓએ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૫ થી ૮મી ઓગસ્ટ, ૧૯૯૫ (બન્ને દિવસો સહિત) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) હથિયાર, શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની;

(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ટોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા અથવા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા;

(છ) લોકોને બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાની આશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

૨	શ્રીમતી એલ. પી. વસાવા	(૧૧)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી.) વડોદરા.	૪
૩	શ્રીમતી એસ. એ. પરમાર	(૧૨)	આસી. ડિસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.	૪
૪	શ્રીમતી એસ. એચ. પરમાર	(૧૩)	આસી. ડિસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા	૪
૫	શ્રી આર. એમ. વસાવા	(૧૫)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી.), વડોદરા	૪
૬	શ્રી યુ. ડી. રાજપુત	(૧૭)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી.), વડોદરા.	૪
૭	શ્રી ડી. એમ. શાહ	(૨૭)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી.) વડોદરા.	

નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષા

ભાગ—૧

બધા પ્રશ્નપત્રોમાં બેઠા હોય તેવા ઉમેદવાર ;

૧	શ્રી એમ. બી. વસાવા	(૧૯)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી), વડોદરા

ભાગ-૨ અગાઉના પ્રયાસોમાં એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં મુકિત મેળવી હોય તેવા ઉમેદવારો ;

૧	શ્રી કીર્તી બી. ગોહીલ	(૨)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી.) વડોદરા.
૨	શ્રીમતિ એ. વી. શીર્કે	(૩)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી.) વડોદરા.
૩	શ્રી કે. એસ. વસાવા	(૫)	આસી. ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.
૪	શ્રી એચ. બી. વસાવા	(૬)	આસી. સીવીલ કોર્ટ (જુ. ડી.), છોટાઉદેપુર.
૫	શ્રીમતિ એ. એચ. દેસાઈ	(૭)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી.), વડોદરા.
૬	શ્રી એ. એચ. રાઠવા	(૮)	આસી. સીવીલ કોર્ટ (જુ. ડી.) છોટાઉદેપુર.
૭	શ્રી એચ. એમ. રાઠવા	(૧૫)	આસી. એડી. સેશન્સ કોર્ટ, છોટાઉદેપુર.
૮	શ્રી જે. જે. પટેલ	(૧૬)	આસી. સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા.
૯	શ્રી ડી. કે. વસાવા	(૨૧)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી.), વડોદરા.
૧૦	શ્રીમતિ એસ. એચ. પટેલ	(૨૨)	આસી. ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.
૧૧	શ્રીમતિ એમ. એસ. ગામીત	(૨૩)	આસી. સીવીલ કોર્ટ (સી. ડી.), વડોદરા.
૧૨	શ્રીમતિ પી. એમ. પટેલ	(૨૪)	આસી. ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.
૧૩	શ્રી એ. એસ. વસાવા	(૨૫)	આસી સીવીલ કોર્ટ (જુ. ડી.), સંખેડા.

INDEX

૧	૨	૩	૪
	નીચે જણાવેલા ઉમેદવારો ન્યાયખાતાના નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં અનુત્તિર્ણ થયેલા હોવા છતાં તેઓને તેમના નામે સામે જણાવેલા પ્રશ્નપત્રોમાંથી મુકિત આપવામાં આવે છે.		
			પેપર નંબર
૧	શ્રીમતિ કે. એચ. બ્રહ્મભટ્ટ	(૧) આસી. સીવીલ કોર્ટ (સી. ડી.), વડોદરા	૩
૨	કુ. એન. આર. પરમાર	(૯) આસી. સીવીલ કોર્ટ (સી. ડી.) વડોદરા.	૩
			ટાઈપ ટેસ્ટ
૩	શ્રી યુ. ડી. પટેલ	(૧૨) આસી. સીવીલ કોર્ટ (જુ. ડી.), સાવલી	૩

વડોદરા, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫.

અ. મો. કાપડીયા,
ડીસ્ટ્રીક્ટ જજ,વડોદરા.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) મુજબનું.

નં. ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૧૬૧.—આગામી મહાવીર જયંતિ ગુડ ફ્રાયડે, તેમજ બકરીઈદ, ના તહેવાર ની ઉજવણી થનાર છે. તેમજ લોકસભાની ચૂંટણીઓ જાહેર થયેલ છે. આ પ્રસંગોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જાહેર હીતમાં જણાતું હોઈ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની (સને ૧૯૫૧ના મુંબઈ ના ૨૨માં અધિનિયમની) કલમ-૩૭(૧) અન્વયે મળેલી સત્તાની રૂએ હું ડી. એન. પાંડે, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી ફરમાવું છુ કે, સમગ્ર પંચ મહાલ જિલ્લામાં તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૬ થી ૩૦મી એપ્રિલ, ૧૯૯૬ સુધી (બંને દિવસો સહિત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી હોય તેવું, બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહી. એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા પત્રકો, પ્લેકાર્ડો અથવા બીજા કોઇ પણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઇપણ હથીયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઇ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રી થી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી, લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ રોજ તારીખ ૩૦મી માહે માર્ચ, ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યા.

ડી. એન. પાંડે,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ડીએ) અન્વયે કાઢેલો.

નંબર પલસ/ચૂંટણી/૧૪૪૧/૯૬.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૬નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત જિલ્લામાં મતદાનની તારીખ ૨જી મે, ૧૯૯૬ તેમજ મતગણતરીની તારીખ ૮મી મે, ૧૯૯૬ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાનો રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩/૧૦/ઇ/એસ/૦૦૩/૯૪-જે. એસ.-૨/૫૨૧૬ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ મુજબ ચૂંટણી પ્રકિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત પાટીયાં, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગો ની બંને બાજુ વાહન વ્યવહાર થી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલિકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઊભા કરવામાં આવે છે. અને પ્રદર્શિત કરવામાં આવે છે. એ જ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મકાન તથા વીજળી અને ટેલિફોનના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત પાટીયાં, બેનર, ધજાપતાકા, ભીંતચિત્રો વિગેરે ઊભા કરે છે. અથવા મુકે છે. આને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઊભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતિ વધે છે. તેમજ જાહેર

INDEX

રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવાં સંભવ છે. અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂરી જણાય છે.

જેથી હું, વી. એસ. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ધી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩((૧) (ડીએ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છુ.

૧. રાજ્ય સરકાર, નગરપાલિકા અથવા સરકારી બોર્ડ/નિગમો પંચાયતોની માલિકીની રસ્તાઓ, માર્ગો મકાનો, અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભાની ચૂંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ સંગઠન અથવા વ્યકિત દ્વારા સંબંધિત સરકારી કચેરી નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમની લેખિત પૂર્વ મંજુરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટિસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ જાહેરાત, પાટીયા, પોસ્ટર, ધજા-પતાકા બેનર્સ મુકી શકાશે નહીં. કે દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહા. કે કમાનો દરવાજા વિગેરે ઊભા કરી શકશે નહીં.

૨. ઉપરનાં ખંડ-૧માં જણાવ્યા પ્રમાણેની મંજુરી આપતાં પહેલાં સંબંધિત સરકારી કચેરીના સત્તા અધિકારી અથવા નગરપાલિકા અથવા પંચાયતો, સરકારી બોર્ડ, નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સૂચિત રસ્તાઓ માર્ગો, સ્થળ, અથવા મકાનોએ આવા કટઆઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર ધજા, પતાકા, બેનર્સ, કમાનો, દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતિ કે સુરક્ષા જોખમાતી નથી. અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવર-જવરમાં કોઈ પ્રકારની અડચણ ઊભી થતી નથી. અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો, સરકારી બોર્ડ, નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી મે ૧૯૯૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩(૧) (આર) (૩) અન્વયે કાઢેલો.

નંબર પલસ/ચૂંટણી/વશી-૧૪૪૨/૯૨.—ભારતીય નિર્વાચન આયોગ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી ૧૯૯૬નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત ૨૨લ જિલ્લામાં મતદાનની તારીખ ૨જી મે મે, ૧૯૯૬ના રોજ તથા મતગણતરીની તારીખ ૮મી મે ૧૯૯૬ નક્કી કરવામાં આવેલી છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩૮-૯૪/જેએસ, તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪ના પારા ૩(૩) અને (૩) માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડસ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડસ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડસ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર નહીં, પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્સીવાન, ત્રણ પૈડાવાળા વાહનો સ્કુટરો. સાયકલ, રીક્ષા, વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ જેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબજ ઊંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ, અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા વસાહટોમ્બે, ગામોએ, મહોલ્લાઓ વસાહતો અને લત્તાઓમાં પણ જાય છે. આને કારણે ખુબ ધ્વની પ્રદુષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પડે છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખુબજ પ્રતિકૂળ અસર પડે છે. કારણ કે વહેલાં સવારથી લાઉડસ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે. અને તે ખૂબજ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરીણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો અશકત અને માંદાઓને પણ ઊંચા અવાજથી ખુબજ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખુબજ હરકત અગવડ, ત્રાસ જોખમ અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ-સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું, વી. એસ. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,—

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડસ્પીકરોનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે. કોઈપણ વસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલા અને રાત્રીના ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પછી કે રાત્રે ૨-૦૦ કલાક પહેલા સ્થળ પરજ રખાયેલા લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સત્તાધિકારી જાતે ખાતરી કરીને પરવાનગી ને લીધે જાહેર શાંતિ જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડસ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડસ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડસ્પીકરના ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠાવેલ લાઉડ-સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેના વાહનોનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનું રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉઢ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેઓ ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમના ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

INDEX

આ હુકમ તારીખ ૧૫મી મે ૧૯૯૬ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક એમ. એ. જી./વશી-૬૩૭૫.—ભરૂચ શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૫નાં સવારના ૯-૦૦ થી રાત્રીના ૮-૦૦નાં સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે સરઘસ નિકલનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જાહેર જનતાની સલામતિ માટે તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૫ (શુક્રવાર)નાં રોજ વાહન વ્યવહાર ઉપર અંશત: નિયંત્રણ મુકવાન આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, બી. જે. ભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ના મુંબઈ પોલ સ અધિનિયમન કલમ-૩૩(૧) (બ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાઉ છું કે, ભરૂચ, શહેરમાં નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૫ના (શુક્રવાર)નાં દિવસે સવારના ૯-૦૦ થ રાત્ર ના ૮-૦૦ ક્લાક સુધ ન ચે જણાવેલ માર્ગો ઉ૫ તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ રહેશે. આ હકમ પોલ સ કે બીજા સરકારી અધિકારીઓ કે જે પોતાની ફરજે અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતાં હશે તેમને બંધનકર્તા રહેશે નહી.

વિસ્તાર :

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.
(૨) લલ્લુભાઈ ચકલા થી ભોઈવાડ, સોનેરી મહેલ સુધી.
(૩) કતારગોર સ્લોપથી કોઠી થઈ સોનેરી મહેલ તરફ.
(૪) હાજીખા બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.
(૫) કસક ગરનાળા (રેલ્વે અંન્ડરબ્રીજ) થી ધોળીકુઈ તરફનો માર્ગ.
(૬) લાલબજારથી લલ્લુભાઈ ચકલા સુધીનો માર્ગ.
(૭) મોટા ચાર રસ્તાથી વેજલપુર નાના ચાર રસ્તા તરફ.

ઉપરોકત માર્ગો ઉપરથી પસાર થતાં ગણપતિ વિસર્જનના સરઘસમાં ગણપતિન મુર્તિ બેસાડેલ/ગોઠવેલ્હોય તેવા વાહનોને પણ આ સમય પુરત મૂકિત રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આશે.

આજ તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. જે. ભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

નંબર પલસ/ગણેશોત્સવ/વશી/૪૩૬૧/૯૫ .—આગામી ગણપતિ મહોત્સવની ઉજવણી દરમ્યાન સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુમેહ શાંતિ અને સલામતી જળવવાની જરૂર છે તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલા અધિકારોની રૂએ હુ શ્રી રમેશ સી. કંસારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવુ છું કે નીચેના પરિશિષ્ટમાં જણાવેલા વિસ્તારમાં તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૫થી તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધા; સુધી કોઈપણ વ્યકિતએ –

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ધોકા બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવુ બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવુ નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પત્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી. એક કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા જાતીનો ભંગ થાય તેવુ ભાષણ કરવુ નહી. તેવા હાવભાવ કરવા નહી ચેષ્ટા કરવી નહી તેમજ તેવા ચિત્રો પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવુ કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, વિસ્તાર સિવાય)

(૧) આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાય તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૫ ના રોજ મારીસહી અને સિક્કો કરી આપ્યો.

આર. સી. કંસારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક પલસ/ચટણ/વશી/૧૪૪૫ /૯૬.—જ્યારે ભારતના નિર્વાચન આયોગ, ન્યુ દિલ્હી દ્વારા ભારત દેશની લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૬નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે ભારતના બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/૯૬ એલ એન્ડ ઓ/પી. એલ. એન-૧/૩૫૫૫, તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૬ના પેરા ૬માં આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી હથિયારો સાથે હરવા ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

જ્યારે અગાઉની લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન સુરત જિલ્લાના જુદા જુદા સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હતી. તે હકીકત ધ્યાનમાં લેતાં જણાય છે, કે આ વખતની ૧૧મી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડતા કૃત્યો થાય તેવી સંભાવના નકારી શકાતી નથી. અને મુકત તથા ન્યાયી ચૂંટણી થાય તે માટે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકો નિર્ભયતા-પૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

અને જ્યારે હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જિલ્લામાં હથિયારોનો ઉપયોગ ગેર-કાયદેસર રીતે થઈ ન શકે તે માટે સુરત(ગ્રામ્ય) જિલ્લા વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે. સુરત જિલ્લા બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત (ગ્રામ્ય) જિલ્લા-માં ન કરી શકે. તેનો ઉપયોગ પણ કરવાની મને ત્વ તાત્કાલિક જરૂર જણાય છે.

અને જેથી હું, ડી. બી. મહેતા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

૧. સુરત (ગ્રામ્ય) જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં, અથવા આવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહીં.

૨. સુરત જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સુરત જિલ્લામાં પ્રવેશ કરે અથવા જિલ્લામાં વસવાટ કરતાં હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહીં. અથવા આવા હથિયાર સાથે જાહેરમાં ફરવું હરવું નહીં.

આ હુકમ તારીખ ૧૧મી મે ૧૯૯૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી માહે એપ્રિલ સને ૧૯૯૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧)(૨) અન્વયેનો.

નંબર પલસ/ચૂંટણી/વશી/૧૪૪૫/૯૬.—સને ૧૯૯૬ની લોકસભાની આગામી ચૂંટણીનાં દિવસો દરમ્યાન સુરત જિલ્લા વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતિ જાળવવા સારું પગલાં લેવાનું મને જરૂરી લાગે છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭(૧) (૨) અન્વયે મળેલી સત્તાની રૂએ હું, ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સુરત જિલ્લાની અનુસુચિમાં જણાવેલા વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂ ફરમાવું છું કે, કે, નીચે અનુસુચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ૩ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ૩ ૨૦મી એપ્રિલ ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) કોઈ પણ વ્યકિતએ.—

(ક) શસ્ત્રો. દંડા, તલવાર, ધોકા, ભાલા, સોટા, બંદુક, ચાકુ, લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો, અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાનાં યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(ગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં ગ્રુપો પાડવી નહીં, ગીતો ગાવા નહીં, અથવા વાદ્ય વગાડવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહીં, હાવભાવ (ચાળા) વગેરે કરવા નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

કલમ-૩૭(૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (ઘ)માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈપણ પોલીસ અધિકારી તે વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકારશ્રીમાં દાખલ કરવામાં આવશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(ક) સરકારી નોકર, કે સરકારી ફરજ બજાવતી વ્યકિતને કે જેને તેના ઉપરી અધિકારીશ્રીએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય,

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (રૂરલ), સુરતે આવા તેણે અધિ-કૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

અનુસૂચિ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમિશનરેટ , સુરત શહેર વિસ્તાર સિવાય).

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૬ઠ્ઠી, એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

નંબર પલસ/ચટણ/વશી-૧૪૪૬/૯૬.—સુરત જિલ્લામાં સને ૧૯૯૬ની લોકસભા સામાન્ય ચુંટણીના દિવસો દરમ્યાન જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારુ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાયું છે.

વાસ્તે, હું ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં)ની કલમ-૩૭ની પેટા-કલમ-(૩) થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, સુરત (ગ્રામ્ય) જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ના રોજ સવારે ૮-૦૦ કલાકથી તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૬નાં રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ચાલીસ કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચાલીસથી વધુ વ્યકિતઓએ ભેગાં થવું નહીં, અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :

૧. આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતાં મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૨. તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની, પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

૩. આ હુકમ ચૂંટણીમાં મતદાન મથકે મતદાન માટે એકત્રીત થયેલ મતદારોને લાગુ પડશે નહીં.

૪. ચૂંટણીની લોકસભા ફરજમાં બોલાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

ડી. બી. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨)ની કલમ-૩૩ (ખ) મુજબનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/૨જી.-૧૧૧૭-૧૫૬/૯૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨ ની કલમ-૩૩ (ખ) પ્રમાણે મને મળેલી સત્તાની રુએ હુ બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૬ ઓની પ્રકિયાઓ લક્ષમાં લેતાં ઉમેદવાર ભારતનું ચૂંટણી પંચની સુચનાઓ અન્વયે વિવિધ વાહનોની અવર-જવર નિયંત્રિત કરવાની સુચનાઓ અનુલક્ષી તથા ચુંટણીઓ અંગેની સ્પર્ધાત્મક પ્રચાર પ્રકિયાઓ ધ્યાનમાં લેતાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી જાહેર હેતુ અને જાહેર સલામતિની જાળવણી માટે ફરમાવું છુ કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૧૦મી મે ૧૯૯૬ (બંને દિવસો સહિત) દરમ્યાન નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

(૧) જાહેર રસ્તામાંની તથા જાહેર અને સાર્વજનિક જગ્યાઓ ઉપરના સર્વે પ્રકારના જાહેર રાહદારીઓની ઉપયોગમાં લેવાની જગ્યાઓ/ માર્ગમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ સંજોગોમાં ત્રણથી વધુ વાહનોના કાફલામાં ઉપરની જગ્યાઓએ વાહનો/મોટરકારોની અવર-જવર કરવી નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(અ) પોલીસ સરકારી કામગીરીમાં જતાં હોય રોકાયેલા હોય વાહનો.

(બ) એસ. ટી. કોર્પોરેશનની સંચાલિત એસ. ટી. બસો તથા તેના અન્ય વાહનો.

(ક) અન્ય આકસ્મિક પ્રસંગોએ આવશ્યક હોય અને તે અર્થે પેટા વિભાગીય પોલીસ અધિકારીએ પરવાનગી આપેલ તેવા વાહનો.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ-૨૨માં)ની કલમ-૧૩૫ (૪) હેઠળ એક મહિના સુધીની કેદની અથવા બસો રૂપિયા સુધીની દંડની અથવા બંને પ્રકારની સજાઓ ને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં)ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૧૧૯૭-૧૨૩૭.— જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર-શાંતિ અને સલામતિ જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) ની કલમ-૩૭ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાઉ છું કે, ડાંગ જિલ્લામાં તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધાં) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડો કે સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં)ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૬નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા

જાહેરનામું

નંબર એસયુપી/એસકેઓ/વશી-૧૨૪૦-૪૩/૯૬.—જિલ્લામાં કેરોસીનનું વિતરણ કેરોસીનની છુટક વિક્રેતાઓ ફેરિયાઓ તથા વ્યાજબી ભાવની દુકાન મારફત કરવામાં આવે છે. જે પૈકી મહદઅંશે છુટક વિક્રેતાઓ ખાસ કરીને ફેરિયાઓ દ્વારા થતાં કેરોસીનના વિતરણ બાબતે અનિયમિતતા, ગેરરીતીઓ અને માપ સંબંધે ગ્રાહકોમાં અસંતોષ હોવા અંગે અવારનવાર આ કચેરીને ફરિયાદ મળતી રહે છે. જે બાબત ધ્યાનમાં લેતા જિલ્લામાં, સફળ રીતે ગ્રાહકોને કેરોસીન મળી રહે તે અંગે નીચેના મુદ્દાઓ બાબતે તકેદારી રાખવા તથા પાલન કરવા અંગે હું સી. જે. પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી, વલસાડ, ગુજરાત આવશ્યક ચીજવસ્તુ પરવાના (નિયંત્રણ અને જથ્થાં જાહેરાત) આદેશ ૧૯૮૧ની કંડિકા હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે હુકમ કરું છું.

(૧) કેરોસીન છુટક વિક્રેતાઓએ ગ્રાહકોને કેરોસીન આપતી વખતે કેરોસીનના બેરલની ચક્લી નીચે કાપડ બાંધી ગાળીને આપવાનું રહેશે, ૫, ૧૦ લીટરના માપીયાં અવશ્ય રાખવા.

(૨) જથ્થાબંધ લાયસન્સદાર, છુટક લાયસન્સદાર, ફેરી પરવાનેદાર તમામે લાયસન્સ ઉપર પોતાનો ફોટો લગાવવાનો રહેશે.

તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૬ સુધીમાં લાયસન્સ રજીસ્ટારમાં એક ફોટો રાખવો અને ફોટો.....નો છે. અને તે કેરોસીન પરવાના નં.....માટે પ્રમાણિત કર્યો છે તેવો શેરો મામલતદાર પાસે કરાવવો.

(૩) જે તે તાલુકાના કેરોસીન એજન્ટો તથા જથ્થાબંધ કેરોસીનના વિક્રેતાઓએ દિવસના સાંજના પાંચ વાગ્યા સુધી જે જથ્થાનું વિતરણ કર્યું હોય તે જથ્થાની વિગત સાંજે ૫-૦૦ વાગે મામલતદાર કચેરીમાં, આપેલ જથ્થો અને સમયની વિગતો બીનચુક પુરી પાડવી, અને જે તે મામલતદારશ્રીએ આ માહિતી ઓફીસની કચેરીમાં પહોંચાડવી.

(૪) જથ્થાબંધ કેરોસીન વિક્રેતાઓ/એજન્ટોએ પોતાના તાલુકામાંથી બીજા તાલુકામાં જ્યારે કેરોસીનનું ટેન્કર વિતરણ કરવા માટે રવાના કરે તેની માહિતી ફોન ઉપર અથવા ટેલીગ્રામથી ઓફીસની કચેરીમાં આપવી, કયાં રુટ ઉપર વિતરણ માટે મોકલેલ તેની વિગત પણ આપવી. ટેન્કર સાથે જ ગેટપાસ આપવો અને નમુનો નક્કી કરવો, કેરોસીન ભરતી વખતે પૂરા માપથી કેરોસીન આપવું.

વલસાડ, તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૬.

સી. જે. પટેલ,
જિલ્લા પુરવઠા અધિકારી,
વલસાડ.

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

નંબર એમઠડી/વશી./૧૮૪૬/૧૯૯૫.—પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં કોલેરાના ચેપી રોગનો વાવર ફેલાય તેવી સંભાવના છે. કાલોલ તાલુકામાં ચેપી રોગ પ્રસરે નહી તે હેતુ થી મે. કલેક્ટર સાહેબ પંચમહાલ ગોધરાના જાહેરનામાં નં. ઉ/મકય/૮/૯૫-વશી-૧૭૩૦/૩૯ તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૫ થી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર કાલોલની નિમણુંક કરવામાં આવે છે.

INDEX

જે અન્વયે કાલોલ તાલુકાના કાંકરના મુવાડા તાબે ડેરોલ ગામને કોલેરાગ્રસ્ત અને કાલોલ તાલુકાને ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

વાસ્તે, હું જી. એસ. જોષી, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, કાલોલ કોલેરાના રોગના નિયંત્રણ માટે તથા તેનો ફેલાવો થતો અટકાવવા માટે નીચે મુજબના આદેશનો તાત્કાલિક અમલ કરવા ફરમાવું છું.

(૧) કાલોલ તાલુકામાં આવેલ તમામ પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલ. અને છાત્રાલયોમાં બાળકોને પીવાનું પાણી પુરું પાડવાની ટાંકીમાં જંતુનાશક દવા નાંખી સ્વચ્છ પાણી પુરું પાડવાની વ્યવસ્થા જે તે શાળા, છાત્રાલયોમાંના સંચાલક. તથા આચાર્યશ્રીઓએ કરવી તથા આ બાબતનું પ્રમાણપત્ર જે તે વિભાગના મેડીકલ ઓફીસરશ્રી પાસેથી મેળવવા અત્રે રજુ કરવાનું રહેશે.

(૨) શાળા/છાત્રાલયોની બહાર કે કંપાઉન્ડમાં ખાણાપાણીની ચીજવસ્તુઓના વેચાણ તે માટે આચાર્યશ્રીઓએ કાળજી લેવી અને જરૂર જણાયે અત્રે જાણ કરવામાં આવે.

(૩) કાલોલ તાલુકામાં આવેલ તમામ ખાનગી હોસ્પીટલ., નર્સીંગ હોમો, પ્રાઈવેટ પ્રેકટીશનરો, રકતદાન કેન્દ્રો અને લેબોરેટરી તપાસમાં વાપરવામાં આવતી સીરીજ કે સોયનો ઉપયોગ કરતાં પહેલાં તેની ઓટો કલીન અથવા ઓછામાં ઓછી ૧૫ મીનીટ સુધી પાણીમાં ઉકાળી ફરજીયાત સ્ટરીલાઈઝેશન કરવાનું રહેશે અને તે માટે જરૂરી સાધનો તથા દરેક સ્થળે ફરજીયાત રીતે રાખીને વાપરવાનું રહેશે.

(૪) તાલુકામાં તમામ ખાણી-પાણીના સ્થળે અને પીવાના પાણી માટેની કોઠીઓ અથવા માટલાં રાખી શકશે નહીં. અને પાણીની પરબો પર પાણીનાં ઘડાં, અને માટલા રાખી શકશે નહી તેમજ ખુલ્લો (ઉઘાડો) કે વાસી કોઈપણ જાતનો ખોરાક વેચી શકશે નહી.

(૫) કોલેરા રોગ પ્રતિબંધક રસી મુકવાની કામગીરી મેડીકલ ઓફીસરશ્રી તરફથી હાથ ધરવામાં આવશે.

(૬) નાના બાળકોને જાહેર સ્થળોએ ખુલ્લામાં ઝાડે બેસાડવા નહી. અને મળમુત્ર મારફતે રોગનો ફેલાવો થતો હોઈ મળમુત્ર જાહેર કે ખુલ્લી જગામાં નાખવું નાખવું નહી.

(૭) કાલોલ તાલુકામાં ખાનગી હોસ્પીટલોમાં કોલેરાના રોગના દર્દીઓને અંદરના દર્દી તરીકે દાખલ કરી શકશે નહી અને આવા દર્દીઓને પંચમહાલ જિલ્લામાં આવેલ સરકારી દવાખાના કે હોસ્પીટલોમાં દાખલ થવા માટે મોકલવાના રહેશે.

(૮) પીવા માટેનું પાણી સપ્લાય કરતી સંસ્થાઓને ક્લોરીનેશન કરીને જ પાણી પુરું પાડવું.

ઉપરોકત સુચનાઓનું ઉલ્લંઘન કરનાર સામે કાયદાની જોગવાઈ હેઠળ પગલાં લેવામાં આવશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી છ માસની મુદત સુધી અમલમાં રહેશે.

કાલોલ, તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૫.

જી. એસ. જોષી,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ
અધિકારી, કાલોલ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, MAY, 30, 1996 / JYAISTHA 9, 1918 [No. 22

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compliation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	231-239
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-B, under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	23
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	551-575
Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	524-534

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) નો હુકમ.

નંબર ઉ/ગપક/૨૬૫/વિ. શા./૧૯૯૫.—અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવાં જરૂરી છે, તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની

INDEX

કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૫ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી આણીવાળું પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની;

(ખ) કોઈપણ રીતે શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના અથવા નોંધવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાના તથા તૈયાર કરવાની;

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(ઙ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ચ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા પદાર્થ અથવા વસ્તુ ઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમ જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ પણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તો તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામા કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નંબર-૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫ માહે ઓગષ્ટ, સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૨૬૬/વિ. શા./૧૯૯૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી મને મળેલ સત્તાની રૂએ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. અગર તો કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડમાં જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ ૧૪૫ની પેટા કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી માહે ઓગષ્ટ, સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

એમ. એમ. મહેતા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

———

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈના અધિનિયમની કલમ-૩૩(૧) બી હેઠળ.

ક્રમાંક જાહેરનામું/ઉગપક/૧૭૩૭૪/૯૫ .—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બ.) હેઠળ મળેલી સત્તાની રૂએ વડોદરા શહેરમાં ચાર દરવાજા વિસ્તારમાં સ્થળોએ (દર્શાવેલ રસ્તા પર) યુ - ટર્ન' તેમજ જમણી બાજુ વળવા ઉપર પ્રતિબંધ તમામ પ્રકારના વાહનો માટેનો નિયમ જાહેર કરવા અંગેનું જાહેરનામું કરવાનો મુસદ્દો તથા તેનાથી અસર થતાં લાગતા વળગતા તમામની જાણ માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરવા ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન ૩૦ની સદર કોઈ પણ વ્યકિત તરફથી લેખીત વાંધા સુચનો લેખિત માં પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર નાઓ ને મોકલવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો.

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-સને ૧૯૫૧ ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન ની હદ વિસ્તારમાં આવેલ.

INDEX

(૧) લહેરીપુરા દરવાજાથી મહાત્મા ગાંધી રોડ માંડવી સુધીનો વિસ્તાર રોડ.
(૨) ચાંપાનેર દરવાજાથી બેન્ક રોડ- માંડવી ને જોડતો રોડ.
(૩) પાણીગેટ દરવાજાથી માંડવીને જોડતો રોડ.
(૪) ગેડીગેટ દરવાજાથી માંડવી ને જોડતો રોડ.

એટલે કે ચાર દરવાજાને માંડવી સાથે જોડતા ચારે રસ્તાઓ ઉપર સ્થળો ઉપર તમામ પ્રકારના વાહનોને 'યુ ટર્ન' લેવા તેમજ જમણી બાજુ વાળવા ઉપર પ્રતિબંધ મુકવાનો નિયમ કરૂ છુ.

મેં આજુ તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિકકો કરેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જિલ્લા પોલીસ અધિકારી દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧નાં પોલીસ કાયદાની કલમ-૩૬ (સી) મુજબનું.

નં. ઉ/ગપક/એલ.આઈ.બી / અંબાજી / જાહેરનામું/૭૩૮/૯૫.— હું આઈ. ડી. માયાવંશી, ઈન્ચાર્જ, જિલ્લા પોલીસ અધિકારી, બનાસકાંઠા પાલનપુરના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૬ (સી) ની રૂએ મળેલ સત્તાથી જાહેર જનતાની સગવડ સાચવવા માટે દાંતા તાલુકાના અંબાજી મુકામે તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫ સુધી ભાદરવા સંઘનો મેળો ભરાનાર હોઈ નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરું છું.

(૧) અંબાજી મંદિરમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા દર્શનાર્થી સ્ત્રી તથા પુરૂષ અલગ અલગ લાઈનમાં ઉભા રહેશે.
(૨) યાત્રાળુઓ તેમના વારા પ્રમાણે એક પછી એક પ્રવેશદ્વારમાં દાખલ થશે. અને ધક્કામુક્કી કરશે નહી અને શાંત જાળવશે.
(૩) મંદિરમાં દર્શન કર્યા બાદ તા·કાલિક મંદિરમાંથી બહાર જવાના રસ્તેથી શાંતીપુર્વક બહાર નીકળી જશે.
(૪) મંદિરમાં દર્શનાર્થીઓ તથા બીજા યાત્રાળુઓ ફરજ પરના પોલીસ કર્મચારી તથા હોમગાર્ડના સભ્યોના કાયદેસરના હુકમનું પાલન કરશે.

જો કોઈ યાત્રાળુ ઉપર જણાવેલ નિયમોનું ઉલ્લંઘન કરશે તો બોમ્બે પોલીસ એકટની કલમ-૧૩૪ મુજબ રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે. તેમજ ઈ.પી.કો. ક. ૧૮૮ મુજબ પણ ગુનાને પાત્ર થશે.

પાલનપુર, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૫.

આઈ. ડી. માયાવંશી,
ઈન્ચાર્જ જિલ્લા પોલીસ અધિકારી,
બનાસકાંઠા-પાલનપુર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૪૯૫૦.—પંચમહાલ જિલ્લામાં ગણેશ ઉત્સવ ચાલુ હોઈ તથા જિલ્લામાં ગણેશ વિસર્જન જુદી જુદી તારીખોએ નીકળનાર હોઈ જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/—૧૨૫૫/૯૫, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી બી. પી. એકટ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) નું જાહેરનામું તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૫ સુધી બહાર પાડવા જણાવેલ છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાવતા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ની મુંબઈના ૨૨માં અધિનિયમની) કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી.એલ. મીના (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૫ સુધી (બીજા દિવસો સહિત) :

(ક) શસ્ત્રો, ડંડા, તલવાર, ધોકા, બંદુક, છરી, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ શસ્ત્રકારી પદાર્થો અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં, બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીનાન હોય તેવા અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

ગોધરા, તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

સી. એલ. મીના,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.

હુકમ

નંબર એમએજી/અધિકાર/૪૫૭૧.—સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૨ (૧) થી જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ને મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર.	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી એસ. એલ. શાહ, મામલતદાર, માંડવી.	માંડવી તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

INDEX

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર / ૪૫૭૨ / ૧૯૯૫ .— સને ૧૯૭૩ ના (સને ૧૯૭૪ ની ૨જી. એક્ટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪(૪) થી મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને તેઓએ હોદ્દો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપું છુ.

અનુ. નંબર.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી એસ. એલ. શાહ મામલતદાર માંડવી.	માંડવી તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

હુકમ

નંબર એમએજી/અધિકાર/૪૫૭૪.—સને ૧૯૭૩ ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૨૨ (૧) થી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. એસ. ગઢવી, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સાથે જણાવેલ તાલુકામાં એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકુ છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી એમ. કે. વ્યાસ મામલતદાર, બારડોલી.	બારડોલી તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૪૫૭૫/૧૯૯૫ .—સને ૧૯૭૩ ના (સને ૧૯૭૪ની ૨જી. એક્ટ) ફોજદાર કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હુ, શ્રી વી. એસ. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત આથી નીચે જણાવેલ એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને તેઓએ હોદ્દો સંભાળ્યાની તારીખથી તેઓની સાથે જણાવેલ તાલુકા માટે સદરહું અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપુ છું.

અનુ. નંબર	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી એમ. કે. વ્યાસ મામલતદાર, બારડોલી	બારડોલી તાલુકા

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

હુકમ

નંબર એમએજી / અધિકાર/૪૫૭૭/ .—સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનયમ ૧૯૭૩ની કલમ ૨૨(૧)થી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને મળેલ અધિકારની રૂએ હું, શ્રી, વી. એસ. ગઢવી, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલાં તાલુકામાં એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી એમ. કે. પટેલ. મામલતદાર, નિઝર.	નિઝર તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૪૫૭૮/૧૯૯૫.—સને ૧૯૭૩ ના (સને ૧૯૭૪ની ૨જી. એક્ટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તેઓએ હોદ્દો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહું અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપું છું.

અનુ. નંબર.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી એમ. કે. પટેલ મામલતદાર, નિઝર	નિઝર તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૪૫૮૦/૧૯૯૫:—સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૨૨ (૧) થી જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રીને મળેલ અધિકારની રૂએ હુ, શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલ તાલુકામાં એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકુ છું.

અનુ. નંબર.	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી કેતન એસ. નાયક મામલતદાર, કામરેજ.	કામરેજ તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૪૫૮૧/૧૯૯૫ .—સને ૧૯૭૩ના (સને (સને ૧૯૭૪ની ૨જી. એક્ટ) ફોજદાર કાર્યરીતી અધિનિયમની

INDEX

કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. એસ. ગઢવી આઈ. એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તેઓએ હોદ્દો સંભાળ્યાની તારીખથી તેઓ સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપું છું.

અનુ. નંબર.	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી કેતન એસ. નાયક મામલતદાર, કામરેજ.	કામરેજ તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

હુકમ

નંબર એમએજી/અધિકાર/૪૫૮૩.—સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૨(૧) થી જિલ્લા મેજીસ્ટ્રેટ-શ્રીને મળેલ અધિકારની રૂએ હું, વી. એસ. ગઢવી આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલા તાલુકામાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી સી. બી. પટેલ, મામલતદાર, વાલોડ.	વાલોડ તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૪૫૮૪/૯૫.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪ના રજી. એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારીની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ સુરત આથ નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તેઓએ હોદ્દો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમની કલમ ૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપુ છું.

અનુ. નંબર	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી. સી. બી. પટેલ, મામલતદાર, વાલોડ.	વાલોડ તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

હુકમ

નંબર એમએજી/અધિકાર/૪૫૮૬.—સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૨(૧) થી જિલ્લા મેજીસ્ટ્રેટ-શ્રીને મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. એસ. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ સુરત નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલા તાલુકામાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી બી. સી. ચુડાસમા, મામલતદાર, સોનગઢ.	સોનગઢ તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૪૫૮૬/૯૫.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪નો રજી. એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. એસ. ગઢવી, આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તેઓએ હોદો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમની કલમ ૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપું છું.

અનુ. નંબર	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી બી. સી. ચુડાસમા, મામલતદાર, સોનગઢ.	સોનગઢ તાલુકો.

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫.

હુકમ

નંબર એમએજી/અધિકાર/૪૫૮૯.—સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૨(૧) થી જિલ્લા મેજીસ્ટ્રેટ-શ્રીને મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. એસ. ગઢવી આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલા તાલુકામાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી એમ. એમ. ડીંડોડ, મામલતદાર, વ્યારા.	વ્યારા તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫.

INDEX

જાહેરનામું

નંબર એમ એજી/અધિકાર/૪૫૯૦/૯૫.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪ના રજી. એક્ટ) ફોજદાર કાર્યરીતિ અધિનિયમન, કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તેઓએ હોદો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમની કલમ ૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપું છું.

અનુ. નંબર	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી એમ. એસ. ડીંડોડ મામલતદાર, વ્યારા	... વ્યારા તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫.

હુકમ

નંબર એમએજી/અધિકાર/૪૫૯૨.—સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૨ (૧)થી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને મળેલ અધિકારની રૂએ શ્રી વી. એસ. ગઢવી, આઈ. એ. એસ. હું, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ-મેજીસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલા તાલુકામાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી બી. બી. તડવી, મામલતદાર, માંગરોલ.	માંગરોલ તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૪૫૯૩/૧૯૯૫.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪ ની રજી. એક્ટ) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તેઓએ હોદો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમની કલમ ૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપું છું.

અનુ. નંબર	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧.	શ્રી બી. બી. તડવી, મામલતદાર, માંગરોલ.	માંગરોલ તાલુકો

સુરત, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ એકટ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની પેટા કલમ-૩૭ (૧) અન્વયે

ક્રમાંક ડીસી-પીઓએલ-બીપીએ-૩૭(૧)-વશી ૪૦૩૮થી ૯૯/૯૫.—ગાંધીનગર જિલ્લો એ ગુજરાત રાજ્યના પાટનગરનો જીલ્લો છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ્થાનો ખાતાના વડાઓની કચેરીઓ એમ. એલ એ. ક્વાર્ટર્સ શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ સરકારી કચેરીઓ આવેલી છે. અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોવાથી આવા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ગંભીર પરિસ્થિતિ ઉભી થાય તેવી શકયતા હોઈ કાયદો અને વ્યવસ્થાનો ભંગ ન થાય તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું, સંજય ભાવસાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) ધી મને મળેલ અધિકારની રૂએ નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૫ થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના બન્ને દિવસ સહિત નીચેના કૃત્ય નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદૂક, છરા કે અન્ય શસ્ત્રો સળગતી મશાલ બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવા કે ધકેલવાના યંત્રો લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની અથવા નકલ કરવાથી પણ તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજી કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય તેવા અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાના તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

૧. જ. ૩ થી ગ. ૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

૨ ઘ. ૩ થી છ-૫ સુધીનો રોડ સિવાયનો પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

૩. ઘ-૫ થી છ-૫ સુધીનો રોડ સિવાયનો ચ. પ. સે-૧૭ નો ખુણાનો ભાગ છોડી ને દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

INDEX

૪. છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર.
૫, છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર
૬. જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા પુર્વ તરફનો મંત્રી વિસ્તાર.

આ ઉપરાંત રાજભવન સહીત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તેમજ મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ:

૧. જાહેરનામું ધાર્મિક મરણોત્તર ક્રિયા માટે લાગુ પડશે નહી.
૨. ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ પર હથિયાર લઈ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

૩. જીલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ગાંધીનગર તથા જીલ્લા પોલીસ અધિકારી ગાંધીનગર તથા અધિક જીલ્લા પોલીસ અધિકારી તથા પોલીસ ઈન્સ્પેકટર ગાંધીનગર જેઓને શારીરિક અશકિત છે તેવા કોઈ કારણોસર લાકડી, સોટી, રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

૪ અત્રેથી કોઈ ખાસ કિસ્સા તરીકે આપવામાં આવેલ પરવાનગીને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ ગુન્હાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માંની કલમ-૩૭ ની પેટા કલમ (૩) મુજબ.

ક્રમાંક ડીસી/પીઓએલ/બીપીએ/૩૭ (૩) જાહેરનામું વશી/૪૧૦૦ થી ૩૫/૯૫.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો ખાતાના વડાઓની કચેરીઓ, એમએલ. એ કવાર્ટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆત કરવા આવતા હોય છે. આવા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂર જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ન કલમ ૩૭ ની પેટા-કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ હુ સંજય ભાવસાર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૫ ગુરૂવારના સવારના ૦૦ ૦૦ થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૫ ને ગુરૂવારના ૨૪ કલાક સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છુ. વધુમાં હુ આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧ ફરજ ઉપર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
૨ ફરજ ઉપર હોય તેવાં ગૃહરક્ષક દળની વ્યકિતને.
૩ કોઈ લગ્ના વરઘોડાને
૪ કોઈ સ્મશાન યાત્રાને
૫ અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર :

૧ જ-૩ થી ગ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.
૨ ઘ.૩ થી છ-૫ સુધીનો રોડ સિવાયનો પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

૩. ઘ-૫ થી છ-૫ સુધીનો રોડ સિવાયનો ચ. પ. સે.૧૭ના ખુણાનો ભાગ છોડી ને દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

૪ છ-૫ થી છ-૬સુધીનો રોડ તથા પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

૫ છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર
૬ જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા પુર્વ તરફનો મંત્રી વિસ્તાર

આ ઉપરાંત રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તેમજ મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ફરતો ૫૦૦ ચોરસ મીટરનો સમગ્ર વિસ્તાર.

નોંધ.—આ હૂકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-(૩) અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ સને ૧૮૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજરોજ તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

સંજય ભાવસાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) હેઠળ

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી.—સુરત જીલ્લાના ઉકાઈ ખાતે હેડ કવાર્ટર કંપનીના ૯૬ થ ૧૦ ના જવાનોનું વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ સુધી શેરૂલ્લા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હું ડી. બી. મહેતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) (૪) મુજબ મળેલા અધિકારની રૂએ ફરમાવું છુ કે સોનગઢ તાલુકાના શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૫ થી ૩૧મી ઓગસ્ટ ૧૯૯૫ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતી તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ત્યાં ચરાવવા માટે આવતા ઢોર ઢાંખર વિગેરેને

INDEX

સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટરના વિસ્તારમાં તા. ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી તા. ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ સુધીના રોજ પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી. આ હુકમને ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

ડી. બી. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ ના નિયમ ૮૧ (૧) હેઠળ.


District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area (Sq. mtrs.)	
1	2	3	4-A	4-B	5
Vadodara	Vadodara	Sevasi	136 paiki	845	

Vadodara, 23rd February, 1996.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર.]

નંબર યુ.એલ.સી./૧૦૭૬/૧૧૧૫-ડી/ડી.નં.૪૩૧૮/સેવાસી/૯૬.—આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક, દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડ્યુલ

પત્રક ફાઈલ કરનારનું નામ : શ્રી પુરૂષોત્તમભાઈ છીતાભાઈ પટેલ

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સ. નં.	વિસ્તાર (ચો. મી.)	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	સેવાસી	૧૩૬/ પૈકી	૮૪૫	

વડોદરા તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with Rule 6.]

No. ULC/1076 /1115-D/.6042/Sama/96.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*,

INDEX

SCHEDULE

Name of the Holder : Shri Mangalbhai Shankarbhai Parmar.

Details of vacant lands to be acquired :—

District	Taluka	Village	Description of the Land		Remarks
			Survey No.	Area (Sq. mtrs.)	
1	2	3	4-a	4-b	5
Vadodara ..	Vadodara	Sama	685	997.28	

Vadodara, 26th February, 1996.

S. A. GOLAKIA,
Competent Authority
and Additionai Collector, U.L.C.
Vadodara Unit No. 3.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ—મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૧૦૭૬/૧૧૧૫-ડી./ડે. નંબર ૬૦૪૨/સમા ૯૬.—આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઇ ઈસમનો હકક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હકક અંગેનો હકક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હકક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શીડ્યુઅલ

પ્રત્રક ફાઈલ કરનારનું નામ : મંગળભાઈ શંકરભાઈ પરમાર.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		વિસ્તાર (ચો.મી.)	શેરો
			સર્વે નંબર			
૧	૨	૩	૪-અ		૪-બ	૫
વડોદરા	વડોદરા	સમા	૬૮૫		૯૯૭.૨૮	

વડોદરા, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ઓસ. ઓ. ગોલકીયા,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર (શ. જ. ટો. મ.)
વડોદરા, યુનિટ નં. ૩.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G—BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, JUNE 27, 1996 / ASADHA 6, 1918 [No. 26

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		PAGES
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	283-304
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B,) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	27
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	1191-1220
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	645-662

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ ના પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ (૧) બી હેઠળનો નિયમ.

ક્રમાંક જાહેરનામું ઉગપક/૧૨૦૫/૯૫/૧૯૧૩૦.—મુંબઈ પોલીસ અધિનિયમની (સને ૧૯૫૧ના મુંબઈ ના ૨૨માં)ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) (બી) હેઠળ મળેલી સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામ ની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખથી દિન-૩૦ની અંદર કોઈપણ વ્યકિત તરફથી સુચનો વાંધાઓ પોલીસ કમિશનર, વડોદરા શહેરનાઓ તરફ લેખીત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

INDEX

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની ૩૩ની પેટા-કલમ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ જાહેર જનતાની સલામતિ તેમજ વાહન વ્યવહારની સરળતાના હેતુસર વડોદરા શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનના હદ વિસ્તારમાં ભારદારી વાહનોના પ્રવેશ ઉપર સવારના કલાક ૮-૦૦ વાગ્યાથી સાંજે કલાક ૮-૦૦ વાગ્યા સુધી પ્રવેશ ઉપર તેમજ બરોડા ડેરીની દૂધની ગાડીઓ ફરવા ઉપર જાહેરનામામાં જણાવ્યા મુજબ પ્રતિબંધ જાહેર કરવાનો નિયમ કરું છું.

જાહેરનામાની વિગત

વડોદરા શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં નીચે જણાવ્યા સિવાયના તમામ રસ્તાઓથી ભારદારી વાહનો જેમાં ટ્રકો અને ટેન્કરો નો સમાવેશ થાય છે. તેના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૧) શહેરના દક્ષિણે જામ્બુઆ જકાતનાકાથી મકરપુરા જી. આઈ. ડી.સી. તરફ સુશેન ટેક્ષટાઈલ્સના નાકા થઈને મકરપુરા જીઆઈડીસી. વડસર રોડ પુલ થઈ કડાલી રેલ્વે ફાટક થઈ અક્ષર ચોક થઈ, જુના પાદરા જી. ઈ. બી. સર્કલ, સારાભાઈ સર્કલ થઈ શાસ્ત્રી બ્રીજ ઉપર થઈ ફત્તેગંજ, સર્કલ થઈ છાણી જકાતનાકા થઈ, છાણી જકાતનાકા સુધીના રોડ ઉપર પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૨) હરણી રોડ થઈ વી. આઈ. પી. રોડના નાકાથી ડાબી બાજુ વળી રીંગરોડ થઈ આજવા રોડ સુધી જવાના રસ્તા ઉપર ઉપરોકત પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૩) આજવા રોડ થી સરદાર ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ સુધી આવવાના રસ્તા ઉપર ઉપરોકત પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૪) વાઘોડિયા રોડથી પટેલ એસ્ટેટ સુધી આવવાના રસ્તા ઉપર પ્રતિબંધ લાગુ પડશે નહીં.

મેં આજરોજ તારીખ ૨૧મી માહે સપ્ટેમ્બર સને ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કા કરેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૨૬૮/વિ. શા./૧૯૯૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી મને મળેલ સત્તાની રૂઈએ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા ભરવી નહિ કે બોલાવવી નહિ તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ.—

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાનો અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ ૧૪૫ની પેટા-કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી માહે સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

એમ. એમ. મહેતા,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

એડીશનલ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટ્રાફિક/વશી/૧૬૭૯/૩૩૯૬૩/નહેરૂ બ્રીજ / ૯૫.—સુરત શહેરમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી અને કલમ-૨ (૬) થી મળેલી સત્તાની રૂએ નીચે જણાવ્યા મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

નહેરૂ બ્રીજ ઉપર સવારે કલાક ૯-૦૦ થી ૧૧-૦૦ અને સાંજે કલાક ૬-૦૦ થી કલાક ૮-૦૦ દરમ્યાન ચારચક્રી વાહનો માટે "વન-વે" જાહેર કરવામાં આવે છે.

સવારે કલાક ૯-૦૦ થી કલાક ૧૧-૦૦ દરમ્યાન રાંદેર બાજુથી ચારચક્રી વાહનો નહેરૂ બ્રીજમાં પ્રવેશ કરી ચોકબજાર જઈ શકશે. જ્યારે ચોકબજારથી ચારચક્રી વાહનો આ સમય દરમ્યાન નહેરૂ બ્રીજમાં પ્રવેશ કરી શકશે નહીં.

સાંજે કલાક ૬-૦૦ થી કલાક ૮-૦૦ દરમ્યાન ચારચક્રી વાહનો ચોકબજારથી નહેરૂબ્રીજમાં પ્રવેશ કરી શકશે. જ્યારે રાંદેર બાજુથી ચારચક્રી વાહનો નહેરૂ બ્રીજમાં આ સમય દરમ્યાન પ્રવેશ કરી શકશે નહીં.

ટ્વિચક્રી અને ત્રિચક્રી વાહનો ઉપર "વન-વે" લાગુ પડશે નહીં. અને "વન-વે" નાં સમય દરમ્યાન પણ બંને બાજુથી ટ્વિચક્રી અને ત્રિચક્રી વાહનો અવર-જવર કરી શકશે.

આ જાહેરનામું તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૫ સુધી ઉપર જણાવ્યા સમય માટે ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૫નાં રોજ મારી સહી સિક્કા કર્યા.

સુવીર સિન્હા,
એડીશનલ પોલીસ કમિશનર,
ઝોન-૨, સુરત શહેર.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧) મુજબ

નંબર ડીસી-પીઓએલ-એમએજી-એસ.આર-૫૩/૯૫ .— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, વિપુલ મીત્રા, જિલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદ જિલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ (૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૫ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડ, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઇંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળું પાનું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઇંચથી વધુ લંબાઇ ધરાવતું આણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની;

(૨) કોઇપણ રીતે શરીરને હાનીકારક એવા કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ ભુમો પાડવાની ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થ વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની રાલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની

વિસ્તાર.— અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેને ઉપરી અધિકારીઓએ આવું કોઇ હથિયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને;

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાથી ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નં. ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ નંબર ૨૨માંની કલમ ૩૭(૩) અન્વયે.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૫૪/૯૫.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, વિપુલ મિત્રા, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મ) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવિલ વિસ્તારોમાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ : (વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તાઓમાં સમાવેશ છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તેમને તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર સને ૧૯૯૫ ના રોજ મારી સહી કરી અને સીકકો માર્યો છે.

વિપુલ મીત્રા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ એક્ટ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની પેટા કલમ ૩૩ (૧) અન્વયે.

ક્રમાંક: ડીસી-પી.ઓ.એલ./બીપી.એ. ૩૭ (૧)-વશી-૪૫૭૫ થી ૪૫૯૯/૯૫.—ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે દર વર્ષની માફક નવરાત્રી દરમ્યાન નવરાત્રીના છેલ્લા દિવસે શ્રી રૂપાલ વરદાયીની માતાનો ' માતાજીની પલ્લી " નિમિત્તે મેળો ભરાય છે. આ પલ્લી મેળામાં દુર દુરના સ્થળેથી હજારોની સંખ્યામાં દર્શનાર્થી રૂપાલ ગામે ઉમટી પડે છે. આ મેળો રાત્રી મેળો હોઈ મેળામાં કોઈ અસામાજિક તત્વો ઘુસી ન જાય તે હેતુથી તથા મેળામાં સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી હું, એ. કે. નિગમ જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૩જી ઓક્ટોબર, ૧૯૯૫ના સવારના ૭-૦૦ કલાકથી તારીખ ૪થી ઓક્ટોબર, ૧૯૯૫ના સવારના ૮-૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા કે અન્ય શસ્ત્રો સળગતી મશાલ બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.
(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.
(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.
(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.
(૫) અપમાનિત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

વસ્તાર : રૂપાલ ગ્રામ પંચાયતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

(૧) જાહેરનામું ધાર્મિક મરણોત્તર ક્રિયા માટે લાગુ પડશે નહીં.
(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેણે ફરજ પર હથિયાર લઈ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.
(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગર, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર તથા અધિક જિલ્લા પોલીસ અધિકારીશ્રી તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી ગાંધીનગર જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી, સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના કોઈપણ ધોરણનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૨૫ હેઠળ ગુન્હાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપવામાં આવેલ છે.

એ. કે. નિગમ,
ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, ગાંધીનગર.
ગાંધીનગર જિલ્લો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (થ) હેઠળનો.

નંબર ઉ/મકપ/પલસ/સજસ/વશી/૫૧૭૩/૯૫.—પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી ૩જી ઓકટોબર, ૧૯૯૫ દરમ્યાન નવરાત્રિ તહેવાર અને દશેરા તહેવારની ઉજવણી થનાર છે, તથા શરદ પુનમ તહેવારની પણ ઉજવણી થનાર છે. આ તહેવારોની ઉજવણીમાં લોકો લાઉડ સ્પીકરોનો ઘણા મોટા પ્રમાણમાં ઉપયોગ કરતાં હોવાથી અને આવા લાઉડ સ્પીકરો મોડી રાત્રી દરમ્યાન પણ વગાડતા હોવાથી આડોશ પાડોશમાં રહેનારાઓને અથવા આવજા કરનારાઓને પડતી હરકત, અગવડ અને ત્રાસ અટકાવવા માટે જાહેર હિતમાં નિયંત્રણ કરવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરાએ તેઓના પત્ર નં. એલઆઈબી/નવરાત્રી/જાહેરનામું/૧૩૫૬/૯૫, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫થી જરૂરી દરખાસ્ત કરેલ છે. દરખાસ્ત મુજબ જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ (૧) હેઠળ મને મળેલ અધિકાર અન્વયે હું. સી. એલ. મીના, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ઉકત અધિનિયમની કલમ-૩૩ (૧) (થ) મુજબ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી ૮મી ઓક્ટોબર, ૧૯૯૫ સુધી (બંને દિવસો સહિત) રાત્રિના ૧-૦૦ પછીના સમય દરમ્યાન કોઈપણ શખ્સ લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં. આ લાઉડ સ્પીકરનો અવાજ તેની જગ્યાએથી ૧૫૦ ફુટથી વધુ ન સંભળાય તેટલો રાખવાનો રહેશે, તેમજ લાઉડ સ્પીકરમાં ૨.૫ વોટથી વધે નહી તેવા એમ્પ્લીફાયરનો ઉપયોગ કરવાનો રહેશે.

ગોધરા, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક : ઉ/મકપ/પલસ/મજસ/વશ /૫૨૦૮.—તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ હાલોલ ગ્રાહક સુરક્ષાના પ્રમુખશ્રી અને કામદારો, હાલોલ પોલીસ દ્વારા આદિવાસીઓ અને કામદારો ઉપર અત્યાચારના વિરૂધ્ધમાં જી.આઈ.ડી.સી. વિસ્તારના સફારી ઈન્ડસ્ટ્રીઝ પાસેથી રેલી કાઢવાનું તથા મામલતદાર કચેરીએ આવેદન-પત્ર આપવા એલાન કરેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે જલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલે તેઓના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૧૩૮૭/૯૫ તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબ જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની બાબત લક્ષમાં લેતાં જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય છ.

જેથી હું, સી. એલ. મીના, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા તે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના (મુંબઈના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે હાલોલ મામલતદાર કચેરી જવાનો રસ્તો, હાલોલ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫ સુધી (બંને દિવસો સહ) ચાર કરતાં વધુ માણસો એકઠા થવું નહી, કે સરઘસ કાઢવું નહી.

INDEX

અપવાદ :

આ હુકમ ફરજ પરના સરકારી કર્મચરીઓને લાગુ પડશે નહી, આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ અને અથવા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગોધરા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો,

નં. ઉ/મકય/પલસ—મજસ/વશી/૫૨૦૬.—પંચમહાલ જિલ્લામાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ સુધી એસ.એસ.સી. તથા એચ. એસ.સી. પરીક્ષાઓ લેવાનાર હોઈ સદરહુ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય અને વિદ્યાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તેમજ ગેરરીતિ અટકી શકે, ઉપરાંત પરીક્ષાના સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં જે તે પરીક્ષા સ્થળોની આજુબાજુના વિસ્તારમાં સ્થળથી ૨૦૦ મીટરના વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતને પરીક્ષા દરમ્યાન તથા પરીક્ષાના સમયથી એક કલાક પહેલાં અને પરીક્ષા પુરી થયા પછીના એક કલાક સુધી આવ-જા કરવા ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમ બહાર પાડવાની જરૂરીયાત જણાયેલ છે.

સબબ હું, સી. એલ. મીના, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નીચે આપેલ અનુસૂચિમાં જણાવેલ એસ.એસ.સી / એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્રો અને તેના સ્થળની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષા દરમ્યાન તથા પરીક્ષાના એક કલાક અગાઉ અને પરીક્ષા પુરી થયાના એક કલાક પછીના સમય સુધી આવાર-નવાર બોર્ડ તરફથી આવનાર સ્કવોર્ડના સભ્યો, ઓળખપત્ર ધારણ કર્તા હોય તે ફરજ પરના અધિકારીઓ ઉપરાંત ફરજ પરના કર્મ-ચારીઓ તથા ફરજ પરના પોલીસ અધિકારીઓ અને પરીક્ષાર્થી ઓ-સિવાયના બિનઅધિકૃત વ્યકિત / વ્યકિતઓએ દાખલ થવું નહીં, હેરાફેરી કરવી નહીં.

એસ.એસ.સી. / એચ.એસ.સી પરીક્ષા કેન્દ્ર અને સ્થળની વિગત
ઓકટોબર-૧૯૯૫

અનુ. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
	એચ. એસ. સી. પરીક્ષા ;	
૧	ગોધરા	(૧) એમ. એન્ડ એમ. મહેતા હાઈસ્કુલ, ગોધરા.
		(૨) ઈકબાલ યુનીયન હાઈસ્કુલ, ગોધરા.
૨	દાહોદ	(૧) એમ. વાય. હાઈસ્કુલ, દાહોદ.
	એસ. એસ. સી. પરીક્ષા ;	
૧	દાહોદ	(૧) નવજીવન ગર્લ્સ હાઈસ્કુલ, દાહોદ.
૨	બારીયા	(૧) એસ. આર. હાઈસ્કુલ. દેવગઢબારીયા.
૩	ગોધરા	(૧) ગોધરા અનાજ મહાજન સાર્વજનિક હાઈ-સ્કુલ, ગોધરા.
૪	ઝાલોદ	(૧) મણીબેન હાઈસ્કુલ, ઝાલોદ.
૫	કાલોલ	(૧) એમ.જી.એસ. હાઈસ્કુલ, કાલોલ.
		(૨) શ્રીમતી સી. વી. ગર્લ્સ હાઈસ્કુલ, કાલોલ
૬	લુણાવાડા	(૧) એસ. કે. હાઈસ્કુલ, લુણાવાડા.
૭	સંતરામપુર	(૧) જે. એચ. મહેતા હાઈસ્કલ, સંતરામપુર.

ગોધરા, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

સી. એલ. મીના,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી-પીઓએલ-એમએજી-એસ.આર-૫૯-૧૯૯૫.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, એમ. કે. ચૌધરી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૫ થી ૨૩મી ઓકટોબર ૧૯૯૫ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો ;

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને આઠ ઈંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળું પાનું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાઈ ધરાવતું આણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી લાઠી અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

INDEX

વિસ્તાર ; અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર ;

(પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર)ના હકુમતના વિસ્તાર સિવાય.

અપવાદ ; આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરી માં હોય તેમને જેને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમજ

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, જીલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓએ લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩ની ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨) માંની કલમ-૩૭ (૩) અન્વયેનો.

નં. ડીસી/પીઓએલ/એમએ/જી/એસઆર / ૬૦ / ૯૫.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાવવણી વાસ્તે હું, એમ. કે. ચૌધરી જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તરોમાં તારીખ ૯મી ઓકટોબર, ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : (વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તાઓમાં સમાવેશ છે

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તેમને તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૭ માહે ઓકટોબર, ૧૯૯૫ના રોજ મારી સહી કરી અને સિક્કો માર્યો છે.

એમ. કે. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

સને ૧૯૭૩ ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડી/એમએજી/૧/નવરાત્રી/વાહનો/૪૧૦૬/૩૦.—તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫થી ૩જી ઓકટોબર ૧૯૯૫ સુધીના સમયગાળા દરમ્યાન નવરાત્રીનો ઉત્સવ યોજાનાર છે. પાલનપુર શહેરના સમગ્ર વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ જાહેર જગ્યાઓ ઉપર ગરબાના કાર્યક્રમ થાય છે. જાહેર સ્થળોએ અને સ્તાઓ ઉપર ગરબાના કાર્યક્રમ દરમ્યાન જીપ , રીક્ષા, સાયકલ, અને અન્ય વાહનોની અવર-જવર અડચણરૂપ થાય છે અને જેના કારણે સુલેહ શાન્તી જોખમાવાનો સંભવ છે. આથી કાયદો અને વ્યવસ્થા તેમજ સુલેહ શાન્તી જળવાઈ રહે અને તે હેતુથી પાલનપુર શહેરમાં યોજનાર તમામ ગરબાના સ્થળની ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી ૩જી ઓકટોબર ૧૯૯૫ (સને દિવસો સહિત) રાત્રીના ૧૯-૦૦ કલાકથી ૩-૦૦ કલાક સુધી સાયકલ, રીક્ષા, જીપ કે કોઈપણ પ્રકારના હળવા કે ભારે વાહનો ફેરવવા ઉપર હું, એસ. એસ વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ સ્ટેટ હાઈવે ઉપરથી પસાર થતા વાહનોને લાગુ પડશે નહી. અંબાજી જતા વાહનો ગુરૂનાનક ચોકથી ટેકનીકલ સ્કુલ થઈ મીરાંગેટ મુરસદબાવાની દરગાહ થઈ જનતાનગર ચાર રસ્તાથી બારોબાર અંબાજી લઈ જઈ શકાશે.

વ્યાપારિક હેતુના ઉપયોગ સિવાયના કોઈ તાકીદ અને આકસ્મિક સેવાઓ માટે વાહનનો ઉપયોગ કરી શકાશે.

આજ રોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી નથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

INDEX

હુકમ

નં.બર ડીસીબી/એમએજી/બીપોએ/૨જી. ૪૮/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી નવરાત્રી, દશેરા, અને ગંદી-પડવાના તહેવાર નિમિત્તે જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારુ જરૂરી જણાતાં ફરમાવું છુ કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી ૯મી આકટોબર, ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરિક હિસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પત્થરો અથવા બંજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બીભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચી અથવ. નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેબોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાના.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી/૪૯/૯૫ .—જિલ્લા પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨માં)ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છે કે વલસાડ જિલ્લામાં તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી ૧૨મી ઓકટોબર ૧૯૯૫ સુધી (બન્નેદિવસો સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી આધનિયમ ૧૮૬૦ નીકલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. ૫૦/૯૫.—જિલ્લામાં ન્યુ. એસ.એસ.સી પરીક્ષા તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૫ દરમ્યાન લેવાનાર છે. આ બંને પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય તેમજ ખંડ નિરીક્ષકો, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંતિના એખલાસ ભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી પરીક્ષા આપે તે હેતુથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું માણસનું સરઘસ કાઢવાની તથા સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. કે. કુમાર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું.

વલસાડ જિલ્લામાં ન્યુ.એસ.એસ.સી તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણ-પત્ર પરીક્ષાના તમામ કેન્દ્રો તેમજ વપરાશમાં લેવાયેલાં તમામ સ્થળોની હદમાં ૨૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાં) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે સભા બોલાવવી નહી, અથવા સરઘસ કાઢવું નહી કે ચારથી વધુ માણસોએ ભેગા થવું નહી.

INDEX

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે રેલ્વે / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બૅા-ફાઈડ વ્યકિતઓ તથા ઉકત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ તેમજ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ એકટ,૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની પેટા-કલમ૩૭ (૧) અન્વયેનું.

ક્રમાંક ડીસી/પીએએલ / બીપીએ / ૩૭-૧/વશી ૩૮૧૨ થી ૩૮૫૨/૯૫.—ગાંધીનગર જિલ્લોએ ગુજરાત રાજ્યના પાટનગરનો જિલ્લો છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એ.એલ.એ. કવાટર્સ, શાળા, કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ સરકારી કચેરીઓ આવેલી છે અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોવાથી આવા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ગંભીર પરિસ્થિતિ ઉભી થાય તેવી શકયતા હોઈ કાયદો અને વ્યવસ્થાનો ભંગ ન થાય તેમજ જાહેર સુલેહ શાંતી જાળવવાના હેતુથીહું, સંજય ભાવસાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫ થી તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધીના બંને દિવસો સહિત નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું.

(૧.) હથિયાર, તલવાર, ધોકા, બંદૂક, છરા કે અન્ય શસ્ત્રો, સળગતી મશાલ બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨.) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩.) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના યંત્રો અથવા સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪.) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫.) અપમાનિત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

૬. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાળવાની, અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ જાહેરખબરો અથવા બીજી કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કર્યાથી એવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, કે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ, વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

(૧.) જ. ૩ થી ગ. ૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨.) ઘ. ૩ થી ઘ. ૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩.) ઘ. ૫ થી છ. ૫ સુધીનો રોડ સિવાયનો ચ. ૫ સે.૧૭નો ખૂણાનો ભાગ છોડીને દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪.) છ. ૫ થી છ. ૬ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૫.) છ. ૬ થી જ. ૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૬.) જ. ૬ થી જ. ૩ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો મંત્રી વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ :

(૧.) જાહેરનામું ધાર્મિક મરણોત્તર ક્રિયા માટે લાગુ પડશે નહી.

(૨.) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ પર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩.) જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિકારી, ગાંધીનગર તથા અધિક જિલ્લા પોલીસ અધિકારી તથા પોલીસ ઈન્સ્પેકટર ગાંધીનગરે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી, સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪.) અત્રેથી કોઈ ખાસ કિસ્સા તરીકે આપવામાં આવેલ પરવાનગીને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ ગુન્હાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૫ના રોજ મારી સહી / સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ (૩) મુજબ.

ક્રમાંક ડીસી/પીઓએલ/બીપીએ/૩૭ (૩)/જાહેરનામું/વશી ૩૮૫૩ થી ૩૮૯૩/૯૫.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે,ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવારનવાર

INDEX

ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆત કરવા આવતા હોય છે. આવા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ હું, સંજય ભાવસાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫ બુધવારના સવારના ૦૦-૦૦ થી તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૫ બુધવારના ૨૪ કલાક સુધીનો મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

૨. ફરજ ઉપર હોય તેવી ગુરક્ષકદળની વ્યકિતને.

૩. કોઈ લગ્નના વરઘોડાને.

૪. કોઈ સ્મશાનયાત્રાને.

૫. અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર ;

૧. જ. ૩ થી ગ. ૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

૨. ઘ. ૩ થી ઘ. ૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

૩. ઘ. ૫ થી છ. ૫ સુધીનો રોડ સિવાયનો ચ. ૫ સેક. ૧૭નો ખુણાનો ભાગ છોડીને દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

૪. છ. ૫ થી છ. ૬ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

૫, છ. ૬ થી જ. ૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

૬. જ. ૬ થી જ. ૩ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો મંત્રી વિસ્તાર.

આ ઉપરાંત રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તેમજ મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર. તથા ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેચુલી વિસ્તાર.

નોંધ.—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૫૯નાં ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ઠરશે.

આજ તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૫ના રોજ મારી સહી/ સિક્કો કરી આપ્યો.

સંજય ભાવસાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

હુકમ

સને ૧૯૭૩ ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પલસ/ઓકટો/પરીક્ષા/૧૯૯૫.—સુરત જિલ્લા (રૂરલ) વિસ્તાર માં આવેલી હાઈસ્કુલો/શાળાઓમાં તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫થી એસ. એસ. સી. તથા એચ. એસ. સી (હાયર સેકન્ડરી) પરીક્ષાઓ લેવાનાર છે. સબબ પરીક્ષાઓનું સંચાલન સરળ રીતે ચાલે તે માટે આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલી હાઈસ્કુલો શાળાઓની આજુબા ના વિસ્તારોમાં અશાંતિ, ઘર્ષણ કે વાતાવરણ ઉગ્ર બને નહી જાહેર સુલહ શાંતિ તથા જાહેર વ્યવસ્થાનો ભંગ થતો અટકાવવાને અને તેને લગતા તાત્કાલીક ઉપચારો લેવા માટે,ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૧૫૫ મુજબનો હુકમ કરવા માટે પુરતા કારણો છે.

સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ મળેલા અધિકારની રૂએ હું ક્રી ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ હાઈસ્કુલો/શાળાઓ દરેકની આજુબાજુ ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓએ ભેગા થવા પર, સભા ભરવા પર, સરઘસ કાઢવા પર, મંડળી કે સરઘસ સદરહુ ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારોમાં પ્રવેશવા પર તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૯૫ સુધી દરરોજ ૧૦-૦૦ થી ૧૩-૩૦ સુધી અને બપોરે ૧૪-૦૦ થી ૧૭-૩૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

ખુલાસો:—રસ્તાની ફુટપાથોનો પણ આવિ સ્તારમાં સમાવેશ ગણાય છે.

અપવાદ : આ હુકમ જે માણસો શિક્ષણ કામની ફરજ ઉપર અથવા સરકારી ફરજ ઉપર અથવા કામગીરીમાં હોય તેમજ ઉલ્લેખિત પરીક્ષાર્થીઓ અને હોમગાર્ડ કે પોલીસના માણસો જે ફરજો ઉપર હોય તથા મરણોત્તર અથવા લગ્નમાં સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૮૬૦ ના ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	સ્થળ / કેન્દ્ર	શાળા/ હાઈસ્કુલનું નામ
૧.	બારડોલી	(૧) પુનિત ઈંગ્લીશ હાઈસ્કુલ. (૨) ગર્લ્સ વિદ્યાલય, અસ્તાન (૩) સેસેરીતે હાઈસ્કુલ, બારડોલી. (૪) કોન્વેન્ટ હાઈસ્કુલ, બારડોલી. (૫) બી. એ. બી. એસ હાઈસ્કુલ, બારડોલી (૬) એમ.બી. વામદોત હાઈસ્કુલ, બારડોલી. (૭) જે. એમ. પટેલ હાઈસ્કુલ, બારડોલી
૨.	વ્યારા	(૧) જે. બી. એન્ડ. એસ .એ. સાર્વજનિક હાઈસ્કુલ, વ્યારા. (૨) કે. કે. કદમ કન્યા વિદ્યાલય.
૩.	ગંગાધરા	(૧) ગંગાધરા હાઈસ્કુલ, ગંગાધરા

આજ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૩ (૧) (બી) સાથે ૩૩ (૬) મુજબનું ;

નંબર પલસ/વ્યારા-કાકરાપાર બાયપાસ રોડ/૧૯૯૫.— સુરત જિલ્લામાં વ્યારા ખાતે વ્યારા કાકરાપાર બાયપાસ રોડ ઉપર રામ-કથાનું આયોજન કરવામાં આવેલ હોય ઘણા લોકો ભેગા થનાર હોવાથી તથા વાહનો પણ એકત્ર થનાર હોવાથી ભારે વાહનોથી અવરજવર માટે મુશ્કેલી પડે તેમ હોય વ્યારા-કાકરાપાર રસ્તો ભારે વાહનો માટે બંધ કરવાનું તથા અત્રેના જાહેરનામા ક્રમાંક પલસ/વ્યારા/કાકરાપાર, તારીખ ૨૯મી એપ્રિલ,૧૯૯૯ વ્યારા કાકરાપાર તરફ જવાનો કણજા રોડ ભારે વાહનોના વ્યવહાર માટે જે બંધ કરવામાં આવેલ છે. તેમાં અંશત : ફેરફાર કરી તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૫ થી ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ દરમ્યાન ખુલ્લો મુકવાનું મને જરૂરી જણાયું છે.

જે અર્થે હું, શ્રી ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ) ની કલમ-૩૩ની પેટા-કલમ ૧ની બાબત 'બી' સાથે કલમ-૩૩ની પેટા-કલમ (૬) થી મને મળેલા અધિકારની રૂએ સુરત જિલ્લામાં આવેલ વ્યારા કાકરાપાર બાયપાસ રસ્તો ભારે વાહનો માટે બંધ કરવામાં આવે છે અને વ્યારા કસ્બામાંથી પસાર થતો વ્યારા કણજારોડ ભારે વાહનો માટે અત્રેના તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૯ના જાહેર-નામામાંથી તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૫ થી ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ દરમ્યાન મુકત (રસ્તો ખુલ્લો) રાખવા હુકમ કરવામાં આવે છે. આ સમય દરમ્યાન.—

(૧) વ્યારા નગરમાં જુના બસ સ્ટેન્ડથી માલીવાડ જઈ કણજા નાકા થઈ કાકરાપાર જવાય તે રોડ ઉપર વ્યારા નગરપાલિકા તરફથી ભારે વાહન ન જાય તે સારું લોખંડના એંગલ લગાવેલા છે તે વ્યારા નગરપાલિકાએ દુર કરવાના રહેશે.

(૨) આ રસ્તા રોડ ઉપર ફકત બસો, લકઝરી બસો, જીપ, કાર ખાલી ટ્રકો જઈ શકશે.

(૩) મોટા ભારે ઉંચાઈવાળી લોડીંગ ટ્રકો મહારાષ્ટ્ર, વલસાડ, સુરત તરફથી કાકરાપાર જતાં ભારે વાહનો, મઢી દૂધ ડેરી પાસેના ત્રણ રસ્તા ઉપર ડાયવર્ઝન આપી મઢી તરસાડા થઈ કાકરાપાર પહોંચી શકાશે.

(૪) અંકલેશ્વર, ભરૂચ, માંડવી તરફથી મહારાષ્ટ્ર વ્યારા તરફ આવતા ભારે વાહન માંડવીથી તરસાડા વાયા મઢી થઈ બાજીપુરા રોડ ઉપર જઈ શકશે.

(૫) એકમાર્ગીય રસ્તો ; વ્યારાથી કાકરાપાર માંડવી તરફ જતા, બસ લકઝરી તથા બીજા વાહનો બરોડા બેન્કથી માલીવાડ જલારામ મંદિર થઈ કણજા ફાટક થઈ જઈ શકશે. જયારે કાકરાપાર માંડવી તરફથી વ્યારા તરફ આવવા સારૂ કણજા ફાટકથી ફડકે નિવાસ તળાવની પાળ ઉપર થઈ બેન્ક ઓફ બરોડા વ્યારા પાસે નીકળી જુના બસ સ્ટેન્ડ વ્યારા તરફ આવી શકશે.

(૬) આ અંગે જરૂરી બોડ વ્યારા નગરપાલિકાએ મુકવાના રહેશે.

આજ તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળ.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી-૫૭૦૦/૯૫.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે હેડ ક્વાર્ટર કંપનીના જૂથ-૧૦ના જવાનોનું વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૫ સુધી શેરૂલ્લા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ, હું, ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૬૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૫ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ, સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતી તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ત્યાં ચરાવવામાં આવતા ઢોર ઢાંખર વિગેરેને સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૫ સુધીના રોજ પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

ડી. બી. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ઉ/મકપ/૯૫-વશી-૧૯૧૬/૯૫.—પંચમહાલ જિલ્લાના નીચે જણાવેલ તાલુકાના ગામોમાં કોલેરા પોઝીટીવના કેસો થયેલા હોવાથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નંબર ક્રમાંક-નિરોગ-ટેક-વશી-૩૨૭૯તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી આ ગામોને કોલેરાગ્રસ્ત તથા તે તાલુકાઓને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા માંગણી કરેલ છે.

તાલુકાનું નામ	ગામનું નામ
ઝાલોદ	કાલીગામ ગુર્જર

ઉપરોકત સંજોગોમાં જાહેર આરોગ્યની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવા જરૂરી જણાય છે. વાસ્તે હું સી. એલ. મીના (આઈ.એ. એસ.) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ, ગોધરા, કોલેરા રેગ્યુલેશન એકટની કલમ-૨ અને ૩ અન્વયે મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ ગામોને કોલેરાગ્રસ્ત તરીકે અને તે તાલુકાઓના સમગ્ર વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરું છું.

કોલેરાગ્રસ્ત ગામનું નામ	કોલેરા ભયગ્રસ્ત તાલુકાનું નામ
કાલીગામ ગુર્જર	ઝાલોદ

INDEX

મામલતદારશ્રી, ઝાલોદને અનુક્રમે ઝાલોદ તાલુકાના વિસ્તાર માટે કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુક્ત કરું છું જેમણે કોલેરા રેગ્યુલેશન એકટ મુજબ નિયમોનુસાર પગલાં લેવા કાર્યવાહી કરવી.

આ જાહેરનામું બહાર પાડયા તારીખથી-૬ (છ) માસ સુધી અમલમાં રહેશે.

ગોધરા, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

સી. એલ. મીના,
કલેકટર અને
જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.

જાહેરનામું

નંબર ઉમકબ/આરોગ્ય/વશી/૨૪૪૫/૩/૯૫.—ખેડા જિલ્લાના નડીઆદ તાલુકાના મહુધા ગામમાં એક કેસ કોલેરા પોઝીટીવ તરીકે માલુમ પડેલ છે. જેથી કોલેરાનો ઉપદ્રવ ન વધે તે હેતુથી અને જાહેર આરોગ્યની દ્રષ્ટિએ સાવચેતીના પગલાંરૂપે મહુધા ગામને કોલેરાગ્રસ્ત જાહેર કરવા જરૂરી બન્યું છે.

સને ૧૮૯૭ના વાવડ રોગ અધિનિયમ-૩ની કલમ-૨ (બી) વંચાણે લેતાં અને કલમ-૨ થી મળેલ સત્તાની રૂઈએ હું પી. ડી. વાઘેલા, આઈ.એસ.એસ. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા આથી મહુધા ગામને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરું છું.

આ અંગે જરૂરી તમામ પગલાં લેવા સારુ મામલતદારશ્રી, નડીઆદ ગ્રામ્યને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરું છું. આ જાહેરનામું તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

ખેડા, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ અને
કલેકટર, ખેડા.

જિલ્લા કલેકટર દ્વારા

જાહેરનામું

જમીન મહેસૂલ નિયમોના નિયમ ૮૧ (૧) તથા ૮૧ (૨) હેઠળ

નંબર ઉ.મ.ક.અ/આરઈવી/જા.નં./વશી.—અમદાવાદ જિલ્લામાં તારીખ ૫મી જુલાઇ ૧૯૯૫ થી પંચાયત વિસ્તારમાંથી નીચેના ત્રણ ગામોનું બરો નગર પાલીકામાં રૂપાંતર થયેલ છે. જેથી જમીન મહેસૂલ નિયમોના નિયમ ૮૧ (૧) હેઠળ બીન-ખેતીના આકાર નક્કી કરવાના હેતુથી તે ગામોનું નીચે પ્રમાણે વર્ગીકરણ જાહેર કરવામાં આવે છે.

અનુ. નંબર.	બરો નગરપાલિકા	તાલુકો	વર્ગ
૧	સરખેજ ઓકાફ બરો નગરપાલિકા	સીટી	૧
૨	રામોલ બરો નગરપાલિકા	દસક્રોઇ	૧
૩	વસ્ત્રાલ બરો નગરપાલિકા	,,	૧

ઉપરોકત વિસ્તારના નીચે પ્રમાણે બીન ખેતીના આકાર જમીન મહેસુલ નિયમ ૮૧ (૧) હેઠળ જાહેર કરવામાં આવે છે :

દર ચો. મી. ના વાર્ષિક દર પૈસામાં નિયમ ૮૧ (૧) હેઠળના વિસ્તારો માટે.

વર્ગ	રહેણાંક	ઉદ્યોગો માટેનો ઉદ્યોગ		વાણીજ્ય અને બીજ ઉપયોગ માટે
		ગ્રામોદ્યોગ	બીજ ઉદ્યોગો	
...	પૈસા	પૈસા	પૈસા	પૈસા
...	...	...	...	...
૧	૮	૧૨	૧૨	૧૬

ઉપરોકત જાહેરનામાનો અમલ તારીખ ૫મી જુલાઇ ૧૯૯૫ થી કરવાનો રહેશે.

વિપુલ મિત્રા,
જીલ્લા કલેકટર,
અમદાવાદ.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ.

નંબર જાહેરનામું વશી/૪૪૩૯ થી ૪૪૫૪/૯૫.—ડભોઇ તાલુકા ડભોઇ શહેરના નીચે જણાવેલ માધ્યમિક શાળાઓમાં તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ થી ન્યુ. એસ. એસ. સી. તથા એચ. એસ. સી. ની પરીક્ષા લેવાનાર છે. સદરહું પરીક્ષાના કેન્દ્રમાં અનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષા કેન્દ્રના સ્થળે પ્રવેશ કરી શાંતિ જોખમે તેવો સંભવ છે. વિદ્યાર્થી ઓ શાંતીથી પરીક્ષા આપી શકે તે માટે નીચે પ્રમાણેનું હુકમ કરવામાં આવે છે

હું ડી. એન. મોદી (જી. એ. એસ.), સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ડભોઇ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી આદેશ આપું છું કે અને ફરમાવું છું કે નીચે પરિશિસ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાના સમય દરમ્યાન માધ્યમિક શાળાઓના પરીક્ષા કેન્દ્રના સ્થળેથી ૨૦૦ મીટર વિસ્તાર પ્રતિબંધીત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું. આથી અન-અધિકૃત કોઈપણ વ્યકિતએ દાખલ થવું નહી કે દાખલ થવા દેવું નહી.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ની જોગવાઇ મુજબ પગલાં લેવાના પાત્ર થશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	શાળા કેન્દ્રનું નામ	સમય
(૧) ડભોઇ	(૧) વિભાગ હાઇસ્કુલ, ડભોઇ (૨) મહેદવીયા સાર્વજનિક હાઇસ્કુલ, ડભોઇ (૩) વીઠલ નાથજી વિધામંદીર ડભોઇ (૪) આર. જી. પંડયા હાઇસ્કુલ ડભોઇ (૫) દયારામ શારદા મંદીર, ડભોઇ	તા. ૪થી ઓકટોબર ૧૯૯૫થી ૧૭મી ઓકટોબર ૧૯૯૫ સુધી.

ડભોઇ, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ડી. એન. મોદી,
સબ-ડીવિઝનલ મેજિસ્ટ્રેટ,
ડભોઇ.

INDEX

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule 6]

No. ULC-6 (i) Case No. 5/146,5/822 Surat city/Unit-4.—Whereas draft statement dated 8th September 1995 was served on (1) Shri Krusan Gopal Thakrdas Jariwala Shri (2) Ramanlal Thakordas Jariwala under sub-section (3) of Section 8 of the Urban Land (Ceilings & Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling & Regulation) Rule 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 8th September 1995 under section 9 was served on him in the manner refered to in the said sub-section 3 of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that :

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat: and

(ii) All, the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Ramarks
				Survey No./Final Plot No.	Area in Sq. mts.	
1	2	3	4	5 (a)	5(b)	6
1	Shri krusan Gopal Thakordas Jariwala	Fulpada	Chorasi	82/1	4692.88	
1	Shri Ramanlal Thakordas Jariwala					

Surat, 25th April 1996.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૬ (૧) કેસ નં. ૫/૧૪૬, ૫/૮૨૨સુ. શહેર યુનિટ-૪.—જે અર્થે (૧) શ્રી કૃષ્ણગોપાલ ઠાકોરદાસ જરીવાલા (૨) રમણલાલ ઠાકોરદાસ જરીવાલા એ ધારણ કરેલ ખુલ્લીજમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં.૩ પ્રમાણેનું તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૫ નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલા હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરું છું કે :—

INDEX

(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને

(૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્ય-પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી કૃષ્ણગોપાલ ઠાકોરદાસ જરીવાલા	ફુલપાડા	ચોર્યાસી	બ્લોક નંબર ૮૨/૧	૪૬૯૨.૮૮	
૨	,, રમણલાલ ઠાકોરદાસ જરીવાલા					

સુરત, તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૬.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC 6 (i) Case No. 834 / 84 / Fulpada / Unit-4.—Whereat draft statement dated 24th December 1982 was served on Shri Devidas Shantilal Dakoriya Gardience of Minor Ashokkumar Shantilal. under sub-section 3 of Section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rule, 1976 in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections a final statement dated 26th July, 1993 unber section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exrercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I hereby notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit :—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No./ Final Plot No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Davidas Shantilal Dakoriya Gardience of Minor Ashokkumar Shantilal.	Fulpada	Chorasi	89/paiki 88	4288.88 6171.47	
					10460.35	

Surat. 30th April 1996.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી./૬(૧) કેસ નં. ૮૩૪/૮૪/ ફુલપાડા/યુનિટ-૪.—જે અર્થે સગીર અશોકકુમાર શાંતીલાલના વાલી દેવીદાસ શાંતીલાલ ડાકોરીયાએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૮૨નું મુસદ્દા પત્રક વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજૂ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૩નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે,—(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	સગીર અશોકકુમાર શાંતીલાલના વાલી દેવીદાસ શાંતિલાલ ડાકોરીયા	ફુલપાડા	ચોર્યાસી	૮૯/પકી ૮૮	૪૨૮૮-૮૮ ૬૧૭૧-૪૭ ૧૦૪૬૦-૩૫	

સુરત, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૬.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with Rule-6].

No. ULC--6 (i)/Case No. 1281/88 to 1284/88 Surat city-Unit-4.—Whereas draft statement dated 30th October, 1982 was servedon Partners of the Partnership firm of Nathubhai Bhanabhai and others, under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objections to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 5th June 1996 under section 9 was servedon him in the manner referred to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land specified in the Schedule may file their claims in respect of the said land personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

INDEX

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No. Final plot No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5(a)	5(b)	6
1	Partners of the Partnership firm of Nathubhai Bhanabhai 1 Jamiyatram Nathubhai 2 Manchharam Nathubhai 3 Kalidas Nathubhai 4 Ambaram Nathubhai	Khatodra —Do—	Chorasi	25 Paiki F.P.No. 247 Paiki Plot No. 3 25 Paiki F. P. No. 247 Paiki Plot No. 4	3342-52 400-82	
					Total 3743.34	

Surat, 11th June, 1996.

P. B. THAKAR,
Competent Authority
and Deputy Collector, U.L.C,
Surat.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ. ઓલ. સી./૬(૧) કેસ નં. ૧૨૮૧/૮૮ થી ૧૨૮૪/૮૮/સુ.શ. યુનિટ-૪.—જે અર્થે શ્રી નાથુભાઈ ભાણાંભાઈની ભાગીદારી પેઢીના વારસદારો જમીયતરામ નાથુભાઈ વિગેરેએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮(૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નંબર ૩ પ્રમાણેનુ તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૮૨નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૫મી જૂન ૧૯૯૬નું આખરી પત્રક કલમ-૮ (૩)માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ હું આથી જાહેર કરૂં છું કે.—(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે. અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હકક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	નાથુભાઈ ભાણાંભાઈની ભાગીદારી પેઢીના વારસદારો. ૧ જમીયતરામ નાથુભાઈ ૨ મંછારામ નાથુભાઈ ૩ કાળીદાસ નાથુભાઈ ૪ અંબારામ નાથુભાઈ	ખટોદરા —એજન	ચોર્યાસી	૨૫ પૈકી ફા.પ્લોટ નં. ૨૪૭ પૈકી પ્લોટ નં. ૩ ૨૫ પૈકી ફા. પ્લોટ નં. ૨૪૭ પૈકી પ્લોટ નં. ૪	૩૩૪૨-૫૨ ૪૦૦-૮૨	
					કુલ ૩૭૪૩—૩૪	

સુરત, તારીખ ૧૧મી જુન ૧૯૯૬.

પી. બી. ઠાકર,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા, સુરત.

INDEX

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6].

No. ULC/1076-1115-D-1390 / Sama. —It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land made by them personnally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Jasbhai Ramanbhai Patel.

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq.mtrs.	
1	2	3	4-a	4-b	5
Vadodara	Vadodara	Sama	41	12849	

Vadodara, 12th March, 1996.

સક્ષમ અધિકારી અને અધિક કલેકટર દ્વારા

જાહેરનામું

ગ્રહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦(૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ. એલ. સી. / ૧૦૭૬ / ૧૧૧૫-ડી / ડે. નં. ૧૩૯૦ / સમા /૯૬.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ સખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે, તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડયુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : જસભાઈ રમણભાઈ પટેલ

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર ચો.મી.	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	સમા	૪૧	૧૨૮૪૯	

વડોદરા, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૬.

INDEX

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with rule 6].

No. ULC/1076-1115-D-D.No.5993,5994,8611/Sama.8/96—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

SCHEDULE

Name of the holder : Navab Mir Majarudin Nurudin Husainkhan.

Details of vacant lands to be acquired.—

District	Taluka	Village	Description of the land		Remarks
			Survey No.	Area (Sq. Mtrs.)	
1	2	3	4-(a)	4-(b)	5
Vadodara	Vadodara	Sama	657/paiki	107	

Vadodara, 12th March 1996.

S. A. GOLAKIA,
Competent Authority and
Additional Collector (U.L.C.),
Vadodara, Unit No. 3.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર]

નંબર યુ.એલ.સી./૧૦૭૬/૧૧૧૫ ડી.ડે.નં./૫૯૯૩/૫૯૯૪/૮૬૧૧/સમા.—આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશે.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીકી સદરહુ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : નવાબ મીરમજરૂદિન નરૂદિન હુસૈનખાન

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સ. નં.	વિસ્તાર ચો.મી.	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	સમા	૬૫૭ પૈકી	૧૦૭	
			કુલ	૧૦૭	

વડોદરા, તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૬.

એસ. એ. ગોળકીયા,
સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર,
(શ. જ. ટો. મ.) વડોદરા, યુનિટ નં. ૩.

INDEX

Notification

THE URBAN LAND (CELING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC 6 (i) /Majura-Reg 72/87/Unit-5.—Whereas draft statement dated 6th November 1980 was servedon Shrimati Dhangauriben wd/o Chimanlal Kalidas under sub-section 3 of Section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 27th July 1994 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 the said Act I he here by notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette*.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit:—

Sr. No.	Name of the holder	Village	Taluka	Survey No./ Final plot No.	Details of land Area in (Sq. Mts.)	Remarks
1	2	3	4	5(*a*)	5(b)	6
1	Shrimati Dhangauriben wd/o Chimanlal Kalidas	Majura	Chorasi	177/2 147/P	25798 3690 29488	

Surat, 4th September, 1995.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ. સી./૬(૧)મજુરા રજી. ૭૨/૮૭/યુનિટ-૫.—જે અર્થે શ્રીમતિ ધનગૌરી તે ચીમનલાલ કાળીદાસની વિધવા એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮(૩) મુજબ શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૮૨નું મુસદ્દા પત્રક વાંધા રજૂ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજૂ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૪મી જુલાઈ ૧૯૯૫નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરું છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	શેરો
				૫(અ)	૫(બ)	૬
૧	૨	૩	૪			
૧	શ્રીમતિ ધનગૌરીબેન તે ચીમનલાલ કાળીદાસની વિધવા.	મજુરા	ચોર્યાસી	૧૭૭/૨ ૧૪૭પૈ.	૨૫,૭૯૮ ૩૬૯૦ ૨૯,૪૮૮	

સુરત, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૫.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6].

No. ULC-6 (i) 2/211/2/210/2/453/Adajan/Unit-6.—Whereas draft statement dated 9th December, 1981 was served on Shri Naginbhai Dahyabhai Patel & Others under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from her and after hearing the party and considering the objections a final statement dated 21th December, 1995 under section 9 was served on her in the manner referred to in the said sub-section (3) of section-8.

Now, therefore, in exercise of the power conferred on me under sub section (1) of section 10 of the said Act I hereby notify that.—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat and.

(ii) All the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit. :—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No./ Final plot No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5(a)	5(b)	6
1	Smt. Nirmalaben W/o. Naginbhai Dahyabhai & Others	Adajan	Chorasi	157 + 263 Paiki T. P. 13, F. P. No. 156.		5189.19
2	-do-	Adajan	Chorasi	180/1		1922.00
3	-do-	Adajan	Chorasi	228/1 Paiki T. P. 13, F. P. No. 155 Paiki		725.99
						7837.18

Surat, 10th June 1996.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૬(૧)૨/૨૧૧,૨/૨૧૦,૨/૪૫૩/અડાજણ/યુનિટ-૬.—જે અર્થે શ્રી નગીનભાઇ ડાહ્યાભાઇ પટેલ અને બીજાઓએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ,૧૯૭૬ની કલમ-૮(૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૯મી ડીસેમ્બર ૧૯૮૧નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૭ ડીસેમ્બર ૧૯૯૫નું આખરી પત્રક કલમ-૮ (૩) માં કરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારી રૂએ, હું આથી જાહેર કરું છું કે :—

(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે, અને

(૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		
				સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રીમતી નિર્મલાબેન તો નગીનભાઇ ડાહ્યાભાઈની વિધવા અને બીજાઓ	અડાજણ	ચોર્યાસી	૧૫૭+૨૬૩પૈ ટી. પી. ૧૩ ફા.પ્લોટ નં. ૧૫૬	૫૧૮૯.૧૯	
૨	,,	અડાજણ	,,	૧૮૦/૧	૧૯૨૨.૦૦	
૩	,,	અડ જણ	,,	૨૨૮/૧ પૈ. ટી. પી. ૧૩ ફા. પ્લોટ નં. ૧૫૫ પૈ.	૭૨૫.૯૯ ૭૮૩૭.૧૮	

સુરત, તારીખ ૧૦મી જુન ૧૯૯૬.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *read* with Rule 6].

No. ULC 6(1)/ 443/85,1/207/E/Udhna Unit-6.—Whereas draft statement dated 28th November 1985 was servedon Shri Jivanlal Joytaram Prajapati under sub-section (*3*) of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 in Form III adended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him/her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him/her and after hearing the party and considering the objections a final statement dated 30th November 1995 under section 9 was served on him/her in the manner referred to in the said sub-section (3) of section 8.

Now therefore in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

INDEX

(ii) All persons interested in the vacant land specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No./ Final plot No.	Area in Sq.Mts.	
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Jivanlal Joytaram Prajapati	Udhna	Chorasi	68.295	Paiki. 3055.89	

Surat, 30th Juner, 1996,

R. M. PATEL,
Competent Authority and Additional Collector,
Urban Land Ceiling, Surat.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી. /૬ (૧)-૪૪૩/૮૫૧,/૨૦૭ ઈ /ઉધના યુનિટ-૬.—જે અર્થે, શ્રી જીવણલાલ જોઈતારામ પ્રજાપતિ એધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૮૧નું મુસદ્દા પત્રક વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૫નું આખરી પત્રક કલમ-૮ (૩)માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરું છું કે :— (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી જીવણલાલ જોઈતારામ પ્રજાપતિના વારસ જયંતિલાલ જીવણભાઈ વગેરે	ઉધના	ચોર્યાસી	૬૮-૨૯૫ પૈકી	૩૦૫૫-૮૯	

સુરત, તારીખ ૧૦મી જુન ૧૯૯૬.

આર. એમ. પટેલ,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા, સુરત.

INDEX

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

ક્રમાંક કોલેરા/નિયંત્રણ/વશી.—પંચમહાલ જિલ્લાના ઝાલોદ તાલુકામાં કોલેરાના ચેપી રોગનો વાવર ફેલાય એવી સંભાવના છે. ઝાલોદ તાલુકામાં ચેપી રોગ પ્રસરે નહિ તે હેતુથી મે. કલેકટર સાહેબ પંચમહાલ ગોધરાના જાહેરનામાના આધારે ઝાલોદ તાલુકાના કાલીગામ, ગુર્જર ગામને કોલેરાગ્રસ્ત જાહેર કરેલ છે. તેમજ ઝાલોદ તાલુકાને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરેલ છે. આ જાહેરનામાના આધારે જાહેર આરોગ્યની દૃષ્ટિએ સાવચેતીની પગલાં લેવાનું જરૂરી જણાય છે.

ઝાલોદ તાલુકાના કોલેરાના રોગનો ફેલાવો અટકાવવા માટે મે. કલેકટર સાહેબ પંચમહાલ ગોધરાના જાહેરનામા નંબર ઉ-મકય/૯૫/વશી ૧૯૧૬/૯૫ તારીખ ૨૯-૯ સપ્ટેમ્બર, ૧૯૯૫થી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર ઝાલોદની નિમણુંક કરવામાં આવેલ છે.

વાસ્તે હું, શ્રી સી. વી. ચૌધરી, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, ઝાલોદ કોલેરાના નિયંત્રણ માટે તથા ફેલાવો થતો અટકાવવા માટે નીચે મુજબના આદેશોનો તાત્કાલિક અમલ કરવા ફરમાવું છું.

(૧) ઝાલોદ તાલુકામાં આવેલ તમામ પ્રાથમિક શાળાઓ હાઈસ્કૂલો અને છાત્રાલયોમાં બાળકોને જે પીવાનું પાણી પુરૂ પાડવાની ટાંકી તથા પાઈપ સંપુર્ણપણે સાફ કરી પીવાના પાણીની ટાંકીમાં જંતુનાશક દવા નાંખી સ્વચ્છ પાણી પુરુ પાડવાની વ્યવસ્થા જે તે શાળા છાત્રાલયોના સંચાલકો, તથા આચાર્યશ્રીઓએ કરવી તથા આ બાબત પ્રમાણપત્ર જે તે વિભાગના મેડીકલ ઓફીસરશ્રી પાસેથી મેળવી અત્રે રજુ કરવું.

(૨) શાળા છાત્રાલયોના કૂવા કે બહાર ખાણી પીણીની ચીજ-વસ્તુઓ ન વેચાય તે માટે આચાર્યશ્રીઓએ કાળજી લેવી અને જરૂર જણાયે અત્રે જાણ કરવી.

(૩) ઝાલોદ તાલુકામાં આવેલ તમામ ખાનગી હોસ્પીટલો, નર્સીંગહોમો, પ્રાઈવેટ પ્રેકટીશનરો, રકતદાન કેન્દ્ર અને લેબોરેટરીઓ વગેરેએ તેમના દ્વારા દર્દીઓને ઈન્જેકશન આપવા માટે વાપરવામાં આવતી સીરી જ તથા સોય તેમજ લોહી લેવા માટે કે આપવા માટે વાપરવામાં આવતી સીરીજ તથા સોય લેબોરેટરીમાં તપાસવામાં આવતા તેમાં વાપરવામાં આવતી સીરીજ કે સોયનો ઉપયોગ કરતાં પહેલાં તેનો ઓટો કિલ્વીન્સ અથવા ઓછામાં ઓછી ૧૫ મીનીટ સુધી પાણીમાં ઉકાળીને જે ફરજીયાત સ્ટેરીલીગેશન કરવાનું રહેશે. અને તે માટે જરૂરી સાધનો તથા દરેક સ્થળો ફરજીયાત રીતે રાખીને વાપરવાની રહેશે.

(૪) પીવાના પાણી, ખાવાપીવાની વસ્તુઓ વેચતા તમામ લારી ગલ્લાવાળાઓએ ખાદ્ય પદાર્થો યોગ્ય રીતે ઢાંકવા માટે લારી ગલ્લા ઉપર કાયમી જાળી લગાડીને અથવા જંતુઓ અંદર પ્રવેશ ન કરે તેવી જાળી લગાવીને ખાદ્ય પદાર્થો ફરજીયાત રીતે ઢાંકેલા રાખવા પડશે. અને જ્યાં સુધ આ વ્યવસ્થા રાખવામાં ન આવે ત્યાં સુધી લારીગલ્લાવાળાઓએ તાલુકાની કોઈપણ જગ્યાએ ખાદ્યપદાર્થો વેચી શકશે નહિ.

(૭) ખાવાપીવાની વસ્તુઓ વેચતા લારી ગલ્લાવાળાઓએ પેપર ડીસનો ઉપયોગ ફરજીયાત રીતે કરવાનો રહેશે. ત્યાં પીવાના સ્વચ્છ પાણીની કોકવાળો નળો (કોઠી) હવાચુસ્ત ઢાંકણવાળો રાખવાનો રહેશે.

(૮) અસરગ્રસ્ત વિસ્તારમાં આવેલ ખાવાપીવાના સ્થળો લારી ગલ્લાવાળાઓએ કે પાણીની પરબો પીવાનું પાણી માટીની કોઠીમાં રાખી શકશે નહિ. બરફવાળું પાણી વેચતી ફરતી મશીનની ટ્રોલીઓ દ્વારા જંતુરહીત કરેલ ન હોય તેવું પીવાનું પાણી કોઈને પીવા માટે આપી શકાશે નહિ. સિવાય કે તેના સાધનોનો ઉપયોગ કરતાં-પહેલાં જે તે વિસ્તારમાંના નજીકના મેડીકલ ઓફીસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રએ જરૂરી પ્રમાણપત્ર આપ્યું હોય તેવા લારી ગલ્લાવાળાઓએ ફરજીયાતપણે કલોરીનની ટીકડીઓ વેચાતી મેળવી પાણી પોતાની તકેદારી હેઠળ જંતુરહીત કરવાનું રહેશે.

(૯) તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારમાં કોઈપણ જગ્યાએ શેરડીનો રસ તેમજ કાપેલાં ફળો વેચી શકાશે નહિ. સિવાય કે આવી વસ્તુ-ઓના વેચાણની સ્વયં સ્વચ્છતાની પુરેપુરી વ્યવસ્થા રાખવામાં આવી હોય અને માખી બેસી શકે નહિ તેવી ખાસ વ્યવસ્થા રોગકારક હોવાનું આરોગ્ય અધિકારીશ્રી કે કર્મચારી તેમજ ચીફ ઓફિસરશ્રીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૧૦) બરફ બનાવનાર કારખાનાના માલીકોએ બરફ બનાવવા માટે કલોરીન વોટર જંતુરહીત પાણીનો ઉપયોગ કરવાનો રહેશે. જો તેમ કરવામાં નહી આવે તો તેમનું લાયસન્સ રદ કરવામાં આવશે.

ઉપરોકત સુચનાઓનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસર પગલાં લેવામાં આવશે તેની નોંધ લેવી.

આજરોજ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કો કરીને આપ્યું.

સી. વી. ચૌધરી,
મામલતદાર ઝાલોદ અને
કોલેરા નિયંત્રણ અધિકારીશ્રી, ઝાલોદ

ભાગ—૧

અસાધારણ રાજયપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ-ના આધારે)

તારીખ ૬, ૧૩, ૨૦, ૨૭ માહે જૂન સન ૧૯૯૬ના રોજ પૂરા થયેલા અઠવાડિયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજયપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૯૨/૮ મે ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨	૧૦૩/૧૪મી જૂન, ૧૯૯૬	કલેકટર, સાબરકાંઠા

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G-BA-14E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, JULY, 4, 1996 / ASADHA 13, 1918 [No. 27

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compliation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	305-322
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-B, under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	28
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	1221-1252
Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	663-666

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ક્રમાંક ઉ-ગપક-૪૮/જ/૬૫૯/૭૫૭૮/૯૫ .—હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર અમદાવાદ જાહેર, મને બોમ્બે પોલીસ એકટ, ૧૯૫૧ (બોમ્બે એકટ-૨૨, સને ૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (યુ) થી મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના જાન માલની તેમજ મિલ્કતોની સલામતી માટે નીચે મુજબના હુકમ કરૂ છું.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈપણ ઈસમ જાહેર રસ્તા ઉપર તેમજ રસ્તાની ૨૦ ફુટની અંદરના વિસ્તારમાં કોઈપણ જાતનું દારૂખાનું તેમજ દૂર ફેંકી શકાય તેવા બલુનના રોકેટ, હવાઈ અથવા કોઈપણ નામે ઓળખાતા કોઈપણ પ્રકારના ફટાકડાના ફોડી શકશે નહી તેમજ ફેંકી શકશે નહી. કોઈપણ ઈસમ કોઈપણ વ્યકિત પર કે પશુ/પક્ષી પર તથા રસ્તા ઉપર કે મકાન ઉપર દારૂખાનું પડે તેવી રીતે ફોડી શકશે નહી કે ફેંકી શકશે નહી.

INDEX

સદરહુ તારીખ ૧૨મી ઓક્ટોબર ૧૯૯૫ થી તારીખ ૧૧મી નવેમ્બર ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

હુકમ

ક્રમાંક ઉ-ગપક-૪૮/જ/૬૫૯/૭૫૭૯/૯૫.—હું એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને બોમ્બે પોલીસ એકટ ૧૯૫૧ (બોમ્બે એકટ-૨૨, સને ૧૯૫૧) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (યુ) થી મળેલ સત્તાની રૂએ જાહેર જનતાની જાન માલ તેમજ મિલકતોની સલામતી માટે નીચે મુજબ હુકમ કરૂ છું.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ સાબરમતી વિસ્તારમાં ચેનપુર રોડ પાસે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનનો ડેપો છે તે ડેપોની હદથી ૬૦૦ મીટરની હદમાં કોઈ વ્યકિત કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકશે નહી.

સદરહુ હુકમ તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૧૧મી નવેમ્બર ૧૯૯૫ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૨૬૯/વિ. શા./૧૯૯૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી મને મળેલ સત્તાની રૂએ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ તારીખ ૧૭મી ઓકાટોબર, ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી ૩૧મી ઓકટોબર, ૧૯૯૫ના કલાક-૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહિ.

વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ ૧૪૫ની પેટા કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨ માહે ઓકટોબર, સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) નો હુકમ.

નંબર ઉ/ગપક/૨૭૦/વિ. શા./૧૯૯૫.— અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાન્તી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે તેમજ અમદવાદ શહેર પોલીસ કમિશ્નરની હુકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવાં હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ શાંતી તથા સલામતી માટે આવાં હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક ખંજર તથા સામાન્યરીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ રીતે શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાનો, એકઠા કરવાનો તથા તૈયાર કરવાનો.

(ગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોએ ગીતો બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી, તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની. દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો

INDEX

ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજે અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીઓ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તો તે વ્યકિતને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૨૭૧/વિશા/૧૯૯૫ :— અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આ ઉપરથી મને મળેલ સત્તાની રૂએ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૫ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાડ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતની ફોજદારી અધિનિયમન સને ૧૮૬૦ ના અધિનિયમ ૧૪૫ ની પેટા કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ -૪૩ મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૨૭૨/વિ. શા./૧૯૯૫.—તારીખ ૧૦મી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૫ સુધી મણીનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ શાહઆલમ રોજા પાસે ભરાનાર ઉર્સના મેળામાં જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવું લાગે છે,

વાસ્તે હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૪૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચેના નિયમોનું મેળામાં ભાગ લેનાર દરેક વ્યકિતએ પાલન કરવા બંધાયેલા છે.

(૧) કોઈપણ યાત્રાળુએ પીવાનું પાણી મેળામાં રાખવામાં આવેલ પાણી પાનાર પાસેથી મેળવી શકશે.

(૨) સળી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુધ્ધ પીણાં મેળાનાં વિસ્તારમાં કોઈ વેચી શકાશે નહીં, ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરિક્ષક આવી વસ્તુઓ જપ્ત કરી શકશે. અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પુરી પાડી શકશે.

(૩) ખાસ નક્કી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળામાં વિસ્તારમાં કોઈપણ બીજી જગ્યાએ કોઈપણ શખ્સ કે પેશાબ કરશે નહીં.

(૪) પોતાના વિસ્તારમાં હાજર રહેલા આરોગ્યનિરીક્ષક હાની તથા ઠંડા પીણાની અને ખાનપાનની દુકાનો તપાસી શકશે અને સ્વચ્છતા માટે જરૂરી સુચનાઓ આપશે,જે સુચનાઓનો અમલ કરવાને શખ્સ બંધાયેલા છે.

(૫) ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગ ચાળો અટકાવવા માટે જવાબદાર કર્મચારીઓ દરેક યાત્રાળુને જરૂર પડે તપાસી શકશે, અને મરડા, શીતળા, કોલેરા, કે એવા ચેપી રોગ થી પીડાતા દર્દીને તાત્કાલિક મેળા વિસ્તાર બહાર ખસેડી શકાશે.

INDEX

ઉપરના નિયમોનો ભંગ કરનાર તથા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૯ મુજબ વધુમાં વધુ ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦ દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

આજ તારીખ ૬ ઠ્ઠી માહે નવેમ્બર સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબ

નંબર ઉ/ગપક/૨૭૩/વિ. શા./૧૯૯૫.— અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આ ઉપરથી મને મળેલ સત્તાની રૂએ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૫ ક. ૦૦--૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૫ ના ક. ૨૪--૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં! અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર ;

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર

અપવાદ ;

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ ૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૯ ના અધિનિયમ ૧૪૫ ની પેટા કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫ માહે નવેમ્બર, ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

ઓમ. એમ. મહેતા,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) હેઠળ નિયમ.

ક્રમાંક જાહેરનામું / ઉગપક / ૧૪૨૨/૯૫ / ૨૩૯૧૪/૯૫.— મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ (સને ના મુંબઈ ના ૨૨ માં ની કલમ ૩૩ ની પેટા કલમ (૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ- વડોદરા શહેરમાં ચાર દરવાજા વિસ્તારમાં સ્થળોએ (દર્શાવેલ રસ્તા) પર) "યુ-ટર્ન" તેમજ જમણી બાજુ વળવા ઉપર પ્રતિબંધ તમામ પ્રકારના વાહનો માટેનો નિયમ જાહેર કરવા અંગેનું પ્રાથમિક જાહેર-નામું અત્રેના જાહેરનામા / ઉગપક / ૧૯૩૯૪ / ૯૫, તારીખ ૧ લી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી બહાર પાડવામાં આવેલ હતું આ અંગે આજ દિન સુધી કોઈ વાંધા--સૂચનો આવેલ નથી જેથી નીચે પ્રમાણે આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

આખરી જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ છે.

(૧) લહેરીપુરા દરવાજા થી મહાત્મા ગાંધી રોડ માંડવી સુધીનો વિસ્તાર રોડ.

(૨) ચાંપાનેર દરવાજા થી બેન્ક રોડ— માંડવીને જોડતો રોડ.

(૩) પાણીગેટ દરવાજા થી માંડવીને જોડતો રોડ.

(૪) ગેંડીગેટ દરવાજાથી માંડવીને જોડતો રોડ.

એટલે કે ચાર દરવાજા ને માંડવી સાથે જોડતા ચારે રસ્તાઓ ઉપર સ્થળો ઉપર તમામ પ્રકારના વાહનો ને "યુ--ટર્ન" લેવા તેમજ જમણી બાજુ વળવા ઉપર "પ્રતિબંધ" મુકવાનો નિયમ કરું છું.

મેં આજ રોજ તારીખ ૨૧ માહે નવેમ્બર, ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

જિલ્લા પોલીસ અધિકારી દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના પોલીસ કાયદાની કલમ--૩૬(સી) મુજબ.

નંબર એલ.આઈ.બી. / અંબાજી / જાહેરનામું .—હું સંજીવ ભટ્ટ, જિલ્લા પોલીસ અધિકારી બનાસકાંઠા, પાલનપુરના મુંબઈ પોલીસ કાયદાની કલમ--૩૬ (સી) ની રૂએ મળેલ સત્તાથી જાહેર જનતાની સગવડ સાચવવા માટે દાંતા તાલુકાના અંબાજી મુકામે તારીખ ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૫ સુધી કાર્તકી પુનમનો મોટો મેળો ભરાનાર હોઈ નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરું છું.

(૧) અંબાજી મંદીરમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા દર્શનાર્થી સ્ત્રી-અને પુરૂષ અલગ અલગ લાઈનમાં ઉભા રહેશે.

(૨) યાત્રાળુઓ તેમના વારા પ્રમાણે એક પછી એક પ્રવેશ દ્વારમાં દાખલ થશે. અને ધક્કા મુક્કી કરશે નહીં. અને શાન્તી જાળવશે.

(૩) મંદીરમાં દર્શન કર્યા બાદ તાત્કાલીક મંદીરમાંથી બહાર જવાના રસ્તે થી શાન્તી પૂર્વક બહાર નીકળી જશે.

INDEX

(૪) મંદીરમાં દર્શનાર્થીઓ તથા બીજા યાત્રાળુઓ ફરજ ઉપર ના પોલીસ કર્મચારીઓ હોમગાર્ડના સભ્યોના કાયદેસરના હુકમનું પાલન કરશે.

જો કોઈ યાત્રાળું ઉપર જણાવેલ નીયમોનું ઉલ્લંઘન કરશે તો બોમ્બે પો. એક્ટ કલમ-૧૩૪ મુજબ રૂા. ૨૦૦ દંડ ને પાત્ર થશે. તેમજ-- ઈ. પી. કો. ક. ૧૮૧ મુજબ પણ ગુનાને પાત્ર થશે.

પાલનપુર, તારીખ ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૫.

સંજીવ ભટ્ટ,
જિલ્લા પોલીસ અધિકારી, બનાસકાંઠા, પાલનપુર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/મુ.મ./ફાયરીંગ પ્રેકટીસ/૯૫/૩૬૯૪૧.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૪) મુજબનું જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામના નજીકના ફાયરીંગ બટ સર્વે નંબર ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નંબર ૮ની વચ્ચે આવેલ જમીન ઉપર તારીખ ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૫થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૫ સુધી સુરત શહેરના પોલીસ ઓફિસર્સ તથા પોલીસના માણસોની ફાયરીંગ પ્રેકટીશ થનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ પ્રતિબંધિત હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું સી. આર. પરમાર નાયબ પોલીસ કમિશનર, પોલીસ કમિશનરશ્રી સુરત શહેરના હુકમ નંબર કે.એમ. સી.બી.-૧/૧૯૮૮/ ૨૯૦૬૫-તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે મળેલ, સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત શહેર જીલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીકના આવેલ સર્વે નંબર ૯૪, ૯૫, ૯૬, સને સર્વે નંબર ૮ની વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તારીખ ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૫ સુધી સવારના ૮-૦૦ થી ૧૮-૦૦ દરમ્યાન સુરત શહેરના પોલીસ ઓફિસર્સ તથા પોલીસ માણસોનો ફાયરીંગ પ્રેકટીશ થનાર હોઈ તે જમીનના આજુબાજુના રહીશોને તથા બહારના કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહી તેમજ તે હદમાં આવેલ તાપી નદીના વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલા પકડવા નહી તેમજ હોડી ઉભી રાખવી નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ઈ. પી. કો કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ નવેમ્બર માસની તારીખ બીજી તારીખે મારા સહી સિક્કા કરી આપેલ છે.

સી. આર. પરમાર,
નાયબ પોલીસ કમિશનર (વહી.)
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. B-7 (i)/2021/1995.--The following Junior Clerks working in the Judicial Department of Bharuch District have been declared passed in higher and Lower Standard Departmental Examinations held on 3rd and 4th July, 1995, in District Court, Bharuch. Their names are arranged in order of merits.

Higher Standard Departmental Examination :

(1) Shri A. I. Jadav,
Junior Clerk, District Court, Bharuch.

(2) Shri A. J. Mehta,
Junior Clerk, District Court, Bharuch.

(3) Shri K. J. Rao,
Junior Clerk, Addl. Sessions Court, Rajpipla.

(4) Shri N. R. Mehta,
Junior Clerk, Civil Court, J. D., Jambusar.

(5) Shri H. T. Patel,
Junior Clerk, Civil Court, J.D., Rajpipla.

(6) Shri A. J. Patel,
Junior Clerk, District Court, Bharuch.

Out of the Successful Candidates in Higher Departmental Examination, Exemption was granted in the paper shown against their names, as under :

Sr. No. 4, Paper Nos. I, II and IV.
Sr. No. 5, Paper Nos. I, II and Oral Test.
Sr. No. 6 Paper Nos. I, II and IV.

Lower Standard Departmental Examination

NIL

Out of the Successful Candidates in Lower Departmental Examination, Exemption was granted in the paper shown against their names, as under :

NIL

Bharuch, 13th December, 1995.

H. H. MEHTA,
District Judge, Bharuch.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

હાઈકોર્ટના સિવિલ મેન્યુઅલ, ૧૯૫૦ ના ફકરા ૫૬૯ના પ્રબંધને અનુલક્ષીને.

ક્રમાંક બી-૭(૧)/૨૦૨૧/૧૯૯૫.—ભરૂચ જિલ્લાના ન્યાય ખાતાની તારીખ ૩જી અને ૪થી જુલાઇ, ૧૯૯૫ ના રોજ જિલ્લા ન્યાયાધિશ કોર્ટ, ભરૂચમાં લેવામાં આવેલ ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણીની પરીક્ષામાં નીચે જણાવેલ જુનીયર કલાર્કો ઉત્તીર્ણ થયેલ છે. તેમના નામ ગુણવત્તા પ્રમાણે ગોઠવવામાં આવે છે.

INDEX

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા

અનુ. નંબર.	નામ	કચેરીનું નામ
૧	એ. આઈ. જાદવ, ક્લાર્ક	ડીસ્ટ્રીક્ટ કોર્ટ, ભરૂચ.
૨	એ. જે. મહેતા, ક્લાર્ક	ડીસ્ટ્રીક્ટ કોર્ટ, ભરૂચ.
૩	કે. જે. રાવ, ક્લાર્ક	એડીશનલ સેસન્સ કોર્ટ, રાજપીપળા
૪	એ. આર. મહેતા, ક્લાર્ક	સીવીલ કોર્ટ જુ. ડી. જંબુસર
૫	એચ. ટી. પટેલ, ક્લાર્ક	સીવીલ કોર્ટ, જુ. ડી. રાજપીપળા
૬	એ. જે. પટેલ, ક્લાર્ક	ડીસ્ટ્રીક્ટ કોર્ટ, ભરૂચ.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારો માંથી નીચે જણાવ્યા મુજબના અનુક્રમ નંબરોને તેમની સામેના પેપરોમાં મુકતી આપવામાં આવેલી હતી.

અનુ. નં. (૪) ... પેપર નંબર ૧, ૨, અને ૪

અનુ. નં. (૫) પેપર ખંબર ૧, ૨ અને મૌખિક પરીક્ષા

અનુ નં. (૬) ... પેપર નં. ૧, ૨ અને ૪

નિમ્ન શ્રેણીની પરીક્ષા.

નથી.

નિમ્ન શ્રેણીની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોમાંથી નીચે જણાવ્યા મુજબના અનુક્રમ નંબરોને તેમની સામેના પેપરોમાં મુકિત આપવામાં આવેલી નથી.

ભરૂચ, તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૫.

હ. હી. મહેતા,
જિલ્લા ન્યાયાધિશ,
ભરૂચ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડી/એમ.એ.જી.-૧/વશી.૪૨૮૮/૪૩૩૦/૯૫.— તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫ ના પ્રાથમિક હુકમનો ખરડો બહાર પાડવામાં આવેલ જે ના અનુસંધાનમાં નિયત મુદતમાં વાંધાઓ આવેલ, જે વિચારણામાં લેવામાં આવેલ છે. વાસ્તે સદરહું હુકમનો ખરડો નીચે પ્રમાણે છેવટનો હુકમ મંજુર કરવામાં આવે છે.

હુકમનો અમલ તાત્કાલીક અસરથી એટલે કે જાહેરનામાની તારીખથી કરવાનો રહેશે.

હુકમ

નંબર ડી/એમ.એ.જી.-૧/ટ્રાફીક.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) ના ખંડ (કે) અન્વયે મળેલા અધિકારોની રૂએ જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા પાલનપુરના રેલ્વેબ્રીજથી ગઠામણ સર્કલ સુધીના રોડ ઉપર સવારના ૯--૦૦ થી બપોરના ૧૨--૦૦ કલાક સુધી ધીમા વાહનો ચલાવવા ઉપર પ્રતિબંધ મુકતો આખરી હુકમ કરે છે. આ સમય દરમ્યાન ધીમા વાહનોએ જિલ્લા કલ્યાણ તે ત્રભવનની જમણી બાજુ પાકો ડામર રોડ છે. ત્યાંથી સરકારી વસાહતથી આંબેડકર નગર સોસાયટીથી લક્ષ્મીપુરા ફાટક ઉપર થઈ ઈદગાહના રસ્તાનો માર્કેટ--યાર્ડ તેમજ અન્યત્ર જગા ઉપયોગ કરવાનો રહેશે.

આજરોજ તારીખ ૨૬મી ઓકટોમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

રાજ ગોપાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા--પાલનપુર.

જાહેરનામું

ક્રમાંક એમ.એ.જી.-વશી-૭૬૮૩.— ભરૂચ જિલ્લામાં આવેલ ફટાકડા લાયસન્સ ધરાવતી દુકાનો જે સ્થળે આવેલ છે. તે સ્થળને સુરક્ષીત રાખવા માટે તથા ત્યાં કોઈ ગંભીર પ્રકારનો બનાવ ન બને-તેની તકેદારી રૂપે તથા જાહેર રસ્તાઓ પર કોઈ વાહનોને કોઈ અડચણ ન ઉભી થાય તે માટે ફટાકડા લાયસન્સ ધરાવતી દુકાનોનાં ૧૦૦ મીટરનાં એરીયા માં તથા જાહેર રસ્તાઓ પર કોઈ પણ વ્યકિતએ ફટાકડા-ફોડવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

આથી હું જી. સી. મુર્મુ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (એચ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, ભરુચ જિલ્લાની હદમાં આવેલ ફટાકડા લાયસન્સ ધરાવતી દુકાનો તથા જાહેર રસ્તાઓ નાં ૧૦૦ મીટરનાં એરીયામાં કોઈપણ વ્યકિતએ ફટાકડા ફોડવા નહિ કે ફટાકડા ફોડવાની કોશિષ કરવી નહિ.

ઉપરોકત જાહેરનામાનો અમલ તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૫ થી ૨૫મી ઓકટોબર, ૧૯૯૫ બંને દિવસો સહિત પ્રતિબંધ કરવામાં આવે છે. ઉપરનાં હુકમનો ભંગ કરનાર વ્યકિતને સદરહુ અધિનિયમની કલમ--૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી માહે ઓકટોબર, ૧૯૯૫ નાં રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) સી-હેઠળ.

ક્રમાંક એમ.એ.જી.-પા. જાહેરનામું/વશી-૭૯૪૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩(૧) સી, આધારે મને મળેલ સત્તાની રૂએ હું જી. સી. મુર્મુ,

INDEX

આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ બહાર પાડવા ધારેલાં જાહેરનામાનો મુસદ્દો અને તેનાથી અસર થતાં લગતાં વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામા આવે છે કે કોઈ પણ વ્યકિત તરફથી સદરહુ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર કોઈપણ વાંધાઓ સૂચનો જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી ભરૂચ તરફ લેખીત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ ૩૩ (૧) સી થી મળેલ સત્તાની રુએ ભરુચ શહેર નગરપાલિકા વિસ્તારમાં આવેલ ભરુચ રેલ્વે સ્ટેશન પાછળ ઓવર-બ્રીજની સામે આવેલ ખુલ્લી જગ્યામાં થ્રીવીલ તથા ફોરવીલ ટેમ્પાઓ પાર્કિંગ કરવામાં આવે તો લોકહીતમાં આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જી. સી. મુર્મુ, આઈ. એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરુચ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) સી હેઠળ મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે,

ભરુચ શહેર નગર પાલિકા વિસ્તારમાં આવેલ ભરુચ રેલ્વે સ્ટેશન પાછળ ઓવરબ્રીજ સામે જુના નેશનલ હાઈવે નં. ૮ ની બાજુની ખુલ્લી જગ્યામાં થ્રીવ્હીલ તથા ફોર વ્હીલ--ઉપ ટેમ્પોઓ ઉભા રાખવા માટે "પાર્કિંગ ઝોન" જાહેર કરવા ઠરાવું છું.

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસર પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૫ નાં રોજ સહી તથા સીક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)બી હેઠળ.

ક્રમાંક એમ.એ.જી-પ્રા. જાહેરનામું-વશી-૬૯૪૫ .—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ (૧) બી આધારે મને મળેલી સત્તાની રૂએ હું, જી. સી. મુર્મુ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો અને તેનાથી અસર થતાં લાગતા વળગતાં તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે કોઈપણ વ્યકિત તરફથી સદરહુ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થવાની તારીખથી ૧૫ દિવસની અંદર કોઈપણ વાંધાઓ સૂચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી, ભરૂચ તરફ લેખીત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ (૧) બી થી મળેલી સત્તાની રૂએ જંબુસર શહેર મ્યુનિસિપલ વિસ્તારમાં આવેલ કોટ દરવાજાથી ઢોળાવ ફળીયા સુધીનો રસ્તો ઘણો આંકડો હોવાથી બંને તરફના વાહનો આવ-જાવ કરતાં મુશ્કેલી પડે છે જેથી આ રસ્તો વન વે કરવા લોકહીતમાં આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જી. સી. મુર્મુ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

જંબુસર નગરપાલિકા વિસ્તારમાં આવેલ કોટ દરવાજાથી ઢોળાવ ફળીયા સુધીનો રસ્તો ઘણો સાંકડો હોવાથી બંને તરફના વાહનો આવ-જા કરવા માટે મુશ્કેલી પડતી હોવાથી જંબુસર સીટીના કોટ દરવાજાથી ઢોળાવ ફળીયા સુધીનો રસ્તો એક માર્ગીય કરવા હુકમ કરૂ છું. તથા આ રસ્તો એક માર્ગીય થવાથી વાહનો કોટ દરવાજાથી બસ સ્ટેશન સુધીનો રસ્તાનો ઉપયોગ કરવા જાહેર કરવા ઠરાવું છુ.

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસર પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) બી હેઠળ.

ક્રમાંક એમ એ.જી/પ્રા.-જાહેરનામું/વશી-૮૦૦૩.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૩ (૧) બી આધારે મને મળેલી સત્તાની રૂએ હું, જી. સી. મુર્મુ, આઈ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો અને તેનાથી અસર થતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, કોઈ પણ વ્યકિત તરફથી સદરહુ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર કોઈપણ વાંધાઓ, સૂચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી, ભરૂચ તરફ લેખીત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દા

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ (૧) બીથી મળેલી સત્તાની રૂએ અંકલેશ્વર શહેર મ્યુનિસિપલ વિસ્તારમાં આવેલ એચ. એન. મોદીની દુકાનથી ગોયાબજારનો રસ્તો ઘણો સાંકડો હોવાથી બંને તરફના વાહનો આવ-જાવ કરતાં મુશ્કેલી પડે છે. જેથી આ રસ્તો એકમાર્ગીય કરવા લોક-હીતમાં આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જી. સી. મુર્મુ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

અંકલેશ્વર શહેરનાં નગરપાલિકા વિસ્તારમાં આવેલ એચ. એન. મોદીની દુકાનથી ગોયાબજારના રસ્તા પર ભારે વાહન ટ્રક ટેમ્પો માટે સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૨૦-૦૦ કલાક સુધી એક-માર્ગીય કરવા હુકમ કરૂં છું તથા આ રસ્તો એક માર્ગીય થવાથી ભારેવાહનો ભાટવાડ, સુરતી ભાગોળ થઈ ગોયાબજાર જવા માટે ઉપયોગ કરવા જાહેર કરવા ઠરાવું છું.

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસર પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨માની કલમ-૩૩ (૧) (બી) (સી) મુજબ.

નંબર એમએજી/વશી/૨૪૩૦/૯૫. — રેલ્વે બ્રોડગેજના કામે મહેસાણા-ખીડીયાર વચ્ચે આવેલ ઝુલાસણ રેલ્વે સ્ટેશન નજીકના રેલ્વે ફાટક નંબર ૨૨૬ કી.મી. ૭૪૯/૧૫-૭૫૦-૧-છ માસ માટે બંધ રાખવા જરૂરી હોઈ તેમજ જાહેર સલામતી તથા ટ્રાફીકની અવરજવરમાં મુશ્કેલી પડે નહીં અને સરળતાથી કામગીરી થઈ શકે તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાય છે વાસ્તે હું, એ. કે. શર્મા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ના ખંડ (બી) થી મને મળેલ સત્તા રૂએ મહેસાણા-ખોડીયાર રેલ્વે લાઈન વચ્ચે આવેલ ઝુલાસણના ફાટક નંબર ૨૨૬ કી. મી. ૭૪૯/૧૫-૭૫૦-૧ ઉપરથી પસાર થતા ટ્રાફીકના નિયમન માટે નીચે મુજબ હુકમ કરૂ છું.

તમામ વાહનો જેવા કે ટ્રક, ટ્રેક્ટર, સ્કુટર, ટ્રોલી સાથેના ટ્રેક્ટર, ખટારા, બસ, કાર, મેટાડોર, જીપ, રીક્ષા, મોટર સાયકલ વગેરે તથા પશુઓથી ચાલતાં વાહનો જેવા કે બળદગાડી, ગાડી વગેરે તેમજ હાથચલાવી સુધ્ધાંતના વાહનોને મહેસાણા-ખોડીયાર રેલ્વે લાઈન વચ્ચે આવેલ ઝુલાસણ રેલ્વે સ્ટેશન નજીકના ફાટક નંબર ૨૨૬ કી.મી. ૭૪૯/૧૫-૭૫૦/૧ ઉપરથી પ્રવેશવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરોક્ત પ્રતિબંધને કારણે તમામ વાહનોના પ્રવેશ માટે નીચે મુજબ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા આવે છે.

(૧) ઝુલાસણ ગામની ઉતર છેડે રેલ્વે ફાટક નંબર ૨૨૫ કી. મી. ૭૪૯/૧-૨ આવેલ છે. તે ઉપર થઈ અવર જવર કરવી.

(૨) સદરહુ જાહેરાનામું તા. ૯મી ઓકટોબર ૧૯૯૫ ના સવારના શુન્ય કલાકથી તા. ૫મી એપ્રીલ ૧૯૯૬ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

સદરહુ હુકમના ભંગ કરનાર ઈસમ સામે યોગ્ય તે કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨માંની કલમ ૪૩(૧) મુજબ.

નંબર એમ.એ.જી./કાર્તિકી પૂર્ણિમા / મેળો/વશી/૩૨૪૭/૯૫.— મહેસાણા જિલ્લાના સિધ્ધપુર મુકામે કાર્તિકી પૂનમનો મેળો તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૮મી નવેમ્બર,૧૯૯૫ સુધી ભરાનાર છે. આ મેળામાં આજુબાજુના વિસ્તારના ઉપરાંત ઘણે દુરથી મોટી સંખ્યામાં લોકો એકઠા થાય છે. જેથી જાહેર જનતાની તંદુરસ્તી અને જાહેર આરોગ્ય જળવાય તે સારુ સાવચેતીના પગલાં લેવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, એ. કે. શર્મા, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩(૧) મુજબ મને મળેલ સત્તાની રુએ સિધ્ધપુર મુકામે સુધરાઈ વિસ્તારમાં અને મેળામાં આવતા જતા તમામ ઈસમોને તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૫ સુધી (બંન્ને દિવસ સુધ્ધાંત) નીચેના નિયમોનું ચુસ્ત પાલન કરવા હુકમ કરું છું :—

(૧) કોઈપણ વ્યકિતએ નદીના પાણીનો ઉપયોગ પીવા માટે કરવો નહીં.

(૨) કોઈપણ વ્યકિતએ કુવામાંથી પાણી ખેંચવા માટે ફરજ ઉપર હાજર હોય તે માણસ સાથે અગર કુવા ઉપર પુરું પાડવામાં આવે તે વાસણ સિવાય પોતાની પાસેનું કોઈપણ વાસણ પાણીમાં બોળવું નહીં અથવા વાસણથી પાણી ખેંચવુ નહીં.

(૩) કોઈપણ વ્યકિત જે સ્થળે મેળો ભરાવવાનો હોય તે સ્થળે નિયત કરેલી જગ્યા સિવાય ઝાડા, પેશાબ કરવા નહીં.

(૪) ગંધાતા, વાસી, ઉતરી ગયેલા અથવા માનવખાદ્ય માટે ઉપયોગમાં ન આવે તેવા ફળફળાદી, પીણાં, ખોરાક, કોઈએ વેચવા સારુ રાખેલો નહીં અથવા રાખેલાં હશે તો તે જપ્ત કરવાને પાત્ર થશે. અને ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેકટર તથા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ અધિકૃત કરેલા કર્મચારીઓ જપ્ત કરી શકશે.

(૫) ખાનપાનની દુકાનો-હી, હોટલો, રેસ્ટોરન્ટ તથા ફળફળાદી વગેરેની દુકાનો તથા મનોરંજનના સ્થળોએ ફરજપરના સેનેટરી ઈન્સ્પેકટર જાહેર તંદુરસ્તી અથવા સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જે સુચનાઓ આપે તેનો અમલ કરવો.

(૬) ફરજ પરના વૈદ્યકીય અધિકારીશ્રી તેમજ આરોગ્ય તપાસણી અધિકારી અથવા કોઈપણ અધિકારી જાહેર સ્વચ્છતાની દ્રષ્ટિએ જરૂર જણાય તો મેળામાં આવનાર કોઈપણ યાત્રિઓની તપાસ કરી શકશે. અને કોઈ વ્યકિત ખેંચ, કોલેરા અથવા સ્વાસ્થ્યની ખાતર જરૂર જણાય તો આવા ઈસમોને મેળામાંથી ઈલાયદા રાખવામાં આવશે. જે કોઈપણ વ્યકિત ઉપરના નિયમોના કોઈપણ ખંડનો ભંગ કરે અથવા તેમ કરવામાં કોઈપણ મદદગારી કરશે તો તે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૯ પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. કે. શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

———

હુકમ

સને ૧૯૫૧ના મુંપઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/ફાયરીંગ/૯૫.—સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના માંકરોડા ગામના સર્વે નં. ૪૮/બારમાં ફાયરીંગ બટ વિસ્તાર આવેલો છે. આ બટ ઉપર એન. સી. સી. ના જવાનોનો ફાયરીંગ કેમ્પ યોજવાનો હોવાથી આ વિસ્તારોની હદમાં રહેતા આજુબાજુના પ્રજાજનોની સલામતિ જાળવવા માટે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

INDEX

વાસ્તે, હું, કે શ્રીનિવાસ, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા, હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) થી મળેલ સત્તાની રુઈએ ફરમાવું છું કે, સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના માંકરોડા ગામના સર્વે નં. ૪૮/બીરનાં ફાયરીંગ બટ વિસ્તાર નામે ઓળખાતી જમીનમાં આવેલાં ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૫ થી ૪થી નવેમ્બર ૧૯૯૫ સુધી એન. સી. સી. જવાનોનો ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ યોજવાનો હોવાથી એ જમીનની આજુબાજુની વ્યકિતઓએ ઉકત જમીનની આજુબાજુએ ૧.૬ કિ. મી. ની ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૫ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો કે કરાવવો નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તથા બિન અધિકૃત પ્રવેશથી કોઈ નુકશાન થશે તો તે કોઈ પ્રકારનાં વળતરને પાત્ર બનશે નહીં.

આજ તારીખ ૧૩મી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ./ ફાયરીંગ-વશી- જાહેરનામું/ ૯૫.—સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના માંકરોડા ગામના ગામે સર્વે નં. ૪૮/બ/૨માં ફાયરીંગ બટ વિસ્તાર આવેલો છે. આ બટ ઉપર જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ યોજવાનો હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા આજુ-બાજુના પ્રજાજનોની સલામતિ જાળવવા માટે સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૮(૪) અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

આથી હું કે. શ્રીનિવાસ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, સાંબરકાઠાં જિલ્લાના ભીલોડા તાલુકાના માંકરોડા ગામના સર્વે નં. ૪૮/બ/૨ ફાયરીંગ બટ વિસ્તાર નામે ઓળખાતી જમીનમાં આવેલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૭મી નવેમ્બર ૧૯૯૫ થી ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી જિલ્લા પોલીસ અધિકારીશ્રીની કચેરીનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ યોજવાનો હાવાથી તે જમીનની આજુબાજુની વ્યકિત-ઓએ ઉકત જમીનની આજુબાજુએ ૧.૬ કી. મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૨૭મી નવેમ્બર ૧૯૯૫ થી ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી દરરોજનાં સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે તથા બીનઅધિકૃત પ્રવેશથી કોઈ નુકસાન થશે તો તે કોઈપણ પ્રકારના વળતરને પાત્ર બનશે નહીં.

આજ તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. શ્રીનિવાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ ૨૨ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

નંબર પલસ/બારડોલી/એકમાર્ગીય.—સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમન (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૩ (૧) (બી) પ્રમાણે નીચે જણાવ્યા મુજબ બહાર પાડવા ધારેલા જાહેર નામાનો મુસદ્દો વાગતાવળતગતા ઈસમોને જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને સુચના આપવામાં આવે છે કે મજકર જાહેરનામાનો મુસદો ગુજરાત સરકારના સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત વિચારણામાં લેશે.

મજકુર મુસદા સંબંધમાં જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતને મજકુર મુસદો ગુજરાત સરકારને સરકારી ગેઝેટમાં તે પ્રસિધ્ધ થયાની તારીખથી દિન- ૩૦ની અંદર કોઈપણ ઈસમ તરફથી લેખીત વાંધાઓ અગર સુચનો મળશે તો તે પર વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામું.

આથી હું, વી. એસ. ગઢવી, આઈ.એ. એસ., જીલ્લા મેજિસ્ટ્રેટ, સુરતને ખાત્રી થઈ છે કે બારડોલી નગરપાલિકા વિસ્તારમાં જાહેર જનતાની સગવડ તથા સહીસલામતી તથા વાહનવ્યવહારની સવલત માટે લીમડા ચોકથી પ્રકાશ ટોકીઝ સુધીના રસ્તા ઉપર સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી વાહન વ્યવહારનું તાત્કાલિક નિયમન કરવાનું ઉચિત જણાયું છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા-કલમ(૧ ની બાબત 'બી' થી મને મળેલા અધિકારની રૂએ આથી હુકમ કરૂં છું કે બારડોલી નગરપાલિકામાં આવેલ લીમડા ચોકથી પ્રકાશ ટોકીઝ સુધીના રસ્તાને પશ્ચિમ થી પુર્વ દિશા તરફ એક માર્ગીય કરવામાં આવે છે.

૧. વાહનોને પૂર્વ દિશા તરફ રોટરી હોલ થઈ બહાર કડોદ જતાં રસ્તા તરફથી નીકળી લીમડા ચોક પરત આવવા માટે કડોદ બારડોલીવાળા રસ્તે થઈને રામજી મંદીર થઈ આવી શકશે.
૨. એકમાર્ગીય રસ્તા અંગે જરૂરી નિર્દેશ કરતાં બોર્ડ જે તે જગ્યાએ નગરપાલિકા બારડોલીએ મુકવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

નંબર એમએજી/અધિકાર/૧૯૯૫. –સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૨(૧) થી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ મળેલ અધિકારની રુએ, હું વી. એસ. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત નીચે જણાવેલ નાયબ કલેક્ટરશ્રીને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલ વિસ્તારમાં સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	વિસ્તાર
૧	શ્રી એમ. એન. ગઢવી, નાયબ કલેકટર, ચોર્યાસી પ્રાંત	ચોર્યાસી સબ-ડીવીઝનલ જિલ્લા સુરત.
૨	શ્રી ડી. બી. શાહ, નાયબ કલેકટર, ઓલપાડ પ્રાંત	ઓલપાડ સબ-ડીવીઝનલ જિલ્લા સુરત.
૩	શ્રી એ. ડી. બાગુલ, નાયબ કલેકટર, વ્યારા પ્રાંત.	વ્યારા સબ-ડીવીઝનલ જિલ્લા સુરત.

સુરત, તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૫.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) મુજબનો હુકમ.

નંબર ડી. સી./પી.ઓ.એલ./એમ.એ.જી/એસ.-આર/૬૨/૯૫.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એમ. કે. ચૌધરી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૭મી નવેમ્બર ૧૯૯૫ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોંટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાઈ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ, લાકડી લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની ;

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની, તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો નિશાનીઓ, વગેરે તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર .—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર;

(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ, શહેર ના હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને ;

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી ;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી, અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માં)ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૬૩-૯૫. — આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૭મી નવેમ્બર ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ.—(વિસ્તાર) અદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો.— આ વિસ્તારમાં સત્તાઓ, રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ આ રસ્તાઓમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તેમને તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી કરી અને સિક્કો માર્યો છે.

એમ. કે. ચૌધરી
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી.-બી.પી.એ.-૨૧/૯૧/૪૬૧૧/૫૦.—નવરાત્રી મહોત્સવ તેમજ દશેરાના તહેવાર નિમિત્તે યોજાનાર કાર્યક્રમથી બનાસકાઠાં જિલ્લાની જાહેર સલામતિ જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતિ જાળવવા સારુ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં ;

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજ વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં; અશ્લીલ ગીતો ગાવા નહીં;

(જ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં ;

વાસ્તે હુ, હર્ષવર્ધન મોદી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુબઈનાં ૨૨માં)ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ બનાસકાંઠા જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઇ કરુ છું. આ હુકમ તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૫ સુધી બન્ને દવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ એવું કઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેશ્રી અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૨૩મી, માહે સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

હુકમ

સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

નંબર ડી, એમએજી-૧/રેલી/૪૯૦૩થી૯.—અંબાજી તાલુકાના દાંતા ખાતેના જી. એમ.ડી.સી. પ્રોજેક્ટ તરફથી સાબરમતી નદીમાંથી પાણી લેવાની યોજના કરેલ છે. નદી આજુબાજુના ગામોના પરગામોના આદિવાસી સંગઠનોએ વિરોધ પ્રદર્શીત કરવાં કાર્યક્રમ હાથ ધરેલા છે અને જેના કારણે સુલેહશાંતિ જોખમવામાં સંભવ છે. આથી કાયદો અને વ્યવસ્થા તેમજ સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી સમગ્ર દાંતા તાલુકાના વિસ્તારમાં તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૫ના થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાંત) દેખાવો, રેલી, યોજવા ઉપર તેમજ ચાર કે તે કરતાં વધુ ઈસમો એકઠા થવા પર પ્રતિબંધ મુકવાનું મને ઉચિત જણાતુ હોઈ હું હર્ષવર્ધન મોદી, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા, પાલનપુર, મને મળેલ અધિકારની રૂએ દાંતા તાલુકાના વિસ્તારમાં તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૫ સુધી (બંને દિવસો સહિત) દેખાવો, રેલી યોજવા ઉપર તેમજ ચાર કે તે કરતાં વધુ વ્યકિતઓને એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

આ હુકમ વ્યકિતગત રીતે દરેક વ્યકિતને બજાવી શકાય તેમ નથી. તેમ છતાં આ હુકમ કરવો આવશ્યક હોઈ એક તરફી હુકમ કરું છું.

આજરોજ તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી બહાર પાડયો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી.-એમ.એ.જી.-૧/જા.નાં/પરીક્ષા/૯૫.—વશી ૫૦૦૦ થી ૫૦૧૦.— તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૫ સુધી ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા ઓકટોબર / ડીસેમ્બર--૧૯૯૫ ની પરીક્ષાઓ લેવાનાર છે. પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં યોજાય અને વિશ્વસ-નીયતાનું વાતાવરણ સર્જાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને કોલેજના વિદ્યાર્થી-ઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે તે હેતુથી બનાસકાંઠા જિલ્લાના નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની બહારના ૨૦૦ મીટરના વિસ્તારોમાં પરીક્ષાઓ તથા સંચાલકશ્રીઓ સિવાય ચાર કે તેથી કરતાં વધુ માણસો એકઠા થવા ઉપર પ્રતિબંધ મુકવાનું જાહેર સલામતી માટે ઈષ્ટ જણાયેલ છે.

પરીક્ષા કેન્દ્ર	કોલેજ
પાલનપુર	શ્રી આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ, સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ અને જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ.

વાસ્તે, હું, હર્ષવર્ધન મોદી, જી. એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર તારીખ ૩૦ મી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૨૧ મી નવેમ્બર, ૧૯૯૫ (બંન્ને દિવસો સહિત) સુધી સવારના ૧૦--૦૦ કલાકથી સાંજના ૧૮--૦૦ કલાક સુધી જે તે સ્થળના બહાર ૨૦૦ મીટરના વિસ્તાર પરીક્ષાર્થીઓ સંચાલકો તેમજ અધિકૃત અધિકારી/કર્મચારીઓ સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ મુજબ મને મળેલ અધિકારોની રૂએ પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

આજ રોજ તારીખ ૨૮ મી ઓકટોબર, ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ક્રમાંક ડી.-બી.પી.એ.-૨૨/૯૫-વશી ૫૦૨૨/૬૦.—અંબાજી, તાલુકા-દાંતા ખાતે કાર્તિક પૂર્ણિમાના મેળો તેમજ દેવ--દિવાળીના તહેવાર આવતા હોઈ જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહી ;

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાથી રુચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં;

વાસ્તે હું. હર્ષવર્ધન મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં) ની કલમ ૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મના કરું છું. આ હુકમ તારીખ ૧ લી નવેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને ઉપરી અધિ-કારીએ એવું કંઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રીએ જેને શારીરિક અશકિતનું કારણો અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧, માહે નવેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૬૩(૧) મુજબ.

નંબર ડી.-બી.પી.એ. / ૧૧-૯૫ / વશી.— બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પાલનપુર શહેરમાં આવેલ પોલીસ કવાર્ટર ૨ ખાતેના ફાયરીંગ બટ ઉપર બનાસકાંઠા જિલ્લાના પોલીસ જવાનો તથા અધિ-કારીશ્રીઓનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીશ તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૫ સુધી યોજનાર હોઈ, મુંબઈ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ મા) ની કલમ ૩૭(૧) અન્વયે સત્તાની રૂએ હું હર્ષવર્ધન મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા ફરમાવું છું કે, પાલનપુર થી લાલવાડા જવાનો માર્ગ તેમજ ગણેશપુરા તથા ફાયરીંગ બટ પાછળના વિસ્તાર તરફ જતાં રસ્તાની આજુબાજુ વિસ્તારોમાં તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૫થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૫ (બંને દિવસો સહિત) સવારના ક. ૬--૦૦ થી ૧૩--૦૦ તથા સાંજે ક. ૧૫--૦૦ થી ક. ૧૯--૦૦ સુધી દાખલ થવું નહીં. આ વિસ્તાર જણાવેલ સમય દરમ્યાન જાહેર લોકોને દાખલ થવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

આજ તારીખ ૧, માહે નવેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હર્ષવર્ધન મોદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

INDEX

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલમ/૨જી.-૫૨/૧૯૯૫.— આસી. સિક્યુરીટી કમિશનર આર. પી. એફ. ટ્રેનીંગ સેન્ટર, વલસાડના પત્ર નંબર જી/ટીઆરજી/૯બી-૧૨-૧૦-૯૫ બેચ નંબર ૫૦ના તાલીમાર્થીઓની ફાયરીંગ ટેસ્ટ નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. કે. કુમાર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા-કલમ-૪ ની જોગવાઈ મુજબ નીચે જણાવેલ સ્થળે અને તારીખે ફાયરીંગ તથા તેની આજુબાજુના ૨ કી. મી. વિસ્તારમાં.

સ્થળ	તારીખ	સમય
ભૌલાડ ફાયરીંગ રેન્જ. તાલુકો : ઉમરગામ જિલ્લો : વલસાડ	૨૬મી ઓક્ટોબર, ૧૯૯૫ થી. ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૫ (બંને દિવસ સુધ્ધા)	સવારે ૮-૦૦ કલાક થી સાંજે ૧૮-૦૦ કલાક

ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખર સાથે જવા અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉ છું. સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૧૯૯૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. ૫૩/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હુ બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ આગામી દિવાળી તહેવાર નિમિત્તે જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદા વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારુ જરૂરી જણાતાં ફરમાઉ છુ કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ થી ૩૧મી ઓકટોબર, ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાઉ છુ.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, બાકડી, લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) કોઈપણ ક્ષયધર્મી તથા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ચ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બીભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેબોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલાં કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમનો (સને ૧૯૫૧ના ૨૨મા કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૧૯૯૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલમ/૨જી. ૫૪/૯૫. — જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડનો તારીખ ૧૯મી ઓક્ટોબર ૧૯૯૫ ની દરખાસ્ત નંબર સ્થપ્ર/બીબી/૨/પાફ/૧૦/૯૫, થી જણાવ્યા મુજબ પોલીસ સ્ટાફની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે સમયે અને તારીખ યોજવામાં આવનાર છે. આથી કોઈ પણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. કે. કુમાર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨મો) ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ નીચે જણાવેલ સ્થળે અને તારીખે ફાયરીંગ તથા તેની આજુબાજુના ૨ કી. મી. વિસ્તારમાં.

તારીખ	સમય	સ્થળ
૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૫ થી ૧૫મી નવેમ્બર ૧૯૯૫	સવારે ૭-૦૦ થી સાંજે ૧૮-૦૦ કલાકે	ફાયરીંગ બટ ભિલાડ

ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશોને તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની

INDEX

હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાખર સાથે જવા અને ઢોર ઢાખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું. સદરહું ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. કુમાર
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વલસાડ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ એકટ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની પેટા કલમ ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક ડીસી/પીઓએલ/બીપીએ/૩૭-૧/વ-૪૯૪૪થી ૪૯૮૪ ૧૯૯૫.—ગાંધીનગર જિલ્લો એ ગુજરાત રાજયના પાટનગરનો જિલ્લો છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીકીઓના નિવાસસ્થાનો ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ કવાર્ટર્સ, શાળા, કોલેજ જેવી સરકારી ઈમારતો આવેલી છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ સરકારી કચેરીઓ આવેલી છે અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળે તેમની માંગણી અર્થે રજુઆત કરવા આવતા હોવાથી આવા પ્રશ્ન સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતી જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ગંભીર પરિસ્થિતી ઉભી થાય તેવી શકયતા હોઈ કાયદો અને વ્યવસ્થાનો ભંગ ન થાય તેમજ જાહેર સુલેહ શાંતી જાળવવાના હેતુથી હું, એ. કે. નિગમ, જિલ્લા મેજીસ્ટ્રેટ ગાંધીનગર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૫ સુધીના બંને દિવસ સહીત નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું.

૧. હથિયાર તલવાર, ધોકા, બંદુક, છરા કે અન્ય શસ્ત્રો સળગતી મશાલ બીજા હથીયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

૩. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેકવાના ધકેલવાના યંત્રો અથવા સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

૪. મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

૫. અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા અથવા ટોળામાં ફરવાનું;

૬. જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજી કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપનો નીચેનો વિસ્તાર.

૧. જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

૨. ઘ.૩ થી ઘ.૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર

૩. ઘ. ૫ થી છ. ૫ સુધીનો રોડ સિવાયનો ચ. ૫ સે. ૧૭ ના ખુણાના ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

૪. છ. ૫ થી છ. ૬ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

૫. છ. ૬ થી જ. ૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

૬. જ. ૬ થી જ. ૩ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો મંત્રીશ્રી-ઓના રહેણાંક વિસ્તાર.

અપવાદ :

૧. જાહેરનામું ધાર્મિક મરણોત્તર ક્રિયા માટે લાગુ પડશે નહી;

૨. ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ પર હથિયાર લઈ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી;

૩. જીલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીનગર તથા જીલ્લા પોલીસ અધિકારીશ્રી ગાંધીનગર તથા અધિક જીલ્લા પોલીસ અધિકારીશ્રી તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી ગાંધીનગર જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી, સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

૪. અત્રેથી કોઈ ખાસ કિસ્સા તરીકે આપવામાં આવેલ પરવાનગીને.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડને ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ ગુનાને પાત્ર કરશે.

આજ તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ (૩) હેઠળ.

ક્રમાંક ડીસી/પીઓએલ/બીપીઓ/ ૩૭ (૩) / જાહેરનામું/૪૯૮૫ થી ૫૦૨૫/૯૫.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીકીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆત કરવા આવતા હોય છે. આવા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને

INDEX

૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ હું એ. કે. નિગમ જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૫ને રવિવારના સવારના ૦૦-૦૦ થી તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૫ને રવિવારના ૨૪ કલાક સુધીની મુદત માટે ચાર કતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છુ.

વધુમાં હુ આદેશ કરુ છુ કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીતે

૧. ફરજ ઉપર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
૨. ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષકદળની વ્યકિતને.
૩. કોઈ લગ્નના વરઘોડાને.
૪. કોઈ સ્મશાન યાત્રાને.
૫. અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર ટાઉનશીપનો નીચે મુજબનો વિસ્તાર.

૧. જ. ૩ થી ઘ. ૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.
૨. ઘ. ૩ થી ઘ. ૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.
૩. ઘ. ૫ થી છ. ૫ સુધીનો રોડ સિવાયનો ચ.પ સે. ૧૭ના ખુણાના ભાગ છોડ દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
૪. છ. ૫ થી છ. ૬ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.
૫. છ. ૬ થી જ. ૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
૬. જ. ૬ થી જ. ૩ સુધીનો રોડ તા પૂર્વ તરફનો મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર.

આ ઉપરાંત રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તેમજ મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર તથા નવા એમ.એલ.એ. ક્વાટર્સ સે. ૨૧ ના રહેણાંક વિસ્તારના ફરતો ૫૦૦ મીટરને સમગ્ર વિસ્તાર.

નોંધ.—આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૫૯ના ૪૫માંથી કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ઠરશે.

આજ તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૫ના રોજ મારી સહી / સિક્કો કરી આપ્યો.

ઓ. કે. નિગમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું.

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે.

ક્રમાંક પીઓએલ/વશી-૭૭-૯૬ .—ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે કાર્તકી પુનમને લીધે તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૫ સુધી જાહેર મેળો ભરાનાર છે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોનો ચેપી રોગચાળો ફાટી નીકળવાનો પુરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નીયત કર્યા હોય તેની નજીકમાં ૧૨ ફુટના વિસ્તારમાં અથવા તે જગ્યા ઉપર નહાવું ધોવું કે કપડા ધોવા કે જાનવરોને નવડાવવા નહી અને વાહનો ધોવા નહી.

(૨) જાત્રાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવા નહી.

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાદ્ય માટે બીન-ઉપયોગી એવા ફળ, ફળાદી પીણા તથા ખોરાક વેચવા નહી.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહી.

(૫) જે યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરથી સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી એવા રોગ અટકાવવા માટેની દવા ઈન્જેકશન વિગેરે આગાઉથી લીધા વગર યાત્રામાં આવવું નહી.

વાસ્તે હુ, કે. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ શુકલતીર્થ અને જ્યાં આજુબાજુના ગામમાં જયા જયા યાત્રા ભરાતી હોય તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦ સુધીનાં દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હકમ તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૨૦મી ઓકટોબર સને ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક પીઓએલ/વશી/૭૭૯૭ .—ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તકી પુનમનો મેળો તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૫ સુધી ના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રીત થશે. જેથી મેળામાં હાથલારીઓમાં માલ સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નકકી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હુ, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાઉ છુ કે તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૫ સુધીના સમયમાં (બંને દિવસો સહિત) શુકલતીર્થ ગામના મેળામાં કોઈપણ ઈસમે પોતાના હાથયારાઓ મેળા મા એક જગ્યાએથી

INDEX

બીજી જગ્યાએ ફેરવવી નહી પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.

આજ તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (યુ).

ક્રમાંક પીઓએલ/વશી-૭૭૯૮ .—ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૫ દરમ્યાન પ્રતિ વર્ષની માફક જાહેર મેળો ભરાશે આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે અને ઘાસ, કામળા, વાસ વગેરેથી માંડવા તૈયાર કરવામાં આવે છે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન શુકલતીર્થ ગામની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હુ, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉપરોકત મેળાના દિવસો દરમ્યાન શુકલતીર્થ ગ્રામ પંચાયતની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓકટોબર સને ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૭૮૭૭.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં અધિનિયમ) ની કલમ-૩૭ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ, અને સલામતી સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૫થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાં).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારિરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજ કોઈપણ-સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ વિસ્ફોટક પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવાં નહિ.

(ગ) પત્થરો અથવા હાનીકારક પ્રવાહ રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા સબો અથવાં આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(ઙ) અપમાન કરવાના જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ,

(ચ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાનું તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલા કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ તારીખ ૨૭થી, માહે ઓકટોબર, ૧૯૯૫નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો છે.

કે. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) મુજબ.

નંબર પીઓએલ/વશી/૩૨૫૧/૯૫.—આ જિલ્લામાં પોલીસ હેડકવાર્ટર્સ મહેસાણા ખાતે ફાયરીંગ બટના નિયત સ્થળે જુના દારૂ-ગોળાની ચકાસણી અર્થે તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૫ના રોજ ફાયરીંગ કરવા નક્કી કરવામાં આવેલ છે. આથી લોકોની તથા ઢોર-ઢાંખરની સલામતિ માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે મને મળેલ સત્તાની

INDEX

રુએ મહેસાણા ખાતે પોલીસ હેડ ક્વાર્ટર્સ ના ફાયરીંગ બટના નિયત સ્થળ વિસ્તાર તથા તેની આજુબાજુના ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૫ના રવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી સાવચેતીના પગલાં રુપે માણસો તથા ઠોરઢાંખરની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગીરી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ની ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી માહે નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટ ની સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ ની કલમ ૩૭(૧) અને (૨) મુજબનો.

નંબર પલસ / દિવાળી / ૬૦૩૭/૯૫.— આગામી દિવાળીના તહેવાર દરમ્યાન સુરત (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરુર છે. તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલા અધિકારની રૂએ હું, ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૦ ની ઓક્ટોબર, ૧૯૯૫ થી ૩૧ ની ઓક્ટોબર, ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધા) સુધી કોઈપણ વ્યકિતએ :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરા, લાકડા, કે લાકડી, લાઠી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવા નહીં. તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મુકુટો અથવા સબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરુચિ, નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં. તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા કોઈ બીજી કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં ;

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત જેને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

પરિશિષ્ટ

(૧) સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તાર સિવાય) આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

(૨) આ જાહેરનામાની જાહેરાત ઉપરોકત બતાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવા સ્થળો ઉપર ચોંટાડી લાઉડ સ્પીકર, વાહનો દ્વારા પ્રસિધ્ધ કરવી.

આજ તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું

નંબર પલસ / ફાયરીંગ / શેરૂલ્લા / વશી / ૬૫૦૫/૯૫.— સુરત જિલ્લાના ઉકાઈ ખાતે સુરત જિલ્લા રૂરલના પોલીસના માણસો તથા પોલીસ ઓફીસર્સના વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૫ થી ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૫ સુધી શેરૂલ્લા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) મુજબ મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના શેરૂલ્લા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ થી ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૫ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારની આજબાજુ રહેતી તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ત્યાં ચરાવવામાં આવતા ઢોર, ઢાંખર વિગેરેને સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૫ સુધીના રોજ પ્રવેશ કરવો નહીં. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

ડી. બી. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૩) અન્વયે.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી/૪૭૨૩-૪૮૨૬ / ૧૯૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું એ. એમ. પઠાન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવાની પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિને તથા આગામી દિવાળીનાં તહેવારને ધ્યાને લઈ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારુ, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે, તેમજ ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં સભા સરઘસ કાઢવા વિગેરે ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂરીયાત જણાય છે, જેથી ડાંગ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતઓને તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૫ (બંને દિવસો સહિત નાં સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

(ક) હથિયાર, શસ્ત્રો, દંડા,, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ટોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવાના એકઠા અથવા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જવતી અથવા પેટાવેલી મશાલ લઈ, જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શત્રુ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા.

(છ) લોકોને ભૂસ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાના અપમાન કરવાનાં અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લિલ ગીતો ગાવાની અથવ ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવા ટીકાત્મક ભાષણ કરવા, તેવા હાવભાવ ચેષ્ટા કરવાનાં, તથા ચિત્રો, પ્લે કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકર કામ કરતી વ્યકિત કે જેને તના ઉપરી અધિકારી અ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય, અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ-આહવા અથવા તેમણે અધિકૃત કરેલાં કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) સરકારશ્રી અથવા સરકારશ્રી સાથેનો સંલગ્ન સંસ્થાઓએ રાખેલ વિકાસ કાર્યક્રમ અંગેની સભાઓ.

જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરેલ તેવી વ્યકિતઓ.,

આ જાહેરનામાંનાં કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ અક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૫નાં રોજ મારી સહી કરીને સિક્કો કરેલ છે.

એમ. એમ. પઠાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

કલેકટર દ્વારા

જાહેરનામું

સરકારશ્રીના મહેસૂલ વિભાગના ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ; કમ/૧૦૮૮ / ૫૩૨૪ / હું, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૮૯ થી મંજુરી મળેલ છે.

નંબર કમકવલ / સી.ટી.એસ. / વશી / ૧૦૨૪/૯૫.— મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ સને ૧૮૭૯ ની કલમ--૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ આથી હું એસ. અપર્ણા, આઈ.એ.એસ., કલેકટર, વલસાડ આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટમાં ઉલ્લેખ કરેલ નીચે જણાવ્યા પ્રમાણેના ગામના વિસ્તારો ગામના ગામતળ સીટી સર્વેની હદમાં સમાવિષ્ટ કરવા નક્કી કરવામાં આવે છે.

અનું. નંબર ૧	ગામ ૨	તાલુકો ૩	વિસ્તારની વિગત ૪
૧.	ચોવીસી	નવસારી	આ સાથેની યાદી મુજબના બીનખેતીના સર્વે નંબર ૧/લ/૧ થી ૧/લ/૩૧ તથા ખેતીના સર્વે નંબર ૬૪૫.
૨.	મહુવર	નવસારી	આ સાથેની યાદી મુજબના બીન--ખેતીના સર્વે નંબર ૧૦૨૨ તથા ખેતીના સર્વે નંબર ૧૯૩.

વલસાડ, તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫.

એસ. અપર્ણા,
કલેકટર, વલસાડ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No.G-BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, JULY 11, 1996 / ASADHA 20, 1918 [No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Parts-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	323—348
Part I-A	Orders and Notifications (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette,—	29—
Part, I-B	Government Notifications published under Land Acquisition Act only.	1253-1282
Part-I-L	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act,	667—674

MISCELLANEOUS NOTIFICATONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર જી/૧૫૬/૨૩૪/વિ. શા./૧૯૯૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતનાં વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. મેહતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી મને મળેલ સત્તાની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૨૭ ડીસેમ્બર ૧૯૯૫ કલાક ૦૦/૦૦ થી તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪/૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહિ.

INDEX

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ ૧૪૫ની પેટા કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે નવેમ્બર સને ૧૯૫૬ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યાં.

એમ. એમ. મહેતા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૨૭૫/વિ. શા. /૧૯૯૫.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, પી. કે. દત્તા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી મને મળેલ સત્તાની રુએ મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૫ ક. ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ ક. ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ ૧૪૫ની પેટા કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે ડીસેમ્બર સને ૧૯૯૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ. શા./૨૭૬/૧૯૯૫.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તાર સિવાયના નગરપાલિકાની ચૂંટણી અંગે તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મતદાન થનાર છે. અને આ ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. કે. દત્તા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના અધિનિયમ)ની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી ડીસેમ્બર ૧૯૯૫નાં કલાક ૧૭-૦૦ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫નાં કલાક ૨૦-૦૦ સુધી કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ સરઘસ કાઢવું નહી. મતદાન મથકથી ૧૦૦ મીટર વિસ્તારની અંદર ચૂંટણી અંગે પ્રચાર કરવો નહી કે ચિન્હો રાખવા નહીં.

વિસ્તાર.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર સિવાયના (૧) કાળીગામ (૨) જોધપુર (૩) વેજલપુર (૪) રાણીપ (૫) ચાંદલોડીયા (૬) ઘાટલોડીયા (૭) મેમનગર નગરપાલિકા વિસ્તારમાં.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ, તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ મરણોત્તર અગર લગ્નના વરઘોડાને અથવા જે સરઘસોને તથા સભા માટે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧ માહે ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૬ મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ. શા./૨૭૭/૧૯૯૫.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તાર સિવાયના (૧) કાળીગામ નગરપાલિકા (૨) જોધપુર નગરપાલિકા (૩) વેજલપુર નગરપાલિકા (૪) રાણીપ નગરપાલિકા (૫) ચાંદલોડીયા નગરપાલિકા (૬) મેમનગર નગરપાલિકા (૭) ઘાટલોડીયા નગરપાલિકાને લગતી ચૂંટણી અંગે નિયુક્ત કરેલ મતદાન મથકોએ તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મતદાન થનાર છે.

INDEX

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા સારૂ એકઠા થવાનો સંભવ છે. જેથી જે સ્થળોએ મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫નાં રોજ અડચણ થતી અટકાવવા અને વ્યવસ્થા જાળવવા માટે પગલાં લેવાં જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. દત્તા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના અધિનિયમ)ની કલમ-૩૬(ગ) અને (ઘ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સદરહું ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ.—

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઊભા રહેવું, અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઊભી રહેશે;

(૨) મતદાન મથકમાં અનુક્રમ મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું;

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી તુર્તજ ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૫ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી, માહે ડીસેમ્બર, સને ૧૯૯૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પી. કે. દત્તા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ-ગપક/જાહેરનામું/ભારેવાહન/ડુમ્મસ રોડ/૪૧૪૯૫/૧૯૯૪/૧૯૯૫.—સુરત શહેરમાં દર રવિવારનાં દિવસે કલાક ૧૬-૦૦ થી ૨૨-૦૦ દરમ્યાન અઠવાગેટથી ડુમ્મસ લંગર સુધી મોટી સંખ્યામાં માનવ-મેદની, વાહનો સાથે ભેગી થાય છે. ત્યારે ભારે વાહનોની અવર-જવરનાં લીધે ટ્રાફિકની અવર-જવરને ઘણીજ અગવડતા ઉભી થાય છે. અને જેના કારણે નાનાં મોટાં અકસ્માતનાં બનાવો બનતાં હોઈ, જેના નિવારણ માટે દર રવિવારે જાહેર વ્યવસ્થા જળવાય રહે અને સુલેહ ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું કે. ડી. પાટડીયા (આઈ.પી.એસ.), નાયબ પોલીસ કમિશનર વેસ્ટ એન્ડ ટ્રાફિક, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) મુજબ મને મળેલી સત્તાની રૂએ નીચે મુજબનાં વિસ્તારો માટે દર રવિવારે કલાક ૧૬-૦૦ થી ૨૨-૦૦ સુધીનાં સમય દરમ્યાન ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૧) અડાજણ રોડ સરદારબ્રીજના છેડાથી અઠવાગેટ સુધી;
(૨) અઠવાગેટથી પારલે પોઈન્ટ, ફૂંઢ જકાતનાકાથી ડુમ્મસ લંગર સુધી;

(૩) એલ.બી. ટોકીઝના છેડાથી પારલે પોઈન્ટ સુધીનો ઘોડદોડ રોડ;

(૪) મગદલ્લા નવા બ્રીજના ઓ.એન.જી.સી. તરફના છેડાથી ઉધના-મગદલ્લા રોડના છેડા સુધી અને ત્યાંથી મગદલ્લા-સચીન થઈ સચીન રેલ્વે ઓવરબ્રીજ સુધી;

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર છે.

આ જાહેરનામું તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૬ સુધી ઉપર જણાવ્યા મુજબનાં સમય માટે ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કા કર્યા.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશનર.,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

BY DISTRICT AND SESSIONS JUDGE

Read —Gujarat High Court letter No. C. 2105/95, dated 6th December, 1995.

Notification

No. N-1/4260/95.— The District and Sessions Judge, Banaskantha, Palanpur, declares Wednesday 16th August, 1995, as closed day for the District Court and other Subordinate Courts, situated at Palanpur as a Special case, on account of Advocates Strike.

Palanpur, 16th December, 1995.

જિલ્લા અને સત્ર ન્યાયાધીશ દ્વારા

વંચાણે લીધો.—નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં. સી.—૨૧૦૫/૯૫, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૫.

જાહેરનામું

નંબર/એન-૧/૪૨૬૦/૯૫.—અમો જિલ્લા અને સત્ર ન્યાયાધીશ, બનાસકાંઠા, પાલનપુર, તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૫નો દિવસ, ખાસ કિસ્સા તરીકે વકીલોની હડતાળના કારણે જિલ્લા અદાલત અને તાબાની પાલનપુર મુકામે આવેલ અદાલતો બંધ રાખવાનું જાહેર કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૫.

INDEX

Notification

No. H-6 / 4316 / 1995.— In accordance with the provisions contained in Para-62 of Civil Manual Vol. I, 1960, the District Judge, Banaskantha at Palanpur is pleased to notify the following holidays to be observed in the year, 1996. The District Court and all the Sub-ordinate Courts to it in Banaskantha District, shall remain closed on these days.

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day
1	2	3	4
1.	Republic Day	26th January, 1996	Friday
2.	Maha Shivratri	17th February, 1996	Saturday
3.	Ramzan--Id (Id-Ul-Fitra)	21st February, 1996	Wednesday
4.	Holi 2nd Day (Dhuleti)	5th March, 1996	Tuesday
5.	Cheti Chand	20th March, 1996	Wednesday
6.	Ramnavmi	28th March, 1996	Thursday
7.	Mahavir Jayanti	1st April, 1996	Monday
8.	Good Friday	5th April, 1996	Friday
9.	Bakri--Id (Id-Ul-Aza)	29th April, 1996	Monday
10.	Muharram	28th May, 1996	Tuesday
11.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohamad's Birthday).	29th July, 1996	Monday
12.	Independence Day	15th August, 1996	Thursday
13.	Parsi New Year Day	22nd August, 1996	Thursday
14.	Raksha Bandhan	28th August, 1996	Wednesday
15.	Janmashtami	5th September, 1996	Thursday
16.	Samvatsari	17th September, 1996	Tuesday
17.	Mahatma Gandhi's Birthday	2nd October, 1996	Wednesday
18.	Dussehra	21st October, 1996	Monday
19.	Sardar Vallabhai Patel's Birthday	31st October, 1996	Thursday
20.	Diwali (Extra)	11th November, 1996	Monday
21.	1. Diwali (New-Year-Day)		
	2. Bhai-Bij	12th November, 1996	Tuesday
22.	Diwali (Extra)	13th November, 1996	Wednesday
23.	Diwali (Extra)	14th November, 1996	Thursday
24.	Diwali (Extra)	15th November, 1996	Friday
25.	Guru Nanak's Birthday	25th November, 1996	Monday
26.	Christmas Day	25th December, 1996	Wednesday

Note :

(1) The following days have not been notified as Public Holiday as they fall on Sundays.

1.	Makarsankranti	14th January, 1996
2.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 1996
3.	Diwali	10th November, 1996

(2) It any of the Muslim Holidays notified above, do not fall on the day notified, the Muslim Government Servants may be granted optional Holidays on the day on which the holiday is actually observed.

(3) In addition to the holidays notified above, Government Servants may avail of maximum of any two holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the List of Optional Holidays declared vide Government Notification No. GS/95--59 / PHD-1095-2041-GH, dated 20th November, 1995. Permission for availment of those Optaional Holidays should however, be applied for the writing in advance and will normally be granted by the Officer Competent to grant Casua Leave with due regard to exigencies of the Court work which should not be affected in any way whatsoever. This Leave of two days taken by Government Servants at their Option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Palanpur, 20th December, 1995.

J. R. VORA,
District and Sessions Judge,
Banaskantha Palanpur.

INDEX

જાહેરનામું

નંબર એચ-૬/૪૩૧૬/૧૯૯૫.—સીવીલ મેનુઅલ વોલ્યુમ-૧ સને ૧૯૬૦ ના પેરા ૬૨૫માં જણાવેલ અધિકારની રૂએ જીલ્લા ન્યાયાધિશ, બનાસકાંઠા, પાલનપુર સને ૧૯૯૬ ના વર્ષ માટે નીચેના દિવસો રજાના દિવસો તરીકે જાહેર કરેલ છે. બનાસકાંઠા જીલ્લાની જીલ્લા અદાલત તથા તેો તાબા હેઠળની અદાલતો સદરહું રજાના દિવસોએ બંધ રહેશે.

અનુ. નંબર	રજાનું નામ	તારીખ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે	દિવસ
૧	૨	૩	૪
૧	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી ૧૯૯૬	શુક્રવાર
૨	મહાશિવરાત્રી	૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૬	શનિવાર
૩	રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૬	બુધવાર
૪	હોળી બીજો દિવસ (ધુળેટી)	૧૫મી માર્ચ ૧૯૯૬	મંગળવાર
૫	ચેટીચાંદ	૨૦મી માર્ચ ૧૯૯૬	બુધવાર
૬	રામનવમી	૨૮મી માર્ચ ૧૯૯૬	ગુરૂવાર
૭	મહાવીર જયંતી	૧લી એપ્રિલ ૧૯૯૬	સોમવાર
૮	ગુડ ફ્રાઈડે	૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬	શુક્રવાર
૯	બકરી ઈદ (ઈદ-ઉલ-અજા)	૨૯મી એપ્રિલ ૧૯૯૬	સોમવાર
૧૦	મહોરમ	૨૮મી મે ૧૯૯૬	મંગળવાર
૧૧	ઈદ-એ-મિલાદ-ઉન-નબી (મહંમદ પયગંબરનો જન્મદિન)	૨૯મી જુલાઈ ૧૯૯૬	સોમવાર
૧૨	સ્વાતંત્ર્ય દિન	૧૫મી ઓગસ્ટ ૧૯૯૬	ગુરૂવાર
૧૩	પારસી નુતન વર્ષ દિન	૨૨મી ઓગસ્ટ ૧૯૯૬	ગુરૂવાર
૧૪	રક્ષાબંધન	૨૮મી ઓગસ્ટ ૧૯૯૬	બુધવાર
૧૫	જન્માષ્ટમી	૫મી સપ્ટેમ્બર ૧૯૯૬	ગુરૂવાર
૧૬	સંવત્સરી	૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૬	મંગળવાર
૧૭	મહાત્મા ગાંધીનો જન્મદિન	૨જી ઓકટોબર ૧૯૯૬	બુધવાર
૧૮	દશેરા	૨૧મી ઓકટોબર ૧૯૯૬	સોમવાર
૧૯	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન	૩૧મી ઓકટોબર ૧૯૯૬	ગુરૂવાર
૨૦	દિવાળી (વધારાની)	૧૧મી નવેમ્બર ૧૯૯૬	સોમવાર
૨૧	દિવાળી (નૂતન વર્ષ દિન)		
	(૨) ભાઈબીજ	૧૨મી નવેમ્બર ૧૯૯૬	મંગળવાર
૨૨	દીવાળી (વધારાની)	૧૩મી નવેમ્બર ૧૯૯૬	બુધવાર
જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત સ. નં.	વિસ્તાર (ચો. મી.)	કેફે
(૧)	(૨)	(૩)	(૪-અ)	(૪-બ)	(૫)
વડોદરા	વડોદરા	ગોરવા	૧૩૯ પૈ.	૮૩૧૮.	

વડોદરા, તારીખ ૨૭મી જુન ૧૯૯૬.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with rule 6].

No. ULC / 1076 / 1115-D. / 306 / Ataladra .—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

INDEX

SCHEDULE

Name of the Holder :— Shri Bhagavanbhai Malidas Resi. Ataladra Dist. Baroda.
Shri Sitaram
Shri Ramsing

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Survey No.	Area (Sq. mt.)	
1	2	3	4(a)	4(b)	5
Vadodara	Vadodara	Ataladra	250/Paiki	2503-40	

Vadodara, 27th June 1996.

જાહેરનામું

શહેરી જમીન (ક્ષેત્ર-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી.-૧૦૭૬/૧૧૧૫-ડી/૩૦૬ /અટલાદરા.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ સબંધ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ હકમનો હક્ક હોવો હોય તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજૂ કરવો.

હક્ક સંબંધીનો હોવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થવાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં રજૂ કરવો.

વિગતપત્રક

સંપાદન કરનારનું નામ : શ્રી ભગવાનભાઈ કાળીદાસ, શ્રી સીતારામ કાળીદાસ, શ્રી રામસીંગ કાળીદાસ.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર (ચો. મી.)	
૧	૨	૩	૪-(અ)	૪-(બ)	૫
વડોદરા	વડોદરા	અટલાદરા	૨૫૦ પૈકી	૨૫૦૩.૪૦ ચો. મી.	

વડોદરા, તારીખ ૨૭મી જુન ૧૯૯૬.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with Rule 6].

No, ULC / 1076 / 1115-D. / 4800, Nizampura.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

INDEX

SCHEDULE

Name of the holder : Shri Maneklal Gungaram Pitroda Resi, Derapole, Piramitar, Road, Vadodara.

Details of vacant lands to be acquired:—

District	Taluka	Village	Description of the land		Remarks
			Survey No.	Area (Sq.mtrs.)	
1	2	3	(4-a)	(4-b)	5
Vadodara	Vadodara	Nizampura	81 T.P. 13 F.P. 118 Paiki	201-00	

Vadodara, 28th June 1996.

K. D. KAPADIA,
Competent Authority and
Deputy Collector, U.L.C,
Vadodara Unit No. 2.

જાહેરનામું

ગ્રહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦(૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૧૦૭૬/૧૧૧૫/ઝ./૪૮૦૦/નિઝામપુરા.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશે.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારાશે.

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : શ્રી માણેકલાલ ગંગારામ પિત્રોડા.

રહે. ડેરાપોળ, પિરામીતાર રોડ, વડોદરા.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર (ચો. મી.)	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	નિઝામપુરા	૮૧ ટી.પી. ૧૩ ફા. પ્લોટ નં. ૧૧૮પૈકી	૨૦૧ ચો. મી.	

વડોદરા, તારીખ ૨૮મી જૂન, ૧૯૯૬.

કે. ડી. કાપડીયા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર
(શ. જ. ટો. મ.) વડોદરા યુનિટ નં. ૨.

INDEX

કારોબારી ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૮૫ મુજબ.

નંબર એમએજી/મુદામાલ નંબર ૪૦ આઇટમ નંબર ૭૭/૯૨.— આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, નીચે મુજબના લીસ્ટમાં દર્શાવેલ મિલ્કત પોલીસ સ્ટેશન લુણાવાડા ખાનપુર કોર્ટ ખા તરફથી મુંબઇ પોલીસ એકટના કલમ ૮૫ મુજબ નિકાલ માટે અત્રે મોકલી આપેલ છે જે અત્રેની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લુણાવાડાની કોર્ટમાં પડેલ છે તો જે ઇસમો મીલ્કત પર હકક ધરાવતા હોઇ તેમણે આ જાહેરનામાની તારીખ થી ૬ માસની અંદર અમારી રૂબરૂ હાજર થઇ પોતાનો હકકદાવો સાબિત કરી મીલ્કત નહી લઇ જવી. જો કોઇ ઇસમ મુદત દરમ્યાન હાજર થઇ મિલ્કત નહી લઇ જાય તો સદરહું મીલ્કત સરકારી મીલ્કત ગણી તેનું જાહેર લીલામ કરવામા આવશે જેની નોધ લેવી.

ક્રમ નં.	આવક નંબર	મુદ્દા માલની મિગત
૧	૭૭/૯૨ પોલીસ સબ-ઇન્સ્પેકટરશ્રી લુણાવાડા	(૧) પ્લાસ્ટીકની થેલીમાં કેસરી લીલા પટાની ચાદર નંગ-૧ (૨) છત્રી નંગ-૧ (૩) એક લોક વગરની ખુલ્લી આલ્ફા એટેચી, કપડા તથા બુટ તથા પરચુરણ ચીજ વસ્તુઓ જેમાં ચોપડી નંગ ૧, ટુથબ્રસ-૧, ટુવાલ-૧ અંડરવેલ-૧, કેસરી કલરના ચામડાના બુટ જોડી-૧, આછાલીલા કલરનું પેન્ટ-૧ ચોકડીવાળું પેન્ટ ૧, અલગ અલગ કલરના બુસર્ટ નંગ ૬ અલગ અલગ કલરના પેન્ટ નંગ-૪ સેન્ડા નંગ-૨ લકસ સાબુ-૧ અગરબત્તી પેકેટ નંગ-૧ કોલગેટ-૧, કાસકો-૧ સેફટી ચેઇન લોક સાથે-૧ કમરપટ્ટો-૧ (૪) એલ્યુમીનીયમની ધાતુની પટ્ટી નંગ ૧ (૫) જુની છત્રી નંગ ૧ (૬) એકલાલ કલરના પાકીટમાં પીળા કલરનું ચકતુ પેડલ-૧ જે સોનીની ચકાસણી મુજબ-સોનાનું વજન ૪ગ્રામ ૩૦૦મીલી
૨	૫/૯૪ પોલીસ સબ ઇન્સ્પેટર શ્રી લુણાવાડા	એક એટલાસ કંપનીની સાયકલ જેનો ફ્રમ નંબર ૧૩૫૧૭૫ તેના પાછળના ખંખા ઉપર આર્શીવાદ સાયકલ સ્ટોર્સ ટેક્ષ, હીન્દીમાં લાલ કલરથી તથા અંગ્રેજી ૪ તથા હીન્દીમાં બસ સ્ટેન્ડ ડુંગરપુર લખેલ છે.

લુણાવાડા, તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૬.

(સહી) અવાચ્ય,
કારોબારી ન્યાયાધિશ,
લુણાવાડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, JULY 25 1996 / SRAVANA 3, 1918 [No. 30

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		PAGES
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	361-378
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B,) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	31
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	1315-1362
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	689-703

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૪) મુજબનો.

નંબર ઉ/ગપક/આઇ/૩૭૨/૩૩૨૦/૯૫.—અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. સદરી જગ્યા પર તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬થી ૩૧મી માર્ચ ૧૯૯૬ સુધીના સમય દરમ્યાન પોલીસ અધિકારીઓની રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઇ, સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોરઢાંખરની સલામતી જાળવવા સારૂ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે.

INDEX

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુના પૈકી દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૬ સુધી સવારના કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુના રહીશો તેમજ બહારની કોઈ પણ અનધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોર ઢાખરને પ્રવેશ આપવો નહી. રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસનો સમય સવારના કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૨૭મી ડિસેમ્બર ૧૯૯૬ ના રોજ સહી કરી સિક્કા માર્યા

પી. કે. દત્તા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબ.

નંબર ઉગપક/એસ. બી. /મકર સંક્રાંતી/જાહેરનામું/૨/૯૬.—તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૬નાં રોજ મકર સંક્રાંતીનો તહેવાર આવતો હોઈ આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો માર્ગો રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. અને કપાયેલા પતંગો અને દોરો વિગેરે મેળવવા હાથમાં ઝંડા, વાંસ વિગેરે લઈ જાહેર રસ્તા, ગલીઓ, શેરીઓમાં દોડાદોડી કરતાં હોય છે. જેના કારણે ટ્રાફીકને અડચણ થાય છે. અને કેટલાક વખતે ગંભીર અકસ્માતો થાય છે. તેમજ સુલેહ શાંતિનો ભંગ થવાની પણ શકયતાઓ ઊભી થાય છે. જેથી જાહેર સલામતિ માટે આવી રીતે જાહેર રસ્તા ઉપર પતંગો ઉડાડવા હાથમાં ઝંડા તથા વાંસ અથવા અન્ય વસ્તુઓ લઈ દોડાદોડી કરી પતંગ લુટવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતું હોઈ વારતે, હું પી. સી. પાંડે, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, સુરત શહેર સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (બી), થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૯૬થી કલાક ૦૦-૦૦ થી ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૬ કલાક ૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તામાં અથવા જગ્યા ઉપર પતંગ ઉડાડવા નહીં. તથા હાથમાં લાંબા ઝંડા કે વાંસ વિગેરે લઈ કપાયેલા પતંગો અથવા દોરા મેળવવા જાહેર રસ્તા અગર જગ્યાઓમાં દોડાદોડી કરવી નહીં કે હરવું ફરવું નહીં. તથા ટેલીફોન કે ઈલેકટ્રીકનાં તાર ઉપર લંગર (દોરી) નાંખવાનું કૃત્ય કરવું નહીં. કે કરાવવું નહી.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરેટની હદમાં આવતો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિતને સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ રૂપિયા ૫૦ સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર ઉ/ગપક/એસ.બી/જાહેરનામું ૧/૯૬.—સુરત શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતા હોઈ વારતે હું પી. સી. પાંડે, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની પેટા કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારમાં તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૬ના કલાક ૦૦-૦૦ થી ૧૭મી જાન્યુઆરી ૧૯૯૬ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુ લઈ જવાની ;

(ખ) કોઈ પણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા ક્ષત્રસ્ત્રો અથવા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની ;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતા હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા તે અંગે નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ :—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) પોલીસ કમિશ્નર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીએ જેને અક્ષકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને;

(૩) કાયદેસર પરવાનો ધરાવનાર વ્યકિતને;

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ એક વર્ષની સજા અને દંડની મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ ૧૩૫

(૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર એસ.બી/જાહેરનામું/૧૦/૯૬-નંબર ઉ/ગપક/વશી/૧૯૯૬.—સુરતમાં શહેરમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતા હોવાથી વાસ્તે હુ પી. સી. પાંડે (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માની પેટા કલમ-૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ નીચે જણાવેલા વિસ્તારમાં તારીખ ૩જી એપ્રીલ ૧૯૯૬ કલાક ૦૦—૦૦ થી તારીખ ૨૧મી એપ્રીલ ૧૯૯૬ કલાક ૨૪-૦૦ સુધી નિચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજો કોઈ ચીજવસ્તુઓ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા સ્ફોટક ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાધ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષા આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાની જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી તથા દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરશ્રીના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમને ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોઈ વ્યકિત તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય. તે વ્યકિતઓને,

(૨) પોલીસ કમીશનર, અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતને કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સને ઓછામાં ઓછો ૪ માસ અને વધુમાં વધુ ૧ વર્ષની સજા અને દંડની મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની કલમ ૧૩૫(૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ ના રોજ મારી સહી સીક્કા કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે કાઢેલો.

નંબર એસ.બી.//ઉગપક/જાહેરનામું/૧૧/૯૬.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૬નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતાં મતવિસ્તાર, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨માં મતદાનની તારીખ ૨જી મે ૧૯૯૬ તથા મતગણુત્રીની તારીખ ૮મી/૯મી મે ૧૯૯૬ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગેએ બંધારણની કલમ ૩૨૪ હેઠળ મને મળેલ સત્તાની રુએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪ એલ. અને ઓ/૬. એસ-૦૨૧/૯૪, તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પેરા ૪-૧,માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર સભા ૩ થી વધુ વાહનોના કાફલામાં મોટારકાર/વાહનોની અવરજવર કરવા દેવામાં આવશે નહીં.

લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન ચુંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષના ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા પર મોટી સંખ્યામાં એકજ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે અને ટ્રાફીકને અડચણ ઊભી થઈ શકે છે. વધુમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં ફેરવવામાં આવતો હોય છે. આનાથી જાહેર રસ્તાઓ ઉપર તાં સર્વે પ્રકારના વાહનો તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઊભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

આથી હું, પી. સી. પાંડે, આઈ. પી. એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (બી) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે,

(૧) સુરત શોલીસ કમિશનરેટ વિસ્તારના જાહેર રસ્તાઓ પર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટાર/વાહનો ઉપર અવરજવર કરવા દવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં.

(૧) પોલીસ વાહનોને.

(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી/દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનોને.

આ હુકમનો સાંગ ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી ૧૯૯૬ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૯મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યા છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) ડી. એ. અન્વયે કાઢેલો.

નંબર એસ. બી./ઉગપક/જાહેરનામું/૧૨/૯૬.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૬નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં

INDEX

આવતાં મત વિસ્તાર ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨માં મતદાનની તારીખ ૨જી મે ૧૯૯૬ તેમજ મતગણતરીની તારીખ ૮/૯મી મે ૧૯૯૬ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રુએ આપેલ આદેશ ક્રમાંક ૩/૧૦/૬એસ.૦૦૭/૯૪, જે. એસ. ૨/૫૨-વક તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત પાટીયા બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણો રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બંન્ને વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ નાકા જાહેર માલિકીનીના મકાનો ઉપર વિશાળ પોસ્ટરો, બેનર રાજકીય આગેવાનોના કટઆઉટ વિગેરે ઊભા કરવામાં આવતા અને પ્રદર્શીત કરવામાં આવે છે. એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનાં મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મીલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાઓ વિશાળ કમાનો દરવાજા જાહેરાત, પાટીયા, બેનર, ધજા, પતાકા, ભીત ચિત્રો, વિગેરે ઊભા કરે છે. અથવા મુકે છે. અને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઊભી થવાં સંભવ છે. રાહદારીઓ માટે અગવડતા વધે છે. તેમજ જાહેર રસ્તાએ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રિતે ઉપયોગ થવા સંભવ છે. અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂરી જણાય છે.

વાસ્તે, હું પી. સી. પાંડે, આઈ. પી. એસ. પોલીસ કમિશનર સુરત શહેર ધી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ડી. એ.) થી મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે,

(૧) રાજ્ય સરકાર, નગરપાલિકાઓ, અથવા સરકારી, બોર્ડો, નિગમો પંચાયતોની પાલીકાના રસ્તાઓ, માર્ગો મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભાની ચૂંટણીના ઉમેદવારો દ્વારા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ સંઘટન, અથવા વ્યકિત દ્વારા સંબંધિત સરકારી કચેરી, નગરપાલિકા, પચાયતો અથવા સરકારી નિગમની લેખિત પૂર્વ મંજૂરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર ધજા, પતાકા, બેનર્સ મુકી શકાશે નહીં કે દિવાલો પર ચીત્રો દોરાવી શકાશે નહીં. કે કમાનો દરવાજા વિગેરે ઊભા કરી શકાશે નહીં.

(૨) ઉપરના ખંડ ૧માં જણાવ્યા પ્રમાણેની મંજૂરી આપતા પહેલાં સંબંધિત કચેરીના રહેતા અધિકારી અથવા નગર પાલીકા, પંચાયતો સરકારી બોર્ડ નિગમ આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સુચિત રસ્તામાં માર્ગો, સ્થળ અથવા મકાનોએ આવા કટઆઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા પતાકા, બેનર્સ, કમાનો, દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતિ કે સુરક્ષા જોખમાતી નથી. અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવર જવરમાં કોઈ પ્રકારની અડચણ ઊભી થતી નથી. અને આ માટે સદર સરકારી કચેરી, નગર પાલીકા, પંચાયતો, સરકારી બોર્ડ નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમન ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાદ્ય થશે.

આ હુકમનો અમલ તારીખ ૧૫મી મે ૧૯૯૬ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૯મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) આર (૩) અન્વયે કાઢેલો

નંબર એસ. બી.ઉગપ ક/જાહેરનામું/૧૩/૯૬.—ભારતીય નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૬નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત શહેર કમિશનરેટ વિસ્તારમા આવતા મતવિસ્તાર ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨મા મતદાનનો તારીખ ૨જી મે ૧૯૯૬ તથા મતગણતરી ની તારીખ ૮/૯મી મે ૧૯૯૬ નક્કી કરવામા આવેલી છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩જી ઓગસ્ટ ૧૯૯૪ જે. એસ. ૯૪/૨/ તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪ના ના ધારા ૩-૩ અને ૩-૫માં આપેલ સુચનાઓ મુજબ ચૂટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનો ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમનાં કાર્યકર્તાઓ સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. આ લાઉડસ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપરજ નહીં પરંતુ ટ્રક ટેમ્પો, કાર, જીપ ટેકસીવાન, ત્રણ પૈડાવાળા વાહનો સ્કુટરો, સાયલક, રિક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબજ ઊંચા અવાજ પ્રચાર કરતા લાઉડ સ્પિકરો સાથેના આ વાહનો તમામ માર્ગો શેરીઓ, અને ગલીઓમાં ફરે છે. તેમજ જૂદા જૂદા ગામાએ વસવાટોએ મહોલ્લાઓ, વસાહતોએ અને લત્તાઓમા પણ જાય છે. આને કારણે ખુબ ધ્વની પ્રદુષણ થાય છે. અને આથી જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. અભ્યાસકર્તા વિદ્યાર્થીઓ ઉપર આની ખુબજ પ્રતીકુળ અસર પડે છે. કારણ કે વ્હેલી સવારથી લાઈડ સ્પીકર વગાડવાનું શરૂ થઈ જાય છે. અને તે મુજબ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. અને અશકત અને માંદાઓને પણ ઊંચા આવાજથી ખુબજ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખુબજ અગવડ અને માસ, ક્રકામ અને ભય થાય છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડસ્પિકર અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી રહે છે.

જેથી હું પી. સી. પાંડે, આઈ. પી. એસ, પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૫૧ની કલમ-૩૩(૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું. કે,

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોળાવેલા લાઉડસ્પીકરનો ઉપયોગ સાવારના ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તાર-માં સવારના ૬-૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકરારના વાહનો ઉપર ફરતા લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલા કે રાત્રે ૨૨-૦૦ કલાક પછી રક્ષણ પરજ રખાયેલા લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબધિત અધિકારી સત્તાધિકારીએ જાતે ખાત્રી કરીને પરવાનગી ને લીધે જાહેર શાતી જોખમાય નહીં તે સુનિચ્ચિત કરીને આવી પરવાનગી આપશે.ભઅને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

INDEX

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડસ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી લેવાની રહેશે. ફરતા વાહનમાં ગોઠવેલ લાઉડ સ્પીકર ના ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર (પરમીટ આપવામાં આવે તેવા વાહનોનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.)

(૫) ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઇ લાઉડસ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારનાં પોલીસ મથકને તેમજ તે સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીની અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટ ની સંપૂર્ણ અને લેખીતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી મે ૧૯૯૬ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૯મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક ઉ/ગપક/એલબી/જાહેરનામું/વશી/૧૧૮૦૩/૯૬.—જ્યારે ભારતના નિર્વાચન આયોગ દ્વારા ભારત દેશની લોકસભા ની સામાન્ય ચૂંટણી ૧૯૯૬ નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે ભારતના બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/૯૬ એલએન્ડઓ પીએલએન/૧/૩૫૪૨/તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૬ ના પેરા ૬માં આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી હથિયારી સાથે હરવા ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

જ્યારે આગાઉની લોકસભા અને વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશનરને વિસ્તારના જુદા જુદા સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હતી. તે ધ્યાનમાં લેતાં જણાય છે કે આ વખતની લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન પણ હિંસક બનાવો અબને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શકયતા રહે છે મુકત અને ન્યાયી ચુંટણી થાય તે માટે તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂરી જણાય છે.

૩. અને જ્યારે હિંસક બનાવોમા તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશનરને વિસ્તારમાં હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઇ ન શકે તે માટે સુરત શહેર પોલીસ કમિશનરને વિસ્તારમાં હથીયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. સુરત શહેર પોલીસ કમિશનરને બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત શહેર પોલીસ કમિશનરને વિસ્તારનમા ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલીક જરૂર જણાય છે.

અને જેથી હું પી. સી. પાંડે (આઇ. પી. એસ), પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ કે.

(૧) સુરત શહેર પોલીસ કમિશનરને ના સમગ્ર વિસ્તારમાં કોઇ-પણ વ્યકિતઓ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ ૨ ની વ્યાખ્યામાં આવતું કોઇપણ હથિયાર ધારણ કરવું નહી. અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહી.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરને વિસ્તારમાં બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સુરત શહેર પોલીસ કમિશનરને વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહી.

૫. લોકસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૬ ની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઇ ગયેલ હોય અને ચૂંટણીના સમય બધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય અને યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોય અને સુનાવણી રાખી શકાય તેમ ન હોય ઉપર પેરા નંબર ૪માં જણાવ્યા મુજબ હું ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ (૨) હેઠળ હુકમ કરૂ છું.

આ હુકમ તારીખ ૧૫મી મે, ૧૯૯૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૯મી એપ્રિલ ૧૯૯૬ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર.
સુરત શહેર

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/મુ. મ./ફાયરીંગ/પ્રેકટીસ/૯૬.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબનું જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામના નજીકના ફાયરીંગ બટ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬, અને સર્વે નં. ૮ ની વચ્ચે આવેલ જમીન ઉપર તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૬ થી ૧૦મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી આઇ. સી. આઇ. એસ. એકના ઓફિસર્સ તથા માણસોનું ફાયરીંગ પ્રેકટીસ થનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતાં પ્રજાજનોની સલામતિ જાળવવા માટે સને ૧૯૫૧નાં મુંબઈ પોલોસ અધિનિયમની કલમ ૩૪ (૪) મુજબ પ્રતિબંધી હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું સી. આર. પરમાર,નાયબ પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના હુકમ નં. કે. એમ. સી. વી./૧/૧૯૮૮/૨૯૦૬૫ તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છે કે, સુરત શહેર જિલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીક આવેલ સ. નં. ૯૪, ૯૫, ૯૬, અને સર્વે નં. ૮ની વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટ ની જમીન ઉપર તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૬ થી ૧૦મી જાન્યુઆરી

INDEX

૧૯૯૬ સુધી સવારના ૦૮-૦૦થી૧૮-૦૦ દરમ્યાન સી. આઈ. એસ. એફ. ના ઓફિસર્સ તથા માણસોની ફાયરીંગ પ્રેકટીસ થનાર હોવાથી તે જમીનના આજુબાજુના રહીશોને તથા બહારનો કોઈપણ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહીં તેમજ તે હદમાં આવેલ તાપી નદીના વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલા પકડવા નહી. તેમજ હોડી ઊભી રાખવી નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઈ. પી. કો. ક. ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સુરત, તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬.

સી. આર. પરમાર,
નાયબ પોલીસ કમિશનર, (વહીવટ),
સુરત શહેર.

BY DISTRICT AND SESSIONS JUDGE

Read—Hon'ble High Court letter No. C. 2103/91, dated 7th January, 1991.

Notification

No. B-8-2-76 of 1996.— Under paragraph 628 of Chapter XXXI at page 265 of the Civil Manual, Vol. I, 1960, the District Judge, Ahmedabad (Rural) at Ahmedabad directs the closing of all Civil-Courts of the Judicial District of Ahmedabad (Rural), for the annual Summer Vacation for Six weeks commencing from Monday, 29th April, 1996 to Sunday the 9th June, 1996. (Both day inclusive).

The Offices of the Nazir and the Record Keeper of the District Court, Ahmedabad (Rural), at Ahmedabad and of the Nazirs of the subordinate Civil Courts in the District will remain open during the vacation on working days.

C. K. BUCH,
District and Sessions Judge.
Ahmedabad (Rural) at
Ahmedabad.

Ahmedabad, January 6, 1996.

જિલ્લા અને સત્ર ન્યાયાધિશ દ્વારા

વંચાણમાં લીધો —તારીખ ૭મી જન્યુઆરી ૧૯૯૧નો પત્ર ક્રમાંક સી/૨૩૦૧/૯૧નો વડી અદાલતનો પત્ર

અધિસૂચના

ક્રમાંક બી ૮/૨/૭૬ સને ૧૯૯૬.—સીવીલ મેન્યુઅલ ૧૯૬૦ના ફકરા ૬૨૮ થી પોતાને મળેલ સત્તાની રઈએ તથા ગુજરાત રાજ્યના વડી અદાલતની પૂર્વ મંજૂરીથી મળેલ આદેશ મુજબ અમદાવાદ મુકામે અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના ડીસ્ટ્રીકટ જજશ્રી આથી આદેશ આપી જણાવે છે કે, અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લા અદાલત તથા તેના તાબાની તમામ દિવાની અદાલતો આગામી ઉનાળુ વેકેશન તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૯મી જૂન ૧૯૯૬ (બંને દિવસો સહિત) ના છ અઠવાડિયાના સમયગાળા દરમ્યાન બંધ રહેશે.

ડીસ્ટ્રીકટ કોર્ટના દફતરીશ્રીની કચેરી તેમજ ડીસ્ટ્રીકટ કોર્ટના નાઝરશ્રી સહિત અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લા ન્યાયાધિશની તથા તાબાની દિવાની અદાલતોનાં નાઝરશ્રીની કચેરીઓ ઉપરોકત વેકેશનના સમય દરમ્યાન કામના દિવસોએ ઉઘાડી રહેશે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી જન્યુઆરી ૧૯૯૬.

સી. કે. બુચ,
જિલ્લા અને સત્ર ન્યાયાધિશ,
અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ.

Read.—High Court letter No. C. 2103/91, dated 7th January, 1991.

Notification

No. N. 1 /ADM/53 of 1996.—In exercise of the powers vested under Paragraph 628 Chapter XXXI, of the Civil Manual, Volume-I, 1960, and in view of instructions contained in the High Court letter dated 7th January, 1991, cited in the preamble, the District Judge, Banaskantha sanctions the colosing of all Civil Courts in the Judicial District o, Banaskantha, for the annual Summer Vacation for SIX WEEKS from Monday 29th April, 1996 to Sunday the 9th June, 1996 (Both days inclusive).

The Offices of the Nazir and Record-Keeper, District Court, Banaskantha and of the Nazir o, the Subordinate Civil Courts in the District, will remain open durlng the vacation on working days.

J. R. VORA,
District and Sessions Judge,
Palanpur.

Palanpur, 3rd January 1996.

વંણાણે લીધો.—હાઈકોર્ટ પત્ર નં. સી ૨૧૦૩/૯૧ તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૧.

જાહેરનામું

નંબર એન. ૧/વહી/૫૩/સને ૧૯૯૬.—સીવીલ મેન્યુઅલ વોલ્યુમ-૧ સને ૧૯૬૦ના પ્રકરણ-૩૧, ફકરો ૬૨૮માં જણાવેલ અધિકારની રૂએ જિલ્લા ન્યાયાધિશ, બનાસકાંઠા, બનાસકાંઠા જિલ્લામાં આવેલ તમામ દિવાની કોર્ટોમાં વાર્ષિક ઉનાળુ વેકેશન તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૬ને સોમવારથી ૯મી જૂન ૧૯૯૬ ને શનિવાર (બંને દિવસો સહિત) સુધી છ અઠવાડિયા માટે બંધ રાખવાનું મંજૂર કરે છે.

જિલ્લા અદાલત, બનાસકાંઠાની નાઝીર અને રેકર્ડ કિપરની કચેરી તથા તાલુકાના દિવાની અદાલતોના નાઝીર શ્રીઓની કચેરીઓ વેકેશનના ચાલુ કામકાજના દિવસો દરમ્યાન ખુલ્લી રહેશે.

બનાસકાંઠા, પાલનપુર, તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૬.

જે. આર. વોરા,
જિલ્લા અને સત્ર ન્યાયાધિશ,
પાલનપુર.

INDEX

BY DISTRICT JUDGE

Read-High Court Letter No. C. 2103/91, dated 7th January, 1991.

Notification

No. B. 8/ADM/ 1 of 1996.—In exercise of the powers vested under paragraph 628 Chapter XXXI, of the Civil Manual, Volume-I, 1960. and in view of instructions contained in the High Court letter dated 7th January 1991, cited in the preamble, the District Judge, Mahesana sanctions the closing of all Civil Courts in the Judicial District of Mahesana, for the annual Summer Vacation for SIX WEEKS from Monday 29th April, 1996 to Sunday the 9th June 1996. (Both day inclusive)

The Offices of the Nazir and Record Keeper, District Court, Mahesana and of the Nazir of the subordinate Civil Courts in the District will remain open during the vacation on working days.

A. A. KURESHI
District Judge,
Mahesana.

Mahesana, 1st January,1996.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધું :—હાઈકોર્ટ પત્ર નં. સી ૨૧૦૩/૯૧. તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૧

જાહેરનામું

ક્રમાંક બી-૮/વહીવટ/૧/સને ૧૯૯૬.—સીવીલ મેન્યુઅલ ભાગ-૧ સને ૧૯૬૦ ના પ્રકરણ ૩૧ના ફકરા નં ૬૨૮ પાન ૨૬૫ મુજબ અને ઉપર જણાવેલ તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૧ ના હાઈકોર્ટના પત્રની સુચના અનુસાર મહેસાણા ડીસ્ટ્રીક્ટ જજ સોમવાર તારીખ ૨૯મી એપ્રિલ સને ૧૯૯૬ થી રવિવાર તારીખ ૯મી માહે જુન સને ૧૯૯૬ (બંને દિવસો સહિત) છ અઠવાડિયા ના ઉનાળા વેકેશન અન્વયે મહેસાણા જિલ્લાની તમામ દિવાની અદાલતો બંધ રાખવાની મંજુરી આપે છે.

જિલ્લા અદાલત, મહેસાણાની નાઝર અને દફતરદારની ઓફીસો તેમજ જિલ્લાની દિવાની અદાલતોની નાઝરની ઓફીસો આ રજાઓમાં કામકાજના દિવસોએ ખુલ્લી રહેશે

મહેસાણા તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬

એ. એ. કુરેશી,
જીલ્લા ન્યાયાધિશ,
મહેસાણા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

નંબર પલસ/વાહન/નો-પાર્કીંગ.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૩ (૧) (બી) પ્રમાણે નીચે જણાવ્યા પ્રમાણે બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો લાગતા વળગતા ઈસમોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે અને સુચના આપવામાં આવે છે કે મજકુર જાહેરનામાંનો મુસદ્દો ગુજરાત સરકારના સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત વિચારણામાં લેશે.

મજકુર મુસદ્દો સંબંધમાં જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતને મજકુર મુસદ્દો ગુજરાત સરકારના સરકારી ગેઝેટમાં તે પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ની અંદર કોઈપણ ઈસમ તરફથી લેખિત વાંધાઓ અગર સુચનો મળશે તો તે પર વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામું

આથી હું વી. એસ. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતને ખાતરી થઈ છે કે સુરત જિલ્લામાં આવેલ બારડોલી તાલુકા તથા સોનગઢ તાલુકાઓમાં આવેલ મઢી એસ. ટી. ડેપો અને સોનગઢ એસ. ટી. ડેપો નજીકમાં ઉપસ્થિત થતી અડચણો જેવી કે અનઅધિકૃત રીતે થતું મુસાફરીનું પરિવહન તેમજ સ્ટેશનની આજુબાજુમાં ખાનગી જીપો, બસો, મેટાડોર, ટેક્ષીઓ વગેરે તત્વોની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓના કારણે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને આર્થિક રીતે મોટું નુકશાન પહોંચે છે. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા માટે નીચે આપેલ પરિશિષ્ટમાં જણાવેલા એસ. ટી. ડેપો સ્ટેન્ડની આજુબાજુ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના એસ. ટી. વાહન સિવાયના કોઈપણ ખાનગી બસો, જીપો, મેટાડોર, ટેક્ષીઓ વિગેરે કોઈપણ વાહનો પાર્ક કરવા પ્રતિબંધ ફરમાવવાનું મને જરૂરી જણાયું છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨ના) કલમ-૩૩ની પેટા કલમ (૧) ની બાબત (બી) થી મને મળેલા અધિકારની રૂએ આપેલા પરિશિષ્ટમાં જણાવેલા એસ. ટી. ડેપો / એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુમાં પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં અંતરે કોઈપણ જાતના ખાનગી વાહનો જેવા કે ખાનગી બસો, જીપો, મેટાડોર, ટેક્ષીઓ વિગેરે પાર્ક કરવા પર પ્રતિબંધ ફરમાવું છું અને પરિશિષ્ટમાં જણાવેલ એસ. ટી. ડેપો / એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુનો વિસ્તાર "નો પાર્કીંગ" જાહેર કરું છું.

પરિશિષ્ટ

અનુ. નંબર	તાલુકો	નો પાર્કીંગ જાહેર કરેલો વિસ્તાર
૧	બારડોલી તાલુકો જિલ્લો સુરત.	મઢી એસ. ટી. ડેપોથી ૪૦૦ મીટરનો વિસ્તાર.
૨	સોનગઢ તાલુકો જિલ્લો સુરત.	સોનગઢ એસ. ટી. ડેપોથી ૪૦૦ મીટરનો વિસ્તાર.

આ જાહેરનામાનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

"નો પાર્કિંગ" ના બોર્ડ ઉપર જણાવેલા સ્થળોએ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. સુરત તરફથી મુકવાના રહેશે.

આજ તારીખ ત્રીજી જાન્યુઆરી ૧૯૯૬નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઇ નાં ૨૨માં) ની કલમ-૩૩(૧) (બી) સાથે ૩૩ (૬) મુજબ કાઢેલું.

નંબર પલસ રેલ્વે/રાજ્ય ધોરી માર્ગ/૯૬.— સુરત જિલ્લાનાં આવેલ ચલથાણ, ગંગાધરા વચ્ચે રાષ્ટ્રીય ધોરી માર્ગ આગળ રેલ્વે રેલ્વે ક્રોસીંગ ગેટ નં. ૧૩ એ (દિલ્હીગેટ)માં ફાટકની વચમાં જુની રેલ હોવાથી (રેલ્વેફેક્ચર) રેલ તુટી ગઇ હોવાથી તાત્કાલિક રેલ બદલી કરવાની કામગીરી તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી ત્રણ દિવસ સવારે ૭-૦૦ કલાકથી સાંજનાં ૧૯-૦૦ કલાક સુધી કરવાની હોવાથી સદરહુ રસ્તો તમામ પ્રકારનાં વાહન વ્યવહાર માટે બંધ રાખવાનું જરૂરી છે.

જે અર્થે હું કી વી. એસ. ગઢવી જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩ની પેટા-કલમ-૧ ની બાબત "બી" સાથે કલમ-૩૩ની પેટા-કલમ-(૬) થી મને મળેલ અધિકારની રૂએ સુરત જિલ્લામાં આવેલ ચલથાણ ગંગાધરા વચ્ચે નેશનલ હાઇવે આગળ રેલ્વે ક્રોસીંગ ગેટ નં. ૧૩ એ (દિલ્હીગેટ) નાં રસ્તાને વાહન વ્યવહારમાટે તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી સવારે ૭-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી બંધ રાખવાનું ઠરાવું છ.

(૧) આ હુકમનો અમલ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૬ (બંને દિવસો સુધ્ધાં) દરમ્યાન સવારે ૭-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી કરવાનો રહેશે.

(૨) વિકલ્પ તરીકે આ સમય દરમ્યાન ગામ કરણ ચલથાણ બજાર અને કડાદરા ચાર રસ્તા થઈને વાહન વ્યવહાર થઈ શકશે.

(૩) ઉપરોકત માર્ગ પર જરૂર જણાય તે સ્થળોએ જરૂરી લખાણવાળા બોર્ડ જાહેર જનતાને સરળતાથી દેખી શકાય તે રીતે કાર્યપાલક ઈજનેરશ્રી, (માર્ગ-મકાન) વિભાગ નં. ૨, સુરતનાએ મુકવાનાં રહેશે.

(૪) સદરહુ સમય દરમ્યાન વાહન-વ્યવહાર નિયમન અંગે જરૂરી બંદોબસ્ત જિલ્લા પોલીસ વડાશ્રી (સુરત રૂરલ) સુરતે કરવાનો રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૬નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત,

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૬ મુજબનો હુકમ.

નંબર ડીસી/એમએજી/એસ આર-૮૨/૯૫.—અમદાવાદ રૂરલ જિલ્લાની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પૈકી (૧) ધંધુકા નગરપાલિકા (૨) બાવળા નગરપાલિકા અને (૩) સાણંદ નગરપાલિકાને લગતી ચુંટણી અંગે નિયુકત કરેલ મતદાન મથકોએ તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા સારૂ એકઠા થવાનો સંભવ છે. જેથી જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ અડચણ થતી અટકાવવા અને વ્યવસ્થા જાળવવા પગલાં લેવા જરૂરી છે,

વાસ્તે, હું એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના અધિનિયમ)ની કલમ-૩૬-(ગ) અને (ધ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સદરહું ચુંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઊભા રહેવું.

(૨) મતદાન મથકમાં એક જ લાઈનમાં એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી તુર્ત જ ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ના દિવસ માટે અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯મી માર્ચ ડીસેમ્બર સને ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું.

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબ.

હુકમ

નંબર ડીસી/પીઓએલ/એમએ/એ.આર નં. ૧/૯૬ .—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે

હું એમ.કે. ચૌધરી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) થ મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો દંડા, તલવાર ભાલા સોટી, બંદૂક ખંજર આસ્ત્રો, સળભગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઇંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળુ પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઇંચથી વધુ લંબાઇ ધરાવતું આણીવાળું ધાટક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છ. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની.

(૨) કોઇપણ રીતે શરીરને હાનિકારક એવા કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંક્વાની ધકેલવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

INDEX

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની

(૫) વ્યકિતઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાની અથવા તેને, ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલિ વિસ્તાર, (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર) ના હુકમતના વિસ્તાર સિવાય.

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરી માં હોય તેમને જેને-ઉપરી અધિકારીઓએ જાવું કોઇ હથિયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકટીક્યુટીવ મેજીસ્ટ્રેટ, જીલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીઓ જે તે શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથેરાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતની ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નં. ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઇનાં પોલીસ અધિનિયમ નં. ૨૨માંની કલમ-૩૭ (૩) અન્વયેનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર./૨/૯૬.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે,

હું એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માંની)ની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તાર માં તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૬ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૭મી ન્યુઆરી ૧૯૯૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઇ સભા ભરવી કે બોલાવી નહીં તેમજ કોઇ સરઘસ કાઢવું નહીં.

અનુસુચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયની વિસ્તાર).

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓ ની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ આમાં રસ્તાઓમાં સમાવેશ છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય, તેમજ હોમગાર્ડઝ, જેવી ફરજ ઉપર હોય તેમને ધાર્મિક, અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના તેમજ અધિકૃત સત્તાધિકારીની પાસેથી પૂર્વ મંજૂરી મેળવેલ હોય તેવા સભા, સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૪થી જાન્યુઆરી સને ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો માર્યો છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ અધિનિયમ નં. ૨૨માંની કલમ-૩૭(છ) અન્વયેનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર./૩/૯૬.—મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માંની) કલમ-૩૭ (છ)ના આધારે મળેલ સત્તાની રૂઇએ, હું એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ સુરૂચિ અથવા નીતિનો ભંગ ન થાય તે સારૂ ફરમાવું છું કે, અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર માં તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૯૬ દરમ્યાન કોઇપણ વ્યકિત અગર ઈસમોએ જાહેરમાર્ગ કે મકાનના ભયજનક ધાબા પર તેમજ જેના કારણે તેની અસર બીજા બીજી કોઇ વ્યકિતની જીંદગી ભયમાં મુકાય અથવા મિલ્કતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાડવો નહીં. પતંગ લૂંટવો નહિ, પતંગ ઉપર કોઇપણ જાતની ઉશ્કેરણીજનક (પ્રતિક) લખાણ કે સૂત્રો લખવા નહીં કે રાખવા નહીં, લાઉડસ્પિકર અવાજ કરે અને ધોધાંટથી ત્રાસ થાય તે રીતે વગાડવા નહીં કે આવા અવાજો ઉપર ચેનચાળા કરવા નહીં.

આજ તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એમ. કે. ચૌધરી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ કાયદા ની કલમ ૩૭ (૧) મુજબ

ક્ર માંક ડી.બી.પી.એ-૧/૯૬.—જાન્યઆરી માસમાં ભારતીય કિસાન સંઘના કાર્યકર્તાઓ તરફથી રેલી તેમજ હડતાલનું એલાન આપેલ હોઈ તેમજ નગર પાલિકા તા. પં. પેટા ચૂંટણી ગ્રા. નં. ચૂંટણીઓ યોજાનાર હોઈ તેમજ મકર સંક્રાંતિને તહેવાર આવતો હોઈ જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારૂ સમગ્ર બનાકસકાંઠા જીલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા બંદૂક છરી લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેકવાના ધકેલવાના યંત્રા અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણ કરવાથી ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચિ નિતીનો ભંગ થતો હોય તેવું કરવા નહી.

વાસ્તે હું હર્ષવર્ધન મોદી જી. એ. એસ. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની(સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માંની, કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જીલ્લાના વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મના કરૂ છું આ હુકમ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬ સુધી બન્ને દિવસોં સુધ્ધાંત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તેમના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા જીલ્લા પોલીસ અધિકારી તેમણે અધિકૃત કરવા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશકિતના કારણે અથવા લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧લી જાન્યુઆરી સને ૧૯૯૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

હર્ષવર્ધન મોદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા પાલનપુર.

જાહેરનામું.

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી-૧/૯૬.— આથી જણાવવાનું કે કાર્યપાલક ઈજનેરશ્રી, મકાન અને માર્ગ વિભાગ, નવસારીનો તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૫ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અનુસાર અનુસાર વાપી મુકામે રેલ્વે ક્રોસીંગ નં. ૮૦ ઉપર રોડ ઓવર બ્રીજનું કામ હાથ ધરવામાં આવેલ છે ઉપરોકત કામ ચાલુ રહેશે તે દરમ્યાન વાપી કોપરલી ચાર રસ્તા (વિશ્રામ ગૃહ વાપી) થી વાપી દમણ રોડ પર આવેલ કસ્ટમ ઓફીસ સુધીનો માર્ગ ભારે વાહન વ્યવહાર માટે અડચણ રૂપ થાય તેમ છે.

સબબ ઉપરોકત રસ્તો જાહેર સલામતિના તથા જાહેર વ્યવસ્થાના હિતમાં ભારે વાહન વ્યવહાર માટે બંધ કરવાનું જરૂર જણાયછે.

નંબર ડીસીબી/એમએજી/૨જી-૧/૯૬.— આથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં)ની કલમ ૩૩ ની પેટા કલમ ૧ના કલોઝ (બી) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. કે. કુમાર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ આથી નીચેના નિયમો કરૂ છું.

(૧) વાપી કોપરલી, ચાર રસ્તા (વિશ્રામ ગૃહ વાપી) થી વાપી દમણ રોડ પર આવેલ કસ્ટમ ઓફીસ સુધીનો માર્ગ ભારે વાહન વ્યવહાર માટે તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૬ થી તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૬ ના સમય ગાળા માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવે છે.

ઉપરોકત માર્ગ પરનો પ્રતિબંધિત ભારે વાહન વ્યવહાર નીચે જણાવેલ માર્ગ પરથી અવર જવર કરી શકશે.

(૧) નેશનલ હાઈવે નં. ૮ થી ઉદવાડા રેલ્વે ફાટક થઈને પાતલીયા નાની દમણ સુધીનો ડામર સપાટીના રોડ (આશરે ૧૨-૦૦ કી. મી.)

(૨) નેશનલ હાઈવે નં. ૮ થી મોહન ગામ પાટીયા થઈ ચેકલેશ મોટી દમણ તેમજ ઝરીકોળ વેથી નાની દમણ રોડ સુધીનો ડામર સપાટીનો (આશરે ૧૮ કી. મી.)

(૩) ગુજરાત રાજ્યની ટ્રાન્સપોર્ટની બસો નેશનલ હાઈવે નંબર ૮ વલસાડ તરફથી નવી રેલ્વે ફાટક થઈ ડેપોમાં આવવા જવાનું રહેશે.

(૪) વાપી એસ. ટી. ડેપોથી દમણ માટેની એસ. ટી. વ્યવહાર વાપી મેઈન બજાર કચીગામ સોમનાથ થઈ દમણ તરફ જશે.

આજ રોજ તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી છે.

જાહેરનામું.

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં ની કલમ ૩૩ (૧) બી મુજબનું.

નંબર ડીસીબી/એમએજી-બીપીએ/મકરસંક્રાંતી/૨જી-૧ / ૧૯૯૬ :— તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૬ ના રોજ મકર સંક્રાંતીનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે કેટલાક લોકો પતંગો રસ્તા ઉપર ઉડાડે છે. કપાયેલા પતંગો તથા દોરાઓ મેળવવા કેટલાક લોકો હાથમાં લાંબા ઝંડા તથા વાંસ રાખી જાહેર રસ્તા અને જગ્યાઓમાં દોડાદોડ કરતાં હોય છે. જેથી જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં અડચણો ઉભી કરી ભયજનક રીતે અથવા અગવડભરી રીતે વર્તવા સંભવ છે, જેને લીધે વાહન વ્યવહારને અવરોધ ઉભો થવા તથા અકસ્માતો થવાની સંભાવના રહે છે. તે ઉપરાંત લાંબા ઝંડા તથા વાંસ ટેલીફોન તથા ઈલેકટ્રીક તારને અડવાથી સંદોશ વ્યવહાર

INDEX

ખોટકાય જવા તથા ટેલીફોનના તારને નુકશાન થવા તેમજ ઈલેક્ટ્રીક તારને અડવાથી અકસ્માતો પણ સર્જાવા સંભવ રહે છે જેથી જાહેર સલામતિ ખાતર આવી રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગો ઉડાડતા હાથમા લાંબા ઝંડા તથા વાંસ વિગેરે લઈ જાહેર રસ્તામાં તથા જગ્યાઓમાં હરવા ફરવા દોડાદોડી કરવા તથા લંગરો નાંખી પતંગો કે દોરી લુંટવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે. જે વાસ્તે હું બી. કે. કુમાર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (બજા) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૬થી ૧૫મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધા) ના દિવસો દરમ્યાન વલસાડ જીલ્લાના સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તામાં અથવા જગ્યાઓ ઉપર પતંગો ઉડાડવા નહી. તેમજ હાથમાં લાંબા ઝંડા કે વાંસ લઈ જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં હરવું ફરવું નહી કે કપાયેલા પતંગ અથવા દોરા મેળવવા જાહેર રસ્તા અગર જગ્યાઓમાં દોડાદોડી કરવી નહી તથા ટેલીફોનના કે ઈલેક્ટ્રીક તાર પર લંગર દોરો નાખવા જેવું કૃત્ય કરવું કે કરાવવું નહી.

સ્પષ્ટીકરણ : રસ્તામાં ફૂટપાથનો સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કરનાર વ્યકિતને સદરહુ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ રૂા. ૫૦ સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૬ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. કુમાર,
અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ એકટ, ૧૯૫૧ની ૨૨માં અધિનિયમની પેટા-કલમ-૩૭ (૧) અન્વયેનું.

ક્રમાંક ડીસી / પીઓએલ/બીપીએ / ૩૭-૧/વશી/૫૬૯૪ થી ૨૪/૯૫.—ગાંધીનગર જિલ્લો એ ગુજરાત રાજ્યના પાટનગરનો જિલ્લો છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ. એ, ક્વાર્ટર્સ, શાળા-કોલેજો, જેવી સરકારી ઈમારતો આવેલી છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ સરકારી કચેરીઓ આવેલી છે અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોવાથી આવા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ગંભીર પરિસ્થિતિ ઉભી થાય તેવી શકયતા હોઈ કાયદો અને વ્યવસ્થાનો ભંગ ન થાય તેમજ જાહેર સુલેહ શાંતી જાળવવાના હેતુથી હુ કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૫ સુધીના બંને દિવસ સહિત નીચેના કૃત્ય નહીં કરવા ફરમાવું છું.

(૧.) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, કે અન્ય શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનિત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ દાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીની અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેટા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ, વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— ગાંધીનગર ટાઉનશીપનો નીચેનો વિસ્તાર.

૧. જ. ૩ થી ધ. ૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

૨. ધ. ૩ થી ધ. ૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

૩. ધ. ૫ થી છ. ૫ સુધીનો રોડ સિવાયનો ચ. ૫ સે. ૧૭ના ખુણાના ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

૪. છ. ૫ થી છ. ૬ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

૫. છ. ૬ થી જ. ૭ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

૬. જ. ૬ થી જ. ૩ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો મંત્રીશ્રીઓની રહેણાંક વિસ્તાર.

૭. નવા એમ. એલ. એ. ક્વાર્ટસ સે. ૨૧ના રહેણાંક વિસ્તારના ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર તથા રાજભવન સહિત મંત્રીશ્રા વિસ્તારના ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

૧. જાહેરનામું ધાર્મિક, મરણોત્તર ક્રિયા માટે લાગુ પડશે નહીં.

૨. ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ પર હથિયાર લઈ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર એકઝી. મેજિસ્ટ્રેટ ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર તથા અધિક જિલ્લા પોલીસ અધિકારીશ્રી તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ગાંધીનગર જેઓને શારીરિક અશકિત છે તેવા કરણોસર લાકડી, સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

૪. અત્રેથી કોઈ ખાસ કિસ્સા તરીકે આપવામાં આવેલ પરવાનગીને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી / સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ ના ૨૨માં) ની કલમ ૩૭ની પેટા-કલમ-(૩) હેઠળ.

ક્રમાંક ડીસી/પીઓએલ/બીપીએ/૩૭(૩)/જાહેરનામું/વશી-૫૭૨૫ થી ૫૭૫૫/૯૫.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો ખાતાના વડાઓની કચેરી, એલ. એ. એ ક્વાર્ટર્સ શાળા-કોલેજો, જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆત કરવા આવતા હોય છે. આવા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારોમાં જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે. તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઇ ફરમાવવાનું જરૂરી છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં)ની કલમ-૩૭ની પેટા-કલમ-૩થી મને સત્તાની રૂએ હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૪મી ડીસેમ્બર ૧૯૯૫ ગુરૂવારના સવારના ૦૦-૦૦ થી તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૯૫ના ગુરૂવારના ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપરના સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
૨. ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
૩. કોઈ લગ્નના વરઘોડાને.
૪. કોઈ સ્મશાનયાત્રાને.
૫. અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાગીને

વિસ્તાર.—ગાંધીનગર ટાઉનશીપનો નીચે મુજબનો વિસ્તાર.

૧. જ. ૩ થી ઘ. ૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

૨. ઘ. ૩ થી ઘ. ૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

૩. ઘ. ૫ થી છ. ૫ સુધીનો રોડ સિવાયનો ચ. ૫ સે. ૨૧ના ખુણાના ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

૪. છ. ૫ થી છ. ૬ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.
૫. છ. ૬ થી જ. ૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
૬. જ. ૬ થી જ. ૭ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો મંત્રીશ્રીઓના રહેણાંકનો વિસ્તાર.

આ ઉપરાંત રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે, રાજભવન તેમજ મંત્રીશ્રીઓના રહેઠાણ વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર. તથા નવા એમએલએ ક્વાર્ટર્સ અને સે. ૨૧ના રહેણાંક વિસ્તારના ફરતે ૫૦૦ મીટર નો સમગ્ર વિસ્તાર.

નોંધ.—હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહું અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૫૯નાં ૪૫માં ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ઠરશે.

આજ તારીખ ૧૧મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

સને ૧૯૫૧ની મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક પીઓએલ/વશી-૯૩૭૯.—ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકાના સીસોદરા ગામે તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી પૂ. મોરારી બાપુની રામકથા યોજાશે. આ રામકથામાં આજુબાજુના ગામોમાંથી તથા બીજા જિલ્લાઓમાંથી મોટી પ્રમાણમાં સમુદાય એકત્રીત થશે. જેથી રામકથામાં હાથલારીઓમાં માલ સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઊભી રાખવા નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઊભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ નાં અધિનિયમની કલમ-૩૩(૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ સુધીના સમયમાં (બેબંને દિવસો સહિત) સીસોદરા ગ્રામ પંચાયત તથા સીમમાં યોજાનાર રામકથામાં કોઈપણ ઈસમે પોતાની હાથલારીઓ રામકથામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ, પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામપંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઊભી રાખવી .

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧લી જાન્યુઆરી સને ૧૯૯૬ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો

ક્રમાંક એમ. એ.જી./વક્ષી-૯૪૦૪.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તથા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ અન્વયે મળેલી સત્તાની રૂએ હું કે. કે. પરમાર અધિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, જાહેર શાંતિ અને સલામતિ સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધાં).

INDEX

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પત્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેરમાં કરવાના ઈરાદાથી જાહેરમાં (બીભત્સ સુત્રો) પોકારવા નહી, અશિલલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહીં.

(ચ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હાથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલાં કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને,

અનૂસુચિ

"સમગ્ર ભરૂચ જિલ્લાનો વિસ્તાર'.

આ જાહેરનામાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

મેં આજરોજ તારીખ ૧લી માહે જાન્યુઆરી સને ૧૯૯૬નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૦૭ અન્વયે.

ક્રમાંક પી. ઓ. એલ./વશી-૯૪૫૪.—ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકાના સીસોદરા ગામે તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી પૂ. મોરારીબાપુની રામ કથા યોજાશે. આ રામકથામાં આજુબાજુના ગામોમાંથી તથા રાજયના જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થશે. સીસોદરા ગામ નર્મદા નદીના કિનારે આવેલ છે. નર્મદા નદીના સીસોદરા ઘાટના કિનારે નદીમાં ખાડા પડેલા હોય ગંભીર અકસ્માત કે જાનહાની થવા સંભવ હોવાથી ઉપરોકત દિવસો દરમ્યાન નર્મદા નદીના સીસોદરા ઘાટનાં કિનારે નદીમાં ન્હાવા ધોવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, કે. કે. પરમાર, અધિક જલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ-૧૦૭ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી ના સમયમાં (બંને દિવસો સહિત) નર્મદા નદીના સીસોદરા ઘાટના કિનારે કોઈપણ ઈસમે નદીમાં ન્હાવું નહિ કે ધોવું નહિ.

ઉપરોકત જણાવેલ નિયમોના જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૧૭ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી માહે જાન્યુઆરી ૧૯૯૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (યુ) અન્વયે.

હુકમ

ક્રમાંક પીઓએલ/વક્ષી-૯૪૭૯.—ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકાના સીસોદરા ગામે તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી પૂ. મોરારી બાપુની રામકથા યોજાશે. આ રામકથામાં આજુબાજુના ગામો માંથી તથા રાજયના જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જન સમુદાય એકત્રિત થશે અને ઘાસ, કામળા, વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન સીસોદરા ગામ પંચાયત વિસ્તારમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોકત રામકથાના દિવસો દરમ્યાન સીસોદરા ગ્રામ પંચાયતની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧લી માહે જાન્યુઆરી સને ૧૯૯૬નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) અન્વયેનું.

ક્રમાંક પીઓએલ/વશી-૯૫૦૪.—ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકાના સીસોદરા ગામે તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી પૂ. મોરારીબાપુની રામકથા યોજાશે. આ રામકથામાં આજુબાજુના ગામોમાંથી તથા રાજયના જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થશે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોનો ચેપી રોગચાળો ફાટી નિકળવાનો -નો પૂરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

INDEX

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમાં ૧૨ ફૂટનાં વિસ્તારમાં અથવા તે જગ્યા ઉપર નહાવું ધોવું કે કપડાં ધોવા કે જાનવરોને નવડાવવા નહીં અને વાહનો ધોવા નહીં.

(૨) રામકથાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય-અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવા નહીં.

(૩) ગંધાતા વાસી અને ઉતરી થયેલા અગર માનવ ખાદ્ય માટે બીનઉપયોગી એવા ફળ ફળાદી પીણા ખોરાક વેચવા નહીં.

(૪) ખાનપાનની દુકાનો હોટલો, રેન્ટારન્ટ તથા પોતાની દુકાનો સ્વચ્છ રાખી અને ગંદી રાખવી નહીં.

(૫) જે ભાવિકો કોલેરા શીતળા પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી એવા રોગ અટકાવવા માટે ની દવા ઈન્જેક્શન વિગેરે અગાઉથી લીધા વગર રામકથામાં આવવું નહિ.

વાસ્તે, હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સીતોદરામાં જ્યાં રામકથાનું આયોજન થશે તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલા નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ની કલમ ૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦ સુધીનો દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી (બંને દિવસો સહિત અમલમાં રહેશે.).

આ ૪ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

કે. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

વાંચ્યા :—આ કચેરીના જાહેરનામા ક્રમાંક ટ્રાફીક/વશી/૧૪ થી ૧૯/૯૬ તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૬.

સુધારા હુકમ

નંબર ટ્રાફીક/વશી/૬૪ થી ૬૯/૯૬ .—આ કચેરીના વંચાણ-૧માં લીધેલ તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૬ થી "નો પાર્કીંગ વિસ્તાર" જાહેર કરવા અંગેના બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(૧) જાહેરનામાની પ્રથમ લાઈનમાં "શિનોર તાલુકાના" એ શબ્દને બદલે "ભરૂચ જીલ્લાના" એ રીતે સુધારીને વાચવું.

(૨) જાહેરનામાની છઠ્ઠી લાઈનમાં "નીચે જણાવેલ વિસ્તારની" એ શબ્દ પછી "શિનોર પોલીસ સ્ટેશન" એ શબ્દ વાંચવું.

વડોદરા, તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬.

જી. સી. બ્રહમભટ્ટ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) (૨) અન્વયેનો.

નંબર પલસ/ગ્રા. પં./ચૂંટણી/૧૯૯૬.—સને ૧૯૯૬ની સુરત જિલ્લા ગ્રામ પંચાયતોની આગામી ચુંટણીના દિવસો દરમ્યાન સુરત જિલ્લાના નીચેના પરિશિષ્ટમાં જણાવેલા વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારું પગલાં લેવાનું મને જરૂરી લાગે છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ)ની કલમ-૩૭(૧) (૨) અન્વયે મળેલી સત્તાની રૂએ હું ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત જિલ્લાના અત્રે આપેલા પરિશિષ્ટમાં જણાવેલા વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારું ફરમાવું છું કે, આ સમગ્ર વિસ્તારમાં તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૬થી ૭મી જાન્યુઆરી ૧૯૯૬ બંને દિવસો સુધ્ધાં કોઈપણ વ્યકિતએ, ,—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, ભાલા, સોટા, બંદુક, ચાકુ લાકડી, અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પત્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો, અથવા સાધનો, સાથે લઈ જવા નહીં. એકઠા, કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જવલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ્દ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(છ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહીં. અથવા વાદ્ય વગાડવું નહીં.

(જ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય અથવા જેનાંથી રાજ્યની સલામિત જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ (ચાળા) વગેરે કરવા નહીં. તથા તેવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવી નહીં, દેખાડવા નહીં. અથવા તેનો ઉપયોગ કરવો નહીં.

કલમ-૩૭(૨) અન્વયે જે કોઈપણ વ્યકિત (ક)થી (ચ)માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈપણ પોલીસ અધિકારી તે વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે. અને સરકારમાં દાખલ કરવામાં આવશે.

પરિશિષ્ટ

તાલુકાનું નામ	વિસ્તારનું (ગામનું નામ).
૧. ઓલપાડ	(૧) સરસ (૨) પારડી ભાદોલીગૃપ (૩) મોર (૪) ભગવા (૫) કીમ (૬) કઠોદરા (૭) ઓરમાં ગૃપ વોર્ડ નંબર ૪.
૨. માંડવી	(૧) સરકુઇ (૨) સાલૈયા (૩) ભાઠીફળીયા, (૪) વરજાખણ વોર્ડ નંબર ૫. (૫) વરેઠી, વોર્ડ નંબર ૧.
૩. માંગરોલ	(૧) શાહ (૨) મોસાલી, વોર્ડ નંબર ૫, (૩) કોસંબા વોર્ડ નંબર ૧૦.

INDEX

૪. બારડોલી (૧) ઓરગામ.

૫. વાલોડ (૧) કહેર (૨) દાદરીયા (૩) ગોલણ

૬. વ્યારા (૧) ઢાંગવર, (૨) માયપુર (૩) બામણા માલદુર (૪) ખુશાલપુરા (૫) આધારવાડી દુર (૬) કાંજણ (૭) માલોઠા (૮) ભીજપુર નજીક (૯) પાઠકવાડી (૧૦) ધાણી (૧૧) ડુગરગામ (૧૨) રાણીઆંબા (૧૩) ગાગપુર (૧૪) સરૈયા, (૧૫) રામકુવા જુથ (૧૬) અંતાપુર.

૭. ઉચ્છલ (૧) માણેકપોર (૨) ભીતબુદક (૩) ખાબદા

૮. નિઝર (૧) જટાવલ (૨) ભીલજાંબોલી (૩) ચોખી આમલી (૪) ખોદડા (૫) ઈંટવાઈ, (૬), આડદા (૭) સાયલા (શાલે), (૮) ફુલવાડી,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(ક) સરકારી નોકર કે સરકારી ફરજ બજાવતી વ્યકિતને કે જે તે તેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (રુરલ) સુરતે તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ હુકમનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬ના રાજ મારી સહી કરી સિક્કી કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરુલ્લા/વશી/૪/૯૬.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે હેડકવાર્ટર કંપનીના જુથ ૧૦ ઉકાઈ અને જુથ-૧૧ વાવના પોલીસ કર્મચારીઓ તથા અધિકારીઓના વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ થી ૩૧મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી શેરુલ્લા ખાતેના ફાયરીંગ બટખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમા તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતિ સારું હું,ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલા અધિકારની રુએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના શેરુલ્લા ફાયરીંગ બટ ઉપર તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ થી ૩૧મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતી અને બહારની કોઈપણ અનધિકૃત વ્યકિતઓ તેમજ ત્યાં ચરાવવામાં આવતાં ઢોર, ઢાંખર વિગેરેને સદરહુ ફાયરી ગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ થી ૩૧મી જાન્યુઆરી ૧૯૯૬ સુધીના રોજ પ્રવેશ કરવો નહીં. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) મુજબનું

નંબર પલસ/મકરસંક્રાંતિ/૧/૯૬ .-તારીખ ૧૪મી જાન્યુઆરી૧૯૯૬ ના રોજ મકર સંક્રાંતિનો જાહેર તહેવાર આવતો હોઈ આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો રસ્તા ઉપર પતંગો ઉડાડે છે, કપાયેલા પતંગો તથા દોરો વિગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા વાંસ વિગેરે રાખી જાહેર રસ્તા, ગલીઓ, શેરીઓમ દોડાદોડી કરતાં હોય છે જેને કારણે ટ્રાફીકને અડચણ ઉભી થાય છે અને ગંભીર અકસ્માત થવાનો પણ સંભવ રહે છે સુલેહ ભંગ થવાની પણ શકયતા ઉભી થાય છે જેથી જાહેર સલામતી ખાતર આવી રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગ ઉડાડવા, હાથમાં ઝંડા તથા વાંસ અને અન્ય વસ્તુઓ લઈ રસ્તાઓમાં દોડાદોડ કરી પતંગો લુંટવા ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂર જણાય છે.

જે વાસ્તે હું,ડી. બી. મહેતા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૮મી જાન્યુઆરી ૧૯૯૬ (બંને દિવસો સુધ્ધાંત દરમ્યાન સુરત ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં (પોલીસ કમિશનર સુરત શહેર વિસ્તાર સિવાય કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તા અથવા જગ્યાઓ ઉપર પતંગો ઉડાડવા નહી તેમને હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઈ કપાયેલાં પતંગો કે દોરા મેળવવા જાહેર રસ્તા અથવા જગ્યાઓનાં દોડાદોડ કરવી નહ ! કે હરવું ફરવું નહી તથા ટેલીફોનનાં કે ઈલેકટ્રીકના તાર ઉપર લંગર (દોરો) નાખવાન કૃત્ય કરવું નહી કે કરાવવું નહી

સ્પષ્ટીકરણ ; રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ મોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૬ ના રોજ મારી નહી કરી સિક્કો કરી આપ્યો છે.

ડી. બી. મહેતા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

કલેકટર દ્વારા

વંચાણે લીધું.—ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુ પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ-૧૯૮૧ની કંડીકા-૨૪.

આદેશ

નંબર કમ-કસક-ઈસીએ/તપસ/કેસન/વ-૩૦૦૦/૯૫.— ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુ પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ-૧૯૮૧ની કંડીકા-૨૪ થી મને મળેલ અધિકારની રૂએ હું, કે. શ્રી નિવાસ (આઈ. એ. એસ.) કલેકટર સાંબરકાઠા નીચે મુજબનો કેરોસીન વિતરણ સંબંધે હુકમ કરું છું.

INDEX

સાબરકાઠા જિલ્લામાં આવેલ કેરોસીનનું છુટક વિતરણ કરતા પરવાનેદારો જેવા કે વ્યાજબી ભાવની દુકાનદારો ફેરીયાઓ છુટક વિક્રેતા વગેરે એ ગ્રાહકોને કેરોસીન વિતરણ માટે એક લીટર, બે લીટર અને પાંચ લીટરનો માપીયા અચુક પણે રાખવાના રહેશે.

ઉપરોકત સુચનાનો ભંગ કરનાર પરવાનેદારો સામે ઉકત આદેશની જોગવાઇઓ હેઠળ પરવાનો રદ કરવા અંગેના પણ સખ્ત પગલાં લેવામાં આવશે. જેની તમામ કેરોસીનના છુટક વિક્રેતાઓએ નોંધ લેવી.

હિમતનગર, તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬.

કે. શ્રીનિવાસ,
કલેકટર, સાબરકાંઠા,

સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ નં. ૨૨માંની કલમ-૩૩(૧) અન્વયેનો

નંબર એમએજી/જાહેરનામાં/૨૬૩.— અત્રેના ડીવીઝનના સાંણદ તાલુકાનાં મખીયાવ ગામે ગામ તળાવમાંથી અમુક કોમના ઈસમો દ્વારા માછલા પકડવામાં આવે છે જેથી લોકોની ધાર્મિક લાગણીઓ દુભાય છે.

હું, ડી. એસ. ગઢવી, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધોળકા પ્રાંત, ધોળકા મુંબઇ પોલીસ અધિનિયમ. ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩-(૧) થી મને મળેલ અધિકારની રૂઇએ નીચે જણાવેલ વિસ્તારોમાં હુકમ તારીખથી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો —માછલા પકડવા ઉપર પ્રતિબંધ.

વિસ્તાર —અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મખીયાવ ગામે આવેલ જાહેર તળાવ.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૨ની પેટા-કલમ-૫ હેઠળ રૂપિયા પચાસ સુધી દંડ કરવામાં આવશે.

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો

ડી. એસ. ગઢવી,
સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
ધોળકા પ્રાંત, ધોળકા.

નાયબ ખેતી નિયામક (જ. સં.) અને સચિવ, જિલ્લા જમીન સુધારણા મંડળ દ્વારા

જાહેરાત

જમીન સુધારણા યોજના (વ્યાપ્તિ અને સંશોધન) અધિનિયમ, ૧૯૫૮ ની કલમ ૯ (૨) મુજબ યોજનાની પ્રસિધ્ધિની નોટીસ.

જાવક નંબર. તાંત્રિક/મ-૨/મુ.જ.સુ.યો./અ/૧૫૩/૮૬૨૭/૩૨ .—આથી નોટીસ આપવામાં આવે છે કે, જમીનની જાળવણી અને સુધારણા (૨) જમીનનું ધોવાણ અટકાવવા. (૩) પાણી પુરવઠાની સુધારણા. (૪) સુકી ખેતી પધ્ધતિઓ દાખલ કરવા. (૫) ખેતીની પધ્ધતિઓમાં સુધારા કરવા. (૬) ખરાબાની અને પડતર જમીનનું ખેડાણ કરવા. (૭) જેને લીધે ખેડાણ હાનીકારક રીતે અસર થવાની કે ખેડાણમાં દખલ ઉભી થવાનો સંભવ હોય તેવી હરિયાળી અગર બીજી જાતના નિંદણ કે વનસ્પતિને નિર્મુળ કરવા અંગે જોગવાઇ કરવી યોજનાઓને નીચે જણાવેલી જમીન માટેના જે ખાના નં. ૨, ૩ અને ૪માં બતાવેલ ગામો તાલુકાઓ અને જિલ્લામાં આવેલી છે. તેને ૧૯૫૮ ના મુંબઇ જમીન સુધારણા યોજના (વ્યાપ્તિ અને સંશોધન) અધિનિયમની કલમ((૧) મુજબ મંડળે મંજુર કરી છે.

મંડળે સદરહુ અધિનિયમની કલમ ૧૧ (૧) મુજબ ચાખલી મદદનીશ ખેતી નિયામક (જમીન સંરક્ષણ) ની યોજનાના કામ માટે નિમણુંક કરી છે.

જમીન સુધારણા યોજના અધિનિયમનીકલમ-૯ (૧) (૨) ની દરખાસ્ત ચીખલી ૧૫૩ વોટર કોર્સ યોજના

શીડયુલ પત્રક

અનુ. નંબર	ગામનું નામ તથા ઘટક નંબર	તાલુકો	ક્ષેત્રફળ	સર્વે નંબર અને જમીનનું વર્ણન તથા ક્ષેત્રફળ	અમલ કરનાર અધિકારી
૧	૨	૩	૪	૫	૬
			હે.આરે.ચો.મી.		
૧	ચક નંબર ૨/૧	ચીખલી	૦ ૭૦ ૮૨	૫૦૮	મ. ખો. નિ. ચીખલી.
			૦ ૬૨ ૮૯	૫૨૦	,,
			૦ ૩૬ ૪૬	૫૨૧	,,
			૨ ૦૦ ૦૦	૫૨૨	,,
			૨ ૪૩ ૮૩	૫૧૯	,,
			૦ ૪૭ ૫૬	૫૪૭	,,

INDEX

૧	૨	૩	૪	૫	૬
૨	ચક નંબર ૨/૨	ચીખલી	૧ ૮૫ ૧૪	૫૪૮	મ. એ. નિ. ચીખલી
			૨ ૧૯ ૩૮	૫૫૦	,,
			૦ ૫૯ ૬૯	૫૫૧	,,
			૦ ૬૩ ૭૪	૫૫૨	,,
			૦ ૨૮ ૩૮	૫૬૮	,,
			૦ ૪૦ ૪૨	૫૬૯	,,
			૦ ૬૬ ૭૭	૫૭૦	,,
૩	ચક નંબર ૨/૩	,,	૦ ૨૦ ૨૩	૪૫૨	,,
			૦ ૪૦ ૪૭	૪૫૩	,,
			૦ ૧૪ ૧૬	૪૫૪	,,
			૦ ૮૯ ૦૩	૫૫૩	,,
			૧ ૨૬ ૪૯	૫૫૫	,,
			૧ ૪૦ ૯૫	૫૫૪	,,
			૦ ૨૩ ૨૭	૩૬૬	,,
			૧ ૪૧ ૬૪	૧૬૫	,,
			૨ ૧૭ ૫૩	૨૪૩	,,
			૦ ૧૮ ૨૧	૨૪૪	,,
			૦ ૩૮ ૪૬	૨૪૫	,,
			૦ ૩૬ ૪૨	૧૬૪	,,
૪	ચક નંબર ૨/૪	,,	૧ ૩૫ ૬૩	૧૬૭	,,
			૦ ૯૨ ૦૭	૧૬૮	,,
			૦ ૧૦ ૧૨	૧૬૯	,,
			૦ ૨૦ ૨૩	૨૩૯	,,
			૨ ૨૨ ૫૮	૨૪૦	,,
			૦ ૭૭ ૯૦	૨૪૧	,,
			૫ ૦૬ ૮૮	૨૪૨	,,
					,,
૫	ચક નંબર ૨/૫	,,	૦ ૨૬ ૩૦	૨૩૦	,,
			૦ ૦૭ ૦૮	૨૩૧	,,
			૦ ૨૦ ૨૩	૨૩૩	,,
			૦ ૬૬ ૭૭	૨૪૮	,,
			૧ ૦૧ ૧૭	૨૪૯	,,
			૧ ૦૨ ૦૮	૨૫૨	,,
			૦ ૭૯ ૯૨	૨૫૩	,,
			૦ ૨૬ ૩૦	૨૫૪	,,
			૦ ૨૩ ૨૭	૨૫૫/અ	,,
			૦ ૦૭ ૦૮	૨૫૬	,,
			૦ ૨૪ ૨૮	૨૫૭	,,
૬	ચક નંબર ૨/૬	,,	૦ ૦૭ ૦૮	૨૫૮	,,
			૦ ૧૧ ૧૩	૨૫૯	,,
			૦ ૧૯ ૨૨	૨૬૦	,,
			૦ ૨૭ ૩૨	૨૬૧	,,
		કુલ.	૩૯ ૧૮ ૫૮	...	...

વલસાડ, તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૫.

INDEX

જાહેરાત.

જમીન સુધારણા યોજના (વ્યાપ્તિ અને સંશોધન) અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૯ (૨) મુજબ યોજનાની પ્રસિધ્ધિની નોટીસ.

જાવક નંબર તાંત્રિક-ચ-૨/મુ.જ.સુ.યો.-વદ-૫/૮૬૩૩/૩૮ :—આથી નોટીસ આપવામાં આવે છે કે (૧) જમીનની જાળવણી અને સુધારણા (૨) જમીનનું ધોવાણ અટકાવવા (૩) પાણી પુરવઠાની સુધારણા (૪) સુકી ખેતી પધ્ધતિઓ દાખલ કરવા (૫) ખેતીની પધ્ધતિઓમાં સુધારણા કરવા (૬) ખરાબાની અને પડતર જમીનનું ખેડાણ કરવા (૭) જેને લીધે ખેડાણ હાનીકારક રીતે અસર થવાની કે ખેડાણમાં દખલ ઉભી થવાનો સંભવ હોય તેવી હરીયાળી અગર બીજી જાતના નિંદણ કે વનસ્પતિને નિર્મુળ કરવા અંગે જોગવાઇ કરતી યોજનાઓને નહી જણાવેલી જમીન માટેના જે ખાના નં. ૨, ૩ અને ૪માં બતાવેલ ગામો તાલુકાઓ અને જીલ્લામાં આવેલી છે. તેને ૧૯૫૮ના મુંબઇ જમીન સુધારણા યોજના (વ્યાપ્તિ અને સંશોધન) અધિનિયમની કલમ (૧) મુજબ મંડળે મંજુર કરી છે.

મંડળે સદરહુ અધિનિયમની કલમ ૧૧ (૧) મુજબ વલસાડ (૨) મદદનીશ ખેતી નિયામક (જમીન સંરક્ષણ) ની યોજનાના કામ માટે નિમણુંક કરી છે.

શિડ્યુલ પત્રક

મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમની કલમ ૯ (૨) અન્વયે.

અનુ. નંબર	ઘટકનું નામ	તાલુકો	વિસ્તાર (હેક.)		સર્વે નંબર	કામનો પ્રકાર	અમલ કરનાર અધિકારી
			ખાનગી	સરકારી			
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	અંકલાવ ચાક-૩	ઉંમરગામ	૩૭.૦૦	...	૧૮૧, ૧૮૨, ૨૦૯, ૨૮૨થી ૨૮૪, ૨૮૦, ૨૮૫, ૨૪૫, ૧ થી ૩	વો.કો.	મ.ખે.નિ. (જ.સં.) વલસાડ-૨
૨	„ ૨	„	૨૯.૦૦	...	૨૨૦, ૨૨૧, ૨૨૮, ૨૪૬, ૨૫૧, ૨૬૦, ૨૬૭, ૨૭૫, ૨૭૭, ૨૭૮, ૨૯૭, થી ૩૦૧	„	„
૩	„ ૩	„	૩૧.૮૮	...	૨૪૬, ૨૪૮, ૨૬૦, ૩૪૦, ૧,૨/૧પૈ, ૩પૈકી, ૫પૈ, ૬/૨પૈ ૬/૨પૈ, ૭/૧પૈ, ૭/૨ ૩૨પૈ, ૩૨૯પૈ, ૩૩૩પૈ, ૩૩૮પૈ,૭/૩, ૭/૪	„	„
		કુલ	૯૭.૮૮				

વલસાડ, તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૫.

એચ. એચ. પટેલ,
નાયબ ખેતિ નિયામક, (જ.સં.)
વલસાડ.

ભાગ–૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ગુજરાત, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૯૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે) તારીખ ૪, ૧૧, ૧૮, ૨૫ માહે જુલાઈ સન ૧૯૯૬ના રોજ પૂરા થયેલા અઠવાડિયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	લોકા
૧	૨	૩
૧	૯૭/૨૨મી મે, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા
૨	૯૮/૨૪મી મે, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૩	૧૦૨/૩જી જુન, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા..
૪	૧૦૫/૧૫મી જુન, ૧૯૯૬	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૫	૧૧૨/૨૮મી જુન, ૧૯૯૬	કલેકટર, સાબરકાંઠા
૬	૧૧૬/૮મી જુલાઈ, ૧૯૯૬	કલેકટર, પંચમહાલ ગોધરા.
૭	૧૨૦/૧૬મી જુલાઈ, ૧૯૯૬	કમિશનર, ઓફ પોલીસ, વડોદરા સીટી.
૮	૧૨૧/૧૮મી જુલાઈ, ૧૯૯૬	કલેકટર બનાસકાંઠા, પાલનપુર
૯	૧૨૨/૧૯મી જુલાઈ, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No.G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, AUGUST 1, 1996 / SRAVANA 10, 1918 [No. 31

Separate paging is given to each part in order that it may be filed as the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation.

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Parts-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette.	379—386
Part I-A	—Orders and Notifications (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	32
Part, I-B	—Government Notifications published under Land Acquisition Act only.	1363-1388
Part-I-L	—Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	704—743

MISCELLANEOUS NOTIFICATONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

જાવક ક્રમાંક ઉગપક/૯૬૬૫/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કલમ-૩૭(છ)ના આધારે મળેલ સત્તાની રૂએ હું, પી. કે. દત્તા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર સુરૂચિ અથવા નિતિનો ભંગ ન થાય તે સારૂ ફરમાવું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬ થી ૩૧મી જાન્યુઆરી ૧૯૯૬ દરમ્યાન કોઈપણ વ્યકિત અગર ઈસમોએ જાહેર માર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપર કે જેના કારણે તેની અસર બીજા કોઈ વ્યકિતની જીંદગી ભયમાં મુકાય અથવા મિલ્કતને નુકસાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાડવા નહીં, પતંગ લુટવી નહીં, પતંગ ઉપર કોઈપણ જાતની ઉશ્કેરણીજનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહીં કે રાખવા નહીં લાઉડસ્પીકર આવાજ કરે અને ધોંધાટથી ત્રાસ થાય તે રીતે વગાડવા નહીં કે આવા આવાજો ઉપર ચેનચાળા કરવા નહીં.

INDEX

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૧૩ ૩૭(છ) ભંગ કરી ૧૩૫ (૧) મુ જબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

ક્રમાંક ઉગપક/૯૬૬૬૬/૧૯૯૫.—અમદાવાદ ખાતેના આંતરરાષ્ટ્રીય હવાઇ મથકની હવાઇ પટ્ટીની લંબાઇ હાલમાં ૯૦૦૦ ફટની છે. પરંતુ એરપોર્ટ ઓથોરીટી તરફથી સદર હવાઇ પટ્ટીની લંબાઇ વધારીને ૧૨૦૦૦ ફટની કરવાની કાર્યવાહી ચાલુમાં હોઇ સદર હવાઇ પટ્ટીના માર્ગમાં આવતો રાજયધોરી માર્ગનો અમુક હિસ્સો એરપોર્ટ ઓથોરીટીને સોંપવાનો થતો હોઇ.

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) કલમ-૩૩(બી) ના આધારે મળેલી સત્તાની રૂએ હું પી. કે. દત્તા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર નીચે મુજબ હુકમ કરું છું.

(૧) અમદાવાદ હાંસોલ તરફથી આવતા સ્ટેટ હાઇવે અને આઇ. ટી. આઇ. થી નાના ચિલોડા તરફ જતાં રસ્તાને બંધ કરી રાજય ધોરી માર્ગ નો નવો બનાવેલ રોડ તરફ ટ્રાફીક ડાયવર્ટ કરવો.

(૨) નાના ચિલોડા તરફથી આવતાં ગાંધીનગર હાંસોલ, આઇટી. આઇ,પાસે અને માયા ટોકીઝ નરોડા તરફ જતા રસ્તાને ઇન્ડીકયુપ ફેકટરીના મકાન આગળ બંધ કરી નવા બનાવેલ રોડ ઉપર ટ્રાફીક ડાયવર્ટ કરવાનો રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતિ છે.

સદરહું હુકમ તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ થી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના (૨૨માં અધિનિયમની) કલમ-૩૭(૩) મુજબ.

નંબર ઉગપક/૨૮૧/વિ. શા. ૧૯૯૬.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું પી. કે. દત્તા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૬ ક. ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી, તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર —અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી, ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦નો અધિનિયમ ૧૪૫ની પેટા-કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૬ મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિશા/૨૮૨/૧૯૯૬.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર પૈકી રાયખડ વોર્ડ નંબર-૫ ની પેટા-ચૂંટણી અંગે નિયુકત કરેલ મતદાન મથકોએ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૬નાં રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો પત્ર આપવા એકઠા થવાનો સંભવ છે જેથી જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારમાં તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ અડચણ થતી અટકાવવા વ્યવસ્થા જાળવવા પગલાં લેવાં જરૂરી છે.

વાસ્તે, હું પી. કે. દત્તા, પોલીસ કમિશનર અમદાવાદ શહેર બોમ્બે પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૬ (ગ) અને (ઘ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સદરહુ ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક એક લાઇનમાં ઊભા રહેવું અને જે સ્ત્રીઓ માટે જુદી લાઇન હોય તો તેમાં તેણી ઊભી રહેશે.

(૨) મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી તુર્તજ ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૬ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે

આજ તારીખ ૨૨મી માહે જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ. શા./૨૮૩/૯૬.—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં રાયખડ વોર્ડ નંબર-૫ની પેટા-ચુંટણી અંગે તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મતદાન થનાર છે, અને આ ચુંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું પી. કે. દત્તા પોલીસ કમિશનર, અમદાવાદ શહેર બોમ્બે પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રુઈએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૬મી જાન્યુઆરી ૧૯૯૬ના કલાક ૧૭-૦૦ થી તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૬ના કલાક ૨૦-૦૦ સુધી કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં, મતદાન મથકથી ૧૦૦ મીટર વિસ્તારની અંદર ચુંટણી અંગે પ્રચાર કરવો નહીં કે ચીન્હો રાખવા નહીં.

વિસ્તાર.—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પૈકી રાયખડ વોર્ડ નંબર-૫નાં વિસ્તારમાં,

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓની ફુટપાથ, ગલીઓ, તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ મરણોત્તર અગર લગ્નના વરઘોડાને અથવા જે સરઘસને તથા સભા માટે પોલીસ કમિશનર અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) અને ભારતની રોજદારી અધિનિયમ, સને ૧૯૬૦ના અધિનિયમ નંબર ૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી માહે જાન્યુઆરી સને ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૩) મુજબનો

નંબર ઉગપક/વિશા/૨૮૪/૧૯૯૬.—તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૬ના રાયખડ વોર્ડ નંબર-૫ની પેટા-ચુંટણીની મત ગણતરી વખતે જુદા જુદા પક્ષોના લોકો આ મતગણતરી જ્યાએ એકઠા થાય તે વખતે એક બીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાન્ત વાતાવરણ પેદા થવાની અને લોકોની સુલેહ શાંતિ જોખમાય તેવો સંભવ છે.

જેથી નીચે જણાવેલ વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું પી. કે. દત્તા પોલીસ કમિશનર અમદાવાદ, શહેર બોમ્બ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૬ના કલાક ૬-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી કોઈ સુત્રોચ્ચાર કરવા નહીં. માઈક પણ વગાડવું નહીં કોમી લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહીં અને મત ગણતરી સ્થાને બિન અધિકૃત માણસોએ પ્રવેશવું નહી.

વિસ્તાર —સંસ્કાર કેન્દ્ર જે એલીસબ્રીજમાં આવેલ છે તેનું કમ્પાઉન્ડ તથા તેની આસ પાસનો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ —આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર બોમ્બે પોલીસ અધિનિયમ-ની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી માહે જાન્યુઆરી સને ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

પી. કે. દત્તા,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું.

નંબર ઉગપક/મુ.મ./ફાયરીંગ પ્રેક્ટીસ/૩૫૧/૯૬.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૪) મુજબનું જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામના નજીકના ફાયરીંગ બટ સર્વે નં ૯૪, ૯૫, ૯૬, અને સર્વે નંબર ૮ ની વચ્ચે આવેલ જમીન ઉપર તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૬ ના રોજ સેન્ટ્રલ બેન્ક સુરતના માણસોનું ફાયરીંગ પ્રેક્ટીસ થનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ પ્રતિબંધ હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું સી. આર. પરમાર નાયબ પોલીસ કમિશનરશ્રી સુરત શહેરના હુકમ નંબર કે.એમ.સી.વી./૧/૧૯૮૮/૨૯૦૬૫ તારીખ ૧૪મી ઓક્ટોબર ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિ-નિયમની કલમ-૩૭ (૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છ કે સુરત શહેર જીલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીક આવેલ સ. નં. ૯૪, ૯૫, ૯૫ અને સર્વે નંબર ૮ ની વચ્ચે આવેલી પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૬ સવારના ૮-૦૦ થી ૧૮-૦૦ દરમ્યાન સેન્ટ્રલ બેન્ક સુરત ના આર્મ ગાર્ડના ગાર્ડ માણસોની ફાયરીંગ પ્રેક્ટીસ થનાર હોવાથી જમીનના આજુબાજુના રહીશોને તથા બહારની કોઈપણ અન-અધિકૃત વ્યકિત ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહી તેમજ તે હદમાં આવેલ તાપી નદીના વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલા પકડવા નહી. તેમજ હોડી ઉભી રાખવી નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ઈ. પી. કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ જાન્યુઆરી માસની ૧૨મી તારીખે મારી સહી સિક્કા કરી આપેલ છે.

સી. આર. પરમાર,
નાયબ પોલીસ કમિશનર.
સુરત શહેર.

INDEX

જાહેરનામું

નંબર ઉગપક/જાહેરનામું/ભારેવાહન/ડુમ્મસ રોડ/૧૮૦-૨૪૩૩-૧૯૯૬.—સુરત શહેરમાં દર રવિવારે કલાક ૧૬-૦૦ થી ૨૨-૦૦ દરમ્યાન અઠવાગેટ થી ડુમ્મસ લંગર સુધી મોટી સંખ્યામાં માનવ-મેદની વાહનો સાથે ભેગી થાય છે. ત્યારે ભારે વાહનોની અવર-જવરનાં લીધે ટ્રાફીકની ઘણીજ અગવડતા ઊભી થાય છે. અને જેનાં કારણે નાના મોટા અકસ્માતોનાં બનાવો બનતાં હોઈ જેનાં, નિવારણ માટે દર રવિવારે જાહેર વ્યવસ્થા જળવાય રહે અને સુલેહ શાંતિ ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું, કે. ડી. પાટડીયા (આઈ. પી. એસ. નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફીક સુરત,શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનાં વિસ્તારો માટે દર રવિવારે કલાક ૧૬-૦૦ થી ૨૨-૦૦ સુધીનાં સમય દરમ્યાન ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૧) અડાજણ રોડ સરદારબ્રીજના છેડાથી અઠવા ગેટ સુધી;
(૨) અઠવા ગેટથી પારલે પોઈન્ટ, રુંઢ જકાતનાકાથી ડુમ્મસ લંગર સુધી;
(૩) એલ. બી. ટોકીઝના છેડાથી પારલે પોઈન્ટ સુધીનો ઘોડદોડ રોડ;
(૪) મગદલ્લા નવા બ્રીઝના ઓ.એન.જી.સી. તરફનાં છેડાથી ઉધના મગદલ્લારોડના છેડાં સુધી અને ત્યાંથી મગદલ્લા સચીન રોડ થઈ સચીન રેલ્વે ઓવર બ્રીજ સુધી.

સદર જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર છે.

આ જાહેરનામું તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૮મી ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૬ સુધી ઉપર જણાવ્યા મુજબનાં સમય માટે ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૬નાં રોજ મારી સહી સિક્કા કર્યા.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફીક, સુરત શહેર.

BY DISTRICT AND SESSIONS JUDGE

Read.—High Court letter No. C.2105/74, dated 18th December 1984.
Read.—This office Notification No. H.6/4316/95, dated 20th December 1995.

Notification

No. H-6/183 of 1996.—The District and Sessions Judge, Banaskantha at Palanpur, is pleased to declare Monday, 15th January, 1996, as holiday for all the courts in the Banaskantha District, on account of Makarsankranti.

Palanpur, 14th January 1996.

J. R. VORA,
District and Sessions Judge,
Palanpur.

જિલ્લા અને સત્ર ન્યાયધીશ દ્વારા

વંચાણે લીધો.—(૧) નામદાર હાઈકોર્ટના પત્ર નં. સી ૨૧૦૫/૭૪ તારીખ ૧૮મી ડીસેમ્બર ૧૯૮૪.
(૨) અત્રેની કચેરીના જાહેરનામાં નં. એચ(૬) ૪૩૧૬/૯૫ તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૫.

જાહેરનામું

નંબર એચ (૬) ૧૮૩ સને ૧૯૯૬.—અમો જિલ્લા અને સત્ર ન્યાયાધીશ, બનાસકાંઠા જિલ્લા, પાલનપુર, મકરસંક્રાંતીના તહેવાર નિમિત્તે બનાસકાંઠા જિલ્લાની તમામ ન્યાયિક અદાલતોમાં, સોમવાર તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ રજા જાહેર કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૬.

જે. આર. વોરા,
જિલ્લા અને સત્ર ન્યાયાધિશ,
પાલનપુર.

Read .—(1) High Court letter No. C. 2105/74, dated 18th April, 1974.
(2) High Court letter No. C. 2105/74, dated 18th December, 74.

Notification

No. CB/2/64 of 1996.— The District and Sessions Judge, Valsad at Navsari, is pleased to declare Monday, January 15th 1996, as a public holiday for the District and Sessions Court, District Valsad and all the Courts Subordinate to it in the Judicial District of Valsad and their Offices, on account of MAKARSANKRANTI.

Navsari, 13th January 1996.

Miss P. S. SHUKLA,
District and Sessions Judge,
Valsad at Navsari.

વંચાણમાં લીધા.—૧. હાઈકોર્ટ પત્ર નંબર સી. ૨૧૦૫/૭૪, તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૭૪.
૨. હાઈકોર્ટ પત્ર નંબર સી. ૨૧૦૫/૭૪, તારીખ ૧૮મી ડીસેમ્બર ૧૯૭૪.

અધિસુચના

ક્રમાંક સી. બી.(૨) ૬૪/૧૯૯૬.— વલસાડ જિલ્લાના ડીસ્ટ્રીક્ટ અને સેસન્સ જજ, મુકામ નવસારી, જિલ્લા વલસાડ, આથી જાહેર કરે છે કે, વલસાડ ન્યાયાધિશો જિલ્લામાંની ડીસ્ટ્રીક્ટ અને સેસન્સ અદાલતો અને તેમના તાબા હેઠળની સર્વે અદાલતો તેમજ તેમની કચેરીઓ સહિત, મકરસક્રાંતી નિમિત્તે, સોમવાર તારીખ ૧૫મી જાન્યુઆરી માહે, સને ૧૯૯૬ના રોજ બંધ રહેશે.
નવસારી, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૬.

કુમારી પી. એસ. શુક્લ,
ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ,
વલસાડ, મુકામ : નવસારી.

INDEX

BY DISTRICT JUDGE

Read :—Telephonic Message received on 13th January, 1996 at 9-15 A.M. from the Joint Registrar, High Court of Gujarat, Ahmedabad.

" :—Fax Message of Under Secretary to Government of Gujarat, received through the Collector, Bharuch.

Notification

No. B-46(i) / 30/1996.— The under signed is pleased to declare Monday, the 15th January, 1996, to be a public holiday on account of Makarsankranti. instead of Sunday, the 14th January, 1996, as notifieds in District Court, Bharuch, Notification No. B-46(i)/ 2520 / 1995, dated 28th December, 1995.

Bharuch, 16th January, 1996.

H. H. MEHTA,
District Judge, Bharuch.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક બી-૪૬ (i)/૧૩૦/૧૯૯૬.—આથી હું, નીચે સહી કરનાર જાહેર કરુ છું કે, જિલ્લા ન્યાયાલય, ભરૂચના જાહેરનામાં ક્રમાંક બી-૪૬ (i) ૨૬૨૦/૧૯૯૫, તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૯૫ થી મકરસંક્રાંતિ ની જે રજા તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ જાહેર કરવામાં આવેલ હતી તેના બદલે તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૬ને સોમવારના રોજ જાહેર કરી છે.

ભરૂચ, તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬.

હ. હી. મહેતા,
જિલ્લા ન્યાયાધિશ,
ભરૂચ.

Notification

No. 235 of 1996.—The Government of Gujarat, Gandhinagar and the Honourable High Court of Gujarat, Ahmedabad have declared Holidays on 15th January, 1996 Monday instead of 14th January 1996 Sunday. Therefore, in exercise of the powers conferred upon me, I.M.K.Saiyad in charge of the District Judge, Panchmahals, Godhra hereby declare that the District Court, Panchmahals, Godhra, and all the Courts subordinate to it in the District of Panchmahals shall remain closed on January 15, 1996 instead of January, 14, 1996 on account of Makar Sankranti.

Godhra, 14th January 1996.

M. K. SAIYAD,
I/c. District Judge,
Panchmahals, Godhra.

જાહેરનામું

નંબર ૨૩૫ સને ૧૯૯૬.— તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ રવિવારના બદલે તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૬ સોમવારના રોજ ગુજરાત સરકારશ્રી, ગાંધીનગર તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદે રજા જાહેર કરેલ છે. જેથી મને મળેલી સત્તાની રૂએ હું, ઈન્ચાર્જ ડીસ્ટ્રીક્ટ જજ, પંચમહાલ, ગોધરા, આથી જાહેર કરુ છું કે જિલ્લા અદાલત પંચમહાલ, ગોધરા અને તેની તાબાની તમામ કોર્ટો મકરસંક્રાંતિને કારણે તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૬ના બદલે તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ બંધ રહેશે.

ગોધરા, તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૬.

એમ. કે. સૈયદ,
ઈન્ચાર્જ જિલ્લા ન્યાયાધિશ,
પંચમહાલ, ગોધરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (બી) અન્વયે.

નંબર પીઓએલ/અકસ્માત ઝોન/વશી-૬/૧૯૯૬.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨મા) ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ના ખંડ (બી) અન્વયે જાહેરનામાનો મુસદ્દો સદરહુ કલમ-૩૩ની પેટા કલમ (૬) થી ફરમાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાની હોય તેવી સઘળી વ્યક્તિઓને જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીના પછી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

સદરહુ મુસદ્દાના સંબંધમાં જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠાને ઉપરોક્ત મુદત પુરી થતાં પહેલાં જે કાંઇ વાંધા કે સુચનો મળશે તેને વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

સાબરકાંઠા જિલ્લામાં થતા માર્ગ અકસ્માતો અંગેનું સર્વેક્ષણ કરતાં છેલ્લા એક વર્ષમાં નીચે જણાવેલી જગ્યાઓએ અકસ્માતો વધુ પ્રમાણમાં થયેલા છે અને તેના કારણે વાહનોને મોટું નુકશાન થવા પામેલ છે. અને માનવ મૃત્યુ પણ મોટા પ્રમાણમાં થવા પામેલ છે આ બાબતે તારીખ ૩૦ જુન ૧૯૯૬ની અકસ્માતો નિવારવા અંગેની મીટીંગમાં પણ ચર્ચા કરવામાં આવેલ અને સર્વે સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાયો મુજબ ઉકત વિસ્તાર / જગ્યાઓ પર "અકસ્માત ઝોન" જાહેર કરવા નિર્ણય લેવાયેલ હતો.

(૧) નેશનલ હાઈવે નં. ૮ ના કી.મી. ૪૪૯ થી ૪૫૪ પીપલોદથી વુદાવન ગામ.

(૨) નેશનલ હાઈવે નં. ૮ ના કી. મી. ૪૫૭ થી ૪૬૦ સોનાસણ પાટીયાથી સલાલ.

INDEX

(૩) નેશનલ હાઈવે નં. ૮ ના કી. મી. ૪૬૩ થી ૪૭૦ પોગલું ગાધીયાના વડથી કગાલપુર.

(૪) નેશનલ હાઈવે નંબર ૮ ના કી. મી. ૪૨૦ થી ૪૨૫ હોટલ વેવેઠટથી જવાનપુરાના પાટીયા સુધી.

વાસ્તે હું કે. શ્રી નિવાસ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (બી) અન્વયે મળેલા સત્તાની રૂએ ઉપરોકત ૪ (ચાર) જગ્યાઓને/વિસ્તારોને અકસ્માત ઝોન તરીકે જાહેર કરૂ છું અને આ વિસ્તારોમાં વાહનોની ઝડપ-૪૦ કી. મી. થી ઓછી રાખવા પણ ફરમાવું છું.

આ હુકમ ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

આજ તારીખ ૨૬મી જુન ૧૯૯૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

કે. શ્રીનિવાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

હુકમ

નંબર એમએજી/અધિકાર/વશી-૨૩૪—સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૨(૧) થી જિલ્લા મેજીસ્ટ્રેટ-શ્રીને મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી, આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલ તાલુકામાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી કે. જે. પટેલ, મામલતદાર, ચોર્યાસી,	ચોર્યાસી તાલુકો સુરત શહેર, સહિત.

સુરત, તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૬.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/વશી-૨૩૪.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪ની રજી. એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪(૪) થી મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. એસ ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તેઓએ હોદો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહું અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપુ છું.

અનુ. નંબર	એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી કે. જે. પટેલ, મામલતદાર ચોર્યાસી	ચોર્યાસી તાલુકો સુરત શહેર સહિત

સુરત, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૬.

હુકમ

નંબર એમએજી/અધિકાર/વશી-૨૩૫/૯૬.—સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૨(૧) થી જિલ્લા મેજીસ્ટ્રેટ-શ્રીને મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમના નામની સામે જણાવેલા તાલુકામાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી ડી. સી. પટેલ, મામલતદાર, ઓલપાડ	ઓલપાડ તાલુકો

સુરત, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૬.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૨૩૫/૯૬.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪ની રજી એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ (૪)થી મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તેઓએ હોદો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહું અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપુ છું.

અનુ. નંબર	એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી ડી. સી. પટેલ, મામલતદાર, ઓલપાડ	ઓલપાડ તાલુકો

સુરત, તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૬.

હુકમ

નંબર એમએજી/અધિકાર/૨૩૬.—સને ૧૯૭૩ની ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૨(૧) થી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને મળેલ મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી, આઈ. એ.એસ.ની જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ એકીકયુટીવ મેજીસ્ટ્રેટ, તેઓ હાજર થવાની તારીખથી તેમના નામ સામે જણાવેલા તાલુકામાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, તરીકેના હવાલામાં મુકુ છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી એલ. એફ. વૈસોયા, મામલતદારશ્રી, સોનગઢ	સોનગઢ તાલુકો

સુરત, તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૬.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૨૩૬.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪નો રજી. એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી, આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરત, આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને તેઓ હોદો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપુ છું.

INDEX

અ.નુ. નંબર	એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી એલ. એફ. વસૈયા, મામલતદારશ્રી, સોનગઢ	સોનગઢ તાલુકો

સુરત, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૬.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તરમ/૨જી-૨/૯૬.—જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વલસાડનો તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૬ની દરખાસ્ત નં. વલર/સીબી/.૨/વા. ફા./૯૫/૯૬ થી જણાવ્યા મુજબ પોલીસ કર્મચારીઓનું ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે, સમયે, અને તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ ૩૭-ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રુએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા-કલમ-૪ની જોગવાઈ મુજબ નીચે [illegible] સ્થળે અને તારીખે ફાયરીંગ તથા તેની આજુબાજુના ૨ [illegible] વિસ્તારમાં,

તારીખ	સમય	સ્થળ
તારીખ ૨૨મી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૬	સવારે ૭-૦૦ થી સાંજે ૧૮-૦૦ કલાકે	ફાયરીંગ બટ ભિલાડ

ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમ્યાન [illegible]ની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર લાવે જવા અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું. સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મારી [illegible] સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. [illegible],
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૪-૭૮ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ. હુકમ.

નંબર પી. ઓ. એલ./પ્રતિબંધ/૯૬.—સિધ્ધપુરમાં ઐતિહાસિક સ્થળ રૂદ્રમહાલય આવેલ છે. તેન બાજુમાં એક મસ્જીદ આવેલ છે. જે જુમ્મા મસ્જીદ તરીકે ઓળખાય છે. અને તે મીલ્કત. બાબત સરકારના પુરાતત્વખાતાના તરફથી રક્ષિત ઈમારત તરીકે જાહેર કરાયેલ છે. અને તે ઈમારત.ના ઉપયોગ સારૂ હિન્દુ તથા મુસલમાનોની કોમી લાગણી વચ્ચે સિધ્ધપુરમાં ઘણી ભારે તંગ પરિસ્થિતિ પેદા થાય છે. અને તે હાલ પ્રવર્તતે છે. આ બાબતે નામ દાર ગુજરાત સરકારે અગાઉ પ્રતિબંધ ધિત વિસ્તાર તરીકે બહાર પાડેલ છે. જાહેરનામાની મુદત પૂરી થાય છે. તેથી બંને ક.મી તરફથી રૂદ્રાલાય અને જુમ્મા મસ્જીદમાં પાક કરવા અને નમાજ પડવા જાય તેમ માનવાને કારણ છે. હાઈ-કોર્ટમાં કેસો ચાલે છે. તેની નીકાલ હજુ આવેલ નથી. બંને કોમ. વચ્ચે ફરીથી તંગદીલી ઊભી થવા સંભવ છે. જેથી જાહેર સુલેહ-શાંતિનો ભંગ થતા અટકાવવા નું ઈષ્ટ જણાય છે. અને તેમ થતું તે અટકાવવાનું ઈષ્ટ જણાય છે. અને તેમ થતું તાત્કાલિક અટકાવવા તથા ઝડપથી ઉપાય યોજવાનું ઈચ્છનિય છે.

તેથી હું એન. ડી. પટેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર, મને મળેલ ખાસ સત્તાની રુએ આથી હુ ફરમાવું છુ કે, નીચે અનુસંધામાં જણાવેલ મીલ્કતોમાં તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૯૯૬ના રોજથી ૬૦ દિવસ સુધી સદર મિલ્કતોમાં અગર તેની અંદર આવેલ કોઈપણ સ્થળે કોઈપણ રીતે ઉપયોગ કરવો નહી. તેનો પ્રબંધ ફરમાવું છુ.

મિલ્કતોનો વિસ્તારની ચતુ:સિમાં.

પૂર્વદિક્ષા.—ઘર નં. ૧-૧૦-૮૪ની પછીત નદીમાં જવાની રસ્તી તથા ઘર નં. ૧-૧૦-૮૫નો કરો.

પશ્ચિમ દીશા.—રૂદ્રામહાલય તથા મસ્જીદની હદથી રસ્ત. દેસાઈ-વાડાતરફ જવાની તથા ત્યાંથી વહોરાવાડ તરફ જવાનો રસ્તો મૂકી ચઘર નં. ૧-૧૦-૪૩, ૧-૧૦-૪૪ ૪૪, તથા ૧-૧૦-૪૫ની પછીત.

ઉત્તર દીશા.— રૂદ્રામહાલય તથા મહોલ્લામાં ઘર નં. ૧-૧૦-૭૨ થી ૧-૧૦-૭૬ના મકાનની પછીત તથા પશુવાદળ-ની પ.ળ તરફ જવાન. રસ્ત. જે દેસાઈના માઢ જાય છે. તેની બીજી બાજુ. ઘર નં. ૧-૧૧-૯૫ થી ૧-૧૧-૧૦૦ ના મકાન.ના આગળન. ભાગ.

દક્ષિણ દીશા.—જુની વહોરાવાડ તથા દેસાઈના માઢ તરફ જવાન. રસ્ત. જવાનો રસ્તો ઓળંગી ઘર નં. ૧-૫-૫ તથા ૧-૫-૬ ન. આગળનો ભાગ તથા બારણા તથા ત્યાર બાદ રસ્ત. મુકીને ઘર નં. ૧-૧૦-૪૭ના મકાનનો કરાનો ભાગ.

સદરહુ હુકમનો ભંગ કરનાર ભારતના ફ.જદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ ની શિક્ષાને પાત્ર થશે. આ ગુનો કોગ્નીઝેબલ બીન જામીન લાયક ગુન. છે. આ હકમ જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા, જિલ્લા પો.લીસ વડાશ્રી, પાટણ તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર અથવા આ અર્થે તેમને અધિકૃત કરેલા, અધિકારીઓ. પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિતઓને લાગુ પડશે નહીં. અગર ફરજ ઉપર હાજર રહેનારી પુરાતત્વ ખાતાના તથા રાજ્ય સરકારના અધિકારીઓ.ઓ. તથા નોકરોને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૨૩મી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

એન. ડી. પટેલ,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સિધ્ધપુર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVIII] THURSDAY, AUGUST 8, 1996 / SRAVANA 17, 1918 [No. 32

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		PAGES
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	387-394
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B,) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	33
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	1389-1814
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	744-778

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉગપ/ક/ ૩૫/ ૯૬.—અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં વસ્તી અને વિસ્તારમાં થયેલ વધારાના કારણે તથા એલિસબ્રિજ ઉપરથી ભારે વાહન પસાર થતા પ્રતિબંધ હોવાના કારણે નહેરુબ્રિજ ઉપર ટ્રાફિકનું ભારણ ખૂબ જ વધી જવા પામેલ છે. આ ટ્રાફિકની સમસ્યાના નિવારણ સારું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કલમ-૩૩ (બી) ના આધારે મળેલી સત્તાની રૂએ હું, પી. કે, દત્તા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર નીચે મુજબ હુકમ કરવા ધારું છું.

(૧) સવારના કલાક ૯-૦૦ થી ૧૨-૦૦ સુધી ટાઉન હોલથી વિક્ટોરીયા ગાર્ડન તરફ જવા એલિસબ્રિજ ઉપરથી (ભારેવાહનો) સિવાય) સાયકલ, સ્કુટર, રીક્ષા, મોટરકાર જેવા વાહનો જઈ શકશે. પરંતુ વિક્ટોરીયા ગાર્ડનથી ટાઉન હોલ તરફ તમામ પ્રકારના વાહનોને એલિસબ્રીજ ઉપર આવવા પ્રતિબંધ રહેશે.

INDEX

(૨) તેમજ બપોરના કલાક ૧૬-૦૦ થી ૧૯ ૩૦ સુધી વિકટોરીયા ગાર્ડનથી ટાઉન હોલ તરફ જવા એલિસબ્રીજ ઉપર (ભારે વાહનો સિવાયના) સાયકલ, સ્કુટર, રીક્ષા, મોટરકાર જેવા વાહનો પસાર થઈ શકશે, પરંતુ ટાઉન હોલથી વિકટોરીયા ગાર્ડન તરફ તમામ પ્રકારના વાહનોને એલિસબ્રીજ ઉપર લાવવા પ્રતિબંધ રહેશે.

(૩) તેમજ બપોરના કલાક ૧૨-૦૦ થી ૧૬-૦૦ તથા સાંજના કલાક ૧૯-૩૦ થી સવાર કલાક ૯-૦૦ સુધી (ભારે વાહન સિવાય) બંને તરફ તમામ વાહનો આવનજાવન કરી શકશે.

સદરહુ હુકમ તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૬ થી અમલમાં મુકવામાં માગુ છું તે અંગે કોઈપણ નાગરિકને કોઈ વાંધો હોય તો દિવસ-૩૦માં લેખિત મને મોકલી આપવાની વિનંતી છે.

આજ તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મારા સહી/ સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૨૮૪/વિ. શા/૧૯૯૬.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે

વાસ્તે હું, પી. કે. દત્તા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ રજી ફેબ્રુઆરી ૧૯૯૬ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૬ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નગાઠ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ ૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ ૧૪૫ની પેટા કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦ માહે જાન્યુઆરી સને ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

પી. કે. દત્તા,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટ્રાફિક/જાહેરનામું-૨૮૩/૪૧૪૨/૯૬.—સુરત શહેરમાં રસ્તાઓની સંકળાશ અને વાહન વ્યવહારમાં થતાં દિન-પ્રતિદિન વધારાને લીધે ટ્રાફિકની સમસ્યા જટીલ બનતી જાય છે.

સુરત શહેરનાં ઉધના 'ટી' પોઈન્ટથી ઉધના દરવાજા તરફ જતાં ડાબી તરફનાં ભાગે શ્રીકૃષ્ણ મંદિર આવેલ છે. તેની સામે શાસ્ત્રીનગર માં જવાનો મુખ્ય રસ્તો છે. મુખ્ય રોડથી શાસ્ત્રીનગર તરફ વાહનો વળે છે. ત્યારે ઉધના તરફ જતા અને તે તરફથી આવતાં ભારે વાહન વ્યવહારનાં કારણે અગાઉ ઘણા અકસ્માતનાં બનાવો બનેલા છે. આ પરિસ્થિતિને અટકાવવા ઉધના મેઈન રોડ તરફથી શાસ્ત્રીનગર તરફ જતાં વાહનોને જમણી બાજુ ટર્ન લઈ શાસ્ત્રી નગર તરફ નહીં જવા "નો રાઈટ ટર્ન" અંગેનું નીચે મુજબનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

આથી હું, કે. ડી. પાટડીયા, નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેરને બી.પી. એક્ટ કલમ ૩૩(૧) બ, હેઠળ મળેલ સત્તાની રૂએ સુરત શહેરનાં ઉધના મેઈન રોડ તરફથી શાસ્ત્રીનગર તરફ જતા વાહનોને જમણી બાજુ ટર્ન લઈ શાસ્ત્રીનગર તરફ જવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. એટલે કે "નો રાઈટ ટર્ન" નો હુકમ જાહેર કરૂ છું.

ઉપર જણાવેલ જગ્યાએ જરૂરી ચેતવણી આપતા સાઈન બોર્ડ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને મૂકવા.

આ જાહેરનામું તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૬થી દિન-૩૦ સુધી હંગામી ધોરણે બહાર પાડવામાં આવેલ છે.

આજરોજ તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કરેલ છે.

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટ્રાફિક/ભારે વાહન/વરાછા રોડ/૪૨૪૪/૨૯૦/૧૯૯૬.—સુરત શહેરમાં આવેલ વરાછા રોડ વિસ્તારમાં રત્નકલાકાર ભાઈઓ બહોળા પ્રમાણમાં રહે છે. તેમને કારખાનાથી ઘરે આવવા જવાના સમયે ટ્રાફિકનું પ્રમાણ વધે છે. અમુક સમયે જીવલેણ અકસ્માત પણ થાય છે. તેને નિવારવા વરાછા રોડનાં ગરનાળાથી સરથાણા જકાતનાકા સુધી સવારે કલાક ૧૧.૩૦ થી ૧૩.૩૦ સુધી અને સાંજનાં ૧૯.૦૦ થી ૨૧.૦૦ સુધીનાં સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને સુલેહ ભંગ ન થાય તેમજ ફાયદો અને વ્યવસ્થા પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું, કે. ડી. પાટડીયા (આઈ. પી.સી.) નાયબ પોલીસ કમિસનર, પશ્ચિમ અને ટ્રાફિક સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)બ મુજબ મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત વિસ્તારમાં ઉપરોક્ત સમય દરમ્યાન ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

સદર જાહેરનામું હંગામી ધોરણે બહાર પાડવામાં આવેલ છે.

આ જાહેરનામું તારીખ ૫મી ફેબ્રુઆરી ૧૯૯૬થી તારીખ ૫મી માર્ચ ૧૯૯૬ સુધી ઉપર મુજબના સમય માટે ફરમાવવામાં આવે છે.

આથી હું સી. આર. પરમાર નાયબ પોલીસ કમીશનરશ્રી સુરત શહેરના હુકમ નંબર કે એમ સીવી-૧/૧૯૮૮/૨૯૦૬૫ તારીખ ૧૪મી ઓક્ટોબર ૧૯૭૮૮ ના મુંજબ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત શહેર જિલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીક આવેલ સ. નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નંબર ૮ ની વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તારીખ ૩જી માર્ચ ૧૯૯૬ સવારના ૭-૦૦ થી ૧૮-૦૦ દરમિયાન કસ્ટમના કસ્ટમના અધિકારીઓના ફાયરીંગ પ્રેકટીસ થનાર હોવાથી તે જમીનની આજુબાજુના રહીશોને તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમિયાન આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહી તેમજ તે હદમાં તાપી નદીના વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલા પકડવા નહી તેમજ હોડી ઉભી રાખવી નહી.

આ હુકમનો ભંગ કરનારને ઈસમને ઈ/પી/કો/ કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ ૧લી માર્ચ ૧૯૯૬ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

સી. આર. પરમાર,
નાયબ પોલીસ કમિશનર,
વહીવટ સુરત શહેર.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા

જાહેરનામું

ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨ના નિયમ ૮૧(૧) હેઠળ.

ક્રમાંક જમીન/બીનખેતી/વશી-૨૦૪/૯૬.—સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં. જી. એચ. એમ. ૭૮-૩૪-એમ. એલઆરઆર. ૧૦૭૭-૪૩૦૬૪-એલ, તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૭૮ થી સુધારેલા ગુજરાત લેન્ડ રેવન્યુ રૂલ્સ, ૧૯૭૭ અમલમાં આવેલ છે. અને તે નિયમો હેઠળ નિયમ ૮૦, ૮૦-એ, એ. એ. ૮૧ના અધિકારો જિલ્લા પંચાયતોને સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નંબર કેએમ.-૭૮-૧૨૭-એમ. એનએએ-૨૭૯૬૯ ( ) એલ. તારીખ ૨૩મી માર્ચ ૧૯૭૮ થી આપેલા છે.

જે અન્વયે સને ૧૯૭૧ના વસ્તીના ધોરણે જિલ્લાના ગામોનું વસ્તીના ધોરણે વર્ગીકરણ કરવામાં આવેલ છે. તે પછી "સી વર્ગમા સમાવેશ થયેલ ગામોની રેવન્યુ હદથી એક કીલોમીટરના વિસ્તારમાં આવતા વિસ્તારોમાંનો સાબરકાંઠા જિલ્લા પંચાયતની તારીખ ૩૧મી જુલાઈ ૧૯૮૩ ની સામાન્ય સભાના ઠરાવનં. ૫ થી વર્ગ-૩ નક્કી કરવામાં આવેલ છે. ત્યારબાદ ૧૯૮૧ની વસ્તીના ધોરણે આ જિલ્લાના ગામોની વસ્તીના વધારો થતાં તેવા ગામોનું જમીન મહેસુલ નિયમ ૮૧(૧)ની જોગવાઈ મુજબ ફરીથી વર્ગીકરણ કરેલ છે.અને અત્રેના પત્ર નં. જમીન/બીનખેતી/વશી-૫૯૧ થી ૬૦૧/૮૫ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૮૫થી તમામને જાણ કરી તે મુજબનું ગામોનું વર્ગીકર કરી, વિશેષધારાનો દર તારીખ ૧લી માર્ચ ૧૯૮૧થી યથથા પ્રસંગે લાગુ પાડવામાં આવેલ છે.

હવે ૧૯૯૧ની વસ્તી ગણતરીના આંકડાં ઉપલબ્ધ હોઈ સાબરકાંઠા જિલ્લા પંચાયતની તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ની સામાન્ય સભાના ઠરાવ નં. ૯ થી મળેલ અધિકારની રૂએ હું જિલ્લા વિકાસ અધિકારી સાબરકાંઠા જિલ્લા પંચાયત નીચેના પરિશિષ્ટમાં અ-માં જણાવેલ ગામોની વસ્તીમાં વધારો થતાં "સી અને "ડી વર્ગમાં જાહેર કરુ છુ. બાકીના ગામો "ઈ વર્ગમાં રહેશે. અને પરિશિષ્ટ-બ મુજબ વિશેષધારાનો તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૧થી લાગુ કરવા જાહેર કરું છું.

પરિશિષ્ટ—અ

અ. નં.	તાલુકો	ગામનું નામ	સને ૧૯૯૧ની વસ્તી ગણત્રી મુજબની વસ્તી	ગામોને નક્કી કરવામાં આવતો વર્ગ
૧	૨	૩	૪	૫
૧	ઈડર	વડાલી	૧૪,૯૭૦	સી
૨	ભીલોડા	ભીલોડા	૧૧,૨૪૩	સી
૩	મોડાસા	ધનસુરા	૧૧,૧૩૪	સી
૪	બાયડ	બાયડ	૧૨,૬૮૮	સી
૫	હિમતનગર	ઈડોલ	૭,૨૬૦	ડી
૬	પ્રાંતીજ	મોયદ	૬,૭૧૬	ડી
૭	"	આત્રોલીસવાસ દોલજી	૫,૦૫૮	ડી
૮	"	અણીયોડ	૫,૦૨૪	ડી
૯	"	બડોદરા	૫,૮૫૦	ડી
૧૦	ઈડર	બડોલી	૫,૦૫૫	ડી
૧૧	મોડાસા	ટીંટોઈ	૬,૭૧૯	ડી

INDEX

૧	૨	૩	૪	૫
૧૨	મોડાસા	વડાગામ	૫,૭૭૩	ડી
૧૩	બાયડ	આકરૂંદ	૬,૦૧૧	ડી
૧૪	,,	ગાબટ	૬,૯૨૮	ડી
૧૫	,,	ચોઈલા	૭,૩૫૩	ડી
૧૬	,,	ડેમાઈ	૭,૭૬૩	ડી
૧૭	,,	સાઠંબા	૬,૧૧૨	ડી
૧૮	,,	ઈન્દ્રાણ	૫,૧૯૮	ડી
૧૯	,,	આમોદરા	૫,૭૯૧	ડી
૨૦	મેઘરજ	મેઘરજ	૮,૨૮૭	ડી
૨૧	માલપુર	માલપુર	૫,૩૨૫	ડી

"સી" વર્ગ અને તેના એક કીલોમીટરની ત્રિજ્યાનાં વિસ્તારમાં આવતી જમીનો જમીન મહેસુલ કાયદાની કલમ, ૬૫, ૬૫-એ, ૬૬, ૬૭ ના અધિકારો જિલ્લા પંચાયતને સુપ્રત થયેલ હોઈ તે મુજબ અમલ કરવાનો રહેશે.

પરિશિષ્ટ-બ

જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ના નિયમ ૮૧(૧) હેઠળ ગામોમાં આવેલી જમીનો ઉપર દર વર્ષે ચોરસ મીટર દીઠ વિશેષધારાનો લેવાનો દર તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૧થી

અનું. નંબર	ગામોનો વર્ગ	રહેઠાણ માટેના ઉપયોગ સારૂ	ઔદ્યોગિક ઉપયોગ		વાણિજ્ય અથવા બીજા ઉપયોગ માટે
			ગ્રામોદ્યોગ	બીજા ઉદ્યોગ માટે	
		પૈસા	પૈસા	પૈસા	પૈસા
૧	સી	૦/૦૬	૦/૦૩	૦/૦૮	૦/૧૨
૨	ડી	૦/૦૪	૦/૦૨	૦/૦૬	૦/૦૮
૩	ઈ	૦/૦૧	૦/૦૧	૦/૦૧	૦/૦૧

"બી અને "સી વર્ગના ગામની ૧ કિ. મી. ના ઘેરાવાના વિસ્તારોમાં આવેલી જમીનો ઉપર દર વર્ષે ચોરસ મીટર દીઠ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૧ થી લેવાના થતો વિશેષ ધારાના દરો (દર ચો. મી. દીઠ પૈસામાં).

ઘેરાવાના વિસ્તારનો વર્ગ	વિગત	રહેઠાણના ઉપયોગ માટે	ઔદ્યોગિક ઉપયોગ માટે	વાણિજ્ય અથવા બીજા ઉપયોગ માટે
૧	એ વર્ગના ગામોનો ઘેરીફેરીયલ વિસ્તાર	૦/૦૮	૦/૧૨	૦/૧૬
૨	બી વર્ગના ગામોના ઘેરીફેરીયલ વિસ્તાર	૦/૦૬	૦/૦૮	૦/૧૨
૩	સી વર્ગના ગામોનો ઘેરીફેરીયલ વિસ્તાર	૦/૦૪	૦/૦૬	૦/૦૮

હિમતનગર, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૬.

કમલ દયાની,
જિલ્લા વિકાસ અધિકારી,
જિલ્લા પંચાયત સાબરકાંઠા,
હિમતનગર.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચો :—

અત્રેના હુકમ નંબર એમ.એ.જી-પ્રાથમીક જાહેરનામું-વશી-૭૯૪૪-તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૫.

જાહેરનામું

૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ, ની કલમ-૩૩ (૧) સી હેઠળ

ક્રમાંક એમ.એજી /જાહેરનામું/વશી/૧૪૦૫. —આમુખ (૧) ના હુકમ ક્રમાંક એમ.એ.જી પ્રાથમિક જાહેરનામું-વશી-૭૯૪૪ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૫ થી ભરૂચ શહેર નગરપાલીકા વિસ્તારમાં આવેલ ભરૂચ રેલ્વે સ્ટેશન પાછળ આવેલ બ્રીજની સામે આવેલ ખુલ્લી જગ્યામાં થ્રી વીલ તથા ફોર વીલ ટેમ્પાઓ પાર્કીંગ કરવા "પાર્કીંગ ઝોન" જાહેર કરવા લોકહીતમાં આવશ્યક જણાતાં પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરી જાહેરનામું પ્રસિધ્ધ થયાના દિન-૧૫માં વાંધા સૂચનો માંગવામાં આવેલ પરંતુ નિયત સમય મર્યાદામાં કોઈના વાંધા-સૂચનો રજુ થયેલ નથી જેથી નીચે મુજબ જરૂરી હુકમ કરવામાં આવે છે

વાસ્તે હું જી. સી. મુર્મુ, આઈ.એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ ના મુબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) સી અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

ભરૂચ શહેર નગરપાલીકા વિસ્તારમાં આવેલ ભરૂચ રેલ્વે સ્ટેશન પાછળ ઓવરબ્રીજ સામે જુના નેશનલ હાઈવે નંબર-૮ ની બાજુની ખુલ્લી જગ્યામાં થ્રીવીલ તથા ફોરવીલ ૩૫ ટેમ્પાઓ ઉભા રાખવાં માટે "પાર્કીંગ ઝોન" જાહેર કરવા ઠરાવું છું.

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસર પગલાં ભરવામાં સહી આવશે.

આજ તારીખ ૨૯મી માહે ફેબ્રુઆરી, સને ૧૯૯૬ના રોજ મારી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :—

અત્રેના હુકમ ક્રમાંક એમ,એ.જી/પ્રાથમીક જાહેરનામું.વશી-૮૦૦૩-તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૫.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી હેઠળ.

ક્રમાંક એમ.એ.જી/વશી/૧૪૫૬ .—આમુખ (૧) ના હુકમ ક્રમાંક એમ.એ.જી/પ્રાથમિક જાહેરનામું-વશી-૮૦૦૩ તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૫ થી અંકલેશ્વર શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં આવેલ એચ. એન. મોદીની દુકાનથી ગોયા બજારનો રસ્તો પણ સાંકડો હોવાથી બંને તરફના વાહનો આવ-જાવ કરવામાં મુશ્કેલી પડેલ છે. જથી આ રસ્તે એક માર્ગીય કરવા લોક હિતમાં આવશ્યક જણાતા પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ અને આ જાહેરનામું પ્રસિધ્ધ થયાના દિન-૧૫માં વાંધા સૂચનો માંગવામાં આવેલ પરંતુ નિયત સમય મર્યાદામાં કોઈના વાંધા સૂચનો રજૂ થયેલ નથી. જેથી નીચે મુજબ જરૂરી હુકમ કરવામાં આવે છે.

વાસ્તે હું જી. સી. મુર્મુ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

અંકલેશ્વર શહેર મ્યુનિસિપલ વિસ્તારમાં આવેલ એચ. એન. મોદીની દુકાનથી ગોયા બજારનો રસ્તો ઘણો સાંકડો હોવાથી બંને તરફના વાહનો આવ-જાવ કરતા મુશ્કેલી પડે છે. જેથી અંકલેશ્વર શહેરના નગરપાલીકા વિસ્તારમાં આવેલ એચ. એન. મોદીની દુકાનથી ગોયા બજારના રસ્તા પર ભારે વાહન ટ્રક ટેમ્પા માટે સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૨૦-૦૦ કલાક સુધી એક માર્ગીય કરવા હુકમ કરૂ છું. તથા આ રસ્તો એક માર્ગીય થવાથી ભારે વાહનો ભાટવાડ, સુરતી ભાગોળ થઈ ગોયા બજાર જવા માટે ઉપયોગ કરવા જાહેર કરવા ઠરાવું છું.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસર પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૨૯મી માહે ફેબ્રુઆરી, સને ૧૯૯૬ના રોજ સહી તથા કરી આપ્યો.

વાંચ્યો —

(૧) અત્રેના હુકમ નંબર એમ. એ. જી./જાહેરનામું-વશી-૭૯૪૫ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૫.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) હેઠળ

ક્રમાંક એમ. એ. જી-વશી-૧૪૮૪.—આમુખ (૧)નાં હુકમ નંબર એમ. એ. જી.-પ્રા. જાહેરનામું-વશી-૭૯૪૫ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૫થી જંબુસર શહેર મ્યુનિ સિપલ વિસ્તારમાં આવેલકોટ દરવાજાથી ઢોળાવ ફળીયા સુધીનો રસ્તો સાંકડો હોવાથી બંને તરફના વાહનો આવ-જાવ કરતાં મુશ્કેલી પડે છે. આ રસ્તો વનવે કરવા લોકહિતમાં આવશ્યકતા જણાતા પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ અને આ જાહેરનામું પ્રસિધ્ધ થયાના દિન-૧૫માં (પંદર)માં વાંધા સૂચનો મંગાવવામાં આવેલ પરંતુ નિયત સમય મર્યાદામાં કોઈના વાંધા સૂચનો રજુ થયેલ નથી. જેથી નીચે મુજબ જરૂરી હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું જી. સી. મુર્મ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ અને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હકમ કરું છું કે,

જંબુસર નગરપાલિકા વિસ્તારમાં આવેલ કોટ દરવાજાથી ઢોળાવ ફળિયા સુધીનો રસ્તો રણો સાંકડો હોવાથી બન્ને તરફનો વાહનો આવ-જાવ કરવા માટે મુશ્કેલી પડતી હોવાથી જંબુસર સીટીના કોર્ટ દરવાજાથી ઢોળાવ ફળીયા સુધીનો રસ્તો એક માર્ગીય કરવા હકમ કરૂં છું તથા આ રસ્તો એક માર્ગીય થવાથી વાહનો કોટ દરવાજાથી બસ સ્ટેશન સુધીનો રમ્તાનો ઉપયોગ કરવા જાહેર કરવા ઠરાવું છું.

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે

આજ તારીખ ૨૯ માહે ફેબ્રુ આરી ૧૯૯૬ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

INDEX

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭(૧) મુજબનું.

નંબર ડી. સી./પી. ઓ. એલ./એમ.એ.જી./એસ.આર.નં./૧૨/૯૬.— આગામી દિવસોમાં અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે, હું એમ. કે. ચૌધરી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૬ સુધી નિચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર, અસ્ત્રા, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પું કે જેને આઠ ઈંચથી વધારે લાંબું અને છેડેથી આણીચાળુ પાનું હોય તેવા ચપ્પું તથા ત્રણ ઈંચથી વધુ લંબાઈ ધરાવતું આણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારિરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજ લઈ જવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે શસ્ત્રો ફેંકવાના યંત્રો, અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની અને તૈયાર કરવાની,

(૪) સળગતી અગર પેટાવેલી મશાલ સાથે રાખવાની,

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(૬) લોકોએ ભુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાથી તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેવા ચિત્રો નિશાનીઓ, વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર:—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમતના વિસ્તાર સિવાનો)

અપવાદ—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને,

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જે તે શારિરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૧)હેઠળ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નંબર ૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ નંબર ૨૨માંની કલમ-૩૭(૩) અન્વયેનો હુકમ.

નંબર ડી. સી./ પી. ઓ.એલ./એમ.એ.જી./એસ.આર./૧૩/૯૬.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે, હું એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧, (સને ૧૯૫૧ના ૨૨માંની) અધિનિયમની કલમ-૩૭(૩) થી મળેલ મને અધિકારની રૂએ ફરમાવુ છું કે, નીચેની અનુસુચિમાં દર્શવિલ વિસ્તારોમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૬ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૬ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવુ નહી.

અનુસુચિ

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો:—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ, જેવી ફરજ ઉપર હોય તેમને ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના તેમજ અધિકૃત સત્તાધિકારીની પાસેથી પુર્વ મંજુરી મેળવેલ હોય તેવા સભા, સરઘસને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૭ માહે ફેબ્રુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એમ. કે. ચૌધરી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧નો મુંબઇ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી. બી. પી. એ. ૬/૯૬ —માર્ચ ૧૯૯૬માં માસમાં હોળી, ધુળેટી, ચેટીચાંદ, રામનવમીના તહેવારો તેમજ એસ એસ. સી. અને એચ. એસ. સી. ની પરીક્ષાઓ યોજનાર હોઇ જાહેર સલામતિ જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લા નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી ચીજો અથવા તો

વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહીં.

(૨) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારિક ભાષણો કરવાથી ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં.

વાસ્તે, હું, હર્ષવર્ધન મોદી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરૂ છું આ હુકમ તારીખ ૧લી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૬ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ આવું કાંઇ પણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કાંઇ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારિરીક અશકિતના કારણે અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧લી માહે માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો છે.

હર્ષવર્ધન મોદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલમ/૨જી./૯/૧૯૯૬ :— આસી. સીકયુરીટી કમિશનર આર. પી. એફ. ટ્રેનીંગ સેન્ટર વલસાડના પત્ર નંબર ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૬ તેમજ તારીખ ૧લી માર્ચ ૧૯૯૬ થી જણાવ્યા મુજબ પ્રશિક્ષણાર્થીઓના સ્ટાફની ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઇપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઇજા થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની મેટા કલમ-૪ ની જોગવાઇ મુજબ નીચે જણાવેલ સ્થળે અને તારીખે ફાયરીંગ તથા તેની આજુબાજુના ૨ કી મી. વિસ્તારમાં.

તારીખ	સમય	સ્થળ
તારીખ ૨જી માર્ચ ૧૯૯૬થી	સવારે ૭-૦૦ થી	ફાયરીંગ બટ
૩જી માર્ચ (૧૯૯૬	સાંજે ૧૮-૦૦ કલાકે	ભિલાડ

ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઇ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરાંત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખર સાથે જવા અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉ છું સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઇસમને ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી માર્ચ ૧૯૯૬ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી.

બી. કે. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ. એ. જી.-વશી.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તથા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ અન્વયે મળેલી સત્તાની રુએ હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતિ સારુ ફરમાવું છું કે, કોઇએ નીચેની અનુસુચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૬ થી ૩૧મી માર્ચ ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

INDEX

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહીં, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(ચ) જેનાથી સુરુચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહીં, બતાવવા નહીં તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં ;

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી, ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતને.

અનુસુચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

મેં આજ તારીખ ૧૫મી, માહે માર્ચ, ૧૯૯૬ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબનું.

ક્રમાંક એમ. એ. જી.-વશી-૧૮૮૬.—ગુજરાત રાજયમાં તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૬ સુધીના સમય દરમ્યાન એસ. એસ. સી.ની તથા એચ. એસ. સી.ની પરીક્ષા શરૂ થનાર છે. સદરહુ પરીક્ષા ભરૂચ જિલ્લામાં આમોદ, અંકલેશ્વર, ભરૂચ, દેડીયાપાડા, હાંસોટ, જંબુસર, ઝગડીયા, પાલેજ, રાજપીપળા, વાલીયા, સાગબારા, નબીપુર, તથા કેવડીયા, કોલોનીના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર લેવાનાર છે. સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ હુલ્લડ કે બખેડા અટકાવી શકાય તે હેતુસર ઉકત સ્થળોએ આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાય કોઈપણ વ્યકિત કે વ્યકિતઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬નાં દિવસે સવારના ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૬ના રાત્રીનાં ૨૪-૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લામાં આવેલ આમોદ, અંકલેશ્વર, ભરૂચ, દેડીયાપાડા, હાંસોટ, જંબુસર, ઝગડીયા, પાલેજ, રાજપીપળા, વાલીયા, સાગબારા, નબીપુર, તથા કેવડીયા કોલોની મુકામે આવેલ એસ. એસ. સી. તથા એચ.એસ.સી. ના તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યકિત કે વ્યકિતઓએ પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરનાં કર્મચારીઓ-અધિકારીઓને;

(૨) પરીક્ષાખંડમાં પાણી પીવડાવાની કામગીરી કરતાં વ્યકિતઓને;

(૩) ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષક દળની વ્યકિતઓને;

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી તપાસણી ટુકડીઓને;

આ હુકમના ભંગ બદલ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી માહે માર્ચ, ૧૯૯૬ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો છે.

કે. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) (૨) અન્વયે.

નંબર પલસ/હોળી-ધુળેટી/૧૯૯૬.—ચાલુ સાલે ૪થી માર્ચ ૧૯૯૬ તથા ૫મી માર્ચ ૧૯૯૬નાં રોજ ધુળેટી-હોળીનો તહેવાર આવે છે. આ દિવસો દરમ્યાન સુરત રુરલ જિલ્લા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેની તથા સલામતિ જાળવવી જરૂરી છે. તેવું મને જણાયું છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ની પેટા-કલમ-(૧) અને (૨) અન્વયે મને મળેલ અધિકારની રુઈએ હું ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, નીચેનાં પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી કોઈએ કોઈપણ વ્યકિતએ,—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ધોકા, છરા, લાકડા કે લાકડી લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવાં નહીં;

INDEX

(૭) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાનાં કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવાં નહીં ;

(૮) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં ;

(૯) જનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં; તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી.

આ હુકમ નીચેનો વ્યકિતઓને લાગુ પડતો નથી :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાની જની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, જિલ્લા જિલ્લા પોલીસ વડાશ્રી (રૂરલ) સુરતે, અધિકૃત કરેલાં અધિકારી કે કર્મચારી કે કોઈ, પોલીસઅધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત રૂરલ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તાર (સિવાય)

આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૬ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

ડી. બી. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

BY COLLECTOR
ORDER

No. U.M.K.A./CB / ADM / 278/W-269/270.—In exercise of the powers vested in him under section 10 of Land Revenue Code. the Collector of Ahmedabad hereby delegates the following powers under Land Revenue Code to Deputy Collector (N. A.) and Mamlatdar (N.A.), unit 1/2/Ahmedabad.

1. Power to issue notice of demand under section 152 of Land Revenue Code.

2. Power to distrain and sale of movable/ Immovable property under section 154, 155 of Land Revenue Code.

Ahmedabad, 3rd February 1996.

VIPUL MITTRA,
Collector of Ahmedabad,

જિલ્લા કલેકટર દ્વારા

હુકમ

નંબર ઉ.-મ. ક. અ./સી. બી./એ. ડી. એમ./૨૭૮/વશી-૨૬૯/૨૭૦— જમીન મહેસુલ કાયદાની કલમ-૧૦ નીચે મળેલ સત્તા અન્વયે કલેકટર, અમદાવાદ જમીન મહેસુલ કાયદાની નીચે જણાવેલ સત્તાઓ નાયબ કલેકટરશ્રી (એન. એ.) અને મામલતદારશ્રી (એન. એ.) યુનિટ-૧, ૨ અમદાવાદને સુપ્રત કરવામાં આવે છે.

(૧) જમીન મહેસુલ કાયદાની કલમ-૧૫૨ હેઠળ માંગણીની નોટિસો કાઢવાની સત્તા ;

(૨) જમીન મહેસુલ કાયદાની કલમ-૧૫૪ તથા ૧૫૫ હેઠળ જંગમ/સ્થાવર મિલ્કતોનો નિકાલ તથા વેચાણ કરવાની સત્તા.

અમદાવાદ, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૬.

વિપુલ મિત્રા,
જિલ્લા કલેકટર, અમદાવાદ.

જાહેરનામું

નંબર કમકબ/ડી/એમએજી/૧/જાહેરનામા-વશી-૭૩૧-૫૦.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માં)ની કલમ-૩૩ની પેટા-કલમ-(૧)ના ખંડ (ક) મુજબ કાઢવા ધારેલ જાહેરનામાનો નીચે મુજબનો મુસદ્દો તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી સર્વે વ્યકિતઓની જાણ સારૂ સદરહું કલમ-૩૩ની પેટા-કલમ-(ક) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કર્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે, સદરહું મુસદ્દો જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનો પૂરો થયે ફેર વિચારણામાં લેશે.

ઉપરોકત મુદત પુરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દાની સંબંધમાં કોઈ વ્યકિત તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને જે કો�ઈ વાંધા-સૂચનો મળશે તેની ઉપર તેઓ વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

નં. કમકબ/ડી/એમએજી/૧/જાહેરનામા.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (મુંબઈનાં ૨૨માં)ની કલમ-૩૩ની પેટા-કલમ-(૧)નાં ખંડ (ક,) થી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને મળેલા અધિકારની રૂએ આથી પાલનપુર તાલુકાના મોજે પાલનપુર શહેરમાં ઓટોરીક્ષા, જીપ, હાથલારી, ટ્રક અને ઊંટગાડી માટે સ્ટેન્ડ તેમજ પાર્કીંગ માટે નીચે મુજબના સ્થળો તે સામે દર્શાવવામાં આવેલ સંખ્યાના વાહનો માટે નિર્ણય કરવામાં આવે છે.

અનુ નંબર	સ્થળ	કેટલા વાહનો માટે				
		ઓટોરીક્ષા	ટેક્ષી	હાથલારી	ટ્રક	ઊંટગાડી
૧	૨	૩	૪	૫	૬	૭
૧	મોટીબજાર ચોક	૫	...	૨	...	...
૨	રાજગ બહાર ચોક	૫	...	૩	...	...

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
૩	પીંજારાના તકીયા	૨	...	૨	...	...
૪	નાની બજાર હાથીખાના ચોક	૫	...	૨	...	...
૫	તીનબત્તી ચોક	૫	...	૩	—	...
૬	એસ ટી સ્ટેન્ડ પ્રવેશ દરવાજા ...	૫	...	...	...	...
૭	એસ. ટી. સ્ટેન્ડ બહાર નીકળવાની રસ્તાની ડાબી બાજુ દિવાલને અડીને,	૭	...	...	...	...
૮	ભાવના ગેસ્ટ હાઉસની બાજુમાં	...	૧૫	...	...	...
૯	ગુપ્તા લોજ આગળ	૫	...	...	...	...
૧૦	રેલ્વે સ્ટેશન	૧૫	...	...	...	...
૧૧	સીમલાગેટ સદર માર્કેટ આગળ ...	૩	...	...	...	...
૧૨	સીવીલ હોસ્પિટલ આગળ ...	૨	...	...	...	...
૧૩	દિલ્હી દરવાજા અંદર લીલાવતી હોસ્પિટલ આગળ ...	૫	...	...	...	...
૧૪	બારડપુરા ચોક	૫	...	૫	...	...
૧૫	ટેલીફોન એક્ષચેન્જ ત્રણ રસ્તા ...	૫	...	...	...	...
૧૬	ભાગ્યોદય સોસાયટી	૫	...	...	...	...
૧૭	બીજેશ્વર કોલોની	૫	...	...	...	...
૧૮	વડલીવાળા પરા વડલા નીચે ...	૫	...	...	...	...
૧૯	કમાલપુરા ચોક	૫	...	...	...	...
૨૦	માલણ દરવાજા	૫	૫	...	...	૫
૨૧	સલેમપુરા દરવાજા	૫	...	...	...	...
૨૨	ગઠામણ દરવાજા પેટ્રોલપંપ આગળ ...	૫	...	...	...	...
૨૩	ગઠામણ દરવાજા ઓલઆઈસી ઓફસની દિવાલ સામે	૫	...	...	...	...
૨૪	ગઠામણ દરવજા સર્કલ એકટ્રોય નાકા ...	૫	...	૨	...	...
૨૫	ગુરૂનાનક ચોક બનાસ હોટલની સાઈડે ...	૧૨	...	...	...	...
૨૬	સીટીલાઈટ સીનેમાની દિવલને અડીને ...	૪	...	...	...	...
૨૭	સંજય ચોક	૫	...	૩	...	૩
૨૮	કીર્તીસ્તંભ જૈન આઈસ્ક્રીમવાળી ગોળાઈ પર	૫	...	૨	...	...
૨૯	ઢુંઢીયાવાડી ગેસ ઓફીસ આગળ ...	૫	...	૪	...	૫
૩૦	કોઝી સીનેમા	૫	...	૫	...	...
૩૧	જીઆઈડીસીના નાકા ઉપર	૩	...	૩	...	...
૩૨	જિલ્લા પંચાયત આગળ	૫	...	...	...	...
૩૩	બેચરપુરા મંદિર પાસે	૫	...	...	...	...
૩૪	હાઈવે ચાર રસ્તા નેશનલ હોટલની આગળની સાંઈડ ઉપર	૫	...	...	...	...
૩૫	કલ્યાણતંત્ર ભવનની સામે	૩	...	...	...	...
૩૬	હોટલ વે-વેઈટની દિવાલને અડીને રોડથી નીચે ...	૩	...	...	...	—
૩૭	હનુમાન ટેકરી	૭	...	...	...	...
૩૮	આર. ટી. ઓ. કચેરી	૧૦	...	...	...	...
૩૯	નવાગંજ, બજાર પાસે જગાણારોડ (રોડથી ગંજબજારના દરવાજા વચ્ચે)	૫	...	૧૫	૫	૫
૪૦	નવાગંજ બજારના પાસે ડેરી રોડ (રોડથી ગંજબજારના દરવાજા વચ્ચે)	૫	...	૧૫	૫	૫
૪૧	ઈદગાહ રોડ જુના ગંજના પાછળના ભાગે	...	...	૨	૫	૫
૪૨	એફસીઆઈ ગોડાઉન માનસરોવર રોડ ફાટક પાસે	...	...	૫	૫	૫

ઉપરોકત નિયત કરેલ જગ્યા સિવાય જાહેર માર્ગ ઉપર ટેક્ષી, ઓટોરીક્ષા, હાથલારી, ઊંટગાડી, ટ્રક વાહનો પાર્કિંગ, હોલ્ટીંગ કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના રોજ મારી સહી અને કેટનો સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

નંબર કમકબ/જમન/૩/વશી-૩૪૩/૯૬ —સને ૧૮૭૯ના મુંબઇ જમીન મહેસુલ સંહિતાની કલમ-૧૦ હેઠળ કલેકટરશ્રીને હોદ્દાની રૂએ મળેલા અધિકારનો અનુસાર હું રાજ ગોપાલ, (આઈ. એ. એસ.), કલેકટરશ્રી બનાસકાંઠા, આથી નીચે જણાવેલા પરિશિષ્ટમાંના કોલમ ૧ માં જણાવેલા અધિકારીને તેઓ ફરજ પર હાજર થયાં તારીખથી આદિવાસીઓની જમીનની અધિકૃત રીતે થયેલ તબદીલી સામે રક્ષણાર્થે જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩ એએ ની પેટા-કલમ (૧) તથા (૨) સિવાયના ૭૩એએ, ૭૩એ, બી, તથા ૭૩એસી, ૭૩એડી, ૭૯એ, અને ૨૦૨ના અધિકારો આપવામાં આવે છે.

પરિશિષ્ટ

અધિકારીશ્રીનું નામ તથા હોદ્દો	વિસ્તાર
શ્રી જે. એચ. સોલંકી, નાયબ કલેકટર, (જમીન સુધારણા), સાબરકાંઠા, હિમતનગર,	બનાસકાંઠા જિલ્લો

પાલનપુર, તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

રાજ ગોપાલ,
કલેકટર, બનાસકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, SEPTEMBER 19, 1996 / BHADRA 28, 1918 [No. 38

Separate paging is given to each part of Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	450-459
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	39
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	2157-2445
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	906-913

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયેનો

નંબર ઉ/ગપક/આઈ/૩૭૨/૭૪૫.—અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ પ્રેક્ટીસ બટ જે સુભાષબ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. સદરી જગ્યા પર તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬ થી ૩૦મી જૂન ૧૯૯૬ સુધીના સમય દરમિયાન પોલીસ અધિકારીઓની રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઈ સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોર ઢાંખરની સલામતિ જાળવવા સારું અને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૩૭(૪) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૩૦મી જૂન

INDEX

૧૯૯૬ સુધી સવારના ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈપણ અનધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમિયાન આ જમીનની હદમાં જવું નહીં અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવો નહીં. રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસનો સમય સવારના કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય રોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી કરી સિક્કો માર્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૨) નો હુકમ.

નંબર ઉ/ગપક/૨૯૨/વિ.શા./૧૯૯૬.—અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે તેમજ અમદાવાદ શહેર પોલીસ કમશ્નિર હકૂમત નીચેના વિસ્તારપાં બનતાં ગુન્હાઓમાં છરી ચપ્પા ખંજર શમપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી તથા બનતા ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું સી. પી. સિંઘ, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૩૧મી મે ૧૯૯૬ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટના કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાગુ છેડેથી આણીવાળું પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ શરીરને હાનીકારક અથવા સ્ફોટક પદાર્થો લેઈ જવાની

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના ગફેલવામાં યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની

(ઙ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની.

(ચ) લોકોએ ભુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

(છ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નીશાનીઓ જાહેર બોર્ડો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીઓ નો અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળનો વિસ્તાર.

અપવાદ ;

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીશ્રીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માંગેલ હોય તો તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો

નંબર ઉ/ગપક/૨૯૩/વિ.શા/૧૯૯૬.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું સી. પી. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૬ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૬ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર ; અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

INDEX

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતા નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની ખેટા કલમ ૧૮૯ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

સી. પી. સિંઘ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/મુ. મ. / ફાયરીંગ / પ્રેક્ટીસ / ૯૬.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ-૩૭(૪) મુજબનું જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકનાં ઉમરા ગામનાં નજીકના ફાયરીંગ બટ સર્વે નં. ૯૪,૯૫,૯૬, અને સર્વે નં. ૮ની વચ્ચે આવેલ જમીન ઉપર તારીખ ૫મી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૭મી એપ્રિલ ૧૯૯૬ રોજ કલાક ૭-૦૦ થી ૧૬-૦૦ વાગેથી સી. આઈ. એસ. એફ., યુનિટ ઓન. ઓ. એન. જી. સી. હજીરાના યુનિટના માણસોની ફાયરીંગ પ્રેક્ટીસ હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતિ જાળવવા સારું સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) પ્રમાણેની હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું, સી. આર. પરમાર, નાયબ પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરનાં હુકમ નંબર કે. એમ. વી. સી. ૧/૧૯૮૮/૨૯૦૬૫ તારીખ ૧૪મી ઓક્ટોબર ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત શહેર જિલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીક આવેલ સ. નં. ૯૪ ૯૫, ૯૬, અને સર્વે નં. ૮ વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટમાં જમીન ઉપર તારીખ ૫મી એપ્રિલ, થી ૭મી એપ્રિલ ૧૯૯૬ સુધી સવારના ૭-૦૦ થી ૧૬-૦૦ દરમ્યાન સી. આઈ. એસ. એફ., અધિકારીઓના ફાયરીંગ પ્રેક્ટીસ થનાર હોવાથી તેમજ તે જમીનના આજુબાજુના રહીશો તથા બહારની કોઈપણ અનધિકૃત વ્યકિતઓએ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહીં તેમજ તે હદમાં આવેલ તાપી નદીના વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલાં પકડવા નહીં તેમજ હોડી ઊભી રાખવી નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે.

આજ રોજ ૧૫ માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

સી. આર. પરમાર,
નાયબ પોલીસ કમિશનર, (વહીવટ)
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેર હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) મુજબનો.

નંબર ઉ/મકપ/પલસ/મજસ / વશી-૯૭૦.—પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાનાં પાવાગઢ મુકામે તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૬ દરમ્યાન ચૈત્રી નોરતા અને પુનમનો મેળો ભરાનાર છે. આ સમય દરમ્યાન લોકોની મોટા પ્રમાણમાં અવર-જવર રહે છે. પાવાગઢ ત્રણ રસ્તાથી માંચી સુધીનો રસ્તો ખુબજ વળાંકવાળો તથા સાંકડો છે. આ સમયમાં લોકોને અવર જવરમાં હરકત અથવા અગવડ ઊભી થાય નહી તે હેતુથી પાવાગઢ ત્રણ રસ્તાથી માંચી સુધીના રસ્તા ઉપર ભારે વાહનો, ટેમ્પા, લકઝરી બસો વિગેરે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવવો અનિવાર્ય જણાયેલ છે.

આથી હું, ડી. એન. પાંડે, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, મને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈનો અધિનિયમ, ૨૨માંની કલમ-૩૩(૧) હેઠળ મળેલ અધિકારની રૂઈએ સદરહુ અધિનિયમની કલમ-૩૩ (૧) (ખ) મુજબ પાવાગઢ મુકામે તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૩જી એપ્રીલ ૧૯૯૬ સુધી (બંને દિવસો સહિત) ત્રણ રસ્તાથી માંચી સુધીના રસ્તા ઉપર ભારે વાહનો, ટેમ્પો, લકઝરી બસો, વિગેરે દાખલ કરવા ઉપર પ્રવેશબંધી ફરમાવું છું.

ગોધરા, તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬.

ડી. એમ. પાંડે,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ અધિનિયમ)ની કલમ-૩૩(૧) મુજબનો હુકમ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર.૧૯/૯૬.—આગામી વર્ષોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે,

હું, એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ (૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો ;

(૧) શસ્ત્રો, દંડા, તલવર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પું કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળુ પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાઈ ધરાવતું આણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાબડી લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવાનામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

INDEX

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાની ધકેલવાની યંત્રો, અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની અને તૈયાર કરવાની,

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અંથવા પુતળા દેખાડવાની,

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની, તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથીની, અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુણિ ચિ અથવા નીતીનો ભંગ થતો હોય અંથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય, તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની,

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર. મહેસુલી. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકમતનો વિસ્તાર). સિવાય)

અપવાદ.—આહુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને,

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જે તે શારિરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતની ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ના અધિનિયમ નં. ૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ નંબર ૨૨માંની) કલમ-૩૭(૩) અન્વયેનો હુકમ.

નં. ડી. સી./પી. ઓ. એલ./એમ. એ. જી./એસ. આર./૨૦/૯૬.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે,

હું, એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨માંની) કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ, ફરમાવું છું, કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલી વિસ્તારોમાં તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવી નહીં તેમજ કોઈ સર રસ કાઢવું નહી.

અનુસૂચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર. (પોલીસ કમિશનર શ્રી, અમદાવાદના શહેરની હકુમત સિવાયનો વિસ્તાર.).

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય આ રસ્તામાં થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ, જેવી ફરજ ઉપર હોય તેમને ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના તેમજ અધિકૃત સત્તાધિકારીની પાસેથી પૂર્વમંજૂરી મેળવેલ હોય તેવા સભા, સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫ માહે માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો માર્યો છે.

એમ. કે. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયેનો.

નંબર ડીએએમઓજી/પરીક્ષા/૩/૯૬-૧૧/૨/૯૨.—તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ સુધીના સમય દરમ્યાન ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા એસ. એસ. સી. તથા એચ. એસ. સી. પરીક્ષાઓ લેવાનાર છે. પરીક્ષાઓ દરમ્યાન પ્રશ્નપત્રની નકલો કરી તેના જવાબો તથા કાપલીઓ કરી તેની નકલો પુરી પાડવાની અનધિકૃત કાર્યવાહી વાલીઓ તેમજ અન્ય ઈસમો દ્વારા આચારવામાં આવતી હોય છે. અને આ ષણ ખાસ કરીને ઝેરોક્ષ મશીનો દ્વારા આચરવામાં આવે છે. અને તેના કારણે પ્રશ્નપત્રોની ઝેરોક્ષ નકલો જવાબો વિગેરેની કાર્યવાહી દરમ્યાન ઝેરોક્ષ મશીનો ઉપર મોટા પ્રમાણમાં લોકસમુદાય એકત્ર થાય છે. અને શક્ય તેટલી ઝડપે ઝેરોક્ષ કરી આપવા માટે કરવામાં આવતા આગ્રહ દરમ્યાન લોકો અને ઝેરોક્ષ માલિકો સાથે ઘર્ષણ થાય છે. કે ઝઘડા થવાથી તેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર થાય છે તેમ હોઈ જાહેર સુલેહ શાંતિ માટે પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીનો કાર્યરત રાખવા ઉપર સવારના ૧૧-૦૦ થી સાંજના ૧૭-૦૦ સુધી નિયંત્રણ લાદવાનું જરૂરી જણાયું છે.

આ સંજોગોમાં હું હર્ષવર્ધન મોદી જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા નીચે જણાવેલ વિસ્તારોમાં આવેલ ઝેરોક્ષ મશીનોનો તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી ૬ ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ સુધી

INDEX

સવારના ૧૧-૦૦ થી સાંજના ૧૭-૦૦ કલાકના સમય દરમ્યાન ઝેરોક્ષ મશીનો ચલાવવા ઉપર પ્રતિબંધ ફરમાવતો હુકમ કરું છું.

૧. પાલનપુર/રાધનપુર/ડીસા શહેર વિસ્તાર.
૨. થરાદ/ધાનેરા નગરપાલિકા વિસ્તાર.
૩. અંબાજી, વારાહ, વાવ, વડગામ મેમદપુર, થરા, ભાભર, દિયોદર, છાપી, દાંતા ગ્રામ પંચાયત વિસ્તાર.

આજ તારીખ ૧૬મી માહે માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હર્ષવર્ધન મોદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં)ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી-૧૦/૯૬.—જિલ્લામાં ન્યુ. એસ. એસ. સી. તથા (ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬ના સમય દરમ્યાન લેવાનાર છે. આ બંને પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય તેમજ ખંડ નિરીક્ષકો અસામાજિક તત્વોનાં ત્રાસ અને ભય વગર નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંતિ એખલાસ ભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી પરીક્ષા આપે તે હેતુથી જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તથા સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)ની કલમ-૩૭ની પેટા-કલમ-(૩) થી મને મળેલ સત્તાની, રુએ ફરમાવું છું.

વલસાડ જિલ્લામાં ન્યુ. એસ. એસ. સી. તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરિક્ષાના તમામ કેન્દ્રો તેમજ વપરાશમાં લેવાયેલાં તમામ મકાનોની હદમાં ૨૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬ (બંને દિવસો સુધ્ધાંત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહી કે ચારથી વધુ માણસોએ ભેગા થવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે રેલ્વે/એસ. ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યકિતઓ તથા ઉકત પરીક્ષામાં બેસનાર પરીશાર્થીઓ તેમજ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરું છું.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. નં. ૧૨/૯૬.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂઈએ હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી ગુડી પાડવો, રામનવમીના તહેવારો આવતા હોવાથી જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી લાઠી અથવા શારીરિક હિંસા પહોંચવાડામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ, અથવા પૂતળા દેખાડવાની.

(ચ) લોકોએ બુમ પાડવાની ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની,.

(છ) જેનાથી સૂગુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા પ્લે બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમના ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે તે ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કરેલો,

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.-૧૮/૯૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ, જિલ્લામાં આગામી પ્રવર્તમાન પરિસ્થિતિને અને આગામી લોકસભાની ચૂંટણીઓની પ્રક્રિયાઓ ધ્યાનમાં લેતાં જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતને તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૬ થી ૧૬મી એપ્રિલ ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત)ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો ;

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પું, છરા, લાકડી, લાઠી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) કોઈપણ સ્ફોટક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(૨) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ, અથવા પુતળા દેખાડવાની,

(ચ) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ, સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની, અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સૂરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકરીમાં કે કામ કરતી વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેને અધિકૃત કરેલા કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમના (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ના ૨ સને ૧૯૭૪ની કલમ-૧૪૪ મુજબનો.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી-૯૭૧.—ગુજરાત માધ્યમિક શિક્ષણ-બોર્ડ દ્વારા તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૬થી તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૬ સુધી નીચે જણાવેલ પંચમહાલ જિલ્લામાં આવેલ સાથેની યાદી મુજબનો સેન્ટરોમાં એસ. એસ. સી/એચ. એસ. સી., પરીક્ષા લેવાનાર છે, ચાલુ પરીક્ષાને ધ્યાને લેતાં પરીક્ષા દરમ્યાન થતી ઝેરોક્સ કોપી મશીનોના સંચાલકો દ્વારા મદદગીરી , રોકવાના હેતુસર પ્રતિબંધિત હુકમો કરવા ઈષ્ટ જણાય છે.

વાસ્તે, હું, એ. બી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) પંચમહાલ જિલ્લામાં આવેલ જુદા જુદા કેન્દ્રો વિસ્તારમાં આવેલ ગામોમાં ઝેરોક્સ, કોપીયર, મશીનના સંચાલકોએ પરીક્ષાનાં સમય દરમ્યાન ઝેરોક્સ મશીનનો થતો દૂર ઉપયોગ રોકવા સારૂ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ સુધી સાથેની યાદીમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રો માં થતી ગેરગીતી અટકાવવા માટે સરવારના ૯-૩૦ થી સાંજના ૧૮-૦૦ સુધી ઝેરોક્સ સેન્ટરો, કોપીયર મશીનનો ઉપયોગ સદતંર બંધ કરવો.

(૨) સાથેની યાદીમાં જણાવેલ સેન્ટરોની આજુબાજુ ૧૦ કિ. મી. ની ત્રિજ્યામા આવેલ ઝેરોક્સ કોપીયર મશીન સંચાલકોએ પણ ઉપરોકત હુકમનો અમલ કરવાનો રહેશે.

(૩) આ હુકમ સરકારી કચેરીઓની ઝેરોક્સ મશીનોને કાર્યવાહીને લાગુ પડશે નહીં.

(૪) આ હુકમનો ઉલ્લંઘન કરનાર ઈસીમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

એસ. એસ. સી. / એચ. એસ. સી. પરીક્ષા કેન્દ્રો અને સ્થળોની વિગત માર્ચ-૧૯૯૬.

અનુ. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
૧ ગોધરા		(૧) અનાજ મહાજન સાર્વજનિક હાઈસ્કૂલ, ગોધરા.
		(૨) એમ. એન્ડ એમ. મહેતા, હાઈસ્કૂલ, ગોધરા
		(૩) ઈકબાલ યુનિયન હાઈસ્કૂલ, ગોધરા.
૨ દાહોદ		(૧) નવજીવન ગર્લ્સ હાઈસ્કૂલ દાહોદ.
		(૨) એમ. વાય, હાઈસ્કૂલ, દાહોદ.
		(૩) આર. એન્ડ એલ પંડ્યા હાઈસ્કૂલ,, દાહોદ.
		(૪) એમ. વાય, પ્રા. વિ. દાહોદ.
		(૫) અર્બ. બેંક પ્રા. શાળા દાહોદ.
		(૬) એમ. એન્ડ પી. હાઈસ્કૂલ, દાહોદ.
૩ દેવગઢ બારીયા		(૧) એસ. આર. હાઈસ્કૂલ, દે. બારીયા.
		(૨) પ્રથમિક વિભાગ , દે. બારીયા.
૪ સાગટાળા		(૧) સર્વોદય વિદ્યામંદિર, સાગટાળા,
૫ હાલોલ		(૧) એમ. એચ. હાઈસ્કૂલ, હાલોલ.
		(૨) નૂતન હાઈસ્કૂલ, હાલોલ.
		(૩) આર્ટસ કોલેજ, હાલોલ.

INDEX

૧	૨	૩
૬	ઝાલોદ	(૧) બી. એમ. હાઈસ્કૂલ, ઝાલોદ. (૨) શ્રીમતી પી. વી. પટેલ, ગર્લ્સ હાઈસ્કૂલ, ઝાલોદ. (૩) બી. એમ. નાથ લાઝાલોદ. (૪) જેણી શેઠ, મીડલ હાઈસ્કૂલ ઝાલોદ. (૫) મણીબેન હાઈસ્કૂલ, ઝાલોદ.
૭	લીમડી	(૧) બી. પી. અગ્રવાલ હાઈસ્કૂલ, લીમડી (૨) ,, ,, નવું મકાન. લીમડી. (૩) સી. બી. શાહ, મીડલ વિભાગ લીમડી (૪) આદિવાસી કન્યા વિદ્યાલય, લીમડી.
૮	કાલોલ	(૧) એમ. જી. એસ. હાઈસ્કૂલ, કાલોલ. (૨) શ્રીમતી સી. વી. ગર્લ્સ હાઈસ્કૂલ, કાલોલ.
૯	ડેરોલ સ્ટેશન	(૧) પી. કે. એસ. હાઈસ્કૂલ, ડેરોલ સ્ટેશન
૧૦	લુણાવાડા	(૧) પંચશીલ હાઈસ્કૂલ, લુણાવડા. (૨) પંચશીલ ગર્લ્સ હાઈસ્કૂલ, લુણાવડા (૩) એચ. કે. હાઈસ્કૂલ, લુણાવડા. (૪) કિસાન મા. વિદ્યાલય, લુણાવડા. (૫) ઓમકાર મૌલિક વિદ્યાલય, લુણાવડા
૧૧	માલવણ	(૧) એચ. એમ. શેઠ હાઈસ્કૂલ, માલવણ
૧૨	શહેરા	(૧) શ્રીમતી એસ. જે. દવે સાર્વજનિક હાઈસ્કૂલ, શહેરા. (૨) શારદા મંદિર વિદ્યાલય, શહેરા.
૧૩	મોરવા રેણા	(૧) કે. એચ. મહેતા, સાર્વજનિક હાઈસ્કૂલ મોરવા રેણા.
૧૪	ખોજલવાસા	૧ સાર્વજનિક હાઈસ્કૂલ, ખોજલવાસા ૨ સાર્વજનિક છાત્રાલય,
૧૫	પીપલોદ	૧ કમલ હાઈસ્કૂલ, પીપલોદ.
૧૬	સંતરામપુર	૧ જે. એચ. મહેતા હાઈસ્કૂલ, સંતરામપુર. ૨ એસ. પી. હાઈસ્કૂલ, સંતરામપુર. ૩ આદર્શ નિવાસી આ. શા. સંતરામપુર ૪ ગર્લ્સ હાઈસ્કૂલ, સંતરામપુર.
૧૭	સુખસર	૧ નૂતન વિદ્યાલય, સુખસર.
૧૮	ગોઠીબા	૧ એન. એમ. પુરોહિત હાઈસ્કૂલ, ગોઠીબ. ૨ એન. એમ. પુરોહિત છાત્રાલય, ગોઠીબ. ૩ પ્રાથમિક શાળા
૧૯	સંતરોડ	૧ શ્રીમતી જે. આર. ભાટીયા, હાઈસ્કૂલ સંતરોડ.
૨૦	ગરબાડા	૧ માધ્યમિક શાળા, ગરબાડા ૨ ગુરૂજી છાત્રાલય, ગરબાડા
૨૧	ગાંગરડી	૧ જે. કે. એમ તન્ના હાઈસ્કૂલ, ગાંગરડી.
૨૨	કાંકણપુર	૧ એમ. જી. એસ. હાઈસ્કુલ, કાંકણપુર ૨ એ. વી. શાહ, પ્રાથમિક શાળા, કાંકણપુર. ૩ ટેકનીકલ સ્કૂલ, કાંકણપુર. ૪ કુમાર શાળા, કાંકણપુર.
૨૩	લીમડીયા	(૧) એસ. એન. શાહ, હાઈસ્કૂલ, લીમડીયા
૨૪	ખનપુર	(૧) શેઠ પી. વી. વિદ્યામંદિર, ખાનપુર
૨૫	કોઠંબા	(૧) ધી આઈડીયલ હાઈસ્કૂલ, કોઠંબા.
૨૬	કંજેટા	(૧) માધ્યમિક શાળા, કંજેટા (૨) છાત્રાલય, કંજેટા
૨૭	ફતેપુરા	(૧) આઈ. કે. દેસાઈ, હાઈસ્કૂલ, ફત્તેપુરા (૨) આઈ. કે. દેસાઈ પ્રાથમિક વિભાગ, (૩) જાગૃતિ કન્યા વિદ્યાલય, ફતેપુરા (૪) પ્રાથમિક વિભાગ, ફત્તેપુરા
૨૮	લીમખેડા	(૧) નૂતન હાઈસ્કૂલ, લીમખેડા (૨) આર્ટસ કોલેજ, લીમખેડા. (૩) પ્રાથમિક શાળા, લીમખેડા,
૨૯	દુધિયા	(૧) માધ્યમિક શાળા, દુધીયા.
૩૦	મુનપુર	(૧) યુ. એસ. ભટ્ટ ,મેમોરિયલ હાઈસ્કૂલ, મુનપુર. (૨) સી. આર. ગાર્ગી આર્ટસ, કોલેજ, મુનપુર.
૩૧	નાની સરસણ	(૧) ભેમાનંદ વિદ્યાલય, નાની સરસણ
૩૨	સીંગવડ,	(૧) જી. એલ. શેઠ, હાઈસ્કૂલ, સીંગવડ. (૨) પ્રાથમિક શાળા, સીંગવડ (૩) આમ્રકુંજ આશ્રમ શાળા, સીંગવડ
૩૩	જેસાવાડા	(૧) યશવાટિકા ઉ. બુ. વિદ્યાલય, જેસાવાડા.
૩૪	અડાદરા	(૧) એમ. આર. હાઈસ્કૂલ, અડાદરા.
૩૫	ધોધંબા	(૧) એસ. એસ. બારીયા હાઈસ્કૂલ, ધોધંબા
૩૬	સાંપા	(૧) નવજીવન હાઈસ્કૂલ, સાંપા.
૩૭	વાઘજીપુરા	(૧) નવજીવન મા. વિ. મં. વાઘજીપુરા,. (૨) પ્રાથમિક શાળા વાઘજીપુરા.
૩૮	સુલીયા	(૧) ગંગા જમના હાઈસ્કૂલ, સુલીયાત (૨) રામ લક્ષ્મણ છાત્રાલય, સુલીયાત.
૩૯	મોરવા (હડફ)	(૧) કે. એસ. હાઈસ્કૂલ, મોરવા હડફ (૨) પ્રાથમિક શાળા, મોરવા હડફ
૪૦	મોરા	(૧) આઈ. એચ. શેઠ હાઈસ્કૂલ, મોરા. (૨) પ્રાથમિક શાળા, મોરા.
૪૧	વરખરી	(૧) શ્રીમતી સી. કે. શાહ, હાઈસ્કૂલ, વરખરી.
૪૨	સાલાવાડા	(૧) મહિસાગર વિદ્યાલય, સાલાવાડા.
૪૩	દાસા	(૧) નહેરૂ ઉ. બુ. હાઈસ્કૂલ, દાસા.

આજરોજ તારીખ ૧૬મી માહે માર્ચ, ૧૯૯૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

એ. બી. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

જાહેરનામું.

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળ.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલ્લા/વશી/૧૨૬૭/૧૯૯૬ .—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે હેડકવાટર્સ કંપનીના જુથ-૧૦ ઉકાઈ જુથ-૧૧ વાવના પોલીસ કર્મચારીઓ તથા અધિકારીઓના વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૬ થી ૭મી એપ્રિલ ૧૯૯૬ સુધી શેરૂલ્લા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુના રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હું, ડી. બી. મહેતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના શેરૂલ્લા ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૬ થી ૭મી એપ્રિલ ૧૯૯૬ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતી અને બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ત્યાં ચરાવવા આવતા ઢોર ઢાંખર વિગેરેને સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૬ થી ૭મી એપ્રિલ ૧૯૯૬ સુધીના રોજ પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

ડી. બી. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
સુરત.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એચબી/એમઈડી/જા.ના./વ-૪૮૦ .—અમદાવાદ જીલ્લાના દસક્રોઈ તાલુકાના ગામ નાંદેજમાં કોલેરાના કેટલાક પોઝીટીવ કેસો થયેલ હોઈ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લાપંચાયત અમદાવાદના પત્ર નંબર આરોગ્ય ઝાડા ઉલ્ટી/રોગચાળો / નાંદેજ ૧૯૯૬ તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૬ ના પત્રના અનુસંધાને જાહેર આરોગ્યના હિતમાં ચેતવણીના પગલાં લેવાનું જરૂરી જણાતા હું, વિપુલ મિત્રા આઈ. એ. એસ. કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ આથી કોલેરા અધિનિયમ, ૧૯૭૧ ની કલમ-(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ-૪માં જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત અને કોલમ-૫માં જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું. સદરહું જાહેરનામાનો અમલ તારીખ ૩૦મી જુન ૧૯૯૬ સુધી રહેશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જીલ્લાનું નામ	તાલુકાનું નામ	કોલેરા ગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૧	અમદાવાદ	દસક્રોઈ	નાંદેજ	(૧) બારેજડી (૨) દેવડી (૩) ચોસર (૪) રોયડા (૫) ઈસ્ટોલાબાદ (૬) ગામડી (૭) ગેરતપુર (૮) બડોદરા (૯) હિરાપુર, (૧૦) હરણીવાવ (૧૧) ભુવાલ, (૧૨) વાંચ (૧૩) વિઝોલગ્રામ (૧૪) ગેરનગર તથા નાંદેજ ગામની આસપાસનો ૮ કી. મી. નો વિસ્તાર.

મામલતદારશ્રી દસક્રોઈને ઉપરોકત વિસ્તાર માટે કોલેરા રોગના નિયંત્રણ માટે કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નીમવમાં આવે છે.

જાહેરનામું

નંબર એસબી/એમઈડી/જા. નં. /વ-૫૧૭.—અમદાવાદ જિલ્લાના સીટી તાલુકાનો રાણીપ ગામમાં તથા દસક્રોઈ તાલુકાના લાભા ગામમાં કોલેરાના કેટલાક પોઝીટીવ કેસો થયેલ હોઈ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમદાવાદના પત્ર નં. આરોગ્ય/ઝાડાઉલ્ટી/રોગચાળો/સીટી-દસક્રોઈ/૯૬ તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૬ના પત્ર અનુસંધાને જાહેર આરોગ્યના હિતમાં ચેતવણીના પગલાં લેવાનું જરૂરી જણાતાં હું, વિપુલ મિત્રા, આઈ. એ. એસ., કલેકટર, અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ આથી કોલેરા અધિનિયમ-૧૯૭૧ની કલમ-(૩) અન્વયે મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ-૪માં જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત અને કોલમ-૫માં જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરું છું. સદરહુ જાહેરનામાનો અમલ ૩૦મી જૂન ૧૯૯૬ સુધી રહેશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	કોલેરાગ્રસ્ત વિસ્તાર.	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૧	અમદાવાદ	સીટી	રાણીપ (બકરામંડી)	રાણીપની આસપાસ ૮ કિ. મી. ની ત્રિજ્યામાં આવતા તમામ ગામો.
૨	અમદાવાદ	દસક્રોઈ	લાંભા (ઈન્દીરા નગર)	લાભાંની આસપાસ ૮ કિ. મી. ની ત્રિજ્યામાં આવતાં તમામ ગામો.

INDEX

મામલતદારશ્રી, તાલુકા સીટીને ઉપરોકત ક્રમ-૧ના વિસ્તાર માટે તથા મામલતદારશ્રી તાલુકા દસક્રોઈને ઉપરોકત ક્રમ-૨ના વિસ્તારો માટે કોલેરા રોગના નિયંત્રણ માટે "કોલેરા નિયંત્રણ અધિકારી" થતરીકે નીમવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૬.

વિપુલ મિત્રા,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ.

નંબર ઓમ. એ. જી./પરીક્ષા/વશી-૯૦૨/થી ૯૩૧.—તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી ન્યુ એસ. એસ. સી, તથા એચ. એસ. સી. પરીક્ષાઓ શરૂ થનાર છે. પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓ કોઈપણ અડચણ વિના નિર્ભતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સલામતિ જળવાઈ રહે તે હેતુસર રાધનપુર સબ ડીવીઝનમાં આવેલા તમામ પરીક્ષાઓના કેન્દ્રોની હદ મર્યાદાથી ૨૦૦ મીટરના વિસ્તારોમાં પરીક્ષાર્થીઓ સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર પ્રતિબંધ મુકવાનું સલામતિ માટે જરૂરી જણાય છે.

વાસ્તે, હું બી. જી. પટેલ, જી. એ. એસ. સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, રાધનપુર ઉપરોકત બતાવેલ, રાધનપુર, દિયોદર અને કાંકરેજ તાલુકામાં આવેલા પરીક્ષાના તમામ કેન્દ્રો ઉપર તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી પરીક્ષાઓ પુર્ણ ન થાય ત્યાં સુધી સદરહુ કેન્દ્રોની હદમર્યાદાથી ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાઓ સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂઈએ પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

આજ તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી તથા કોર્ટની સિક્કો કરી આપ્યો.

બી. પી. પટેલ,
સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
રાધનપુર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું.

નંબર જાહેરનામું/વીશી-૮૮૮/૯૬.—વડોદરા જિલ્લાના ડભોઈ ડીવીઝનના નીચે જણાવેલ તાલુકાની માધ્યમિક શાળાઓમાં તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ થી તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ સુધીના સમય દરમિયાન એસ. એસ. સી. તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્રની પરીક્ષા લેવાનાર છે. સદરહું પરીક્ષા કેન્દ્રોમાં અનધિકૃત વ્યકિતઓ પરીક્ષા કેન્દ્રોના સ્થળે પ્રવેશ કરી શાંતિ જોખમે તેવો સંભવ છે. વિદ્યાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હું ડી. એમ. મોદી, (જી. એ. એસ.) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ડભોઈ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી આદેશ આપુ છું, અને ફરમાવું છું કે, નીચે પરિશિષ્ટમાં જણાવેલ સમય દરમિયાન માધ્યમિક શાળાઓનાં પરીક્ષા કેન્દ્રના સ્થળેથી ૨૦૦ મીટર વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરું છું. જેથી અનધિકૃત વ્યકિતએ દાખલ થવું નહી. કે દાખલ થવા દેવું નહી.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિતને ભારતીય ફોજદારી અધિનિયમની ૧૮૬૦ની કલમ-૧૮૮ ની જોગવાઈ મુજબ પગલાં લેવાને પાત્ર થશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	તાલુકાનું નામ	શાળા/કેન્દ્રનું નામ	સમય
૧	૨	૩	૪
૧	ડભોઇ	શ્રી વિભાગ હાઈસ્કૂલ, ડભોઈ	તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૬ થી તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૬.
૨	ડભોઇ	શ્રી આર. જી. પંડયા હાઈસ્કૂલ ડભોઈ.	
૩	ડભોઇ	શ્રી મહેદવીયા સાર્વજનિક હાઇ-સ્કૂલ, ડભોઈ.	
૪	ડભોઇ	શ્રી એન. કે. મોદી હાઈસ્કૂલ, ડભોઈ.	સદર.
૫	ડભોઇ	શ્રી દયારામ હાઈસ્કૂલ, ડભોઈ	સદર.
૬	ડભોઇ	શ્રી. કે. ટી. વિઠ્ઠલનાથજી હાઇ-સ્કૂલ, ડભોઈ.	સદર.
૭	વાઘોડીયા	શ્રી એન. જી. સાર્વજનિક હાઈ-સ્કલ વાઘોડીયા.	સદર.
૮	શિનોર	પ્રાયમરી કુમાર શાળા શિનોર (શ્રી સાર્વજનિક હાઈસ્કૂલ, શીનોર. પ્રાયમરી કન્યા શાળા શીનોર.	સદર.
૯	નસવાડી	શ્રીમતી એસ. બી. સોલંકી વિદ્યા મંદિર, નસવાડી.	સદર.
૧૦	નસવાડી	નસવાડી પ્રાયમરી સ્કૂલ, / શ્રીમતી એસ. બી. સોલંકી વિદ્યા મંદિર, નસવાડી.	સદર..
૧૧	તિલકવાડા	શ્રી કે. એમ. શાહ સાર્વજનિક હાઈસ્કૂલ, તિલકવાડા.	સદર.

આજ તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કોર્ટનું શીલ કર્યું.

ડી. એન. મોદી,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ડભોઈ.

INDEX

તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./૧/૯૬.—આગામી એસ. એસ. સી. તથા ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા નીચે જણાવેલ સ્થળોએ તે સામે બતાવેલ તારીખ લેવા માટે સરકારશ્રી તરફથી નક્કી થયેલ છે. આ શૈક્ષણિક કાર્યમાં અસામાજિક તત્વો ભળી જઈ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે તેવી વકી છે. તેથી જાહેર જનતાની મિલ્કતને તેમજ શૈક્ષણિક સંસ્થાની મિલ્કતને નુકશાન થવાનો પુરો સંભવ છે તેમ થતું અટકાવવા માટે અટકાવવું જરૂરી છે. તેથી ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૭૩ (એકટ નંબર ૩ સને ૧૯૪૭)ની કલમ-૧૪૪ મુજબ સમયસર અટકાયતી પગલાં લેવાના પુરતા કારણો છે જેથી હું આર. પી. ત્રિવેદી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ધંધુકા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રુએ આથી હું ફરમાવું છું કે,

૧. નીચે જણાવેલ પરીક્ષા સેન્ટરનાં સામે બતાવેલ કોલમ ૩માં જણાવેલ તારીખોએ લોકોએ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધંધુકાની પરવાનગી સીવાય પરીક્ષા કેન્દ્રના ૨૦૦ મીટરનાં વિસ્તારમાં ૪ થી વધુ માણસોએ એકઠા થવું નહીં અથવા સભાઓ ભરવી નહીં.

અ. નં.	પરીક્ષા કેન્દ્રનું નામ.	તારીખડે
૧	૨	૩
૧	બીરલા એન્ડ હરજીવનદાસ હાઈસ્કૂલ, ધંધુકા.	૧૮મી માર્ચ ૧૯૯૬ થી ૨૭મી માર્ચ ૧૯૯૬. સુધી.
૨	ડી. એ. વિદ્યામંદિર, ધંધુકા.,	૧૮મી માર્ચ ૧૯૯૬ થી ૬ ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૬.
૩	નવજીવન ગર્લ્સ હાઈસ્કૂલ, ધંધુકા.	૧૮મી માર્ચ ૧૯૯૬ થી ૨૭મી માર્ચ ૧૯૯૬.
૪	ઝબુબા હાઈસ્કૂલ, બરવાળા.	૧૮મી માર્ચ ૧૯૯૬ થી
૫	ક્રી કે. બી. મીઠાઈવાળા ગર્લ્સ હાઈસ્કૂલ બરવાળા.	૨૭મી માર્ચ ૧૯૯૬

૨. આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

૩. આ હુકમ ઉપરોકત કો. નં. ૩માં બતાવેલ દિવસો (બંને દિવસો સહિત) માટે અમલમાં રહેશે.

આજ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો, કરી આપ્યો છે.

આર. પી. ત્રિવે દી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ધંધુકા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, SEPTEMBER 26, 1996 / ASVINA 4, 1918 [No. 39

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	460—474
Part I-A	—Orders and Notifications (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	40
Part, I-B	—Government Notifications published under Land Acquisition Act only.	2446—2463
Part-I-L	—Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	914—931

MISCELLANEOUS NOTIFICATONS, APPOINTMENTS, ETC.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) (૨) અન્વયેનો હુકમ.

નંબર પલસ/ચુંટણી/વશી-૨૧૬૯/૯૬.- સને ૧૯૯૬ની લોકસભાની આગામી ચુંટણીનાં દિવસો દરમ્યાન સુરત વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવાનું મને જરૂરી લાગે તે જાણ્યું છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની) કલમ-૩૭ (૧) (૨) અન્વયે મળેલી સત્તાની રૂએ હું, ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત રૂરલ જિલ્લાનાં અનુસુચિમાં જણાવેલ વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂ ફરમાવું છું કે, નીચે અનુસુચિમાં દર્શાવેલાં વિસ્તારમાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૬ થી તારીખ ૫મી મે, ૧૯૯૬ (બંને દિવસો સુધ્ધાંત) કોઈ વ્યકિતએ,

INDEX

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, સોટા, બંદુક, ચાકુ, લાકડી, અથવા શારીરીક ઈજા પહોંચાડીમાં ઉપયોગ થઈ રહે શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં,

(ગ) પથ્થરો, અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં.

(ગગ) કોઈ સરઘસમાં જવાની અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહીં અથવા વાદ્ય વગાડવું નહીં.

(છ) જેનાથી સુરચિ અથવા નીતીનો ભંગ થાય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ, ચાળા વિગેરે કરવા નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

કલમ-૩૭(૨) અન્વયે જો કોઈપણ વ્યક્તિ (ક) થી (૨) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ કલમનો ભંગ કરશે તો કોઈપણ પોલીસ અધિકારી તે વ્યક્તિ પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકાર-શ્રીમાં દાખલ કરવામાં આવશે.

આ હુકમનો ખંડ (૬) નીચેની વ્યક્તિને લાગુ પડશે નહીં.

(૬) સરકારી નોકર કે, સરકારી ફરજ બજાવતી વ્યક્તિને કે જેને તેના ઉપર અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેનોની ફરજ હોય.

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (રૂરલ) સુરતે આવી તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

અનુસુચિ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમીશનર, સુરત શહેર શહેર વિસ્તાર સિવાય).

આ હુકમ કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૨) તથા (૩) મુજબ દંડ અથવા સજાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ.

નંબર પલસ/ચટણ/વશી-૨૧૩૦/૧૯૯૬.—સુરત જિલ્લામાં સને ૧૯૯૬ની લોકસભા સામાન્ય ચુંટણીઓનાં દિવસે દરમ્યાન જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની કે મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાયું છે.

વાસ્તે, હું, ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત રૂરલ મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭ની પેટા-કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૬નાં રોજ સવારે ૮-૦૦ કલાકથી તારીખ ૫મી મે, ૧૯૯૬ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) ચાલીસ કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે, સરઘસ કાઢવું નહીં, તેમજ ચાલીસથી વધુ વ્યક્તિઓએ ભેગાં થવું નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ.—

૧. આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા, કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા સાગતાં મંદિર, મસ્જીદ, દેવળમાં પ્રાર્થના માટે જતા બોનાફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૨. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટકીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

૩. આ હુકમ ચૂંટણીનાં મતદાન મથકે મતદાન માટે એકત્રિત થયેલ મતદારોને લાગુ પડશે નહીં.

૪. ચુંટણીની ફરજ માટે બોલાવેલ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨મા)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પલસ / ચૂંટણી / વશી / ૨૯૨૭ / ૧૯૯૬. —સને ૧૯૯૬ ની લોકસભાની ચૂંટણીના દિવસો દરમ્યાન સુરત જિલ્લા વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવાનું મને જરૂરી જણાયું છે.

જ્યારે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની (૨) કલમ ૩૭ (૧) અન્વયે મળેલી સત્તાની રૂએ હું, ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત રૂરલ જિલ્લાના અનુસૂચિમાં જણાવેલા વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા માટે ફરમાવું છું કે નીચે અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ થી તારીખ ૧૧મી મે ૧૯૯૬ (બન્ને દિવસો સુધ્ધા) કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચાકુ, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ટોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

INDEX

(ગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહીં અથવા વાદ્ય વગાડવું નહીં.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહીં તેવા હાવભાવ (ચાળા) વગેરે કરવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

કલમ-૩૭ (૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (ઘ) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈપણ પોલીસ અધિકારી તે વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકારશ્રીમાં દાખલ કરવામાં આવશે.

(ક) સરકારી નોકર કે સરકારી ફરજ બજાવણી વ્યકિતને કે જેને તેના ઉપર અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(ખ) જિલ્લા પોલીસ અધિકારી(રૂરલ) સુરત આમ તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

અનુસુચિ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમીશ્નર, સુરત શહેર વિસ્તાર સિવાય).

આ હુકમનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૯૬નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

નંબર પલસ/ચટણ/વશી-૨૯૨૮/૧૯૯૬.—સુરત જિલ્લામાં સને ૧૯૯૬ની લોકસભાની સામાન્ય ચુંટણીનાં દિવસો દરમ્યાન જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાયું છે.

વાસ્તે, હું ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, શ્રી સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત, (રૂરલ) જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬નાં રોજ સવારે ૮-૦૦ કલાકથી તારીખ ૧૫મી મે ૧૯૯૬નાં રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) ચાલીસ કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી નહીં, કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમ ચાલીસથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં. અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ. :

૧. આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા, કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જીદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૨. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

૩. આ હુકમ ચુંટણીના મતદાન મથકે મતદાન માટે એકત્રીત થયેલ મતદારોને લાગુ પડશે નહીં.

૪. ચુંટણીની ફરજ માટે બોલાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું,

નંબર પલસ/ફાયરીંગ/સેરૂલા/૯૬.—સુરત જિલ્લાનાં ઉકાઈ ખાતે રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧૧ વાવનો ગોળીબાર પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬થી તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૬ સુધી સેરૂલા ખાતેનાં ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ, આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતિ સારૂ હું, ડી.બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલાં અધિકારની રૂએ હું ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના સેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬થી તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૬ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ, સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતી તથા બહારની કોઈપણ અનધિકૃત વ્યકિતએ તેમજ ત્યાં ચરાવવામાં આવતાં ઢોર ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુ-બાજુ ૧૦૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૬થી તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૬ સુધી પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ બીજી એપ્રિલ, ૧૯૯૬નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળન

નંબર પલસ/ફાયરીંગ/સેરૂલા/૯૬.—સુરત જિલ્લાનાં ઉકાઈ ખાતે રાજ્ય અનામત પોલીસ દળ-જુથ-૧૧ વાવનો ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ તારીખ ૧૫મી મે ૧૯૯૬ થી તારીખ ૧૫મી જૂન ૧૯૯૬ સુધી સેરૂલા ખાતે નાં ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ, આ વિસ્તારની હદમાં તથા આજુબાજુમાં રહેતી પ્રજાજનોની સલામતિ સારૂ હું, ડી.બી. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના સેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૫મી મે ૧૯૯૬ થી તારીખ ૧૫મી જૂન ૧૯૯૬ સુધ ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતી તથા બહારની કોઈપણ અનધિકૃત વ્યકિતઓ તેમજ ત્યાં ચરાવવામાં આવતાં ઢોર ઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુ બાજુ ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તારીખ ૧૫મી મે ૧૯૯૬ થી તારીખ ૧૫મી જૂન ૧૯૯૬ સુધી પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમાં હરવું-ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્રક થશે.

INDEX

આજ તારીખ ૧૪મી મે ૧૯૯૬નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

ડી. બી મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ.

નંબર ડી/એમએજી/લો.વ્યુ/મત ગણતરી/૨૩૪૫/૯૬.—આથી મને એવી ખાત્રી કરાવવામાં આવી છે કે આગામી મે માસમાં યોજનાર લોકસભા સામાન્ય ચુંટણીની મત ગણતરી તારીખ ૯મી મે ૧૯૯૬ ના રોજ યોજનાર છે આ દિવસે જીલ્લાના તમામ મતદાર વિભાગમાંથી મોટી સંખ્યામાં લોકો મત ગણતરીના સ્થળે પરિણામ જાણવાની આતુરતાથી એકઠા થશે મત ગણતરીની પ્રક્રિયા શાંત અને સરળ રીતે યોજાય તે માટે અને ચુંટણી પંચની સુચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે હેતુથી મત ગણતરીના સ્થળે અન અધિકૃત ઇસમોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી છે.

હું, હર્ષવર્ધન મોદી, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર ઉપરોકત હકિકતો ધ્યાને લેતાં સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ થી મળેલ સતાની રૂએ ફરમાવું છું કે ૧૪- બનાસકાંઠા સંસદીય મતદાર વિભાગની મત ગણતરી આઈ. ટી. આઈ. બીલ્ડીંગ સોનારીયા બંગલા પાસે પાલનપુર ખાતે રાખેલ હોઈ મતગણતરી દરમ્યાન એટલે કે તારીખ ૯મી મે ૧૯૯૬ ના રોજ સવારના ૮-૦૦ કલાકથી મત ગણતરીની કાર્યવાહી પુર્ણ થાય ત્યાં સુધી.

(૧) મતગણતરીના સ્થળના ૨૦૦ મીટરના આજુબાજુના વિસ્તારમાં સરકારી ફરજ સિવાયના અન્ય કોઈ ચાર કે તે કરતાં વધુ વ્યકિતઓ એકઠાં થવા પર.

(૨) મતગણતરીના સ્થળે બીડી, સીગારેટ;માચીસ કે જવલનશીલ પદાર્થ લઈ જવા પર.

(૩) ચુંટણીમાં ઉભા રહેલ ઉદેમેદવાર તથા તેમણે નિયુકત કરેલ મત-ગણતરી એજન્ટ સિવાયના કોઈપણ.

(૪) ચુંટણી કામગીરી સાથે સંકળાયેલ મત ગણતરી ફરજ પરના સરકારી કર્મચારીઓ સિવાયની એટલે કે ખાનગી વ્યકિતના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું.

જો કે સદરહુ હુકમ વ્યકિતગત રીતે તમામને બજાવી શકાય તેમ નથી, તેમ છતા આ હુકમ કરવો અતિ આવશ્યક હોઈ એકતરફી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તારીખ ૯મી મે ૧૯૯૬ ના સવારના ૮-૦૦ કલાકથી મત ગણતરી પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૩જી મે ૧૯૯૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરી આપ્યો.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. ડી/જા. ના./લોકસભા/ચૂંટણી / ૯૬-૨૩૬૬-૯૦.—આથી મને એવી ખાત્રી કરાવવામાં આવી છે કે, તારીખ ૭મી મે ૧૯૯૬ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજનાર છે. આ દિવસે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં મતદાન મથકો ઉપર મતદારો મત આપવા આવનાર છે. પોતાનો કિમતી અને અમૂલ્ય મત આપવા આવતા મતદારોને મતદાન મથકથી આસપાસ રોકી, અમુક ચોક્કસ ઉમેદવારોને મત આપવા સંકેતો /નિશાનીઓ દ્વારા ઈશારા કરવામાં આવતા હોય છે. તેમજ પ્રલોભનો આપી આકર્ષવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય છે. જેના કારણે મતદાન મથકની આસપાસ લોકોના ટોળા એકઠા થતા હોવાની સુલેહ ભંગની શકયતા છે.

આથી મને સંતોષ થયેલ છે કે, લોકસભા સામાન્ય ચુંટણી-૧૯૯૬ બનાસકાંઠા જિલ્લાની ચૂંટણીનું મતદાન શાંતીપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે મતદાન મથકના સ્થળેથી ૨૦૦ મીટરના અંતરમાં સુલેહ ભંગની પરિસ્થિતિને પહોચી વળવાની કાર્યવાહીના ભાગરૂપે તાત્કાલિક અસરથી લોકોના એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી છે.

આથી હું, હર્ષવર્ધન મોદી, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ ફરવાનું છું, કે;

"સમગ્ર બનાસકાંઠા જિલ્લાના પરિશિષ્ટ-અ મુજબના મતદાર વિભાગ ના મતદાન મથક ઉપર એટલે કે તારીખ ૭મી મે ૧૯૯૬ના રોજ સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી મતદાન પૂર્ણ થાય તે સમય સુધી ઉકત સ્થળોના ૨૦૦ મીટરના આજુબાજુના વિસ્તારોમાં સરકારી ફરજ સિવાયના અન્ય કોઈ ચાર કે તે કરતાં વધુ વ્યકિતઓ એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું.

જો કે આ હુકમ વ્યકિતગત રીતે બનાસકાંઠા જિલ્લાના દરેક વ્યકિતને બજાવી શકાય તેમ નથી, તેમ છતાં આ હુકમ કરવો અતિ આવશ્યક હોઈ એક તરફી હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટ-અ

અનુ. નંબર	સંસદીય મતદાર	વિભાગ	સંસદીય મતદાર વિભાગનાં સમાવિષ્ટ વિધાનસભા મતદાર વિભાગના મતદાન મથકો.
(૧)	૧૪-બનાસકાંઠા	(૧) ૯૪-રાધનપુર	વિધાનસભા મતદાર વિભાગ.
		(૨) ૯૫-વાવ	વિધાનસભા મતદાર વિભાગ.
		(૩) ૯૬-દિયોદર	વિધાનસભા મતદાર વિભાગ.
		(૪) ૯૮-કાંકરેજ	વિધાનસભા મતદાર વિભાગ.
		(૫) ૯૭-ડીસા	વિધાનસભા મતદાર વિભાગ.
		(૬) ૯૯-ધાનેરા	વિધાનસભા મતદાર વિભાગ.
		(૭) ૧૦૦-પાલનપુર	વિધાનસભા મતદાર વિભાગ.
(૨)	૧૫-સાબરકાંઠા	(૮) ૧૦૧-વડગામ	વિધાનસભા મતદાર વિભાગ.
		(૯) ૧૦૨-દાંતા	વિધાનસભા મતદાર વિભાગ.

આજરોજ તારીખ ૩જી મે, ૧૯૯૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨)માની કલમ-૩૩(૧) ના ખંડ (સી) મુજબનો.

નં. ડી/એમએજી/લોકસભા/ચુંટણી/૨૩૯૧-થી-૨૪૧૧.—લોકસભાની ચુંટણીઓ સને ૧૯૯૬ની મતદાનની મતગણતરી પાલનપુર મુકામે આઈ. ટી. આઈ. બીલ્ડીંગમાં તારીખ ૯મી મે ૧૯૯૬ના રોજ રાખવામાં આવેલ છે. જેથી સદરહું સ્થળે બનાસકાંઠા જિલ્લામાંથી ચુંટણીના પરિણામો સાંભળવા માટે મોટી સંખ્યામાં માણસો એકઠા થવાની શકયતા છે. જેથી સદરહું જગ્યાએ વાહનોની હેરાફેરી થવાની જાહેર અવ્યવસ્થા ઊભી થવાનો પુરેપુરો સંભવ છે. જેથી આ સ્થળે અવ્યવસ્થા ઊભી ન થાય તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)ના ખંડ (સી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું હર્ષવર્ધન મોદી, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર આથી ફરમાવું છું કે, પાલનપુર શહેર આઈ. ટી. આઈ. બીલ્ડીંગ પાસે પસાર થતા રોડ ઉપરના તમામ પ્રકારના વાહનો એસ. ટી. બસો સહિત તેઓ ગઠામણ દરવાજાથી ગોબરી રોડ થઈ માર્કેટ યાર્ડથી જશે, અને તેજ રૂટ પ્રમાણે વાહન શહેરમાં પરતમાં આવશે.

આ હુકમનો અમલ તારીખ ૯મી મે ૧૯૯૬ના રોજ સવારે ૮-૦૦ કલાકથી જ્યાં સુધી મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૯ માહે મે, ૧૯૯૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી. બી. પી. એ./૬/૯૬.—એપ્રિલ માસમાં મહાવીર જયંતી, બકરી ઈદ, ગુડફ્રાઈડે, અંબાજી મુકામે ચૈત્રી પુનમનો મેળો, ડો. આંબેડકર જયંતી, જેવા તહેવારો આવતા હોઈ જાહેર સલામતિ જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાતી અને સલામતિ જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી તથા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ, અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના, યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારિક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચિ અથવ નિતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહિ.

વાસ્તે, હું, હર્ષવર્ધન મોદી, આઈ.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરૂં છું. આ હુકમ તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૬ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૩જી માહે, એપ્રિલ, સને ૧૯૯૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હર્ષવર્ધન મોદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ. એ. જી./વશી-૪૨૮૧.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ની પેટા-કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧લી મે ૧૯૯૬ના દિવસે સવારના ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૧૫મી મે, ૧૯૯૬ના રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધાં)ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર. ".

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને,
(૩) કોઈ લગ્નના વરઘોડાને,
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૪૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦ માહે એપ્રિલ સને ૧૯૯૬નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો છે.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી/વશી/૪૩૩૧. —ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની) કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતી અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈને નીચેની અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૨જી મે, ૧૯૯૬થી તારીખ ૩૧મી મે, ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધા).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(ચ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ.

(ભરૂચ જીલ્લાનો સમગ્ર વિસ્તાર)

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં, આજે તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૬ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ. એ. જી./વશી-૩૨૪૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ની પેટા-કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતિ સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધાં).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે, લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણી છાંટવાં અથવા ફેંકવા નહીં, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો, અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહીં.

(ચ) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો, અથવા બીજા કોઈપણ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહીં, બતાવવા નહીં, તથા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જે ની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતને

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ-શ્રી, ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસુચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ તારીખ ૪થી માહે એપ્રિલ, સને ૧૯૯૬ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો છે.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ. એ. જી./વશી-૩૨૯૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સર રસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ની પેટા-કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ ને વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ થી દિવસે સવારના ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધાંત) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

વધુમાં હું આદેશકરું છું કે, આ હુકમ નીચેના ને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને,
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને,
(૩) કોઈ લગ્નના વરઘોડાને,
(૪) કોઈ સ્મશાનયાત્રાને,

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૪૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪ માહે એપ્રિલ, સને ૧૯૯૬ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

કે. કે. પરમાર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.-૧૪૨૯-૯૯/૯૬.—જિલ્લામાં પ્રર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂ. માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે;

વાસ્તે, હું, બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટેટ, ડાંગ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭ની પેટા-કલમ-(૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ડાંગ, જિલ્લામાં તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધાં) ચાર કરતાં વધુ માણસોએ કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં સરઘસ કાઢવું નહીં .

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરતાં માંગતા બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૬ના રોજ મારી સહી કરી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૩(૧) (૫) ૩૭ અન્વયે કાઢેલો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/વશી-૧૪૮૦-૧૫૨૯/૯૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ, -૨૨માં)ની કલમ-૩૩(૧) (૫), અન્વયે મને મળેલ સત્તાની એ હું, શ્રી બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ લોકસભાની સામાન્ય ચૂંટણીઓની પ્રક્રિયાઓ લક્ષમાં લેતા અને પ્રતિસ્પર્ધી ઉમેદવારોના ચૂંટણી પ્રચારોના પ્રક્રિયા દરમ્યાન ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તથા જાહેર હિત અને જાહેર સલામતિને કારણે ફરમાવું છું કે —

ડાંગ જિલ્લામાં તારીખ ૧૦મી એપ્રિલ ૧૯૯૬ થી અમલમાં આવે તે રીતે સંગઠન, સંસ્થા, રાજકીય પક્ષ અથવા ઉમેદવારો કે તેનાં કાર્યકરો, સમર્થકોએ કોઈપણ સાર્વજનિક જગ્યામાં અથવા તેની પાસે સાર્વજનિક મનોરંજનની જગ્યામાં અથવા તેની પરોશમાં રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત અગવડ, ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન થતું અટકાવવા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવું છું.

આ હુકમ લગ્નના વરઘોડા તથા પરવાનગી આપેલ સભાઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૯ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૬ થી તારીખ ૧૦મી મે, ૧૯૯૬ સુધી અમલમાં રહેશે.

મેં આજ તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૬નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) (૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક ઉ/અકડ/પીઓએલ/વશી-૧૫૩૦-૩૯/૯૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)ની કલમ-૩૭(૧) (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રુએ હું, બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટેટ, ડાંગ-આહવા જિલ્લાની પ્રવર્તમાન અશાંત પરિસ્થિતિને

INDEX

ધ્યાને લઈ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે, તેમજ ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં સભા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરિયાત જણાય છે. જેથી ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતઓને તારીખ ૧૧મી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૬ (બંને દિવસો સહિત)નાં સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) હથિયાર શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પું, છરા, લાકડી, લાઠી, શસ્ત્રો, સરળગતી મશાલ અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે શસ્ત્રો ફેંકવાની અથવા નાંખવાનાં યંત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની અથવા તૈયાર કરવાની,

(ઘ) કોઈપણ સરઘસમાં જ્વલતીઅથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા.

(જ) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્યો વગાડવા અપમાન કરવાનાં અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ, સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(જ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવા ટીકાત્મક ભાષણ કરવા, તેવા હાવભાવ ચેષ્ટા કરવાનાં તથા ચિત્રો પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેનો ફેલાવો ફેલાવો કરવાની,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની હોય, અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ-આહવા અથવા તેમ અધિકૃત કરેલાં કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને,

(૩) ચુંટણી ને લગતી કામગીરી માટે નિમાયેલ વ્યકિતઓ,

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, આ અર્થે ખાસ અધિકૃત કરેલ તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમ વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૦મી માહે એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી કરીને સિક્કા કરેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) (૩) અન્વયે કાઢેલ.

નંબર ઉ-૫૬૬/પીઓએલ/વશી-૧૮૫૦-૧૯૪૯/૧૯૯૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની) કલમ-૩૭ (૧) (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા જંગલ ખાતાના ડબાણો દૂર કરવા તથા મહોરમનાં તહેવારને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂ, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તેમજ ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ચાર કરતાં વધુ માણસો એકઠા થઈ તેમજ સભા સરઘસ કાઢવા વિગેરે ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂરિયાત જણાય છે, જેથી ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતઓને તારીખ ૧૬મી મે ૧૯૯૬ થી તારીખ ૩૦મી મે, ૧૯૯૬ (બ.ને દિવસો સહિત),નાં સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) હથિયાર શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પું, લાકડી, લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) પથ્થરો અથવા, બીજા શસ્ત્રો, અથવા તે શસ્ત્રો ફેંકવાની અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા અથવા તૈયાર કરવાની

(૨) કોઈપણ સરઘસમાં જ્વલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાવાના,

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની પરંતુ ડાંગ દરબારની ઉજવણી પ્રસંગે કરવામાં આવતાં પારંપારીક નૃત્યો અને ઉજવણી સિવાયની બાબતો, અપમાન કરવાનાં અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(જ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવા ટીકાત્મક ભાષણ કરવા તેવા હાવભાવ ચેષ્ટા, કરવાનાં તથા ચિત્રો, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેનો ફેલાવો કરવાનાં

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકર કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય, અથવા તેવું હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ-આહવા અથવા તેમણે અધિકૃત કરેલાં કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરેલ તેની વ્યકિતઓ.

આ જાહેરનામાનાં કોઈ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં કાયદા)ની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૬મી મે ૧૯૯૬ના રોજ મારી સહી કરીને સિક્કા કરેલ છે.

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબ હુકમ

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૩૩/૧૯૯૬. —આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓડરની જાળવણી વાસ્તે.

હું, એમ. કે. ચૌધરી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો મુબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે તારીખ જણાવેલ વિસ્તારોમાં તારીખ રજી મે ૧૯૯૬ થી ૧૬મી તારીખ મે ૧૯૯૬ સુધી નીચેના કૃત્યા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ, તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાઈ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્રો સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી લાઠી અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ટોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની અને તૈયાર કરવાની.

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીત, વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટ, અધિક જીલ્લા મેજીસ્ટ્રટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રટ જીલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતી ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ ના અધિનિયમ નંબર-૫) કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ નંબર-૨૨માંની) કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસી/પીઓપએલ/એમએજી/એસ.આર/૩૪/૧૯૯૬. —આ આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, એમ. કે. ચૌધરી, અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૨) સને ૧૯૫૧ ની ૨૨માંની અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકાર ની રૂએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ રજી મે ૧૯૯૬ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૬મી મે ૧૯૯૬ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ : (વિસ્તાર) અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર.

ખુલાસો :— આ વિસ્તારોમાં રસ્તાઓ, રસ્તાઓની ફટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર તેમને ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્નના પ્રસંગેના તેમજ અધિકૃત સત્તાધિકારી પાસેથી પુર્વમંજૂરી મેળવેલ હોય તેવા સભા, સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૬ ના રોજ મારી સહિ અને સિક્કો માર્યો છે.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭(૧) મુજબનો હુકમ.

નંબર ડી. સી./પીએએલ/એમએજી/એસ. આર./૨૭/૯૬.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે,

હું એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ. જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૧લી મે ૧૯૯૬ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી ચપ્પું બનાવટનું કોઈપણ જાતનું ચપ્પું, કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પું તથા ત્રણ ઈંચથી વધુ લંબાઈ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાથી ધકેલવાની યંત્રો, અથવા સાધનો લઈ જવાની એકઠા, કરવાની અને તૈયાર કરવાની,

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યકિતઓ અથવા તેના શબ-અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા પાડવાની અને તેવા ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની, અથવા, તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમતના વિસ્તાર સીવાય).

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને,

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીના અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતની ફોજદારી અધિનિયમ(સને ૧૮૬૦ના અધિનિયમ નં. ૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ નં. ૨૨માં) ની કલમ-૩૭(૩) અન્વયે નો હુકમ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર./૨૮/૯૬.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે,

હું, એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨માંની) અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચેની અનુસુચિમાં દર્શાવેલા વિસ્તારોમાં તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૬ થી કલાક 00-00 થી તારીખ ૧લી મે, ૧૯૯૬ના કલાક ૨૪-00 સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં તેમજ કોઈ પર રસ કાઢવું નહીં.

અનુસુચિ

(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, તથા ગલીઓનો તથા પેટા-ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

અપવદ.—આ હુકમ છે જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર તેમને, ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના તેમજ અધિકૃત સત્તાધિકારીની પાસેથી પૂર્વ-મંજૂરી મેળવેલ હોય તેવા સભા, સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં)અધિનિયમની) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧લી માહે એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી અને, સિક્કો માર્યો છે.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨મા અધિનિયમ)ની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ આર-૩૫/૧૯૯૬.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે.

હું, એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૫મી મે ૧૯૯૬ થી તારીખ ૮મી જૂન ૧૯૯૬ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું—

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાણ ધરાવનું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની;

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની અને તૈયાર કરવાની;

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(૬) લોકોએ ભુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની;

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોઈ અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ, વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ :— આ હુકમનો ખંડ (૬) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જેને ઉપરી અધિકારીઓએ એવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને;

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદનો અને દંડની અને ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી મે, ૧૯૯૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ નંબર ૨૨ મા) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૩૬/૧૯૯૬ .— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે, હું, એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માંનો, અધિનિયમ)ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૫મી મે ૧૯૯૬ કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી જુન ૧૯૯૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ:—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર.)

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમા હોય તેમજ હોમ ગાર્ડઝ જેવી ફરજ ઉપર તેમને તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના તેમજ અધિકૃત સત્તાધિકારીની પાસેથી પુર્વ મંજૂરી મેળવેલ હોય તેવા સભા, સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫મા અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૮મી મે ૧૯૯૬ના રોજ મારી સહી અને સિકકો માર્યો છે.

એમ. કે. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમ. એ. જી./વશી-૭૨૩/૯૬. —આગામી બકરી ઈદના તહેવારના દિવસે કોઈ કત્તલખાનાની બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડીની કત્તલને કારણે તેમજ કોઈ શેરીમાં કે સ્થળે દેખાય તે રીતે અન્ય કોઈપણ પશુની કત્તલને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે. અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે. અને તેમ થતું તાત્કાલિક અટકાવવાનું ઈચ્છનિય છે એવો મારો અભિપ્રાય છે. તેથી હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, મહેસાણા જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૬ના શુન્ય કલાકથી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૬ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) કત્તલખાનાની બહારના કોઈ જાહેર કે ખાનગી સ્થળે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડા કે વાછરડીની કત્તલ કરવી નહીં અથવા મહેસાણા જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની હદની અંદર કોઈ શેરીમાં અથવા જાહેર સ્થળમાં દેખાય તે રીતે અન્ય કોઈ પશુની કત્તલ કરવી નહીં અને કોઈપણ અવશેષો જાહેરમાં મુકવા, મુકાવવા નહીં.

ઉપરોકત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૨મી એપ્રિલ, ૧૯૯૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૬) મુજબ.

નંબર ઉ-મકપ/પલસ/મજસ/વશી/૧૬૦૪.—આગામી તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૬ ના રોજ બકરી ઈદના તહેવારની ઉજવણી થનાર છે. હાલ લોકસભાની ચુંટણીઓ જાહેર થયેલ છે. આ પ્રસંગોમા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાંઇ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૬) હેઠળ જાહેરનામું બહાર પાડવું જાહેર હિતમાં જરૂરી જણાતું હોઈ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમ)ની કલમ ૩૩ (૧) અન્વયે મળેલી સત્તાની રૂએ હું, એ. બી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૧૫મી મે ૧૯૯૬ સુધી (બન્ને દિવસ સહીત) સમગ્ર પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ જાહેર સ્થળે સાર્વજનિક જગામાં મહોલ્લામાં કે રસ્તામાં બકરા, બેટા, પાડા કે અન્ય કોઈપણ પશુ કે પંખીની કતલ કરવી નહી કે કતલ કરી આ સ્થળોએ રાખવું નહી. ખાનગી સ્થળોએ પણ જાહેરમાં દેખાઈ આવે તે રીતે કોઈપણ પશુ કે પંખીની કતલ કરવા પર અને પ્રદર્શન કરવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યા.

એ. બી. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલમ/રજી-૨૧/૯૬.—આસી. સીકયુરીટી કમિશનર, આર. પી. એફ. ટ્રેનીંગ સેન્ટર વલસાડના પત્ર નં. ૧૨મી એપ્રિલ ૧૯૯૬ થી જણાવ્યા મુજબ પ્રશિક્ષણાર્થી ઓનાં સ્ટાફની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨માં)ની કલમ-૩૭ની પેટા-કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમનની કલમ-૩૭ની પેટા-કલમ (૪)ના જોગવાઈ મુજબ નીચે જણાવેલ સ્થળ અને તારીખ ફાયરીંગ તથા તેની આજુબાજુના ૨ કિ. મી. વિસ્તારમાં,

તારીખ	સમય	સ્થળ
૨૫મી એપ્રિલ ૧૯૯૬ થી ૨૭મી એપ્રિલ ૧૯૯૬	સવારે ૮-૦૦ થી સાંજે ૧૮-૦૦ કલાક	ફાયરીંગ બટ, ભિલાડ.

ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશોને તેમજ બહારના કોઈ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમિયાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર સાથે જવા અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું. સદરહું ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ ૩૭-(૩) અન્વયે.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/૨જી-૨૨/૯૬.—જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની ફરજ તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટકી, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નો ૨૨મો ની કલમ-૩૭ની પેટા-કલમ-(૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૬થી ૧૩મી મે ૧૯૯૬ સુધી (બંને દિવસો) સુધ્ધાંત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચાર થી વધુ વ્યકિતઓએ ભેગા નહીં થવું સરઘસ કાઢવું નહીં.

INDEX

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કરેલો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી./૨૩/૧૯૯૬— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ જિલ્લામાં આગામી પ્રવર્તમાન પરિસ્થિતિને અને આગામી લોકસભાની ચુંટણીઓની પ્રક્રિયાઓ ધ્યાનમાં લેતાં જાહેર શાંતી અને સલામતી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૪થી મે ૧૯૯૬ થી તારીખ ૧૩મી મે ૧૯૯૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક ચપ્પુ, છરા, લાકડી લાઠી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ચ) લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી, બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા પ્લેકાર્ડ, અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની આ હુકમના ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ, અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જે તે શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ ૧ વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧લી મે ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ/૨જી નં ૨૪/૧૯૯૬—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મું અધિનિયમ)ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, ડી. યુ. કુમાર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ આગામી મોહરમ (તાજીયા)ના તહેવારને તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૩મી મે ૧૯૯૬ થી ૬ઠી જૂન ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) કોઈપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ટોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા બીજા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ચ) લોકોને બૂમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તથા તેવા હાવભાવ કરવાની, તેવી ચેટા કરવાની, તથા ચિત્રો પત્રિકાર્ડ પ્લેકા અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા, તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં કાયદા)ની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે, અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૨૨મી મે ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

INDEX

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં)ની કલમ-૩૩(૧)(બી) (એન. ઓ.) તથા કલમ-૩૭ મુજબનો.

નંબર ડીસીબી/એસએજી/બી.પી.એ./રજી-નં-૨૫/૯૬.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં)ની કલમ-૩૩ની પેટા-કલમ-(બી) (એન) (ઓ) તથા કલમ-૩૭ અન્વયે જેમાં અધિકારની રૂએ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી મહોરમના તહેવાર અંગે વલસાડ જિલ્લા નીચે મુજબનો હુકમ ફરમાવે છે.

૧. વલસાડ જિલ્લામાં આવતાં મોહરમના તહેવાર દરમ્યાન કોઈપણ તાબુત પંજા અગર પંજા વગર સરઘસ, સરઘસ સંબંધિત સબ-ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીની લેખિત પરવાનગી લીધા સિવાય કાઢી શકાશે નહીં.

૨. આવી પરવાનગી ફક્ત મુસ્લીમ બીરાદરોને જ આપવામાં આવશે અને એવી પરવાનગી મેળવનાર ઈસમોએ તે પરવાનગી પોતાની પાસે જ રાખવી પડશે અને જ્યારે કોઈપણ એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અગર પોલીસ અધિકારીશ્રી તરફથી રજુ કરવા સુચન કરવામાં આવે ત્યારે રજુ કરવી પડશે.

૩. પરવાનગી મેળવવા માટે જે તે અરજદારશ્રી તરફથી રૂપિયા પૈસાની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડીને અરજી તારીખ ૨૬મી મે, ૧૯૯૬ સુધીમાં ઉપરોક્ત સબ-ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીને પહોંચે તેમ કરવી જોઈએ.

૪. આવી પરવાનગી ધારણ કરનારને કોઈપણ તાબુત પંજા અગર ઢોલક, પંજા અગર સવારીના સરઘસમાં સામેલ થયેલ માણસોની શાંતિ વ્યવસ્થા માટે અંગત જવાબદારી રહેશે. સરઘસમાં એવી રીતે સામેલ થયેલા ઈસમોમાંથી કોઈપણ ઈસમો તોફાની રીતે અગર અયોગ્ય રીતે વર્તે તો જિલ્લા પોલીસ અધિકારીશ્રી સબ ડીવીઝનલ ઓફીસરશ્રી અગર પોલીસ ઈન્સપેક્ટરશ્રીની નીચલી પાયરીનાં ન હોય તેવા સીનિયર પોલીસ અધિકારીશ્રી અગર પોલીસ સબ-ઈન્સપેક્ટરશ્રી જે સ્થળ ઉપર હાજર હશે તેને મૌખિક હુકમ દ્વારા આપેલી પરવાનગી એકદમ રદ થશે. અને સરઘસમાં ભેગા થયેલા સઘળા ઈસમોને તાત્કાલિક વિખેરાઈ જવું પડશે. અને ફરી ભેગા થઈ શકશે નહીં કે, તાલુકા પંજા, અગર સવારી સરઘસ આગળ લઈ જઈ શકશે નહીં.

૫. મોહરમના તહેવાર દરમ્યાન સંબંધિત વિસ્તારનાં શેરી કે જાહેર જગ્યાની આજુબાજુ લાઉડ સ્પિકર વાજીત્રાં વગાડવાની પરવાનગી તહેવારના તારીખ ૨૬મી મે ૧૯૯૬ થી તારીખ ૨૮મી મે ૧૯૯૬ના રોજ પુરતી જ આપવામાં આવશે અને તે સિવાયના બીજા દિવસો માટે આપવામાં આવશે નહીં અને એવી પરવાનગી અરજદારશ્રી પરવાનગીની શરતોનું પાલન કરવામાં સંમત થશે તો જ આપવામાં આવશે.

૬. મોહરમના તહેવાર દરમ્યાન સંબંધિત વિસ્તારનાં પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ-ઈન્સપેક્ટરશ્રીની નીચેની ગ્રેડના નહીં હોય તેવા પોલીસ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ શેરી કે જાહેર જગ્યાએ લાઉડ સ્પિકર વાજીત્રાં અગર મ્યુઝિક વગાડી શકાશે નહીં.

૭. કતલની રાત્રે કોઈપણ સરઘસ સાંજે ૭-૦૦ કલાક પહેલાં અગર રાત્રે એક વાગ્યા પછી કાઢી શકાશે નહીં અને સઘળી ક્રિયા બીજે દિવસે એટલે મોહરમના દિવસે સુર્યાસ્ત પહેલા અચુક પુરી કરવી પડશે.

૮. તાબુડ પંજા કે અગર સવારી અંગે રાખેલા મુજબ સંબંધિત સબ ડીવીઝનલ પોલીસ ઓફીસરની લેખિત પરવાનગી લેવાની રહેશે.

૯. કતલની રાત્રે તાબુતો તેમના જુના નિયત રૂટ પ્રમાણે ફેરવી શકાશે.

૧૦. કતલની રાત્રે અને તાજીયા દુબાડવાના દિવસે તાબુત, પંજો અગર ઢોલક પંજા અગર સવારીને ઉચકીને ફેરવવાના સઘળા સરઘસો સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૬ પ્રમાણે જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ નકકી કરેલા સ્થળ સમય અને મીટીંગમાં નકકી થયેલા નિયત જુના રૂટ પ્રમાણે કાઢવા દેવામાં આવશે.

૧૧. તાબુતનું સરઘસ કાઢવા માટે જવાબદાર ઈસમોની એ જોખમની ફરજ રહેશે કે તાબુત સાથે જે ઈસમોને કોઈપણ જાતનો સંબંધ નથી એવા ઈસમોને કે અનિષ્ટ તત્વોને તાબુતના સરઘસમાં સામેલ થવાના દેવા અને તે ઉપર તાબુતનું સંચાલન કરતી વ્યકિતએ નજરબંધી રાખવી તેમજ રસ્તામાં અટકાણ ઉપસ્થિત થાય નહી અને તાબુત લઈ જવામાં બીન જરૂરી ઢીલ થાય નહી તે જોવાની જવાબદારી જવાબદાર ઈસમોને રહેશે.

૧૨. કોઈપણ શેરી કે જાહેર જગ્યાએ જુલ જુન્નર અગર પવિત્ર ચોકાનું સરઘસ અગર માતમ અગર છાતી કુટવા અંગે પરવાનગી આપવામાં આવશે નહી.

૧૩. તાબુત એટલી ઉંચાઈનું હોવું જોઈએ અને એવી રીતે બનાવવું જોઈએ કે જેથી કરીને વિદ્યુત લાઈન તથા ટેલીફોન લાઈને વિગેરેને અડે નહીં અને આ લાઈનો બંધ ન થઈ જાય તે રીતની ઉંચાઈ રાખવાની રહેશે.

૧૪. જિલ્લા પોલીસ અધિકારીશ્રી અગર સબ ડીવીઝનલ પોલીસ ઓફીસરશ્રી પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રીની નીચેની ગ્રેડના નહી હોય તેવા પોલીસ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ જાહેર જગ્યાએ તલવાર, ભાલા, સોટી, બંદૂક, ચાકુ, ચપ્પુ, લાકડી વિગેરે એવા બીજા કોઈ શસ્ત્રો લથિયારો કે જે ગુન્હાહીત હથીયાર તરીકે વાપરી શકાય તેવું હોય તેવા લથિયારો લઈ જવા મનાઈ ફરમાવવામાં આવે છે.

૧૫. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અગર તો શસ્ત્રો ફેંકવાના અગર નાખવાના યંત્રો અગર સાધનો લઈ જવા એકત્ર કરવાની અને તૈયાર કરવાની મનાઈ કરવામાં આવે છે.

૧૬ (અ) તાજીયા દુબાડવાના દિવસે શાંતીપુર્ણ રીતે સુલેહ શાંતિ જાળવીને નકકી થયેલા રૂટ પ્રમાણે તાજીયા લઈ જવાના રહેશે. વધુમાં જાહેર હિતમાં સુલેહ શાંતિ જાળવવાની રહેશે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતી કાળજી રાખવાની રહેશે.

૧૬.(બ) કોઈપણ જાહેર જગ્યાએ માણસો મુડદાઓ, આકૃતિઓ દેખાડવાની મનાઈ કરવામાં આવે છે. કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની મના કરવામાં આવે છે.

૧૬.(ડ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થવાનો સંભવ હોય અથવાજેનાથી સમાજના જુદા જુદા વર્ગોમાં ધાર્મિક દુશ્મનાવટ ઉપસ્થિત અથવા ગુનો કરવા અગર જાહેર શાંતિનો ભંગ થાય અગર કાયદાના અગર કાયદેસરના અધિકારીશ્રીએ વિરોધ અગર ઘૃણા કરવામાં આવે તેવા ચાળા પાડવાની, નિશાનીઓ તથા પીક્ચરો સીમ્બોલો પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની બતાવવાની અને તેનો ફેલાવો કરવાની મના કરવામાં આવે છે.

૧૭. નીચે જણાવ્યા પ્રમાણેના રસ્તાઓ તેની સામે જણાવેલા દિવસોએ સમયે ટ્રાફીક વ્હીકયુલર માટે બંધ રહેશે.

INDEX

(આ) વલસાડ ટાઉન

૧. કતલની રાત્રે તા. ૨૭મી મે ૧૯૯૬	(૧) ટાવરથી મોટા બજાર વાયા શાંતીભુવન.	સાંજે ૭-૦૦થી રાત્રે૧-૦૦
૨. ડુબાડવાના દિવસે(૧) તા. ૨૮મી મે ૧૯૯૬	ટાવરથી મોટા બજાર વાયા શાંતીભુવન ક્લગલી રસીવાડા બંદર રોડ	બપોરે ૧-૦૦થી મોટાપા રાત્રે ૨૧-૦૦ કલાકે

(બ) નવસારી ટાઉન

૧. કતલની રાત્રે ૨૭મી મે ૧૯૯૬	(૧) વિરાવળ મોટર સ્ટેન્ડથી ગોલવાડ ગેટ વાયા ટાવર (૨) બજાર ગેટથી જુનાથાણા (૩) પાંચ હાટડીથી ચાર પુલ	સાંજે ૭-૦૦થી રાત્રે ૧-૦૦
૨. ડુબાડવાના દિવસો તા. ૨૮મી મે ૧૯૯૬	ઉપરના ત્રણ રસ્તા ઉપરાંત મચ્છી માર્કેટ અને સતીનાકા અને ચાર પુલથી દરગાહ રોડ.	બપોરે ૧-૦૦થી રાત્રે ૧-૦૦

જો બધા સરઘસો ઉપર જણાવેલ કોઈપણ રસ્તા ઉપર મના કરેલ સમય પહેલાં પસાર થઈ શકે તો રસ્તો જાહેર જનતાના ઉપયોગ માટે ખુલ્લા રહેશે. ઉપર જણાવેલ રસ્તાઓ મના કરેલ સમય દરમ્યાન ફાયર બ્રીગેડવાન પોસ્ટલવાન, એમ્બ્યુલન્સ અને ફરજ પરના અધિકારીઓની વાન માટે ખુલ્લો રહેશે.

૧૮. કોઈપણ ઈસમ ઉપર જણાવેલ કોઈપણ નિયમોનો ભંગ કરશે અગર અયોગ્ય રીતે વર્તશે તો કોઈપણ જાતની ધાંધલ કરશે તો તેની સામે તાત્કાલીક અટકાયતી પગલા લઈ કાયદેસર કામ ચલાવવામાં આવશે.

૧૯. ઉપરના હુકમમાં "મોહરમ તહેવાર" શબ્દનો અર્થ મહોરમ માસના પહેલાં દશ દિવસો અને રાત્રી થાય છે, "મહોલ્લો" અર્થ શેરી અગર ગલી કે જયા તાબુત સ્થાપિત કરવામાં આવે છે. "ઢબુજ તાબુત" શબ્દનો અર્થ તાબુત તાજીયા છે.

ડી. યુ. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વલસાડ.

વલસાડ, તારીખ ૨૨મી મે ૧૯૯૬.

Supple. C. G. I-B– 120

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14- E

©

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVIII THURSDAY, OCTOBER 3, 1996 / ASVINA 11, 1918 [No. 40

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		PAGES
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	475-481
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B,) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	41
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	2464-2485
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	932-951

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

BY DISTRICT JUDGE

Notification

Read .—High Court Letter No.. C. 2103/96 dated 30th March 1996.

No. 1175 of 1996.— In pursuance of the instructions contained in paragraph-629. Chapter XXXI Civil Manual Volume-I 1960 and with the previous permission to the High Court of Gujarat Ahmedabad the District Judge panch mahals at Godhra is hereby pleased to notifiy that all the Civil Courts in the District of Panch mahals shall remain closed during the Annual Summer Vacation for five weeks from Monday the 6th May. 1996 to Sunday the 9th June 1996 (both days inclusive) and for one week from Saturday the 16th November 1996 to Friday the 22nd November. 1996 (both days inclusive) suffix Diwali Holidays.

INDEX

The offices of the Nazir and the Record-keeper District Court Panch Mahals at Godhra and the offices of the Nazir of the Subordinate Courts in the District shall, however, remain open during the vacation on working days Civil work of urgent nature will be received during the vacation.

Godhra, 3rd April, 1996.

R. M. PARMAR,
District Judge, Panchmahals, Godhra.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધો.—ઉચ્ચ ન્યાયાલયના પત્ર ક્રમાંક નંબર સી./૨૧૦૩/૯૬, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૬નો વંચાણે લીધો.

જાહેરનામું

નંબર ૧૧૭૫ સને ૧૯૯૬.—સીવીલ મેન્યુઅલના ભાગ-૧, ૧૯૬૦ ના પ્રકરણ-૩૧ના ફકરા-૬૨૯માં આપેલી સુચનાઓ અનુસાર તેમજ ગુજરાત રાજ્યની વડી અદાલતની પૂર્વ મંજૂરીથી આથી પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતેના ન્યાયાધિશ એવું જાહેર કરે છે કે,સને ૧૯૯૬ ના ઉનાળુ વેકેશન દરમ્યાન મે માસની ૬ઠ્ઠીને સોમવાર થી જૂન માસની તારીખ ૯મીને રવીવાર (બંને દિવસો સહિત) પાંચ અઠવાડિયાની તેમજ એક અઠવાડિયાની સને ૧૯૯૬ના નવેમ્બર માસની તારીખ ૧૬મીને શનિવાર થી નવેમ્બર માસની તારીખ ૨૨મી શુક્રવાર સુધી (બંને દિવસો સહિત), દિવાળી ની રજાઓ જોડીને પંચમહાલ જિલ્લાના આવેલ તમામ દીવાની અદાલતો બંધ રહેશે. તેમ છતાં આ વેકેશન દરમ્યાન ચાલુ કામકાજના દિવસોએ પંચમહાલ જિલ્લામાં આવેલ ગોધરા ખાતેના જિલ્લા ન્યાયધિશના નાઝર તથા દફ્તરોની તેમજ જિલ્લામાં આવેલી તાબાની તમામ અદાલતોના નાઝરની ઓફીસનું કામકાજ ચાલુ રહેશે.

તાકીદના પ્રકારની દિવાની કામ પણ વેકેશન દરમ્યાન સ્વીકારવામાં આવશે.

ગોધરા, તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૬.

આર. એમ. પરમાર,
જિલ્લા ન્યાયાધિશ, પંચમહાલ ગોધરા.

Ref —1. High Court Letter No. C. 2103/96, dated 30th March 1996.
2. High Court Letter No. C. 2103/91 dated 7th January 1991.

Notification

No. UHC/B/8/2/481/96.— Under paragraph 629 of Chapter XXXI of Civil Mannual Volume-I 1960, The District Judge, Sabarkantha at Himatnagar, directs the closing of all Civil Courts of the Jndicial District of Sabar Kantha for the ensuing Summer Vacation for five weeks Commencing from Monday 6th May, 1996 to Sunday 9th June, 1996 (both days inclusive) and one week from Saturday 16th November, 1996 to Friday 22nd November, 1996 (both-days includsive) prefixing Diwali Holidays as approved under High Court letter cited in the preamble at Sr. No. 1.

Offices of the Nazir and Record keepter, District Court Himatnagar and the offices of the Nazir of all the sub-ordinate Civil courts in the District will remain open during the vacation on working days.

Sabarkantha Himatnagar, 3rd April 1996.

P. U. RANA,
District Judge S. K. Himatnagar.

વંચાણે લીધો.—(૧) હાઇકોર્ટ પત્ર ક્રમાંક સી./૨૧૦૩/૯૬ તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૬.
(૨) હાઇકોર્ટ પત્ર ક્રમાંક.- સી./૨૧૦૩/૯૧, તારીખ તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૧.

જાહેરનામું

નં. યુ. એચ. સી./બી/૮/૨/૪૮૨/૯૬.—સને ૧૯૬૦ના સીવીલ મેન્યુઅલ ભાગ પહેલાનાં ફકરા-૬૨૯ મુજબ જિલ્લા ન્યાયાધિશ, સાબરકાંઠા, હિમતનગર, સોમવાર તારીખ ૬ ઠ્ઠી મે, ૧૯૯૬ થી રવીવાર તારીખ ૯મી જૂન ૧૯૯૬ (બંને દિવસો સહિત) ઉનાળાની ૫ અઠવાડિયાનું વેકેશન રજા તેમજ શનિવાર તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૬ થી શુક્રવાર તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૬ (બંને દિવસો સહિત) દિવાળી વેકેશન રજા સાથે એક અઠવાડિયાની વેકેશન રજા માટે સાબરકાંઠાની તમામ દિવાની અદાલતો, બંધ રાખવાનું આથી ઠરાવે છે.

જિલ્લા ન્યાયાધીશ, હિમતનગરની નાઝર અને દફ્તરદારની કચેરી તેમજ જિલ્લાની તમામ દિવાની અદાલતોમાં નાઝરની કચેરી સદરહું વેકેશનની રજાઓમાં કામકાજના દિવસે ખુલ્લી રહેશે.

સાબરકાંઠા, હિમતનગર, તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૬.

પી. યુ. રાણા,
જિલ્લા ન્યાયાધીશ,
સાબરકાંઠા હિમતનગર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક પલસ/વાહનો/વશી-૧૪૪૩/૯૬ .— ભારતના નિર્વાચીન આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૬નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત જિલ્લામા મતદાનની તારીખ ૨જી મે, ૧૯૯૬ તેમજ મતગણતરીની તારીખ ૮મી મે ૧૯૯૬ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રુએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/એલ અને ઓ/ઈએસએ ૨૧/૯૪ તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૪ના પારા નં. ૪.૧માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી ત્રણથી વધુ વાહનો ના કાફલામાં મોટરકાર/વાહનોની અવરજવર કરવા દેવામાં આવશે નહીં.

INDEX

લોકસભાની સામાન્ય ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો/ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા પર મોટી સંખ્યામાં એકજ સાથે ફરે તો લોકોને હરવા ફરવા મુશ્કેલી થઈ શકે છે. અને ટ્રાફીકને અડચણ ઊભી થઈ શકે છે. વધુમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતા હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતા સર્વે પ્રકારના વાહનો/ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારા ઓને અગવડ ઊભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું વી. એસ. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) સુરત જિલ્લાના રૂરલ જાહેર રસ્તાઓ પર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર/વાહનો ઉપર અવર જવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં.

૧. પોલીસના વાહનોને,
૨. ચૂંટણી કામે જતા સરકારી વાહનોને સબબ અધિકારી દ્વારા ચૂંટણી ના કામે સંપાદન કરેલ વાહનોને.,

આ હુકમ ના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૧મી મે ૧૯૯૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

નંબર અમએજી/અધિકાર/વશી/૨૪૬૯.—સને ૧૯૭૩ ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૨ (૧) થી જિલ્લા મેજિસ્ટ્રેટ મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને તેઓએ હાજર થવાની તેમના નામની સામે જણાવેલ તાલુકામાં એકઝીકયુટીવ મેજિસ્ટેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	એકઝીકયુટીવ મેજિસ્ટેટનું નામ	તાલુકો
૧	શ્રી સી. એલ, પટેલ. સીટી મામલતદાર સુરત	સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તાર ચોર્યાસી તાલુકા સહીત.

સુરત તાવરીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૬.

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/વશી/૨૪૭૭.—સને ૧૯૭૩ ના (સને ૧૯૭૪ નારજી એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૪૩ ની કલમ ૧૭૪ (૪) થી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. એસ. ગઢવી આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમ કલમ ૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર રાખુ છું.

અનુ નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી સી. એલ. પટેલ સીટી મામલતદાર, સુરત.	સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તાર ચોર્યાસી તાલુકા સહીત.

સુરત, તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૬.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩(૧) (બી) (સી) મુજબ.

નંબર પી. ઓ. એલ./વશી-૬૬૧/૯૬.—મહેસાણા શહેરમાં મ્યુનિસિપાલીટી હદમાં આવેલ મહાત્મા ગાંધી બાગથી વિસનગર લીંક રોડ વાયા; હીરાનગર સોસાયટીવાળા રસ્તાને આર. સી. સી. રોડ બનાવવાની કામગીરી શરૂ કરવાની હોઈ જે સંદર્ભે જાહેર સલામતિ અને ટ્રાફીકની અવર-જવરમાં મુશ્કેલી પડે નહીં અને સરળતાથી કામગીરી થઈ શકે તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું એ. કે. શર્મા, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ખંડ (બી) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા શહેરમાં ટ્રાફીકની નિયમન માટે નીચે મુજબ હુકમ કરું છું.

" તમામ વાહનો જેવા કે. -ટ્રક ટ્રેકટર, ટ્રોલી સાથેના ટ્રેકટર, ખટારા બસ, કાર, મેટાડોર, જીપ, રીક્ષા, મોટર સાયલક, સ્કૂટર, સાયકલ વિગેરે તેમજ પશુથી ચાલતા વાહનો જેવા ,કે, બળદગાડી, ઊંટગાડી, વિગેરે તેમજ હાથલોરી સુધ્ધાંતના વાહનોને મહેસાણા શહેરમાં આવેલ મહાત્મા ગાંધી બાગથી વિસનગર રોડ લીંક વાયા ; હીરાનગર સોસાયટીવાળા ઉપરથી પ્રવેશવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરોકત પ્રતિબંધનકારણે તમામ વાહનોના પ્રવેશ માટે નીચે મુજબ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

(૧) વિસનગર લીંક રોડ ઉપરથી તમામ વાહન વ્યવહાર વાયા માનદ મંદિર થઈ મહેસાણા શહેરમાં પ્રવેશ કરવાનો રહેશે અને મહેસાણા શહેરમાંથી નીકળતા વાહનો માનવ મંદિર થઈ બહાર લઈ જઈ શકાશે.

(૨) મહેસાણા-વિસનગર બાય પાસ રોડથી વાયા ; લેડ પોસ્ટ ઓફિસ થઈ જી. ઈ. બી., પાસે થઈ મહાત્મા ગાંધી બાગ થઈ પ્રવેશ કરવો.

(૩) રામોસણા તરફથી કે તે તરફના અન્ય રસ્તા ઉપરથી આવતા વાહનો રામોસણા રેલ્વે ક્રોસીંગથી કાચા રસ્તે વાયા ; ચામુંડાનગર આગળ થઈ પોલીસ હેડકવાર્ટર થઈ એસ. ટી. સ્ટેન્ડ તરફના શહેરમાં પ્રવેશવું તેમજ તે રીતે શહેરમાંથી બહારના ભાગે રામોસણા કે તે તરફના અન્ય માર્ગો જતા વાહનો તે જ રસ્તે લઈ જવા.

INDEX

. (૪) સદરહુ જાહેરનામું તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૬ના શુન્ય કલાકથી તારીખ ૮મી જૂલાઇ, ૧૯૯૬ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

સદરહુ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૯મી માહે એપ્રિલ, ૧૯૯૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. કે. શર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા.

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/વશી-૧૨૩૪/૯૬.—સને ૧૯૭૩ના ફોજદારી કાયદા કલમની રૂએ તેના નિયંધની કલમ-૧૩૭ની પેટા-કલમ-(૪) થી મળેલા અધિકારની રૂએ હું એસ. અપર્ણા, જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ આથી અત્રેના જિલ્લાનાં નીચે જણાવ્યા મુજબ ના અધિકારી કે જેઓ મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે ફરજ બજાવે છે. તેમના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર માટે તેઓ તે જગ્યાનો હવાલો સંભાળે ત્યાં સુધી કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે મજકૂર નિયંધની કલમ-૧૩૭ની સત્તાનો ઉપયોગ કરવા આથી તેઓને અધિકૃત કરવા ઠરાવું છું:

અ. નં.	અધિકારીનું નામ	હોદ્દો	કાર્યક્ષેત્રહેઠળનો તાલુકો
(૧)	શ્રી આર. એમ. કોટીયા	કાર્યપાલક મેજીસ્ટ્રેટ, ગણદેવી.	ગણદેવી

વલસાડ, તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૯૬.

એસ. અપર્ણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માંની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (ક) મુજબ નંબર ડી-એમએજી--૧-જાહેરનામા વશી-૭૩૧-૫૦ તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૬ નાહુકમનો પ્રાથમિક ખરડો પ્રસિધ્ધ થયો હતો જેના અનુસંધાનમાં નિયત સમય-મર્યાદામાં કોઈ વાંધા રજુ થયેલ નથી વાસ્તે સદરહું હુકમનો ખરડો નીચે પ્રમાણે છેવટનો હુકમ મંજુર કરવા માં આવે છે. અને સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખથી તે અમલમાં રહેશે.

હુકમ

નંબર ડી/એમએજી-૧ જાહેરનામા/વશી ૭૩૧ ૫૦—મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) અન્વયે મળેલાં અધિકારોની રૂએ જીલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા આથી પાલનપુર નગરપાલિકાના શહેરમાં ઓટોરીક્ષા, જીપો, લારીઓ, ટ્રક અને ઉંટગાડી માટે સ્ટેન્ડ અને પાર્કીંગ માટે નીચે મુજબના સ્થળો સામે દર્શાવવામાં આવેલ સંખ્યાના વાહનો માટે નિર્દિષ્ટ કરવામાં આવે છે.

અનુ. નંબર	સ્થળ	કેટલા વાહનો માટે				
		ઓટોરીક્ષા	ટેક્સી	લારીઓ	ટ્રક	ઉંટગાડી
૧	૨	૩	૪	૫	૬	૭
૧	મોટી બજાર ચોક ...	૫	...	૨	...	...
૨	રાજગઢી બહાર ચોક ...	૫	...	૩	...	...
૩	પીજારાના તકીયા	૨	...	૨	...	...
૪	નાની બજાર હાથીખાના ચોક ...	૫	...	૨	...	...
૫	તીનબત્તી ચોક	૫	...	૩	...	...
૬	એસ. ટી. સ્ટેન્ડ પ્રવેશ દરવાજા ...	૫	...	...	...	...
૭	એસ. ટી. સ્ટેન્ડ બહાર નીકળવાનો રસ્તાનો ડાબો બાજુ દિવાલને અડીને ...	૩	...	...	...	...
૮	ભાવના ગેસ્ટ હાઉસની બાજુમાં ...	...	૧૫	...	...	...
૯	ગુપ્તા લોજ આગળ ...	૫	...	...	...	...
૧૦	રેલ્વે સ્ટેશન	૧૫	...	...	...	...
૧૧	સીપલા ગેટ સદર માર્કેટ આગળ ...	૩	...	...	...	...
૧૨	સીવીલ હોસ્પિટલ આગળ ...	૨	...	...	...	...
૧૩	દિલ્હી દરવાજા અંદર લીલાવતી હોસ્પિટલ આગળ	૫	...	...	...	...
૧૪	બારડપુરા ચોક ...	૫	...	૫	...	...
૧૫	ટેલીફોન એક્ષચેન્જ ત્રણ રસ્તા ...	૫	...	...	...	...

INDEX

૧	૨		૩	૪	૫	૬	૭
૧૬	ભાગ્યોદય સોસાયટી	...	૫	...	...	...	...
૧૭	બ્રીજેશ્વર કોલોની ...	...	૫	...	...	...	...
૧૮	વડલીવાળા પરા વડલા નીચે	...	૫	...	...	...	...
૧૯	કમાલપુરા ચોક ...	...	૫	...	...	...	...
૨૦	માલણ દરવાજા ...	...	૫	૫	..	..	...
૨૧	સલેમપુરા દરવાજા	...	૫	...	...	...	...
૨૨	ગઢામાણ દરવાજા પેટ્રોલ પંપ આગળ	...	૫	...	...	...	...
૨૩	ગઢામાણ દરવાજા એલઆઈસી ઓફીસની દિવાલ પાસે		૫	...	...	...	...
૨૪	ગઢામાણ દરવાજા સર્કલ ઓફ્ટ્રોય નાકા	...	૫	...	૨	...	...
૨૫	ગુરૂનાનક ચોક બનાસ હોટલની સાઈટ	...	૧૨	...	...	...	...
૨૬	સીટી લાઈટ સીનેમા દિવાલને અડીને	...	૪	...	...	...	...
૨૭	સંજય ચોક ...	...	૫	...	૩	...	૩
૨૮	કિર્તીસ્તંભ જૈન આઈસ્ક્રીમ વાળી ગોળાઈ પર		૫	...	૨	...	...
૨૯	ઢુંઢીયાવાડી ગેસ્ટ ઓફીસ આગળ	...	૫	...	૪	...	૫
૩૦	કોઝી સીનેમા ...	...	૫	...	૫	...	...
૩૧	જી.આઈ.ડી.સી. નાકા ઉપર ...	...	૩	...	૩	...	...
૩૨	જિલ્લા પંચાયત આગળ ...	...	૫	...	...	...	...
૩૩	મેયરપુરા મંદિર પાસે	...	૫	...	...	...	...
૩૪	હાઈવે ચાર રસ્તા નેશનલ હોટલ	...	૫	...	...	...	...
૩૫	કલ્યાણતંત્ર ભવનની સામે ...	...	૩	...	...	...	...
૩૬	હોટલ વે—વેઈટ દિવાલને અડીને રોડથી નીચે	..	૩	..	...	...	...
૩૭	હનુમાન ટેકરી ...	...	૩	...	...	...	...
૩૮	આર. ટી. ઓ. કચેરી	...	૧૦	...	...	...	...
૩૯	નવાગંજ બજાર પાસે જગાણા રોડ (રોડથી ગંજ બજારના દરવાજા વચ્ચે,	...	૫	...	૧૫	૫	૫
૪૦	નવા ગંજ બજારના પાસે ટેરી રોડ (રોડથી ગંજ બજારના દરવાજા વચ્ચે	...	૫	...	૧૫	૫	૫
૪૧	ઈદગાહ રોડ જૂના ગંજના પાછળના ભાગે	...	...	...	૨	૫	૫
૪૨	એફ.સી.આઈ. ગોડાઉન માનસરોવર રોડ ફાટક પાસે	...	...	...	૫	૫	૫

ઉપરોકત નિયત કરેલ જગ્યા સિવાય જાહેર માર્ગ ઉપર ટેક્ષી, ઓટોરીક્ષા, લાયલાસી, ઉંટગાડી, ટ્રક વાહનો પાર્કીંગ/હોલ્ટીંગ કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે.

આજ તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરી આપ્યો.

રાજ ગોપાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

સન ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ઉ/પકપ/પલચ/મજસ/વશી/૧૬૦૫.—આગામી મહોરમના તહેવારની ઉજવણી થનાર છે, તેમજ લોકસભાની ચુંટણીઓ યોજાનાર છે. આ પ્રસંગોમાં જિલ્લામાં કાયદો આ વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું મહાર પાડવું જાહેર હીતમાં જણાતું હોઈ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની), કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, ડી. એન. પાંડે, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧લી મે ૧૯૯૬થી ૩૧મી મે ૧૯૯૬ સુધી (બન્ને દિવસો સહીત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ખ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહી. એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી. મનુષ્યો અથવા શબો, અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી, અપમાન કરવાના

INDEX

અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(૨) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં, બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીનાને હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યા.

ડી. એન. પાંડે,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયેનો.

નંબર પીઓએલ/એલએઓ/મતગણતરી/વશી-૧/૯૬.—સાબરકાંઠા જિલ્લાના હિમતનગર મુકામે આવેલ એસ. એસ. મહેતા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તથા સરકારી પોલીટેકનિક કોલેજના મકાનમાં તારીખ ૯મી મે ૧૯૯૬ના રોજ લોકસભાની સામાન્ય ચુંટણીઓની મતગણતરી યોજનાર છે. જેથી ઉકત સ્થળે મતગણતરી સમયે જાહેર પ્રજાના માણસો મોટી સંખ્યામાં એકઠા થાય તેવી શકયતા રહેલી છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયેનો પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

આથી હું, કે. શ્રીનિવાસ, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા, હિમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭(૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સાંબરકાઠા જિલ્લાના હિમતનગર મુકામે આવેલ એસ. એસ. મહેતા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તથા પોલીટેકનિક કોલેજના એલ. આર. સી. બીલ્ડીંગ તથા મુખ્ય બીલ્ડીંગ તથા ઉકત બંને કોલેજોનાં મકાનોમાં લોકસભાની ચૂંટણીના મતદાર વિભાગોની મત ગણતરી તારીખ ૯મી મે ૧૯૯૬ના રોજ યોજાનાર હોવાથી બંને કોલેજોના ગ્રાઉન્ડની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજયામાંના વિસ્તારમાં તારીખ ૮મી મે ૧૯૯૬ના ૦૦-૦૦ કલાકથી મતગણતરી કાર્ય પૂર્ણ ના થાય ત્યાં સુધીના સમય માટે પ્રવેશ કરવો નહીં. અગર તો પ્રવેશ કરાવવો નહીં. તેવો પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ ઉમેદવારો તથા, તેમના નિયુકત થયેલા મતગણતરી એજન્ટો, ચુંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓ, અધિકારીઓ તથા અન્ય કર્મચારીઓ, આ સ્થળે કાયમી વસવાટ કરતાં કોલેજના કર્મચારીઓને, લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી મે, ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. શ્રીનિવાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિમતનગર.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(સી) હેઠળ.

વાંચ્યો.—(૧) કાર્યપાલક ઈજનેરશ્રી ભરૂચ પંચાયત મા.મ. વિભાગ નંબર ૧-જિલ્લા પંચાયતના પત્ર નંબર જી.પ. પવ/સીબી-૩-૫૬૩૬-૪૬ તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૬.

હુકમ

ક્રમાંક એમ.એન. જી/વશી-૪૩૯૫.—કાર્યપાલક ઈજનેરશ્રી ભરૂચ પંચાયત મા. મ. વિભાગ નંબર-૧ જિલ્લા પંચાયત ભરૂચએ આમુખ (૧)થી દરખાસ્ત કરી જણાવેલ છે કે પાલેજ, ઈખર, સરભાણ રસ્તાના કિ.મી. ૦/૦થી ૫/૦નો મરામતનું કામ ચાલુ હોઈ સદર રસ્તો તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૬થી તારીખ ૧૫મી જૂન ૧૯૯૬ સુધી વાહન વ્યવહાર માટે બંધ કરવા જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરી છે. સદરહુ સમય દરમ્યાન ઈખર ગામ પાસેથી ડાયવરઝન આપી ઈખર થઈ વલણ પાલેજ મારફતે વાહન વ્યવહાર ચાલુ રહેશે તેમ જણાવેલ છે.

સબબ પાલેજ ઈખર સરભાણ રસ્તાના કિ. મી. ૦/૦ થી ૫/૦નો સપાટીના મરામતનું કામ ચાલુ હોય સદરહું રસ્તા તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૧૫મી જૂન ૧૯૯૬ સુધી બંધ રાખવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું જી. સી. મુર્મુ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, એસ. આર. ટુ પાલેજ, ઈખર, સરભાણ રોડ કિ.મી. ૦/૦થી ૫/૦નો રસ્તો તારીખ ૨૬મીએપ્રિલ ૧૯૯૬થી તારીખ ૧૫મી જૂન ૧૯૯૬ સુધી વાહન વ્યવહાર માટે બંધ કરવા હુકમ કરું છું. આ સમય દરમ્યાન રસ્તો બંધ થતાં ઈખર ગામ પાસેથી ડાયવરઝન આપી ઈખર થઈ પાલેજ મારફતે આ રસ્તાનો વાહન વ્યવહાર ચાલુ રહેશે.

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૬ઠ્ઠી મેં સને ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ.

INDEX

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળના નિયમ.

ક્રમાંક . જાહેરનામું/ઉગપક/૩૫૬૧૭/૯૬.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ મો) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલી સત્તાની રૂએ અહાર પાડવા ધારેલા જાહેરનામાના મુસદ્દો તેનાથી અસર થતાં લાગતા વળગતાની તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીના (ગેઝેટમાં) અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધાઓ, સુચનો પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરનાઓ તરફથી લેખીતમાં મોકલવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાના મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં) નો કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) થી મને મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ માંડવી ચાર દરવાજાની વચ્ચે લોકોની સલામતી અને ભય તેમજ અગવડ ના પડે તેમજ વાહન વ્યવહાર સરળતા અને સલામત રીતે પસાર થાય અને અકસ્માત નિવારણના હેતુથી નીચે મુજબનો નિયમ કરુ છું.

વડોદરા શહેર ન્યાયમંદિર (લહેરીપુરા દરવાજા) થી માંડવી (૨) ચાંપાનેર દરવાજાથી માંડવી સુધી (૩) પાણીગેટ દરવાજાથી માંડવી સુધી (૪) ગેંડીગેટથી માંડવી સુધી ચાર દરવાજાના અંદરના સમગ્ર વિસ્તારમાં સવારે ૦૭-૦૦ થી રાત્રીના ૨૧-૦૦ વાગ્યા સુધી તમામ ભારે વાહનો જેવા કે, લકઝરી બસો, ટ્રકો વગેરે તેમજ મોની બસો, લોડીંગ મેટાડોર, ઓપ ખોટોની મેટાડોર વગેરે માટે "પ્રવેશ બંધ" રહેશે.

આ જાહેરનામાનો નિયમ શહેરી એસ. ટી., સ્કુલ બસો તેમજ પોલીસ અને બી. એમ. સી. ના વાહનોને લાગુ પડશે નહીં.

આ જાહેરનામુ અમલમાં આવેથી પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર દ્વારા અહાર પાડવામાં આવેલ જાહેરનામા ઉગપક ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૩ રદ ગણવામાં આવશે.

મેં આજરોજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, સને ૧૯૯૬ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર વડોદરા શહેર.

Supple. C. G., I—123

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G.BA-14 -E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, OCTOBER 10, 1996 / ASVINA 18, 1918 [No. 41

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compliation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	482-487
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-B, under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	42
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	2486-2697
Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I,IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	952-970

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ-ગપક/૨૯૮/વિ. શા./૧૯૯૬.—તારીખ ૯મી મે ૧૯૯૬ના રોજ લોકસભા ચૂંટણીની મત ગણતરી વખતે જુદા જુદા પક્ષોના લોકો આ મત ગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એકબીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાંત વાતાવરણ પૈદા થવાની અને લોકોની સુલેહ શાંતિ જોખમાય તેવો સંભવ છે. જેથી નીચે વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી. પી. સિંઘ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૯મી મે ૧૯૯૬ ૦૬-૦૦થી મતગણતરી પુરી ન

INDEX

થાય ત્યાં સુધી ચાર કરતાં વધારે માણસો ભેગા થવું નહિ અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ સરઘસ કાઢવું નહિ. કોઈ સુત્રોચ્ચાર કરવા નહીં. માઈક પણ વગાડવું નહી. કોમી લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિ, અને મત ગણતરીના સ્થાને બિનઅધિકૃત માણસોએ પ્રવેશવું નહી.

વિસ્તાર.—

(૧) પોલીટેકનિક કોલેજ જે નવરંગપુરા વિસ્તારમાં આવેલ છે. તેનું કંપાઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

(૨) એલ. ડી. એન્જીનીયરીંગ કોલેજ જે ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર નવરંગપુરામાં આવેલ છે તેનું કંપાઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

(૩) ગુજરાત કોલેજ જે એલીસબ્રીજમાં આવેલ છે. તેનું કંપાઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—

આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પટા-કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨ માહે એપ્રિલ, સને ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ઉ/ગપક/૨૯૯/વિશા/૧૯૯૬.— અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું સી. પી. સીંધ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી મે ૧૯૯૬ ક્લાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી મે ૧૯૯૬ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૩૦૦/વિ. શા./૧૯૯૬.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, સી. પી. સિંઘ, પોલીસ કમિશનર અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી મે ૧૯૯૬ ક્લાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી મે ૧૯૯૬ના ક્લાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ;

આ હુકમ જે માણસ સરકારી ફરજ/અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે, મે સને ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યો છે.

સી. પી. સિંઘ,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

— —

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયેનું.

નંબર એસ બી /જાહેરનામું/૧૪/૯૬ —નંબર ઉ-ગપક/વશી/૯૬.— સુરત શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતા હોવાથી વાસ્તે હું પી. સી. પાંડે (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માની પેટા કલમ ૩૭ (૧) થી મળેલ સત્તાની રૂએ નિચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૬ ક્લાક ૦૦-૦૦ થી તારીખ ૧૦મી મે ૧૯૯૬ ક્લાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તથા તૈયાર કરવાની;

INDEX

(૨) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(૩) વ્યકિતઓ અથવા તેના શબો, આકૃતિઓ, અથવા પુતળા દેખાડવાની;

(૭) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની;

(૮) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાની, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી તથા દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચીનો અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા તે ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર,

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને;

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા અને દંડની મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની કલમ ૧૩૫ (૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે

આજ તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૯૬ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર૩/૧૫૫/ટ્રાફીક/ભારેવાહન/વરાછા રોડ/૮૦૫-૧૩૯૧૯/૧૯૯૬.—સુરત શહેરમાં આવેલા વરાછા રોડ વિસ્તારમાં રત્નકલાકાર ભાઈઓ બહોળા પ્રમાણમાં રહે છે. તેમને કારખાનાથી ઘરે આવવા-જવાનાં સમયે ટ્રાફીકનું પ્રમાણ વધે છે. અમુક સમયે જીવલેણ અકસ્માત પણ થાય છે. તેને નિવારવા વરાછા રોડનાં ગરનાળાથી સરથાણા જકાતનાકા સુધી સવારે ૧૧-૦૦થી૧૩-૩૦ સુધી અને સાંજના કલાક ૧૯-૦૦ થી૨૧-૦૦ સુધીનાં સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઇ રહે અને સુલેહશાંતિ ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું કે. ડી. પાટડીયા, આઇ. પી. એસ., નાયબપોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફીક, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (બી) મુજબ મને મળેલી સત્તાની એ ઉપરોકત વિસ્તારોમાં ઉપરોકત સમય દરમ્યાન ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

સદર જાહેરનામું હંગામી ધોરણે બહાર પાડવામાં આવેલ છે.

આ જાહેરનામું તારીખ ૭મી મે ૧૯૯૬ થી તારીખ ૬ઠ્ઠી જૂન ૧૯૯૬ સુધી ઉપર મુજબ નાં સમય માટે ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કર્યા.

જાહેરનામું

ક્રમાંક ૩/૧૫૫/ટ્રાફીક/જાહેરનામું/૮૦૪-૧૩૯૨૦/૧૯૯૬.—સુરત શહેરમાં રસ્તાઓની સકળાંશ અને વાહન વ્યવહારમાં થતાં દિન પ્રતિદિન વધારાને લીધે ટ્રાફીકની સમસ્યા જટીલ બનતી જાય છે.

સુરત શહેરનાં ઉધના "ટી" પોઈન્ટથી ઉધના દરવાજા તરફ જતાં ડાબી તરફનાં ભાગે શ્રી કૃષ્ણ મંદિર આવેલ છે. તેની સામે શાસ્ત્રીનગરમાં જવાનો રસ્તો મુખ્ય છે. મુખ્ય રસ્તાથી શાસ્ત્રીનગર તરફ વાહનો વળે છે. ત્યારે ઉધના તરફ જતાં અને તે તરફથી આવતાં ભારે વાહન વ્યવહારમાં કારણે અગાઉ ઘણાં અકસ્માતનાં બનાવો બનેલા છે. આ પરિસ્થિતિને અટકાવવા ઉધના મેઈન રોડ તરફથી શાસ્ત્રી નગર તરફ જતાં વાહનોને જમણી બાજુ ટર્ન લઈ શાસ્ત્રીનગર તરફ નહીં જવા "નો રાઈટ ટર્ન" અંગેનું નીચે મુજબનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

જાહેરનામું

આથી હું કે. ડી. પાટડીયા (આઈ. એ. એસ.) નાયબ પોલીસ કમિશનર પશ્ચિમ અને ટ્રાફીક સુરત, શહેરને બી. પી. એકટ કલમ ૩૩(૧) (બ) હેઠળ મળેલી સત્તાની એ સુરત શહેરના ઉધનાં મેઈન રોડ તરફથી શાસ્ત્રીનગર તરફ જતાં વાહનોને જમણી બાજુ ટર્ન લઈ શાસ્ત્રીનગર તરફ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. એટલે કે "નો રાઈટ ટર્ન" નો હુકમ જાહેર કરું છું.

ઉપર જણાવેલ જગ્યાએ જરૂરી ચેતવણી આપતા સાઈન બોર્ડ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને મૂકવો.

આ જાહેરનામું તારીખ ૭મી મે, ૧૯૯૬ થી દિન-૩૦ સુધી હંગામી ધોરણે બહાર પાડવામાં આવેલ છે.

આજ રોજ તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કો કર્યા.

જાહેરનામું

નંબર ૩/૧૫૫/જાહેરનામું/ભારેવાહન/હુમ્મસ રોડ/૮૦૩-૧૩૯૨૧/૧૯૯૬.—સુરત શહેરમાં દર રવિવારે કલાક ૧૬-૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન અઠવા ગેટ થી હુમ્મસ લંગર સુધી મોટી સંખ્યામાં માનવ-મેદની વાહનો સાથે ભેગી થાય છે. ત્યારે ભારે વાહનોની અવર-જવરનાં લીધે ટ્રાફીકની અવર-જવરને ઘણી જ અગવડતા ઊભી થાય છે. ૩૨ અને જેના કારણે નાના મોટા અકસ્માતનાં બનાવો જેના નિવારણ માટે દર બનતા હોઈ રવિવારે જાહેર વ્યવસ્થા જળવાઇ રહે અને સુલેહ ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું કે. ડી. પાટડીયા (આઇ.એ.એસ.) નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફીક, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની એ જે વિસ્તારો માટે દર રવિવારે કલાક ૧૬-૦૦ થી ૨૨-૦૦ સુધીનાં સમય દરમ્યાન ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

INDEX

૧. અઠવા ગેટ સર્કલથી અડાજણ સર્કલ પુલનાં કેડા સુધી.

૨. અઠવા સર્કલથી પારલે પોઈન્ટ થઈ હુમ્મસ લંગર સુધી.

૩. એલ. બી. ટોકીઝ કોર્નરથી પારલે પોઈન્ટ સુધી (ઘોડદોડ રોડ).

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું તારીખ ૭મી મે, ૧૯૯૬ થી હંગામી ધોરણે ઉપર જણાવ્યા મુજબનાં સમય માટે ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કર્યા.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફીક, સુરત શહેર..

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબરકમકવ/એમ.ઈ. ડી/કોલેરા/વશી-૧૮૫૧-૬૩/૧૯૯૬.—તિલકવાડા તાલુકાના વજીરીયા ગામે કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી. વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના તેઓના પત્રાંક ઈએમઓ/કોલેરા/જાહેરનામું/૧૭૩૬-૩૯, તારીખ ૨૮મી મે, ૧૯૯૬થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે, ૧૯૫૬ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે, તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ તિલકવાડા તાલુકાના વજીરીયા ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી તિલકવાડાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૩૦મી મે, ૧૯૯૬.

જાહેરનામું

નંબર કમકવ/એમ.ઈ. ડી. /કોલેરા/વશી-૧૮૨૬-૩૮/૧૯૯૬.—પાવીજેતપુર તાલુકાના ઝાબ ગામે કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુ બાજુના ૮ કી.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના તેઓના પત્રાંક ઈએમઓ/કોલેરા/જાહેરનામું/૧૭૩૧-૩૫૨, તારીખ ૨૮મી મે, ૧૯૯૬ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે, ૧૯૫૬ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે, તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે કળેલ સત્તાની રૂએ પાવીજેતપુર તાલુકાના ઝાબ ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી.ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી પાવીજેતપુરને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે, તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૩૦મી મે, ૧૯૯૬.

જાહેરનામું

નંબર કમકવ/એમ. ઈ. ડી. /કોલેરા/વશી-૧૮૬૪-૭૬/૧૯૯૬.—છોટાઉદેપુર તાલુકાના છોટાઉદેપુર ગામે કોલેરા ગ્રસ્ત વિસ્તાર તરીકે અને તેની આજુબાજુના ૮ કી.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના તેઓના પત્રાંક ઈએમઓ/કોલેરા/જાહેરનામું/૧૭૪૪-૪૭ તારીખ ૨૮મી મે, ૧૯૯૬ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે, ૧૯૯૬ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટના ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર તાલુકાના છોટાઉદેપુર ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુ-બાજુના ૮ કી.મી. વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી, છોટાઉદેપુરને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે, તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૩૦મી મે, ૧૯૯૬.

જાહેરનામું

નંબર કમકવ/એમ. ઈ. ડી, /કોલેરા/વશી-૧૮૩૯-૫૦/૧૯૯૬.—સંખેડા તાલુકાના માંકણી ગામે કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુ-બાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના તેઓના પત્રાંક ઈએમઓ/કોલેરા/જાહેરનામું/૧૭૪૦-૪૩ તારીખ ૨૮મી મે, ૧૯૯૬ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે, ૧૯૫૬ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે, તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ સંખેડા તાલુકાના માંકણી ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી, સંખેડાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે. તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૩૦મી મે, ૧૯૯૬.

આઈ. પી. ગૌતમ,
કલેકટર, વડોદરા.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના ૧૮(૧) (ગ) અન્વયે.

ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારના કોઈ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખર સાથે અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉં છું. સદરહું ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી જુન ૧૯૯૬ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એચ.બી./એમઈડી/જા.નં./૮૨૯,—અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના મોજે ઉધરોજ ગામમાં કોલેરાનો એક પોઝીટીવ કેસ થયેલ હોઈ જાહેર આરોગ્યના હિતમાં ચેતવણીનાં પગલાં લેવાનું જરૂરી જણાતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અમદાવાદના પત્ર નં. આરોગ્ય /ઝાડા-ઉલ્ટી/રોગચાળો/ઉધરોજ/૪૨૯૩/૯૬ તારીખ ૪થી જુન ૧૯૯૬ ના અહેવાલ અન્વયે હું, વિપુલ મિત્રા આઈ. એ. એસ. કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદ આથી કોલેરા અધિનિયમ-૧૯૦૧ ની કલમ (૩) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ-૪ માં જણાવેલ વિસ્તારને કોલેરા

INDEX

ગ્રસ્ત અને કોલમ-૫ માં જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું સદરહું જાહેર નામાનો અમલ તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૬ જીરધી રહેશે

પરિશિષ્ટ

અનુ. નંબર	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૧	અમદાવાદ	વિરમગામ મોજે ; ઉધરોજ	મોજે ;ઉધરોજ તા. વિરમગામની આજુ-બાજુના ૮ કી.મી. વિસ્તારમાં આવતા ગામો.	

માલતદારશ્રી તાલુકા વિરમગામ જિલ્લો અમદાવાદને ઉપરોકત વિસ્તાર માટે કોલેરા રોજગાર નિયંત્રણ માટે 'કોલેરા નિયંત્રણ અધિકારી" તરીકે નીમવામાં આવે છે.

જાહેરનામું

નંબર એચબી/એમઈડી/જા ના / .—અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના મોજે વિઠલાપુર ગામમાં કોલેરાના પોઝીટીવ કેસ થયેલા હોઈ જાહેર આરોગ્યના હિતમાં ચેતવણીના પગલાં લેવાનું જરૂરી જણાતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમદાવાદના પત્ર નં આરોગ્ય ઝાડા/ઉલ્ટી/રોગચાળો/વિરમગામ તાલુકો/૪૫૦૪, તારીખ ૧૧મી જૂન ૧૯૯૬ ના અહેવાલ અન્વયે હું વિપુલ મિત્રા, આઈ. એ. એસ. કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ. અમદાવાદ આથી કોલેરા અધિનિયમ, ૧૯૩૧ની કલમ (૩) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ-૪માં જણાવેલ વિસ્તારને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને કોલમ ૫માં જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું સદરહું જાહેરનામાનો અમલ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૬ સુધી રહેશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૧	અમદાવાદ	વિરમગામ મોજે	મોજે ;વિઠલાપુર	મોજે : વિઠલાપુર તાલુકા વિરમગામની આજુબાજુના ૮ કી.મી. વિસ્તારમાં આવતા ગામો.

મામલતદારશ્રી તાલુકા વિરમગામને ઉપરોકત વિસ્તાર માટે કોલેર રોગના નિયંત્રણ માટે કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નીમવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૫મી જુન ૧૯૯૬.

વિપુલ મિત્રા,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

ક્રમાંક એમઈડી/કોલેરા/વશી-૧૩૮૮ થી ૯૮.—મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયતના પત્ર નંબર જી./પં/જા./આ./ઈપીસી/કોલેરા/જાહેરનામું ૩૧૧ થી ૩૨૨ તારીખ ૫મી જૂન ૧૯૯૬થી જિલ્લા ના નીચે જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા નિવેદન કરેલ છે.

ઉકત નિવેદન વિચારણામાં લઈને ઇ. પી. ડી. એકટ ૧૮૯૭ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન બહાર પાડેલ છે. તેની જોગવાઈ હેઠળ હું જી. સી. મુર્મુ, (આઈ. એ. એસ.) કલેકટર અને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ ભરૂચ નીચે જણાવેલ પરિશિષ્ટમાં કોઠા. નં. ૧માં જણાવ્યા મુજબના વિસ્તારને કોલેરાગ્રસ્ત તરીકે અને કોઠા નં. ૨માં જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂં છું તથા કોઠા નં. ૩માં જણાવે અધિકારીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમના નામ સામે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરૂં છું.

કોલેરાગ્રસ્ત વિસ્તાર.	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર	કોલેરા નિયંત્રણ અધિકારી નિમણુંક થયેલ અધિકારીશ્રી.
ઉભેર	સમગ્ર જંબુસર તાલુકો	મામલતદારશ્રી જંબુસર.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાનો તારીખથી ત્રણ માસ સીધી અમલમાં અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૧૦મી જુન ૧૯૯૬.

જી. સી. મુર્મુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

કલેકટર દ્વારા.

જાહેરનામું

નંબર કમ-કસક-સાબરકાંઠા/૩/૧૯૯૬.—સને ૧૮૭૯ ના મુંબઈ જમીન મહેસુલ સંહિતાની કલમ-૧૦ હેઠળ કલેકટર હોદાની રૂએ મળેલ અધિકારો અનુસાર હું, કે. શ્રી નિવાસ (આઈ. એ. એસ.), કલેકટર સાબરકાંઠા આથી નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ નં. ૧, માં જણાવેલ અધિકારી તેઓ ફરજ પર હાજર થયા તારીખથી આદિવાસીઓની જમીનની અનઅધિકૃત થયેલ તબદીલી સામે રક્ષણાર્થે જમીન મહેસુલ સંહિતા ૧૮૭૯ ની કલમ-૭૩ એ ૭૩એ પેટા કલમ (૧) તથા (૨) સિવાય અને કલમ-૭૩ એડી ૭૯એ અને ૨૦૨ ના અધિકારી આપવામાં આવે છે.

પરિશિષ્ટ

અધિકારીનું નામ	વિસ્તાર
શ્રી પી. બી. સોલંકી નાયબ કલેકટર જમીન-૮ યોજના હિમતનગર	સાબરકાંઠા જિલ્લો

સાબરકાંઠા, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૬.

કે. શ્રી નિવાસ,
કલેકટર, સાબરકાંઠા.

INDEX

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

નંબર એમએજી/કોલેરા/વશી-૨૩૬૭/૯૬.—મે. કલેકટર સાહેબના વડોદરાનાં જાહેરનામાં નં. એમઈડી/કોલેરા/વશી-૧૮૫૧-૧૩/૯૬ના તારીખ ૩૦મી મે ૧૯૯૬થી તિલકવાડા તાલુકાના વજીરિયા ગામને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુની ૮ કી. મી.ના વિસ્તારને કોલેરાભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. તથા મામલતદાર તિલકવાડાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવેલ છે. તથા કોલેરા રેગ્યુલેશન બાબતમનાં નિયમો મુજબ ની તમામ ફરજો બજાવવા અધિકાર આપેલ છે.

આથી હું, એચ. જે. જાની, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, તિલકવાડા ઉકત વિસ્તારમાંનાં લોકોને કોલેરા રેગ્યુલેશનની કલમ-૪ અન્વયે ફરમાવું છું કે વજીરિયા ગામ અને તેની આજુ બાજુનાં ૮ કિ.મી. ના વિસ્તારમાં રહેતાં રહીશોને આ હુકમની તારીખથી દિન-૧૫માં કોલેરા પ્રતિબંધક રસી મુકાવવી.

(૧) આ પ્રકારના રોગી તથા તેમનાં સંદર્ભમાં આવતાં દરેક પ્રકારના રોગીનું નામ સરનામું તથા રહેણાંક વિગેરેની ખબર તાબડતોબ નીચે સહી કરનારને આપવી.

(૨) અથવા રોગોમાં સપડાયેલાં દરેક વ્યકિતઓને રોગની સારવાર અર્થે હોસ્પીટલ છાવણી કેમ્પમાં સારવાર માટે તાત્કાલિક લઈ જવા.

(૩) પકવ કે ખુબજ પરિપકવ જેવા સડેલાં ફળો-ફળ-ફળાદી કે વાસી ખોરાક ઉઘાડો ખાદ્ય ખોરાક અગર વાસી શાકભાજીનો ઉપયોગ કરવો નહીં. અગર વેચાણ કરવું નહીં.

(૪) પીવાનાં પાણી તથા રાંધવાનાં ઉપયોગ માટે ખાડી/કોતર કે ઝરણાનાં પાણીનો ઉપયોગ કરવો નહીં.

(૫) પીવાનાં પાણીનાં કુવામાં જંતુનાશક દવા નાંખી પીવાના પાણીને ગરમ કરીને ઠંડું પાડીને ઉપયોગમાં લેવું.

(૬) દર્દીઓના કપડા નદી નાંળા કે જાહેર જગ્યાએ ધોવા નહીં.

(૭) જે કોઈ વ્યકિતની રજીસ્ટર્ડ થયેલા ડોકટર અથવા નિમણૂંક કરેલ ઇન્ફેકશનેટર પાસેથી આ હુકમ પહેલાં છ માસ દરમ્યાન કોલેરા પ્રતિબંધક રસી લીધાનું પ્રમાણપત્ર રજૂ કરે તો તેને રસી મુકવામાંથી મુકિત અપાશે.

(૮) કોઈપણ હોટલ રેસ્ટોરન્ટ કે મીઠાઈવાળાઓએ ખાદ્ય પદાર્થ ખુલ્લાં રાખી માખી બેસે તેવી રીતે વેચવા નહીં.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનારને ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ અન્વયે તકસીરવાર ઠેરાવતાં ૬ માસની કેદની સજા અથવા રૂ. ૧૦૦૦ અંકે રૂપિયા એક હજાર દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

તિલકવાડા, તારીખ ૬ઠ્ઠી જૂન ૧૯૯૬.

એચ. જે. જાની,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ
અધિકારી, તિલકવાડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, NOVEMBER 14, 1996 / KARTIKA 23, 1918 [No. 46

Separate paging is given to each part of Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	525-532
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	47
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	2812-2819
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1073-1124

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરનો હુકમ તારીખ ૧૭મી જૂન ૧૯૯૬.

ક્રમાંક ઉ/બાપક/૪૦/૯૬.—અમદાવાદ શહેરમાં દિન-પ્રતિદિન વસ્તી વધતી જાય છે પરિણામે શહેરમાં તમામ પ્રકારના વાહનોની સંખ્યામાં અવિરત વધારો થતો જાય છે. જેના કારણે પીકઅપ સમય દરમ્યાન જાહેર માર્ગો પર ટ્રાફીક અટવાઇ જાય છે. આથી મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મું)ની કલમ-૩૩(છ) ના આધારે મળેલી સત્તાની રૂએ હું સી. પી. સિંઘ, પોલીસ કમિશનર અમદાવાદ શહેર નીચે મુજબ હુકમ કરું છું.

(૧) ઉસ્માનપુરા સર્કલથી સરદારશ્રીના બાવલાથી સીધા વિજય ચાર રસ્તા સુધી અને વિજય રસ્તાથી ડ્રાઇવઇન રોડ, ડ્રાઇવ ઇન સિનેમા સુધી,

INDEX

(૨) વિજય ચાર રસ્તાથી સીધાં એલ. ડી. એન્જી. કૉલેજ થઈ પાંજરાપોળ થઈ નહેરૂનગર સર્કલથી સુધીનો સમગ્ર વિસ્તાર.

ઉપર જણાવેલ રસ્તાઓ પર સવારના ક. ૮-૦૦ થી સાંજના ક. ૯-૦૦ સુધી ટ્રકો અને ભારે વાહનોની અવર જવર પર નીચે જણાવેલ કારણોસર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ અંગેનું જાહેર જનતાએ નોંધ લેવી.

૧. વ્યસ્ત રસ્તાઓ પર ગીચતા અને ટ્રાફીક જામ ન થાય તે માટે;
૩. પ્રવાસીઓ બસોના ઝડપી વ્યવહાર અંગે;
૩. પોલ્યુશનમાં ઘટાડો કરવા.
૪. પગપાળા ચાલનાર તેમજ સાયકલ સવારો માટે સહી સલામતી વધારવા;
૫. આવાજનું પ્રદુષણ ઘટાડવા.

સદરહુ હુકમ તારીખ ૧૭મી જૂન ૧૯૯૬ થી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૭મી જૂન ૧૯૯૬ના રોજ મારી સહી-સિક્કા કરેલ છે.

નોંધ:—સદરહુ હુકમ તારીખ ૧૭મી જૂન ૧૯૯૬ થી તારીખ ૧૬મી જૂન ૧૯૯૬ સુધી તદન પ્રાયોગિક ધોરણે એક માસ માટે અમલમાં મૂકવામાં આવે છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયેનો.

નંબર ઉ/ગપક/આઈ/૩૭૨/૧૫૬૫/૯૬.—અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ જે સુભાષબ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. સદરી જગ્યા પર તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૬ થી ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬ સુધીના સમય દરમિયાન પોલીસ અધિકારીઓની રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઈ, સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોરઢાંખરની સલામતી જાળવવા સારૂ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬ સુધી સવારના ક્લાક ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુના રહેશો તેમજ બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં જવું નહિ અને ઢોરઢાંખરને પ્રવેશ આપવો નહિ. રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસનો સમય રવિવારના ક્લાક ૬-૦૦ થી ૧૨-૦૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૭મી જુન, ૧૯૯૬ના રોજ સહી કરી સિક્કા માર્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) નો હુકમ.

નંબર ઉ/ગપક/૩૦૪/વિ. શા. / ૧૯૯૬.—અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેની વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરી જણાય છે.

વાસ્તે હું સી. પી. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી જૂલાઈ, ૧૯૯૬ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૬ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો ;

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનાં કોઈપણ જાતનું ચપ્પુ જેનો અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પુ સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાનો, એકઠા કરવાનો તથા તૈયાર કરવાની;

(ગ-ગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ચ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની ;

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાનો તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાનો દેખાડવાનો અથવા તેનો ફેલાવો કરવાની આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થયેલો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેનાં પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ, વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

INDEX

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેનાં ઉપરી અધિકારીઓએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિ

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય કોઈપણ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડા અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માંગેલ હોય તો તેવી વ્યકિતને લાગું પડશે નહિ.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા-કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નં. ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી માહે જૂન, સને ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

સી. પી. સિંઘ,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/૫૫૨/૩૦૫/વિ.શા./૧૯૯૬.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું સી પી સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૬ કલાક 00-00 થી તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૬ કલાક ૨૪-00 સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહિ તેમજ સરઘસ કાઢવું નહિ.

વિસ્તાર:—અમદાવાદ. શહેર, પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર

અપવાદ:—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લોકપ્રતિનિધિ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સક્ષમ સત્તાધિકારીઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ નાં બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮ માહે જૂન, સને ૧૯૯૬નાં રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

સી. પી. સિંઘ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ-ગપક/ટફક/ઢોરડબ્બા/જાહેરનામું/૧૧૨૨/૨૦૩૦૦/ ૯૬.— સુરત શહેરના મુખ્ય માર્ગ સહિતનાં તમામ રસ્તાઓ ઉપર વાહન વ્યવહાર અવર-જવર વધુ રહે છે. તેમજ વાહન વ્યવહાર નિયમનમાં અવારનવાર અવરોધો ઉભા થાય છે. ટુંક સમયમાં ચોમાસાની ઋતુ શરૂ થયેલ હોવાથી રખડતાં ઢોરનો ત્રાસ ખૂબજ વધારે પ્રમાણમાં વધી જવાની શક્યતા છે. જેનાં કારણે ટ્રાફિક અવરોધોમાં વધારો થવાની સંભાવના રહે છે. તેમજ વાહન ચાલકો અને રાહદારીઓ માટે આ ઢોરો ગંભીર પરિસ્થિતિ ઉભી કરતાં હોઈ, અને રાતનાં સમયે રખડતા ઢોરો રસ્તા ઉપર ગમે ત્યાં રખડતા, બેસી રહેતા હોઈ જેના કારણે મોટા અકસ્માતો થવાનો સંભવ રહે છે. આ પરિસ્થિતિ નિવારવા માટે ઢોરોનાં માલિકો અને કબ્જેદારો સામે અસરકારક પગલાં લેવાની જરૂરત ઉભી થઈ છે.

આથી હું, કે. ડી પાટડીયા (આઈ.પી.એસ.), નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ ની કલમ ૯૦ (૧) થી મળેલ અધિકારની રૂએ નીચે મુજબનાં ઢોરનાં ડબ્બાઓને સાર્વજનિક ઢોર પુરવાનાં ડબ્બા તરીકે ચોમાસાનાં ચાર માસ માટે લંગાપી ઘોરણે જાહેર કરૂ છું.

સુરત મહાનગરપાલિકાની હદમાં નીચેના સ્થળે આવેલા ડબ્બાઓને સાર્વજનિક ઢોર પુરવાનાં ડબ્બા તરીકે ગણવા.

(૧) કતારગામ પોલીસ સ્ટેશનની બાજુમાં શાળા નં. ૧૫૧નાં ખુલ્લો પ્લોટ.
(૨) ટી. પી. સ્કીમ નં. ૯ મજુરી ફાઈનલ પ્લોટ નં. ૧૯
(૩) ટી. પી. સ્કીમ નં. ૨ ઉધના ફાઈનલ પ્લોટ નં. ૭૭
(૪) ટી. પી. સ્કીમ નં. ૭ આંજણા ફાઈનલ પ્લોટ નં. ૪૫

આજ રોજ તારીખ ૨૪મી જૂન, ૧૯૯૬ નાં રોજ મારી સિક્કા કરવામાં આવેલ છે.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલમ/રજી/૨૮/૧૯૯૬ .— આસી. સીક્યુરીટી કમિશનરશ્રી, આર. પી. એફ. ટ્રેનીંગ સેન્ટર, વલસાડના પત્ર નં. ૧૨મી જૂન ૧૯૯૬ થી જણાવ્યા મુજબ પ્રશિક્ષણાર્થીઓનાં સ્ટાફની ફાંયરીંગ પ્રકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબના જાહેરનામાં પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા- કલમ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ

INDEX

અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ નીચે જણાવેલ સ્થળ અને તારીખે ફાયરીંગ તથા તેની આજુબાજુના ૨ કી. મી. વિસ્તારમાં

તારીખ	સમય	સ્થળ
૨૬મી જુન ૧૯૯૬ થી ૩૦મી જુન ૧૯૯૬	સવારે ૮-૦૦ થી સાંજે ૧૮-૦૦ કલાકે	ફાયરીંગ બટ ભિલાડ

ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉં છું. સદરહું ગોળીબાર પ્રકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમન કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી જુન ૧૯૯૬ ના રોજ મારા સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ એકટ,૧૯૫૧ના ૨૨માં અધિનિયનમની પેટા કલમ ૩૭ (૧) અન્વયેનું.

જા. ના. ક. ડીસી/પીઓએલ/બીપીએ/૩૭-૧/વશી-૨૪૭૯/૯૬(૧).— ગાંધીનગર જિલ્લોએ ગુજરાત રાજયના પાટનગરનો જિલ્લો છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા સચિવાલય,, રાજભવન મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાર્ટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ સરકારી કચેરીઓ આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા લોવાથી તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાન ખુબજ જરૂરીયાત છે.

જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ગંભીર પરિસ્થિતિ ઉભી થાય તેવી શકયતા લોઈ કાયદો અને વ્યવસ્થા ભંગ ન થાય તેમજ જાહેર સુલેહશાંતી જાળવવાના હેતુથી હું, કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચેની અનુસૂચિમાં દર્શાવિલ વિસ્તારના તારીખ ૧૨મી જન, ૧૯૯૬ થી તારીખ ૨૫મી જન, ૧૯૯૬ સુધીના બંને દિવસ સહિત નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા કે અન્ય શસ્ત્રો, સળગતી મશાલ બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાની યંત્રો સાથે લઈ જવા અથવા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું, અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકાર ના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલતી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર ટાઉનશીપનો નીચેની વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનો મહેસુલી વિસ્તાર.

વિસ્તાર.—

૧. જ. ૩ થી ઘ. ૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.
૨. ઘ. ૩ થી વ. ૧ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર,
૩. ઘ. ૧ થી છ. ૧ સુધીનો રોડ સિવાયનો ચ. ૧ સે. ૨૧ના ખુણાના ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
૪. છ. ૧ થી છ. ૬ સુધીનો રોડ તથા પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર.
૫. છ. ૬ થી જ. ૬ સુધ નો રોડ તથા દક્ષિણ તરફનો મંત્રી-શ્રીઓના રહેણાંક વિસ્તાર.
૬. જ. ૬ થી જ. ૩ સુધીનો સમગ્ર રોડ તથા પુર્વ તરફનો મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર.
૭. રાજભવન સહિત મંત્રીશ્રીઓના એમએલએમ રહેણાંક વિસ્તારના ૧૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ:—

(૧) જાહેરનામું ધાર્મિક મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારો કર્મચારીઓ કે જેને ફરજ પર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, એકઝી. મેજિસ્ટ્રેટ, ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર તથા અધિક જિલ્લા પોલીસ અધિકારી તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ગાંધીનગર જેઓને શારીરિક અશકિત છે તેના કારણોસર લાકડી, સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) અત્રેની કોઈ ખાસ કિસ્સા તરીકે આપવામાં આવેલ પરવાનગીને

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ ગુનાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૨મી જુન, ૧૯૯૬ના રોજ મારી સહી / સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ (૧) અન્વયે.

નં. ડીસા/પીઓએલ/બીપીએ/૩૭ (૧)/વશી-૨૪૭૯ / ૯૬.— ગાંધીનગર, ગુજરાતના પાટનગરનો જિલ્લો છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ-સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિત-ઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ હું કે. એલ. બચાણી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૨મી જુન, ૧૯૯૬ બુધવાર સવારના ૦૦-૦૦ થી તારીખ ૨૫મી જુન, ૧૯૯૬ મંગળવાર ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં:

(૧) ફરજ ઉપર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને ;
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતને;
(૩) કોઈ લગ્નના વરઘોડાને;
(૪) કોઈ સ્મશાનયાત્રાને;
(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

વિસ્તાર.—ગાંધીનગર ટાઉનશીપનો નીચે મુજબનો વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનો મહેસુલી વિસ્તાર

(૧) જ. ૩ થી ઘ- ૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર

(૨) ઘ ૩ થી ઘ ૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર

(૩) ઘ ૫ થી છ ૫ સુધીનો રોડ સિવાયનો ચ ૫ સે. ૨૧ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર;

(૪) છ ૫ થી છ ૬ સુધીનો રોડ તથા પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર;

(૫) છ ૬ થી જ ૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર;

(૬) છ ૬ થી જ ૩ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર તથા મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર.

આ ઉપરાંત રાજભવન અસ્તિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તેમજ મંત્રીશ્રીઓના રહેઠાણ વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર તથા નવા એમએલએ ક્વાર્ટર્સ સે. ૨૧ના રહેણાંક વિસ્તારનો ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

નોંધ.—આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ના ૪૫ માંની કલમ-૧૮૮) હેઠળ શિક્ષાપાત્ર ઠરશે.

આજ તારીખ ૧૨મી જૂન, ૧૯૯૬ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નં. પલસ-ફાયરીંગ-સેફ્ટલા-૯૬.—સુરત જિલ્લાનાં ઉકાઈ ખાતે રાજ્ય અનામત પોલીસદળ જુથ-૧૦ ઉકાઈ તથા જૂથ-૧૧ વાવનો પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૨૨મી જૂન, ૧૯૯૬ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૬ સુધી સેફ્ટલા ખાતેનાં ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે સબબ, આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું ડી. બી. મહેતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલાં અધિકારની રૂએ હું ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના સેફ્ટલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૨મી જુન, ૧૯૯૬ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૬ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહું વિસ્તારની આજુબાજુ રહેતાં તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતાં ઢોર-ઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારની આજુબાજુ ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તારીખ ૨૨મી જૂન, ૧૯૯૬ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૬ સુધી પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમાં ફરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે,

આજ તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો,

ડી. બી. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એચ.બી./એમઈડી/જા.નં./વશી/૮૬૮ ,—અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના મોજે ; ધેલડા ગામમાં કોલેરાનો એક પોઝીટીવ કેસ થયેલ હોઈ જાહેર આરોગ્યનાં હિતમાં ચેતવણીના પગલાં લેવાનું જરૂરી જણાતા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમદાવાદના પત્ર નંબર આરોગ્ય/કોલેરા/જાહેરનામું/ધેલડા/૪૬૩૬/૯૬ તારીખ ૧૫મી જૂન ૧૯૯૬ નાં અહેવાલને આધારે હું દિપુલ મિત્રા, આઈ, એ, એસ, કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ આથી કોલેરા અધિનિયમ ૧૯૭૧ ની કલમ-૩ અન્વયે મળેલ સત્તાની

INDEX

રૂએ નીચે જણાવેલ પિરિશિષ્ટના કોલમ-૪માં જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત અને કોલમ-૫માં જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું સદરહું જાહેરનામાનો અમલ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૬ સુધી રહેશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જીલ્લાનું નામ	તાલુકાનું નામ	કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૧	અમદાવાદ	વિરમગામ મોજે ; ઘેલડા	મોજે : ઘેલડા તા. વિરમગામની ૮કી. મીટર ત્રિજ્યામાં આવતા તમામ ગામો.	

મામલતદારશ્રી તાલુકા વિરમગામ જીલ્લો અમદાવાદને ઉપરોકત વિસ્તાર માટે કોલેરા રોગના નિયંત્રણ માટે "કોલેરા નિયંત્રણ અધિકારી" તરીકે નિમવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૮મી જૂન ૧૯૯૬.

વંચાણમાં લીધા:

(૧) સરકારશ્રીના મજૂર અને રોજગાર વિભાગનો ઠરાવ નંબર બી એચએલ/૧૦૮૩/એફ/૪૧/ઘ તારીખ ૩૦મી માર્ચ ૧૯૮૩

(૨) સરકારશ્રીના મજુર અને રોજગાર વિભાગનો ઠરાવ નંબર બીએસએલ/૧૦૯૪/૧૭૩૬/એમઆર, તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૪.

(૩) નાયબ કલેકટરશ્રી, ધોળકા, પ્રાન્ત ધોળકાનો પત્ર નંબર એડીએ ૫/ઢેઠપ્રથા/તકેદારી સમિતિ/વશી/૨૦૪૬, તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૯૬.

હુકમ

નંબર એચબી/ઢેઠપ્રથા/પ્રાંતસ/૫-૭૦૫. —ઢેઠપ્રથા નાબુદ ધારો, ૧૯૭૬ ના અમલદારક અ લ માટે નાયબ કલેકટરશ્રી ધોળકા પ્રાન્ત ધોળકાના વંચાણ (૩) હેઠળના પત્રની મળેલ દરખાસ્ત અન્વયે ધોળકા પ્રાન્ત અમદાવાદના પેટા વિભાગ માટે આ કાયદાની કલમ ૧૩ (૩) માં કરેલ જોગવાઈઓ અનુસાર તથા વંચાણ (૧) તથા વંચાણ (૨) હેઠળના સરકારશ્રીના ઠરાવો અન્વયે નીચેના સભ્યોની એક તકેદારી સમિતિની રચના કરવા આથી હુકમ કરવામાં આવે છે.

૧. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ અને નાયબ કલેકટર, ધોળકા પ્રાન્ત, ધોળકા, — અધ્યક્ષ

૨. અનુ. જા. / અનુ. જન જાતિના પ્રતિનિધિઓ

(૧) શ્રી લક્ષ્મણભાઈ શંકરભાઈ રાઠોડ, મુ. અણદેજ, તા. સાણંદ. — સભ્ય
(૨) શ્રી ગોરીશકુમાર કલ્યાણભાઈ સોલંકી, મુ. બદરખા, વણકર વાસ, તા. ધોળકા — સભ્ય
(૩) શ્રી ડાહ્યાભાઈ રૂડાભાઈ જાદવ, મુ. છારોડીયા, તાલુકા ધંધુકા. — સભ્ય

૩. સામાજીક કાર્યકરોના પ્રતિનિધિઓ

(૧) શ્રી દેવાભાઈ નવઘણભાઈ કો. પટેલ, પ્રમુખ, તાલુકા પંચાયત, મુ. સાણંદ — સભ્ય
(૨) શ્રી ટપુભાઈ પાંચાભાઈ પઢાર, મુ. પો. શિયાળ, પઢાર વાસ, તાલુકો ધોળકા — સભ્ય

૪. પદાધિકારીઓ

(૧) પ્રમુખશ્રી તાલુકા પંચાયત ધોળકા — સભ્ય
(૨) પ્રોજેકટ ઓફીસરશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અમદાવાદ — સભ્ય
(૩) સરકારી મજૂર અધિકારીશ્રી (ખેત) અમદાવાદ (હે. ક્વાર્ટર ગાંધીનગર), — સભ્ય સચિવ

૫. નાણાંકીય સંસ્થાના પ્રતિનિધિઓ

(૧) મેનેજરશ્રી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા ધોળકા — સભ્ય

આ હુકમની જાહેરાત સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખથી બે વર્ષના સમય માટે આ સમિતિ અમલમાં રહેશે. અને તેની મુદત પુર થયા બાદ નવી સમિતિ રચાય ત્યાં સુધી કાર્ય અને ફરજો અદા કરશે.

આ સમિતિના કાર્યો અને ફરજો ઢેઠપ્રથા નાબુદ ધારો ૧૯૭૬ની કલમ-૧૪ (૧) અને (૨) ની જોગવાઈ મુજબ રહેશે. આ સમિતી પ્રસંગોપાત વારંવાર મળશે. પણ વર્ષમાં ઓછામાં ઓછા બે વખત મળશે અને સમિતિએ તેઓનો અહેવાલ સરકારશ્રીમાં મોકલવાનો રહેશે.

અમદાવાદ, તારીખ ૩૧મી જૂન ૧૯૯૬.

વિપુલ મિત્રા,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ,

ક્રમાંક ઉ/મકપ/પલસ/વશી/૧૨૭૨.—આજ તારીખ ૨૮મી જુન, ૧૯૯૬ ના રોજ અધિક જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા દ્વારા મળેલ વિગતો પ્રમાણે મોજે શીયરાજપુર, તાલુકા હાલોલના રેવન્યુ સર્વે નંબર ૧૦૦, ૧૦૦/૧ પૈ. ૧૨૫/૧, ૧૩૬, ૧૭૩, ૧૭૫, ૧૭૬, ૧૮૦, ૧૮૧ ના હક્કો પરત્વે કેટલાક ઈસમોને અંદરો-અંદર તકરાર છે, અને બંને વિરોધી જૂથો વચ્ચે પ્રવર્તતી સ્ફોટક પરિસ્થિતિ ગંભીર સ્વરૂપ પકડે તેમ છે. ઉપર્યુક્ત મેંગેનીઝ ધાતુ કાઢવા બાબતે કોગ્નીઝેબલ ગુન્હાઓ પણ દાખલ થયેલ છે. જેથી મોજે શીયરાજપુરના ઉપર જણાવેલ સર્વે નંબરવાળા વિસ્તારમાં લોકોના અને ખાસ કરીને મજૂરો તેમજ હરીફ જૂથોના જાનમાલ ભયમાં મુકાય તેમ છે. આ અહેવાલ ઉપરાંત પણ મને મળેલી માહિતી પ્રમાણે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા માટે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય નહીં તે માટે અને વાતાવરણને અંકુશીત રાખવા માટે ઝડપી ઉપાય કરવો તે આવશ્યક બન્યું છે, અને એ તારીખના સંજોગો ઉભા થયેલ છે કે યોગ્ય સમયમાં કોઈ ચોક્કસ વ્યકિત કે વ્યકિતઓને નોટીસ બજાવી શકાય તેમ નથી. જેથી એકતરફી હુકમ કરવો પડે તેમ છે,

INDEX

તેથી, હું બિપિન જમુભાઈ ભટ્ટ, સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ગોધરા પ્રાંત, ગોધરા મને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) (૨) (૩) (૪) (૫) (૬) અને (૭) હેઠળ મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ વિસ્તારમાં કામ કરતા કે અવરજવર કરતા કે, પ્રસંગોપાત દાખલ થતાં ઈસમોએ નિર્દિષ્ટ વિસ્તારમાં પ્રવેશ કરવો નહીં, રોકાવું નહીં, કામ કરવું નહીં, વાહન હંકારવું નહીં અથવા હરવું ફરવું નહીં, અથવા બીજા કોઈની પાસે આવા કૃત્યો કરાવવા નહીં.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન

મોજે શીવરાજપુર, તાલુકો હાલોલના રેવન્યુ સર્વે નંબર—૧૦૦, ૧૦૦/૧ પૈ ૧૨૫/૧, ૧૩૬, ૧૭૩, ૧૭૬, ૧૮૦, ૧૮૧, ૧૭૫ અને સદરહુ સર્વે નંબરની ચારેય બાજુના આસપાસના અડધા કિલોમીટરનો વિસ્તાર.

આ હુકમ આજની તારીખથી જો લંબાવવામાં ન આવે તો દિન-૩૦ સુધી અમલમાં રહેશે પરંતુ આ ચેરીના અધિકૃત કરેલ અધિકારી પાસેથી નિયત પાસ, પરવાના, પરમીટ ધરાવનાર વ્યક્તિઓને તથા ફરજ ઉપરના પોલીસ કર્મચારી, અધિકારી ઓને કે આ બાબતે આ હુકમ કરનાર દ્વારા કોઈપણ કામે રોકવામાં આવનાર કર્મચારીઓને લાગુ પડશે નહીં.

આ હુકમથી કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓ નારાજ હોય તો તેઓ અમારી સમક્ષ દિન-૩૦ માં પોતાની નારાજગીનાં કારણો અને પુરાવા સહિત લેખિતમાં રજુઆત કરી શકશે.

આજરોજ તારીખ ૨૮મી જૂન, ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો.

બી. જે. ભટ્ટ,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ગોધરા,
પ્રાંત ગોધરા.

કાર્યપાલક મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫ મુજબ.

નંબર એમએજી/બિનવારસી મુદ્દામાલ/વશી/૧૫૨૫/૧૯૯૬ .— ગુજરાત રાજ્યના વલસાડ જીલ્લાના નવસારી તાલુકાના જલાલપોર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર જલાલપોર તરફથી નીચે જણાવેલ વિગતનો બીન વારસી મુદ્દામાલનો કોઈ માલીકી હક્ક દાવો આવેલ ન હોય તેના માલીકી હક્ક ધરાવતા હોય તો તેઓએ આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી છ માસની અંદર સદર મિલકત પોતાની હોવાથી ખાત્રી કરી અત્રેથી મેળવી લેવા તજવીજ કરવી જે કોઈ પણ ઈસમ મુદત વીતી ગયા બાદ હાજર થશે તો તેઓના હક્ક બાબતે કોઈ દાવો ચાલશે નહી અને તમામ ચીજો સરકારી મિલકત તરીકે હરાજી કરી તેથી જે કિંમત ઉપજશે તે સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે. જેની સર્વે લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે.

અનુ. નંબર	બિન વારસી મુદ્દામાલનું વર્ણન
૧	હીરો હોન્ડા મોટર સાયકલ કાળા રંગનું જેના નંબર પ્લેટ ઉપર જીજે-૫-એચ-૪૯૨૬ નંબર લખેલ છે જે ખોટો છે.

ચેસીસ નં. જી-૧૦-એફ-૪૭૪૦૩૧-એન્જીન નંબર જી-૧૦-ઈ ૪૯૯૮૬૦ છે.

નવસારી, તારીખ ૧૭મી જૂન ૧૯૯૬.

એન. બી. વસાવા,
કાર્યપાલક મેજીસ્ટ્રેટ,
નવસારી. (ગ્રામ્ય).

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

નં. ટપાલ/કોલેરા/વશી/૧૦૯૭ થી ૧૧૦૮/૯૬—મે. જિલ્લા કલેકટર સાહેબ વડોદરાનાં ક્રમાંક એમ.ઈ.ડી./કોલેરા/વશી/૨૦૮૨ થી ૨૦૯૩/૯૬, તારીખ ૭મી જૂન, ૧૯૯૬થી પાદરા તાલુકાના પીપળી અને વડદલા ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના આઠ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે. તેમજ સદરહું જાહેરનામાંથી મામલતદારશ્રી, પાદરાનાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નીમવામાં આવેલા હોઈ, અને કોલેરા રેગ્યુલેશન એક્ટ હેઠળ મળતી સત્તા હેઠળ તમામ ફરજો બજાવવા આદેશ થયેલ છે.

આથી હું ડી. ડી. પંડયા, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, પાદરા કોલેરા રેગ્યુલેશનની કલમ-૨, ૩, ૪ અન્વયે મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, આ પાદરા તાલુકાના પીપળી અને વડદલા તથા તેની આજુબાજુના આઠ કી. મી. ના વિસ્તારના તમામ રહીશોએ આ હુકમની તારીખથી દિન-૧૫ની અંદર કોલેરા પ્રતિબંધક રસી મુકાવી લેવી.

(૧) પાદરા તાલુકાના વિસ્તારના દરેક ઈસમોએ જાતે અથવા પોતાના નિકટના અથવા વાલીપણા હેઠળ હોય તેવાઓએ આ હુકમથી ૧૫ દિવસ અંદર કોલેરા સામે રક્ષણ મેળવવા કોલેરા નાબુદા રસી મુકાવવી, જે શખ્સ રજીસ્ટર અથવા વેકશીનેટર પાસે ઉપરના હુકમના છ માસ દરમ્યાન કોલેરાની રસી મુકાવ્યાનું સર્ટીફિકેટ રજુ કરશે તેઓને આ હુકમથી બાકાત કરવામાં આવશે.

(૨) દરેક શખ્સે પોતાના અને જોડેના ઘરમાં તેમના જાણમાં આવેલ કોઈ શખ્સને કોલેરા લાગુ પડયો છે તેમ જણાય તો પોલીસ પટેલ પાસે, મેડીકલ ઓફિસર, તાલુકા વિકાસ અધિકારી તથા અમે નીચે સહી કરનારને તાત્કાલિક ખબર આપવી.

(૩) પીવાના કામ માટે વપરાતા પાણીના કુવા તેમજ જળાશયોમાં કોઈએ સ્નાન કરવું નહીં અને નજીકમાં ઉકરડા નાંખી ગંદકી કરવી નહીં.

(૪) જે કોઈ મકાનમાં રહેતા ઈસમો રોગથી પીડિત જણાય તો મકાન સાફ કરી ધોઈ નાંખવું.

(૫) ઉપયોગમાં ન હોય તેવા કુવા કે તળાવના પાણીનો પીવાના પાણી તરીકે ઉપયોગ કરવો નહીં.

INDEX

(૬) પાકી ગયેલા તથા સડી ગયેલા ફળ-ફળાદી તથા વાસી બગડેલા શાકભાજી ઉપયોગમાં લેવા નહીં.

(૭) પાણી જવાના સાધનો, સંડાસની સફાઈ ઉપર પુરતું ધ્યાન આપી માખીના ઉપદ્રવ ન થાય તેની કાળજી રાખવી, પીવાના પાણીમાં જંતુનાશક દવા નાંખી પીવાનું પાણી ગરમ કરી પીવાના ઉપયોગમાં લેવું.

(૮) જાહેર સ્થળ કે માર્ગો ઉપર ગટર મોરી કે ડબક ખુલ્લું રાખી ગંદા પાણીનો નિકાલ કરી ગંદકી કરવી નહીં. બાળકોને જાહેર રસ્તા કે ખુલ્લી જગ્યામાં ઝાડો કરવા બેસાડવા નહીં અને ગંદકી કરવી નહીં

(૯) દર્દીઓના કપડાં તથા તેના ઝાડા-ઉલ્ટીથી બગડેલાં કપડાં નદી, નાળા કે જળાશયો ઉપર ધોવા નહીં.

(૧૦) કોઈપણ હોટલ, રેસ્ટોરન્ટ, વીશીવાળા કે મીઠાઈઓવાળાએ ખાદ્ય પદાર્થો વેચનાર કોઈપણ ઈસમે આવા પદાર્થો ખુલ્લા રાખી માંખ બેસી શકે તેવી રીતે વેચવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સને ઈન્ડીયન પિનલ કોડની કલમ-૧૮૮ મુજબ તહોમતદાર ગણી છ માસની કેદ અથવા રૂા. ૧,૦૦૦ (એક હજાર પુરા) દંડ અથવા બંને સજાને પાત્ર રહેશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી જૂન, ૧૯૯૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાને જાણ માટે પ્રસિધ્ધ કર્યું છે.

પાદરા, તારીખ ૧૨મી જૂન, ૧૯૯૬.

ડી. ડી. પંડયા,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ
——— અધિકારી, પાદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G.BA-14

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, NOVEMBER 21, 1996 / KARTIKA 30, 1918 [No. 47

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compliation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	533-554	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	2820-2938
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-B, under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	48	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I,IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1125-1153

GOVERNMENT NOTIFICATONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ૭/ગપક/૩૦૬/વિશા/૧૯૯૬.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે,

વારતે, હું, સી. પી. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી જુલાઈ, ૧૯૯૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

INDEX

વિસ્તાર—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા રમશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨ માહે જુલાઈ સને ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

સી. પી. સિંઘ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા.

જાહેરનામું

નંબર ઉ/ગપક/જાહેરનામું/ભારે વાહન/ડુમ્મસ રોડ/૧૧૯૬ થી ૨૧૮૧૯/૧૯૯૬. —સુરત શહેરમાં દર રવિવારે કલાક ૧૬-૦૦ થી ૨૨-૦૦ દરમ્યાન અઠવા ગેટથી ડુમ્મસ લંગર સુધી મોટી સંખ્યામાં પાનવ મેટની વાહનો સાથે ભેગા થાય છે ત્યારે ભારે વાહનોની અવર જવરના લીધે ટ્રાફિકની અવર જવરને ઘણીજ અગવડતા ઉભી થાય છે અને જેનાં કારણે નાના મોટા અકસ્માતના બનાવો બનતાં હોય, જેનાં નિવારણ માટે દર રવિવારે જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને સુલેહ ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું, કે. ડી. પાટડીયા, (આઈ. પી. એસ) નાયબ પોલીસ કમિશનર પશ્ચિમ અને ટ્રાફીક સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારો માટે દર રવિવારે કલાક ૧૬-૦૦ થી ૨૨-૦૦ સુધીનાં સમય દરમ્યાન ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૧) અઠવા ગેટ સર્કલથી અડાજણ સર્કલ પુલના છેડા સુધી.

(૨) અઠવાગેટ સર્કલથી પારલે પોઈન્ટ થઈ ડુમ્મસ લંગર સુધી.

(૩) એલ. બી. ટોકીઝ કોર્નર થી પારલે પોઈન્ટ સુધી (ઘોડદોડ રોડ)

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ -૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર છે.

આ જાહેરનામું તારીખ ૭મી જુલાઈ ૧૯૯૬ થી હંગામ ધોરણે ઉપર જણાવ્યા મુજબના સમય માટે ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કર્યા.

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટફક/ભારે વાહન વરાછા રોડ/૧૧૯૭-૨૧૮૧૮/૯૬.—સુરત શહેરમાં આવેલ વરાછા રોડ વિસ્તારમાં રત્ન કલાકર ભાઈઓ બહોળા પ્રમાણમાં રહે છે તેમને મરખાનાથી ઘરે આવવા જવાના સમયે ટ્રાફિકનું પ્રમાણ વધે છે. અમુક સમયે જબરદસ્ત અકસ્માત પણ થાય છે. તેને નિવારવા વરાછા રોડના ગરનાળાથી સરથાણા જકાતનાકા સુધી સવારે કલાક ૧૧-૦૦ થી ૧૩-૩૦ સુધી અને સાંજના કલાક ૧૯.૦૦ થી ૨૧-૦૦ સુધીના સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને સુલેહ ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું, કે. ડી. પાટડીયા, (આઈ.પી એસ.) નાયબ પોલીસ કમિશનર પશ્ચિમ અને ટ્રાફિક સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તા રૂએ ઉપરોક્ત વિસ્તારોમાં ઉપરોક્ત સમય દરમ્યાન ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

સદર જાહેરનામું હંગામી ધોરણે બહાર પાડવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૭મી જુલાઈ ૧૯૯૬ થી હંગામી ધોરણે ઉપર મુજબના સમય માટે ફરમાવવામાં આવે છે.

આજ રોજ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૬ ના રોજ મારી સહી સિક્કા કર્યા.

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/જાહેરનામું—૧૧૯૮/૨૧૮૨૦-૧૯૯૬.—સુરત શહેરમાં રસ્તાઓની સંકળાશ અને વાહન વ્યવહારમાં થતા દિન પ્રતિદિન વધારાને લીધે ટ્રાફીકને સમસ્યા જટીલ બનતી જાય છે.

સુરત શહેરમાં ઉધના 'ટી" પોઈન્ટનથી ઉધના દરવાજા તરફ જતા ડાબી તરફના ભાગે શ્રી કૃષ્ણ મંદિર આવેલ છે તેની સામે શાસ્ત્રીનગરમાં જવાનો મુખ્ય રસ્તો છે. મુખ્ય રોડથી શાસ્ત્રી નગર તરફ વાહનો વળે છે. ત્યારે ઉધના તરફ જતાં અને તે તરફથી આવતાં ભારે વાહન વ્યવહારના કારણે અગાઉ ઘણા અકસ્માતના બનાવો બનેલા છે. આ પરિસ્થિતિને અટકાવવા ઉધના મેઈન રોડ તરફથી શાસ્ત્રીનગર તરફ જતાં વાહનોને જમણી બાજુ ટર્ન લઈ શાસ્ત્રીનગર તરફ નહી જવા "નો રાઈટ ટર્ન" અંગેનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આંવે છે.

જાહેરનામું

આથી હું, કે. ડી. પાટડીયા, (આઈ. પી. એસ.) નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફિક સુરત શહેરને બી. પી. એકટ કલમ ૩૩ (૧) બ હેઠળ મળેલ સત્તાની રૂએ સુરત શહેરનાં ઉંનધા મેઈન રોડ તરફથી શાસ્ત્રીનગર તરફ જતાં વાહનોને બાજુ ટર્ન લઈ શાસ્ત્રીનગર તરફ જવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે એટલે કે "નો રાઈટ ટર્ન" નો હુકમ જાહેર કરું છું.

ઉપર જણાવેલ જગ્યાએ જરૂરી ચેતવણી આપતાં સાઈન બોર્ડ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન મૂકવા.

આ જાહેરનામું તારીખ ૭મી જુલાઈ ૧૯૯૬ થી દિન-૩૦ સુધી હંગામી ધોરણે બહાર પાડવામાં આવેલ છે.

આજરોજ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કર્યા.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

INDEX

BY DISTRICT JUDGE

Notification

No. CB/1/1134 of 1996.—During the summer vacation observed six weeks from 29th April 1996 to 9th June 1996, in the Judicial District of Valsad, the following Civil Judges and Judicial Magistrates were prevented from enjoying vacation for the period shown against their names in column No. 2 and they were allowed to enjoy vacation for the period shown in column No. 3 under the provision of rule 741 read with rule 743 of the Bombay Civil service rule.

Name of Civil Judge & Judicial Magistrate.	Period for which prevented from enjoying vacation.	Period for which vacation enjoyed.	Remarks
1	2	3	4
Mr. D. C. Shah, Civil Judge (Senior Division), Navsari.	29th April 1996 to 19th May 1996 (21 days)	20th May 1996 to 9th June 1996 (21 days)	
Mr. N. C. Shukla, Chief Judicial Magistrate Valsad at Navsari.	29th April 1996 to 3rd May 1996 5th May 1996 to 12th May 1996 27th May 1996 to 9th June 1996 (27 days)	4th May 1996 13th May 1996 to 26th May 1996 (15 days)	
Mr. I. M. Shaikh, 2nd Joint Civil Judge (Senior Division) & J.M.F.C., Navsari.	6th May 1996 to 24th May 1996 3rd June 1996 to 9th June 1996 (26 days)	29th April 1996 to 5th May 1996 25th May 1996 to 2nd June 1996 (16 days)	
Mr. V. R. Vyas, 3rd Joint Civil Judge (Senior Division) & J.M.F.C., Navsari.	29th April 1996 to 20th May 1996 25th May 1996 & 26th May 1996 (24 days.)	21st May 1996 to 24th May 1996 27th May 1996 to 9th June 1996 (18 days)	
Mr. B. N. Makwana, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Navsari.	29th April, 1996 to 2nd May, 1996 4th May, 1996 to 26th May, 1996 (27 days).	3rd May, 1996 27th May, 1996 to 9th June, 1996 (15 days).	Transfer as Civil Judge (J.D.) and J.M.F.C. Pardi.
Mr. K. D. Parmar, 2nd Joint Civil Judge (J.D.) and J. M. F. C., Navsari.	29th April, 1996 to 2nd May, 1996 4th May, 1996 to 29th May, 1996 (32 days).	3rd May, 1996 30th May, 1996 to 9th June, 1996 (12 days).	

INDEX

1	2	3	4
Miss N. P. Sayed, 3rd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Navsari.	29th April, 1996 to 9th June, 1996 (42 days).		
Mr. A. Y. Dave, 4th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Navsari.	29th April, 1996 to 9th June, 1996 (42 days).		
Mr. D. L. Patel, 5th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Navsari.	29th April, 1996 to 9th June, 1996 (42 days).		
Mr. B. K. Sarode, Civil Judge (S. D.) and Additional Chief Judicial Magistrate, Valsad.	13th May, 1996 to 24th May, 1996 1st June, 1996 to 9th June, 1996 (21 days).	29th April, 1996 to 12th May, 1996 25th May, 1996 to 31st May, 1996 (21 days).	
Mr. K. J. Upadhyay, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Valsad.	29th April, 1996 to 5th May, 1996 (7 days).		Transfer as Metropolitan Magistrate, Ahmedabad on 6th May, 1996.
Mr. D. V. Vaidya, 2nd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Valsad.	29th April, 1996 to 15th May, 1996 18th May, 1996 and 19th May, 1996 21st May, 1996 to 25th May, 1996 6th June, 1996 to 9th June, 1996 (28 days).	16th May, 1996 and 17th May, 1996 20th May, 1996 to 26th May, 1996 1st June, 1996 to 5th June, 1996 (14 days).	
Mr. K. V. Vyas, 3rd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Valsad--Dharampur.	29th April, 1996 to 10th May, 1996 19th May, 1996 to 26th May, 1996 2nd June, 1996 to 9th June, 1995 (28 days).	11th May, 1996 to 18th May, 1996 27th May, 1996 to 1st June, 1996 (14 days).	
Mr. R. N. Malik, Civil Judge (J. D.) and J.M.F.C., Gandevi.	29th April, 1996 to 10th May, 1996 (12 days).		Transfer as 4th Joint Civil Judge (S. D.) Palanpur.

INDEX

1	2	3	4
Mr. M. M. Gamit, Civil Judge (Junior Division) & J.M.F.C.,Chikhli.	29th April 1996 to 5th May 1996 13th May 1996 to 19th May 1996 (14 days)	6th May 1996 to 12th May 1996 20th May 1996 to 9th June 1996 (28 days)	
Mr. L. S. Rabari, Civil Judge (Junior Division) & J.M.F.C., Umbergaon.	29th April 1996 to 2nd May 1996 17th May 1996 to 9th June 1996 (28 days)	3rd May 1996 to 16th May 1996 (14 days)	
Mr. P. U. Patel, Civil Judge (Junior Division) & J.M.F.C.,Pardi.	29th April 1996 to 12th May 1996 20th May 1996 to 2nd June 1996 (28 days)	13th May 1996 to 19th May 1996 3rd June 1996 to 9th June 1996 (14 days)	Transfer as Civil Judge (J. D). Karjan

Valsad, Navsari, July 5 ,1996.

MISS. P. S. SHUKLA,
District Judge, Valsad.
at Navsari.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

અધિસુચના

ક્રમાંક સીબી-૧-૧૧૩૪ સને ૧૯૯૬—વલસાડ ન્યાયાધીશ જિલ્લામાં પાડવામાં આવેલ તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ના (બંને દિવસો સહિતના) છ અઠવાડિયાના ઉનાળું વેકેશન દરમ્યાન બોમ્બે સિવિલ સર્વીસીસ રૂલ્સના નિયમો-૭૪૧ અને ૭૪૩ અન્વયે નીચે જણાવેલા સિવિલ જજ અને જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટોને કોલમ નં. ૨માં દર્શાવ્યા મુજબના પુરતા વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલ છે. અને કોલમ નં. ૩માં દર્શાવ્યા મુજબના સમય માટે તેઓને વેકેશન ભોગવવા દેવામાં આવેલ છે.

સિવિલ જજ અને જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટનું નામ	કેટલા સમય પુરતા વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલ છે	કેટલો સમય વેકેશન ભોગવેલ છે	નોંધ
૧	૨	૩	૪
શ્રી ડી. સી. શાહ સિવિલ જજ (સી. ડી.) નવસારી.	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૧૯મી મે, ૧૯૯૬ (૨૧ દિવસ)	૨૦મી મે, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૨૧ દિવસ)	
શ્રી એન સી. શુક્લ ... ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ, વલસાડ મુકામ, નવસારી.	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૩જી મે, ૧૯૯૬ ૫મી મે, ૧૯૯૬ થી ૧૨મી મે, ૧૯૯૬ ૨૭મી મે, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૨૧ દિવસ)	૪થી મે, ૧૯૯૬ ૧૩મી મે, ૧૯૯૬ થી ૨૬મી મે, ૧૯૯૬	
શ્રી આઈ. એમ. શેખ ... બીજા જોઈન્ટ સિવિલ જજ (સી.ડી.) અને જ્યુ. મેજી. ફ. ક્લા., નવસારી.	૬ઠ્ઠી મે, ૧૯૯૬ થી ૨૪મી મે, ૧૯૯૬ ૩જી જુન, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૨૬ દિવસ)	૨૯મી એપ્રિલ, ૧૯૯૬થી ૫મી મે, ૧૯૯૬ ૨૫મી મે, ૧૯૯૬ થી ૨જી જુન, ૧૯૯૬ (૧૬ દિવસ)	

INDEX

૧	૨	૩	૪
શ્રી વી. આર. વ્યાસ ... ત્રીજા જોઈન્ટ સિવિલ જજ (સી.ડી.) અને જ્યુ. મેજી. ફ. કા., નવસારી.	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૨૦મી મે, ૧૯૯૬ ૨૧મી મે, ૧૯૯૬ અને ૨૬મી મે, ૧૯૯૬ (૨૪ દિવસ)	૨૧મી મે, ૧૯૯૬ થી ૨૪મી મે, ૧૯૯૬ ૨૭મી મે, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૧૮ દિવસ)	
શ્રી બી. એન. મકવાણા ... જોઈન્ટ સિવિલ જજ (જ્યુ ડી.) અને જ્યુ. મેજી. ફી કા., નવસારી	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૨જી મે, ૧૯૯૬ ૪થી મે, ૧૯૯૬ થી ૨૬મી મે, ૧૯૯૬ (૨૭ દિવસ)	૩જી મે, ૧૯૯૬ ૨૭મી મે, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૧૫ દિવસ)	સિવિલ જજ (જ્યુ. ડી.) અને જ્યુ. મેજી. ફ. કા. પારડી મુકામે બદલી થવાથી.
શ્રી કે. ડી. પરમાર ... બીજા જોઈન્ટ સિવિલ જજ (જ્યુ. ડી.) અને જ્યુ. મેજી. ફ. કા., નવસારી	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૨જી મે, ૧૯૯૬ ૪થી મે, ૧૯૯૬ ૨૯મી મે, ૧૯૯૬ (૩૨ દિવસ)	૩જી મે, ૧૯૯૬ ૩૦મી મે, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૧૨ દિવસ)	
કુ. એન. પી. સૈયદ ... ત્રીજા જોઈન્ટ સિવિલ જજ (જ્યુ. ડી.) અને જ્યુ. મેજી. ફી. કા., નવસારી	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૪૨ દિવસ)		
શ્રી એ. વાય. દવે ... ચોથા જોઈન્ટ સિવિય જજ (જ્યુ ડી.) અને જ્યુ. મેજી. ફ. કા., નવસારી	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૪૨ દિવસ)		
શ્રી ડી. એલ. પટેલ ... પાંચમા જોઈન્ટ સિવિલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજી. ફી કા., નવસારી	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૯મી જૂન, ૧૯૯૬ (૪૨ દિવસ)		
શ્રી બી. કે. સરોડે ... સિવિલ જજ (સી. ડી.) અને વધારાના ચીફ જ્યુ. મેજી., વલસાડ	૧૩મી મે, ૧૯૯૬ થી ૨૪મી મે, ૧૯૯૬ ૧લી જુન, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૨૧ દિવસ)	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૧૨મી મે, ૧૯૯૬ ૨૪મી મે, ૧૯૯૬ થી ૩૧મી મે, ૧૯૯૬ (૨૧ દિવસ)	
શ્રી કે. જે. ઉપાધ્યાય ... જોઈન્ટ સિવિલ જજ (જુ ડી.) અને અને જ્યુ. મેજી. ફ. કા, વલસાડ	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૫મી મે, ૧૯૯૬ ૫મી મે, ૧૯૯૬ (૭ દિવસ)		મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ મુકામે બદલી થયેલ છે. તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૬.
શ્રી ડી. વી. વૈદ ... બીજા જોઈન્ટ સિવિલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજી. ફ, કા., વલસાડ	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૧૫મી મે, ૧૯૯૬ ૧૮મી મે, ૧૯૯૬ ૧૯મી મે, ૧૯૯૬ ૨૧મી મે, ૧૯૯૬ થી ૨૫મી મે, ૧૯૯૬ ૬ઠ્ઠી જુન, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૨૮ દિવસ)	૧૧મી મે, ૧૯૯૬ થી ૧૮મી મે, ૧૯૯૬ ૨૭મી મે, ૧૯૯૬ થી ૧લી જુન, ૧૯૯૬ (૧૪ દિવસ)	

INDEX

૧	૨	૩	૪
શ્રી આર. એન. મલીક સિવિલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજી. ફ. કા., ગણદેવી.	... ૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૧૦મી મે, ૧૯૯૬ (૧૨ દિવસ)		ચોથા જોઈન્ટ સી. જજ (સી. ડી.) બનાસકાંઠા, મુ. પાલનપુર ખાતે બદલી થયેલ છે.
શ્રી એમ. એમ. ગામીત સિવિલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજી. ફ. કા;, ચીખલી	૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૫મી મે, ૧૯૯૬ ૧૩મી મે, ૧૯૯૬ થી ૧૯મી મે, ૧૯૯૬ (૧૪ દિવસ)	૬ઠ્ઠી મે, ૧૯૯૬ થી ૧૨મી મે, ૧૯૯૬ ૨૦મી મે, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૨૮ દિવસ)	
શ્રી એલ. એસ. રબારી સિવિલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજી. ફ. કા., ઉમરગામ.	... ૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૨જી મે, ૧૯૯૬ ૧૭મી મે, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૨૮ દિવસ)	૩જી મે, ૧૯૯૬ થી ૧૬મી મે, ૧૯૯૬ (૧૪ દિવસ)	
શ્રી પી. .યુ પટેલ સિવિલ જજ (જુ. ડી.) અને જ્યુ, મેજી. ફ. કા., પારડી.	... ૨૯મી એપ્રિલ, ૧૯૯૬ થી ૧૨મી મે, ૧૯૯૬ ૨૦મી મે, ૧૯૯૬ થી ૨જી જુન, ૧૯૯૬ (૨૮ દિવસ)	૧૩મી મે, ૧૯૯૬ થી ૧૯મી મે, ૧૯૯૬ ૩જી જુન, ૧૯૯૬ થી ૯મી જુન, ૧૯૯૬ (૧૪ દિવસ)	સિવિલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજી. ફા. કા. કરજણ મુકામે બદલી થયેલ છે.

વલસાડ, મુકામ નવસારી, તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૬.

કુમારી પી. એસ. શુક્લ,
ડીસ્ટ્રીક્ટ જજ, વલસાડ,
મુકામ : નવસારી.

Notification

No. CB/1049 of 1996.—In pursuance of the provisions of Rule 743 of B.C.S. Rules, it is hereby certified that the following Civil Judges and Judicial Magistrate, First Class of Vadodara District shown in Column No. 2 were prevented from availing of the Part of the Summer Vacation of 35 days from 6th May 1996 to 9th June 1996 notified for the coursts of Vadodara District vide Notification No CB. 582/96, dated 4th April 1996 as shown in Column No. 3 against their names.

Sr. No.	Name and designation of the Judge	Period for which prevented from availing of vacation
1	2	3
1	Shri F. A. Ghadvi, Judge Small Cause Court, Vadodara.	6th May 1996 to 2nd June 1996 and7th June 1996 to 9th June 1996
2	Shri C. D. Gajjar, Additional Judge, Small Cause Court, Vadodara.	6th May 1996 to 19th May 1996
3	Shri A J Brahmbhatt, 2nd Additional Judge, Small Cause Court, Vadodara.	6th May 1996 to 19th May 1996 and 27th May 1996 to 9th June 1996
4	Shri R. C. Bhatt, Civil Judge (Senior Division), Vadodara.	6th May 1996 to 7th May 1996 and 17th May 1996 to 19th May 1996

INDEX

Sr. No.	Name and Designation of the Judge	Period for which prevented from availing of vacation.
1	2	3
5.	Shri S. I. Nagamiya, Chief Judicial Magistrate, Vadodara.	6th May 1996 to 12th May 1996 and 14th May 1996 to 16th May 1996 and 20th May 1996 to 31st May 1996
6	Smt. B. J. Patel, 2nd Joint Civil Judge (Senior Division), Vadodara.	6th May 1996 to 2nd June 1996
7	Shri N. N. Khokhar, 3rd Joint Civil Judge (Senior Division), Vadodara.	6th May 1996 to 14th May 1996 and 16th May 1996 to 19th May 1996 and 27th May 1996 to 2nd June 1996.
8	Shri L. M. Makwana, Joint Civil Judge (Junior Division), Vadodara.	6th May 1996 to 26th May 1996.
9	Shri D. T. Garasia, 2nd Joint Civil Judge (Junior Division), Vadodara	6th May 1996 to 12th May 1996 and 16th May 1996 to 20th May 1996 and 22nd May 1996 to 26th May 1996 and 3rd June 1996 to 9th June 1996.
10	Shri A. J. Khimani, 4th Joint Civil Judge (Junior Division), Vadodara	6th May 1996 to 26th May 1996.
11	Shri J. S. Nariyeliwala 5th Jt. Civil Judge (J. D.), Vadodara.	13th May, 1996 to 9th June, 1996.
12	Shri S. J. Raje 6th Jt. Civil Judge (J. D.), Vadodara.	6th May, 1996 to 12th May, 1996 and 20th May, 1996 to 2nd June, 1996.
13.	Shri P. V. Joshi, 7th Jt. Civil Judge (J. D.), Vadodara.	6th May, 1996 to 12th May, 1996 and 25th May, 1996 to 4th June, 1996 and 7th May, 1996 to 9th June, 1996.
14	Shri. S. S. Brahmbhatt, 8th Jt. Civil Judge (J. D.), Vadodara.	6th May, 1996 to 12th May, 1996 and 20th May, 1996 to 22nd May, 1996 and 30th May, 1996 Mo 9th June, 1996.
15	Shri. M. V. Zala, 9th Jt. Civil Judge (J. D.), Vadodara.	20th May, 1996 to 9th June, 1996.
16	Shri. D. C. Trivedi, 10th Jt. Civil Judge (J. D.), Vadodara.	6th May, 1996 to 26th May, 1996.
17	Shri. R. M. Parikh, 11th Jt. Civil Judge (J. D.), Vadodara.	6th May, 1996 to 17th May, 1996 and 3rd June, 1996 to 9th June, 1996.
18	Shri. N. M. Vyas, 12th Jt. Civil Judge (J. D.), Vadodara.	6th May, 1996 to 9th May, 1996 and 15th May, 1996 to 2nd June, 1996.
19	Shri. A. I. Shaikh, 13th Jt. Civil Judge (J. D.), Vadodara.	6th May, 1996 to 12th May, 1996 and 27th May 1996 to 9th June 1996
20	Shri. J. H. Joshi, 14th Jt. Civil Judge (J. D.), Vadodara.	6th May, 1996 to 19th May, 1996 and 3rd June, 1996 to 9th June, 1996.
(છ) લોકોને ભુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની પરંતુ ડાંગ દરબારની ઉજવણી પ્રસંગે કરવામાં આવતા પારંપારિક નૃત્યો અને ઉજવણી સિવાયની બાબતો, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવા ટીકાત્મક ભાષણ કરવા તેવા હાવભાવ ચેષ્ટા કરવાના તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવા આ હુકમનો ખંડ (ક) નીચેન વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારશ્રી, ડાંગ આહવા અથવા તેમણે અધિકૃત કરેલાં કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરકિ અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાન પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરેલ તેના વ્યકિતઓ, આ જાહેરનામાના કોઈ ખંડ (અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાર૨માં) કાયદાની કલમ ૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૯મી જુન ૧૯૯૬ ના રોજ મારી સહી કરીને સિક્કા કરેલ છે

બી. પી. સુદાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ, આહવા.

ક્લેક્ટર અને જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધાં :

(૧) સરકારશ્રીના મજુર અને રોજગાર વિભાગનો ઠરાવ નંબર બીએલએસ/૧૦૮૩/એફ-૪૧/જી. એચ. તારીખ ૩૦મી માર્ચ ૧૯૮૩.

(૨) સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના પરિપત્ર ક-બી એસ એસ /૧૦૯૪/૧૭૩૬-મ (૨) તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૪

(૩) નાયબ ક્લેક્ટરશ્રી વિરમગામ પ્રાંત અમદાવાદનો પત્ર નં. એમએજી/વ/૬૧૬/તારીખ ૩જી જુન ૧૯૯૬

હુકમ

નંબર એસ. બી./વેઠપ્રથા/વશી/૮૫૩.—વેઠપ્રથા નાબુદી અધિનિયમ-૧૯૭૬ ના અસરકારક અમલ માટે વંચાણ (૩) માં લીધેલ પત્ર થી મળેલ દરખાસ્ત અન્વયે વિરમગામ પ્રાંત પેટા વિભાગ માટે માટે આ કાયદાની કલમ-૧૩ (૧) માં કરેલ જોગવાઈ અનુસાર સંદર્ભ (૧) અને (૨) માં લીધેલ ઠરાવ પરિપત્રને આધિન નીચે મુજબની વિગતે તકેદારી સમિતિની રચનાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૧) પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અધ્યક્ષ
વિરમગામ પ્રાંત.

(૨) અનુ. જા/જ. જાતિના પ્રતિનિધિઓ.

૧ શ્રી દલાભાઈ ડાહ્યાભાઈ સોલંકી સભ્ય
મુ મંડલ, તા વિરમગામ જી. અમદાવાદ
૨ શ્રી નારસિંહ કાળુભાઈ ચૌહાણ સભ્ય
મુ લવાડ, તા દહેગામ, જી. અમદાવાદ
૩ શ્રી કાંતીભાઈ કચરાજી પરમાર સભ્ય
મુ વાંચ, તા દસક્રોઈ, જી. અમદાવાદ

(૩) સામાજીક કાર્યકરોના પ્રતિનિધિઓ
૧ શ્રી ગોડાભાઈ સોમાભાઈ પટેલ સભ્ય
મુ સાદરા, તા દહેગામ, જી અમદાવાદ
૨ શ્રી પ્રમુખભાઈ હરગોવિંદ પટેલ સભ્ય
મુ ઓગણજ, તા દસક્રોઈ, જી અમદાવાદ

(૪) પદાધિકારીઓ

૧ પ્રમુખશ્રી, તાલુકા પંચાયત તા દસક્રોઈ સભ્ય
જી. અમદાવાદ
૨ પ્રોજેક્ટ ઓફીસરશ્રી, સભ્ય
જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી અમદાવાદ
૩ સરકારી મજુર અધિકારીશ્રી (ખેત) સભ્યસચિવ
અમદાવાદ (હે. ક્વા. ગાંધીનગર)

આ હુકમની જાહેરાત સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખથી બે વર્ષના સમય માટે આ સમિતિ અમલમાં રહેશે. મુદત પુરી થયા બાદ નવી સમિતી રચાય ત્યાં સુધી અધિનિયમ હેઠળ કરેલ જોગવાઈ અનુસાર કાર્યો અને ફરજો બજાવશે.

અમદાવાદ, તારીખ ૨૧મી જુન ૧૯૯૬.

વિપુલ મિત્રા,
ક્લેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર કમકવ/એમ.ઈ.ડી./કોલેરા/વશી-૨૫૩/૧૯૯૬.— પાદરા તાલુકાના ડભાસા ગામને અને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુપા ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકાર શ્રી, જીલ્લા પંચાયત, વડોદરાના તેઓના પત્રાંક ઈએમઓ-કોલેરા જાહેરનામું ૨૦૬૧/૯૬ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૬ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે ૧૯૯૫૫૬ના મુંબઈ સરકારશ્રીના સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટડ ભાગ-૪ ના પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩, ૪ અને અન્વયે મળેલ સત્તાની રૂએ પાદરા તાલુકાના ડભાસા ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેના આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી પાદરાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે. તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ જુલાઈ ૧૯૯૬.

જાહેરનામું

નંબર કમકવ/એમ.ઈ.ડી/કોલેરા/વશી-૨૫૩૨/૧૯૯૬ .—નસવાડી તાલુકાના મોટીઝરી ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુ ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત વડોદરાના તેઓના પત્રાંક ઈએમઓ/કોલેરા/જાહેરનામું/૨૦૬૦/૯૬ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૬ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે, ૧૯૫૬ ના મુંબઈ સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટેડ ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩, અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ નસવાડી તાલુકાના મોટીઝરી ગામને કોલેરા ગ્રસ્ત અને તેની આજુબાજુના ૮ કી મી ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી નસવાડીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબનો તેઓની ફરજો બજાવવી.

વડોદરા, તારીખ જુલાઈ ૧૯૯૬.

જાહેરનામું

નંબર કમકપ/એમ. ઈ. ડી./કોલેરા/વશી-૨૭૦૫/૧૭/૧૯૯૬.—પાદરા તાલુકાના પાદરા ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત, વડોદરાના તેઓના પત્રાંક ઈએમઓ/કોલેરા/જાહેરનામું/૨૧૬૬/૯૬ તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૬થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે ૧૯૫૬ના મુંબઈ સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩, અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ પાદરા તાલુકાના પાદરા ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેના આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી પાદરાએ કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે. તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબના તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૧૮મી જુલાઈ ૧૯૯૬.

આઈ. પી. ગૌતમ,
કલેક્ટર, વડોદરા.

જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા

વંચાણે લીધો .—ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (પરવાના નિયંત્રણ અને જાહેરાત આદેશ ૧૯૮૧ ની કં/ડીકો/૨૪

આદેશ

નંબર પરવ/કશન/તપસ/વશી/૩૧૪૫ .—પંચમહાલ જીલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થાનું બ્લ્યુ કલરનું કેરોસીનનું વિતરણ કરાય છે. આ વિતરણ કેરોસીનના છૂટક વિક્રેતા કેટલાક કિસ્સામાં વ્યાજબી ભાવની દકાન મારફતે તેમજ ફેરીયાઓ મારફતે વિતરણ થાય છે. વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો દ્વારા કેરોસીનના વિતરણ અંગેની ખાતાવહી વેચાણ બીલો બનાવે છે પરંતુ છૂટક વિક્રેતા અને ફેરીયાઓ આવી ખાતાવહી નિભાવતા નથી તેમજ ગ્રાહકોને કેરોસીન વિતરણ નું બીલ પણ આપતા નથી તેવો ફરીયાદ અવરા નવાર થાય છે. તેમજ પુરતઠા નિરીક્ષકોના તપાસનો રીપોર્ટમાં આવી ક્ષતિઓ દર્શાવિલ છે કેરોસીન છૂટક વિક્રતાઓ કે બીલ ન બનાવે તેમજ ખાતાવહી ન નિભાવે તેઓની તપાસણી વખતે કાર્ડ હોલ્ડરને ખરેખર જથ્થો મળેલ છે કે કેમ તેની ખાત્રી થઈ શકતી નથી તેમજ આવા ક્સુરદાર કેરોસીનના વિક્રતાઓ સામે કાયદાકીય રીતે કોઈ પગલા લઈ શકાતા નથી

કેટલાક ફેરીયાઓ તેમની કેરોસીનની લારી પીપ કે ટોપલા ઉપર પોતાનું નામ લા. નં. અને કેરોસીનનો છૂટક ભાવ દર્શાવતા નથી તેઓને આપવામાં આવેલ આઈડેન્ટીટી કાર્ડ (ઓળખપત્ર) પણ સાથે રાખતા નથી. તેથી ગ્રાહકોને તેમના સાથે વિતરણ અને ભાવ અંગે ફરીયાદ કરવી હોય તો પણ કરી શકતા નથી

સબબ જીલ્લાના કાર્ડ ધારકોને જાહેર વિતરણ વ્યવસ્થાનું કેરોસીન નિયત ભાવે પુરેપુરૂ અને સમયસર મળી રહે તે હેતુથી આ જીલ્લાના કેરોસીનના છૂટક વિક્રેતાઓ (વ્યાજબી ભાવની દુકાન સહીતના તેમજ કેરોસીનના માટે ગુજરાત આવશ્યક ચાજવસ્તુઓ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ ૧૯૮૧ ના કલમ ૨૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું એમ કે લેઉઆ જીલ્લા પુરવઠા અધિકારી પંચમહાલ ગોધરા, નીચે પ્રમાણે આદેશ કરૂ છું

INDEX

૧. કેરોસીનની છુટક વિક્રેતા (કેરોસીન વિતરણ કરતી વ્યાજબી ભાવની દુકાન સહિત તેમજ ફેરીદારોએ જીલ્લા માટે નકકી કરાયેલ પ્રમાણે,

૧	શહેર વિસ્તાર	કાર્ડ દીઠ ૧૫ લીટર સુધી માસીક
૨	ગ્રામ્ય વિસ્તાર	કાર્ડ દીઠ ૧૦ લીટર સુધી માસીક
૩	રાંધણ ગેસ ધારકો	કાર્ડ દીઠ માસીક ૫ લીટર

પ્રમાણે કેરોસીનનું નિયત કરાયેલ ભાવે વિતરણ કરશે. પોતાની દુકાન પરથી કોઇ વ્યાજબી ભાવની દુકાનના રેશન કાર્ડનું ક્યા નંબરના કાર્ડથી ક્યા નંબરથી કાર્ડ ધારકોને કેરોસીન વિતરણ કરવાનું મામલતદારશ્રીએ તેઓને સુપ્રત કરેલ છે, તેની વિગત બોર્ડ ઉપર પ્રદર્શીત કરવાની રહેશે. જો વિક્રેતા ફેરીદાર હોય તો પણ આ જોગવાઇ લાગુ પડશે,

૨. દરેક કેરોસીન વિક્રતા છુટક ફેરીદારોએ કેરોસીનનું વેચાણનું બીલ બનાવી કાર્ડ ધારકોને આપવાના રહેશે, અને થયેલ વેચાણની ખાતાવહી નિભાવવા રહેશે. આ ખાતાવહીને મામલતદાર કચેરીના સહી સિક્કા કરાવી લેવાના રહેશે.

૩. કેરોસીન ફેરીદારે તેમની કેરોસીનની લારી ઢાલક પીપ, સાયકલ કે જેના દ્વારા કેરોસીન વિતરણ કરતા હોય તે વાહન સાધન ઉપર પોતાનું નામ, લાયસન્સ નંબર, કેરોસીનનો ૧ લીટરનો ભાવ કંઇ દુકાન રેશન કાર્ડ ઉપર ક્યા નંબરથી ક્યા નંબરના કાર્ડ ધારકોને કેરોસીન વિતરણ કરવાની કામગીરી સુપ્રત થયેલ છે તેની વિગત ઓઇલ પેઇન્ટથી લખાવવાની રહેશે. તેમજ તેમને મામલતદારશ્રી તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે.

આ આદેશનો અમલ સંબંધિત તમામે તાત્કાલીક અસરથી કરવાનો રહેશે, અને તેનો ભંગ કરનાર પરવાનેદાર ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ ૧૯૫૧ નો જોગવાઇઓ અન્વયે શીક્ષાને પાત્ર ઠરશે તેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ગોધરા, તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૬.

એમ. કે. લેઉઆ,
જિલ્લા પુરવઠા અધિકારી,
પંચમહાલ, ગોધરા.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC 6 (i) 6 / 1011/ 142 / Puna / Unit-3.—Whereas draft statement dated 28th August 1995 was servedon Shri Balubhai Shivlal Patel and Shri Chhaganbhai Shivlal Patel under sub-section 3 of Section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rule, 1976 in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections a final statement dated 13th September, 1995 unber section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exrercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I hereby notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit :—

Sr. No.	Name of the holder	Taluka	Village	Details of land		Remarks
				Survey No./ Final Plot No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Balubhai Shivlal Patel and Chhaganbhai Shivlal Patel	Chorasi	Puna	650/1 (Block No. 818 paiki	372.65	
				Total	372.65	

Surat, 20th November 1996.

P. B. THAKAR
Competent Authority
and Deputy Collector, U.L.C.
Snrat.

INDEX

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૬(૧)૬/૧૦૧૧,૧૪૨/પુણા/યુનિટ-૩.—જે અર્થે શ્રી બાલુભાઈ શીવલાલ પટેલ તથા છગનભાઈ શીવલાલ પટેલએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ,૧૯૭૬ની કલમ-૮(૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૫નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૫નું આખરી પત્રક કલમ-૮ (૩) માં કરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારી રૂએ, હું આથી જાહેર કરું છું કે :—

(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે, અને

(૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	બાલુભાઈ શીવલાલ પટેલ તથા છગનભાઈ શીવલાલ પટેલ	ચોર્યાસી	પુણા	૬૫૦/૧ (બ્લોક નં. ૮૧૮) પૈ.	૩૭૨.૬૫ ૩૭૨.૬૫	

સુરત, તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૬.

પી. બી. ઠાકર,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા, સુરત.

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ.

ક્રમાંક ઉ/મક્રમ/પલસ/વશી/૪૦૯૦.—આ કચેરીના તારીખ ૨૬મી જુન ૧૯૯૬ ના હુકમ ક્રમાંક ઉ/મક્રમ/પલસ/વશી/૧૨૭૨ થી હાલોલ તાલુકાના શીવરાજપુર ગામના નીચે અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં કામ કરતા કે અવર જવર કરતાં કે પ્રસંગોપાત દાખલ થતા ઈસમોએ નિર્દિષ્ટ વિસ્તારમાં પ્રવેશ કરવો નહિ રોકાવું નહી કામ કરવું નહી, વાહન હંકારવું નહી અથવા હરવું ફરવું નહી અથવા બીજા કોઈની પાસે આવા કૃત્યો કરાવવા નહી. તે માટેનો હુકમ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ નો કલમ-૧૪૪ (૧) (૨) (૩) (૪) (૫) (૬) અને (૭) હેઠળ એમને મળેલ સત્તાની રૂએ તારીખ ૨૮મી જુન ૧૯૯૬ થી ૩૦ (ત્રીસ) દિવસની મુદત સુધી અમલમાં રહે તે રીતે એ બહાર પાડવામાં આવેલ છે તે અનુસાર આ હુકમના અમલની મુદત તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૬ ના રોજ પૂરી થાય છે જીલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરાના અભિપ્રાય અનુસાર તારીખ ૨૮મી જુન ૧૯૯૬ ના હુકમની મુદત લંબાવવાની જરૂરીયાત ઉપસ્થિત થતાં આ કચેરીના તારીખ ૨૮મી જુન ૧૯૯૬ના હુકમ ક્રમાંક ઉ/મક્રમ/પલસ/વશી/૧૨૭૨ ની મુદત જે તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૬ ના રોજ પુરી થાય છે, તે હુકમ તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૬થી બીજા ૩૦ (ત્રીસ) દિવસ સુધી લંબાવવામાં આવે છે.

INDEX

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન:

મોજે શીવરાજપુર તાલુકા હાલોલના રેવન્યુ સ. નં. ૧૦૦, ૧૦૦/૧ પૈકી ૧૨૫/૧, ૧૩૬, ૧૭૩, ૧૭૬, ૧૮૦, ૧૮૧, ૧૭૫ અને સદરહું સર્વે નંબરની ચારે બાજુના આસપાસના અડધા કીલોમીટરનો વિસ્તાર

આ હુકમ આજની તારીખથી જો લંબાવવામાં ન આવે તો દિવસ-૩૦ (ત્રીસ) સુધી અમલમાં રહેશે પરંતુ આ કચેરીના અધિકૃત કરેલા અધિકારી પાસેથી નિયમ ખાસ પરવાના, પરમીટ ધરાવનાર વ્યકિતઓને તથા ફરજ ઉપરના પોલીસ કર્મચારી અધિકારીઓને કે આ બાબતે આ હુકમ કરનાર દ્વારા કોઈપણ કામે રોકવામાં આવનાર કર્મચારીઓને લાગુ પડશે નહી.

આ હુકમથી કોઈ વ્યકિત કે વ્યકિતઓ નારાજ હોય તો તેઓ અત્રે સમક્ષ દિવસ ૩૦(ત્રીસ)માં પોતાની નારાજગીના કારણો અને પુરાવા સહીત લેખીતમાં રજુઆત કરી શકશે.

આજ તારીખ ૨૬મી જુલાઇ ૧૯૯૬ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો.

સહી અચાર્ય,
સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ગોધરા વિભાગ, ગોધરા.

ભાગ—૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૬ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ઠના આધારે)

તારીખ ૭, ૧૪, ૨૧, ૨૮ સાહે નવેમ્બર સને ૧૯૯૬ના રોજ પૂરા થયેલા અઠવાડિયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧૪૦ / ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨	૧૫૨ / ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૩	૧૫૬ / ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૪	૧૫૭ / ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૫	૧૫૮ / ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

INDEX

૧	૨	૩
૬	૧૬૦ / ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૭	૧૬૧ / ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.
૮	૧૬૨ / ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૯	૧૬૩ / ૧લી ઓક્ટોબર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૧૦	૧૬૪ / ૩જી ઓક્ટોબર, ૧૯૯૬	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૧	૧૬૫ / ૪થી ઓક્ટોબર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૧૨	૧૬૬ / ૪થી ઓક્ટોબર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૧૩	૧૬૭ / ૪થી ઓક્ટોબર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૪	૧૬૮ / ૪થી ઓક્ટોબર, ૧૯૯૬	સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, છોટા-ઉદેપુર.
૧૫	૧૬૯ / ૪થી ઓક્ટોબર, ૧૯૯૬	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર.
૧૬	૧૭૦ / ૫મી ઓક્ટોબર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૧૭	૧૭૧ / ૭મી ઓક્ટોબર, ૧૯૯૬	સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ડભોઈ.
૧૮	૧૭૨ / ૭મી ઓક્ટોબર, ૧૯૯૬	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મોડાસા.
૧૯	૧૭૩ / ૮મી ઓક્ટોબર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૨૦	૧૭૪ / ૯મી ઓક્ટોબર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૨૧	૧૭૫ / ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૨૨	૧૭૬ / ૧૧મી ઓક્ટોબર, ૧૯૯૬	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૩	૧૭૭ / ૧૪મી ઓક્ટોબર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૨૪	૧૭૮ / ૧૬મી ઓક્ટોબર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૨૫	૧૭૯ / ૧૬મી ઓક્ટોબર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨૬	૧૮૦ / ૧૬મી ઓક્ટોબર, ૧૯૯૬	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૭	૧૮૧ / ૧૮મી ઓક્ટોબર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૨૮	૧૮૨ / ૧૮મી ઓક્ટોબર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૨૯	૧૯૧ / ૫મી નવેમ્બર, ૧૯૯૬	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૩૦	૧૯૪ / ૭મી નવેમ્બર, ૧૯૯૬	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૩૧	૧૯૭ / ૧૬મી નવેમ્બર, ૧૯૯૬.	પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, DECEMBER 5, 1996 / AGRAHAYANA 14, 1918 [No. 49

Separate paging is given to each part of Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	565-578
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	50
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	2948-2951
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1177-1206

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર જી/અપક/૩૦૭/પિ.શા./૧૯૯૬.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, સી. પી. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

INDEX

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જુલાઇ સને ૧૯૯૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

સી. પી. સિંઘ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટ્રફક/જાહેરનામું/૧૩૩૮-૨૪૯૩૭/૯૬.—સુરત શહેરમાં રસ્તઓના સંકળાશ અને વાહન વ્યવહારમાં થતાં દિન-પ્રતિદિન વધારાને લીધે ટ્રાફીકની સમસ્યા જટીલ બનતી જાય છે.

સુરત શહેરમાં "ઉધના "ટી" પોઈન્ટથી ઉધના દરવાજા તરફ જતાં ડાબી તરફનાં ભાગે કૃષ્ણ મંદિર આવેલ છે. તેની સામે શાસ્ત્રીનગરમાં જવાનો મુખ્ય રસ્તો છે. મુખ્ય રોડથી શાસ્ત્રી નગર તરફ વાહનો વળે છે. ત્યારે ઉધના તરફ જતાં અને તે તરફથી આવતાં ભારે વાહન વ્યવહારનાં કારણે અગાઉ ઘણાં અકસ્માતનાં બનાવો બનેલા છે. આ પરિસ્થિતિને અટકાવવા ઉધના મેઈન રોડ ઉપરથી શાસ્ત્રી નગર તરફ જતાં વાહનોની જમણી બાજુ ટર્ન લઈ શાસ્ત્રીનગર તરફ નહીં જવા "નો રાઈટ ટર્ન" અંગેનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

આથી હું, કે. ડી. પાટડીયા (આઈ.પી.એસ.), નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફીક સુરત, શહેરને બી. પી. એકટ કલમ-૩૩(૧) (બ), હેઠળ મળેલ સત્તાની રૂએ સુરત શહેરનાં ઉધનાં મેઈન રોડ તરફથી તે શાસ્ત્રી નગર તરફ જતાં વાહનોને જમણી બાજુ ટર્ન લઈ શાસ્ત્રી નગર તરફ જવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. એટલે કે "નો રાઈટ ટર્ન" નો હુકમ જાહેર કરું છું.

ઉપર જણાવેલ જગ્યાએ જરૂરી ચેતવણી આપતાં સાઈન બોર્ડ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને મૂકવા.

આ જાહેરનામું તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૬થી દિન-૩૦ સુધી હંગામી ધોરણે બહાર પાડવામાં આવેલ છે.

આજરોજ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કર્યા.

જાહેરનામું

નંબર ઉ/ગપક/વન-વે/ટ્રાફીક/૧૩૩૯-૨૪૯૩૭/૧૯૯૬.—સુરત શહેરમાં સ્ટેશન વિસ્તારમાં બસ સ્ટેન્ડ તથા રેલ્વે સ્ટેશન નજીક હોઈ, અને ત્યાંથી સુરત બહાર ગીચ વસ્તીવાળા વરાછા રોડ તરફ જવાનો રસ્તો હોઈ, આ વિસ્તારમાં ટ્રાફીકનું પ્રમાણ ઘણું રહે છે. અને ઘણી વખતે નાના-મોટા તથા જીવલેણ અકસ્માતો પણ થાય છે. આ વિસ્તારમાં અશ્વનિકુમાર સીટી બસ સ્ટેન્ડથી જૈન ધર્મશાળાનાં કોર્નર સુધી વન-વે જાહેર કરવામાં આવેલ છે. અને આ વન-વેમાં આયુર્વેદિક ગરનાળા તરફથી આવતો અમુક ટ્રાફીક જૈન ધર્મશાળા થઈને અશ્વનિકુમાર સીટી બસસ્ટેન્ડ તરફ જાય છે જેનાં કારણે આયુર્વેદીક ગરનાળા તરફથી સ્ટેશન તરફનો મેઈન ટ્રાફીક તથા સ્ટેશન તરફથી આયુર્વેદિક જતાં ટ્રાફીકને અવરોધરૂપ થાય છે. અને અવર નવાર ટ્રાફીક જામ થઈ જાય છે. જૈન ધર્મશાળાથી અશ્વનિકુમાર તરફથી ટાફીક નહિવત રહે છે. જેથી ઉપર મુજબની ટ્રાફીક સમસ્યા નિવારવા આ વન-વે રદ કરીને જૈન ધર્મશાળાથી અશ્વનિકુમાર સીટી બસ સ્ટેન્ડ તરફથી જતાં માર્ગને હું, કે. ડી. પાટડીયા, (આઈ. પી. એસ.) નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફીક સુરત, શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ જૈન ધર્મશાળાથી અશ્વનિકુમાર સીટી બસ સ્ટેન્ડ તરફ જતાં વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. અશ્વનિકુમાર સીટી બસ સ્ટેન્ડથી જૈન ધર્મશાળા તરફ જતા વાહનો જઈ શકશે.

સદર જાહેરનામું હંગામી ધોરણે બહાર પાડવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૬ થી દિન-૩૦ માટે હંગામી ધોરણે બહાર પાડવામાં આવે છે.

આજ રોજ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૬નાં રોજ મારી સહી સિક્કા કર્યા.

જાહેરનામું

નંબર ઉ/ગપક/જાહેરનામું/ભારે વાહન/ડુમ્મસ-રોડ-૧૩૪૦-૨૪૯૩૬/૧૯૯૬.—સુરત શહેરમાં દર રવિવારે કલાક ૧૬-૦૦ થી ૨૨-૦૦ દરમ્યાન અઠવાગેટથી ડુમ્મસ લંગર સુધી મોટી સંખ્યામાં માનવ મેદની વાહનો સાથે ભેગા થાય છે. ત્યારે ભારે વાહનોની અવર જવરના લીધે ટ્રાફીકની અવર જવરને ઘણીજ અગવડતા ઉભી થાય છે. અને જેના કારણે નાના મોટા અકસ્માતના બનાવો બનતાં હોય છે જેના નિવારણ માટે દર રવિવારે જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને સુલેહ ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી અકબંધ રહે તે હેતુસર હું, કે. ડી. પાટડીયા, (આઈ. પી. એસ.) નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફિક સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારો માટે દર રવિવારે કલાક કલાક ૧૬-૦૦ થી કલાક ૨૨-૦૦ ના સમય દરમ્યાન ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૧) અઠવા ગેટ સર્કલથી અડાજણ સર્કલ પુલના છેડા સુધી.
(૨) અઠવાગેટ સર્કલથી પારલે પોઈન્ટ થઈ ડુમ્મસ લંગર સુધી.
(૩) એલ. બી. ટોકીઝ કોર્નરથી પારલે પોઈન્ટ સુધી. (ઘોડદોડ રોડ)

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર છે.

આ જાહેરનામું તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૬ થી હંગામી ધોરણે ઉપર જણાવ્યા મુજબના સમય માટે ફરમાવવામાં આવે છે.

આજ રોજ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કર્યા.

INDEX

જાહેરનામું

નંબર ઉ/ગપક/ભારેવાહન/વરાછા રોડ/૧૩૪૧/૨૪૯૩૬-૧૯૯૬.— સુરત શહેરમાં આવેલ વરાછા રોડ વિસ્તારમાં રત્નકલાકાર ભાઈઓ બહોળા પ્રમાણમાં રહે છે તેમને કારખાનાથી ઘરે આવવા જવાના સમયે ટ્રાફીકનું પ્રમાણ વધે છે. અમુક સમયે જીવલેણ અકસ્માત પણ થાય છે. તેને નિવારવા વરાછા રોડના ગરનાળાથી સરથાણા જકાત નાકા સુધી સવારે ૧૧-૦૦ થી કલાક ૧૩-૩૦ સુધી અને સાંજના કલાક ૧૯-૦૦ થી ક. ૨૧-૦૦ સુધીના સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને સુલેહ ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું. કે. ડી. પાટડીયા (આઈ.પી. એસ.) નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલી સત્તાની રૂએ ઉપરોક્ત વિસ્તારોમાં ઉપરોક્ત સમય દરમ્યાન ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

સદર જાહેરનામું હંગામી ધોરણે બહાર પાડવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૯૬ થી હંગામી ધોરણે ઉપર મુજબના સમય માટે ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૬ ના રોજ મારી સહી સિક્કા સિક્કા કર્યા.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશનર
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

નાયબ વેચાણ વેરા કમિશનર ટ્રારા

વેચાણમાં લીધું.—(૧) વેપારીશ્રીની અરજી.

(૨) સહાયક વેચાણવેરા કમિશનરશ્રી (વહીવટ) વર્તુળ-૧૩, વલસાડનાં પત્ર ક્રમાંક જનરલ/સીફોર્મ ૨૬/૯૫-૯૬/જા. ૧૫૮ તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ તથા ૪૦૪૫ તારીખ ૮મી માર્ચ ૧૯૯૬.

(૩) વેચાણવેરા અધિકારી (૨) બીલીમોરાનો જા. નં. ૪૦૪૫ તારીખ ૮મી માર્ચ, ૧૯૯૬નો પત્ર.

જાહેરનામું

(કેન્દ્રીય વેચાણવેરા ગુજરાત નિયમોના નિયમ-૪(એ)ના પેટા-નિયમ-૭ હેઠળ).

ક્રમાંક ના./ક/વવટ/સીફોર્મરદ/૯૬-૯૭/જા.૪૧૧૨ થી ૧૫.— મે અંબિકા ટીમ્બર માર્ટ ગાંધીરોડ બીલીમોરા કે જેઓ ૧૯૫૬ના કેન્દ્રીય વેચાણવેરા કાયદા અન્વયે નોંધણી નંબર ગુજ. ૧૮ જે ૩૩૬ તારીખ ૭મી ડીસેમ્બર, ૧૯૬૬ થી ધરાવે છે સદરહું કેસમાં આપવામાં આવેલ સી ફોર્મ નંબર એકસ-૧૮-૧૬૧૮૪૯ થી એકસ-૧૮-૧૬૧૮૫૦ (કુલ ૨ પાના) ખોવાયા છે જે વપરાશ વિનાના છે. સદરહું છેલ્લા ૨ પાના ફાટી જવાથી ૨ પાના ખોવાયા છે જેનો ઉપયોગ થયેલ નથી જેથી હું અરવિંદ વશી નાયબ વેચાણ વેરા કમિશનર સુરત વિભાગ, સુરત સને ૧૯૫૭ના કેન્દ્રીય વેચાણવેરા ગુજરાતના નિયમ ૪(એ) ના પેટા નિયમ-૭ નીચે આપેલી સત્તા અન્વયે ઉપરોકત જણાવેલ સી, ફોર્મ નંબર એકસ-૧૮-૧૬૧૮૪૯ થી એકસ ૧૮-૧૬૧૮૫૦ કુલ ૨ સી ફોર્મ તારીખ (૨૯મી ડીસેમ્બર, ૧૯૮૮) ૨૯ ડિસેમ્બર, ૧૯૮૮ થી ૨૬ બાતલ ઠરાવવા જાહેર કરૂ છું.

સુરત, તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૯૬.

વંચાણમાં લીધું :

(૧) વેપારી ક્રીની અરજી તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૪

(૨) સહાયક વેચાણવેરા કમિશનરશ્રી (વહિવટ) વર્તુળ-૧૩, વલસાડ નો પત્રક ક્રમાંક જનરલ/સીફોર્મરદ/૯૫/૯૬-જા-૪૦૪૪

(૩) વેચાણવેરા અધિકારી (૨) બીલીમોરાની જા. ૪૦૪૫ તારીખ ૮મી માર્ચ, ૧૯૯૬ નો પત્ર

જાહેરનામું

(કેન્દ્રીય વેચાણવેરા ગુજરાત નિયમોના નિયમ-૪(એ)ના પેટાનિયમ-૭ હેઠળ)

ક્રમાંક ના. ક./વવટ/૧-સી ફોર્મ-રદ/૯૬/૯૭/જા.૪૧૧૬ થી ૧૯.— મે હિતેશકુમાર એન્ડ કું. બજાર ગણદેવી કે જેઓ ૧૯૫૬ ના કેન્દ્રિય વેચાણવેરા કાયદા અન્વયે નોંધણી નંબર ગુજ/૧૮/એફ/૧૫૨ તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૭૧ થી ધરાવે છે. સદરહું કેસમાં આપવામાંઆવેલ 'સી' ફોર્મ નંબર એકસ-૬-૨૭૭૪૫૧-થી એકસ-૬-૨૭૭૪૭૫ (૨૫પાના) ખોવાયા છે જે વપરાશ વીનાના છે. સદરહું પાના (બુક) દુકાનમાંથી ખોવાય છે જેનો ઉપયોગ થયેલ નથી નથી જેથી હું અરવિંદ વશી નાયબ વેચાણવેરા કમિશનર, સુરત વિભાગ સુરત અને ૧૯૫૭ ના કેન્દ્રિય વેચાણવેરા ગુજરાતના નિયમ ૪ (એ) ના પેટા નિયમ-૭ નીચે આપેલી સત્તા અન્વયે ઉપરોકત જણાવેલ 'સી' ફોર્મ નંબર એકસ-૬-૨૮૭૪૫૧ થી એકસ-૬-૨૭૭૪૭૫ કુલ ૨૫ 'સી' ફોર્મ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૩ થી ૨૬ બાતલ ઠરાવવા જાહેર કરૂ છું.

સુરત, તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૯૬.

અરવિંદ વશી,
નાયબ વેચાણવેરા કમિશનર,
સુરત વિભાગ, સુરત.

BY THE DISTRICT SESSIONS JUDGE

Notification

No. CB/10/1280 of 1996.—The result of the Departmental Examinations for the members of staff of the Judicial Deparment, held on July 1 and 2, 1996, in the District Court, Valsad at Navsari is hereby declared as under :-

INDEX

I.

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION.

1. The following exeminee who appeared in all the papers are declared successful in the Higher Standard Departmental Examination.

	Name.	Total marks obtained.
1.	Mr. J. B. Desai, Assistant, District Court, Navsari.	318
2.	Mrs. P. B. Patel, Assistant, District Court, Valsad at Navsari.	312.3
3.	Mrs. D. D. Desai, Assistant, Civil Court, Chikhli.	291.6
4.	Mrs. G. R. Patel, Assistant, Civil Court, Chikhli.	286
5.	Mr. B. C. Garasiya, Assistant, Civil Court, Valsad.	281.3

2. Following examinees at the Higher standard Departmental examination fail, but as they obtained 30 percent marks or more in the papers shown against their respective names, they secure examination from appearing again for the said papers.

	Name.	Papers.
1	Mr. P. K. Desai, Assistant, Civil Court, Valsda.	Paper-II
2	Miss A. D. Gamit, Assistant, Extra Assistant Court, Valsad at Navsari.	Paper-II
3	Mrs. M. D. Rana, Assistant, Civil Court, Valsad	Paper-II
4	Miss A. G. Chitre, Assistant, Civil Court, Valsad.	Paper-II
5	Mrs. C. B. Patel, Assistant, Civil Court, Valsad.	Paper-II
6	Mrs. C. R. Desai, Civil Court, Pardi.	Paper-II

LOWER STANDARD DEPARTMENT EXAMINATION ;

1. The following examinee who appeared in all the papers are declared successful in the Lower Standard Departmental Examination.

	Name	Total marks obtained.
1	Mr. V. B. Prajapati, Assistant, Civil Court, Navsari.	325
2	Mr. S. C. Thakor, Assistant, Civil Court, Valsad.	286
3	Miss S. R. Patel, Assistant, District Court, Valsad at Navsari.	286

2. The following examinee who appeared with exemption in one or more than one papers obtained in previous attempts, are declared successful in the Lower Standard Departmental Examination.

1. Mrs. R. M. Gondalwala, Assistant, Civil Court, Pardi.
2. Mr. B. T. Patil, Assistant, District Court, Valsad at Navsari.
3. Mrs. M. P. Navik, Assistant, Civil Court, Valsad.
4. Mr. P. H. Dhandukia, Assistant, District Court, Valsad at Navsari.
5. Miss C. R. Desai, Assistant, Civil Court, Navsari.

INDEX

3. The following examinees who appeared in all the papers at the Lower standard Departmental Examination fail, but as they have obtained 50 percent marks or more in the papers shown against their respective names they secure exemption from appearing again for the said papers.

	Names.	Papers.
1.	Mr. R. V. Sonar, Ass'stant, Civil Court, Gandevi.	Paper-III
2.	Mr. S. A. Pandya, Assistant, Chief Court, Navsari.	Paper-III
3.	Mr. B. J. Pandya, Assistant, Civil Court, Gandevi.	Paper-II & III
4.	Mr. I. P. Mahajan, Assistant, Civil Court, Gandevi.	Paper-III
5.	Mr. H. N. Shaikh, Assistant, Civil Court, Chikhli.	Paper-III & Typing test
6.	Miss H. J. Bhesjaliya, Assistant, Civil Court, Navsari.	Typing test.
7.	Mr. S. S. Joshi, Assistant, Civil Court, Valsad.	Typing test.
8.	Mr. M. B. Pandey Assistant, Civil Court, Pardi.	Paper-III
9.	Mr. R. D. Patel, Assistant, Civil Court, Navsari.	Paper-III
10.	Mr. P. R. Adroja, Assistant, District Court, Valsad at: Navsari.	Typing test.

MISS P. S. SHUKLA,
District Judge, Valsad,
at Navsari.

Valsad, at Navsari, July 31, 1996.

ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ, દ્વારા

અધિસૂચના

ક્રમાંક સીબી/૧૦/૧૨૮૦/ને ૧૯૯૬.—૧૯૯૬ના જુલાઈ મહિનાની ૧ અને ૨ તારીખના દિવસોએ વલસાડ જિલ્લાની નવસારી મુકામે ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં લેવાયેલ ન્યાયખાતાના કર્મચારી ગણ માટે નિયત થયેલ ખાતાકીય પરીક્ષાઓના પરિણામ નીચે મુજબ છે.

ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષા :

૧ બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા આ નીચે જણાવેલ પરીક્ષાર્થીને ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયે જાહેર કરવામાં આવે છે.

	નામ	મેળવેલ ગુણ
૧.	શ્રી જે. બી. દેસાઈ, આસીસ્ટન્ટ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ, મુકામ ; નવસારી,	૩૧૮
૨.	શ્રીમતી પી. બી. પટેલ, આસીસ્ટન્ટ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ મુકામ ; નવસારી.	૩૧૨.૩
૩.	શ્રીમતી ડી. ડી. દેસાઈ, આસીસ્ટન્ટ સિવીલ કોર્ટ, ચીખલી.	૨૯૧.૮
૪.	શ્રીમતી જી. આર. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, ચીખલી.	૨૮૬
૫.	શ્રી બી. સી. ગરાસીયા. આસીસ્ટન્ટ સિવિલ કોર્ટ, વલસાડ.	૨૮૧.૩

૨. ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષામાં આ નીચે જણાવેલ પરીક્ષાર્થીઓને એ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા નથી, પરંતુ તે દરેક તેમની નામ સામે દર્શાવેલી પ્રશ્નપત્રમાં ૫૦ ટકા અથવા તે વધુ ગુણ મેળવ્યા હોય, હવે થનાર સદરહું પરીક્ષામાં તે પ્રશ્નપત્રમાં બેસવામાંથી મુક્તિ મેળવવા તે દરેક હક્કદાર છે.

	નામ	પેપર્સ
૧.	શ્રી પી. કે. દેસાઈ, આસીસ્ટન્ટ સિવિલ કોર્ટ, વાંસદા	પેપર બીજુ
૨	કુમારી એ. ડી. ગામીત, આસીસ્ટન્ટ, એક્સ્ટ્રા આસીસ્ટન્ટ કોર્ટ, વલસાડ, મુકામ ; નવસારી.	પેપર બીજ
૩.	શ્રીમતી એમ. ડી. રાણા, આસીસ્ટન્ટ સિવિલ કોર્ટ, વલસાડ	પેપર બીજુ
૪.	કુમારી એ. જી. ચિત્રે, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, વલસાડ	પેપર બીજુ
૫.	શ્રીમતી સી. બી. પટેલ, આસીસ્ટન્ટ સિવિલ, કોર્ટ, વલસાડ	પેપર બીજુ
૬.	શ્રામતા સી. આર. દેસાઈ,, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, પારડા	પેપર બીજુ

નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષા :

૧. બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા આ નીચે જણાવેલ પરીક્ષાર્થીઓને નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

INDEX

નામ	મેળવેલ ગુણ
૧. શ્રી વી. બી. પ્રજાપતિ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, નવસારી.	૩૨૫
૨. શ્રી એસ. સી. ઠાકોર, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, વલસાડ.	૨૮૬
૩. કુમારી એસ. આર. પટેલ, આસીસ્ટન્ટ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ, મુકામ ; નવસારી	૨૮૬

૨. નીચેના પરીક્ષાર્થીઓ કે જેઓ આ પરીક્ષામાં તેમના અગાઉના પ્રશ્નોમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રમાં બેસવામાંથી મેળવેલ મુક્તિ લઈને બેઠા હતાં તેઓને પણ નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ કરવામાં આવે છે.

૧. શ્રીમતી આર. એમ. ગોંડલવાલા, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, પારડી.

૨. શ્રી બી. ટી. પાટીલ, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ, મુકામ ; નવસારી.

૩. શ્રીમતી એમ. પી. નાવીક, આસીસ્ટન્ટ સિવિલ કોર્ટ, વલસાડ.

૪. શ્રી પી. એચ. ધંધાકીયા, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ, મુકામ ; નવસારી.

૫. કુમારી સી. આર. દેસાઈ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, નવસારી.

૩. નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષામાં જે પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા નથી તે પૈકી નીચે જણાવેલા પરીક્ષાર્થીઓને તેમના નામ સામે દર્શાવેલા પ્રશ્નપત્રમાં ૫૦ ટકા અથવા તેથી વધું ગુણ મેળવ્યા હોવાથી હવે થનાર સદરહુ પરીક્ષામાં તે પ્રશ્નપત્રમાં બેસવામાંથી મુક્તિ મેળવવા તે દરેક હકદાર છે

નામ	પેપર
૧. શ્રી આર. વી. સોનાર, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, ગણદેવી	પેપર બીજુ
૨. શ્રી એસ. એ. પંડયા, આસીસ્ટન્ટ, ચીફ કોર્ટ, નવસારી	પેપર ત્રીજુ
૩. શ્રી બી જે. પંડયા, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, ગણદેવી,	પેપર બીજુ અને ત્રીજુ
૪. શ્રી આઈ. પી. મહાજન, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, ગણદેવી,	પેપર ત્રીજુ
૫. શ્રી એચ. એન. શેખ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, ચીખલી,	પેપર બીજુ અને ટાઈપીંગ ટેસ્ટ
૬. કુમારી એચ. જે. ભેંસજાલીયા, આસીસ્ટન્ટ સિવિલ, કોર્ટ, નવસારી	ટાઈપીંગ ટેસ્ટ
૭ શ્રી એસ. એસ. જોષી, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, વલસાડ	પેપર બીજુ
૮ શ્રી એમ. બી. પાંડય, આસીસ્ટન્ટ સિવિલ કોર્ટ, પારડી	પેપર બીજુ
૯ શ્રી આર. ડી. પટેલ, આસીસ્ટન્ટ સિવિલ કોર્ટ, નવસારી,	પેપર બીજુ પેપર ત્રીજુ
૧૦ શ્રી પી. આર. આહોજા આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ, મુકામ ; નવસારી	ટાઈપીંગ ટેસ્ટ,

વલસાડ, મુકામ નવસારી, તારીખ જુલાઈ ૩૧, ૧૯૯૬.

કુમારી પી. એસ. શુક્લ,
ડીસ્ટ્રીક્ટ જજ, વલસાડ,
મુકામ નવસારી.

BY DISTRICT JUDGE

Notification

No. CB/1278 of 1996.—The following Assistants working on the establishment of the Judicial District of Vadodara, are declared to have passed the Higher and Lower Standard Departmental Examinations of the Judicial Department, held on 1st and 2nd July, 1996 in the District Court, Vadodara in pursuance of paragraph 569 of the Civil Manual, 1960.

Their names are arranged in order of marits.

Sr. No.	Name of the candidate with Seat Number.	Designation and Office in which working	Remarks
1	2	3	4

Higher Standard Departmental Examination

PART I

Candidates appearingin all papers

1. Shri V. T. Talati (25) Assistant, Judicial Magistrate, F. C., 4th Court, Vadodara.
2. Shri V. S. Thakkar (23) Assistant, Judicial Magistrate, F. C., (Municipal) Court, Vadodara.

INDEX

PART II

Candidates who obtained exemption in one or more than one paper in previous attermpts.

1	2	3
1.	Shri S. D, Vayade	(5) Assistant, Civil Court (S. D.), Vadodara.
2.	Shri G. D. Sant	(7) Assistant, District Court, Vadodara.
3.	Shri P. T. Parikh	(9) Assistant, Civil Court (J. D.), Savli.
4.	Shrimati L. P. Vasava	(11) Assistant, Civil Court (S. D.), Vadodara.
5.	Smt. S. A. Parmar	(13) Assistant, Civil Court (S. D.), Vadodara.
6.	Smt. S. H. Parmar	(14) Assistant, District Court, Vadodara.
7.	Shri R. M. Vasava	(16) Assistant, Civil Court (J. D.), Sinor.

The following Assistants, though fail at the Higher Standard Departmental Examination, are hereby exempted from apperaring in the paper or papers shown against their names :

1.	Shri C. M. Tadvi	(18) Assistant, Civil Court (J. D.) , Sankheda.
2.	Shri J. B. Vasava	(24) Assistant, Civil Court (J. D.), Chhotaudepur.

Lower Standard Departmental Examination

Part-I

Candidates appearing i all Papers

1. Shr K. A. Chauhan .. (20) Assistant, Civil Court, (J. D.), Savli.

Part-II

Candidates who oabtained exemption in one or more than one paper in parevious attempts:—

1. Smt. K. H. Brahmbhatt.. (1) Assistant, Small Cause Court, Vadodara ..
2. Shri M. S. Soman .. (4) Assistant, Civil Court (J. D.), Savli.
3. Shri U. D. Patel .. (6) Ass'stant, Civil Court (J. D.), Padra.
4. Shri D. B. Patel .. (7) Assistant, Civil Court (J. D.), Sankheda. ..
5. Shri B. I. Thakkar .. (11) Assistant, Civil Court (S. D.), Vadodara. ..

The following Candidates, though fail at the Lower Standard Departmental Examination, are hereby exempted from appearing in the paper on papers shown against their names :—

1.	Shri D. B. Vasava ..	(14) Assistant, Civil Court (J. D.), Sankheda	Paper No. Type Test
2.	Smt. M. N. Desai ..	(22) Assistant, Civil Court (S. D.), Vadodara	Type Test

Vadodara, 3rd August, 1996.

A. M. Kapadia,
District Judge,
Vadodara.

INDEX

ડીસ્ટ્રીક્ટ જજ દ્વારા

જાહેરનામું

ક્રમાંક સીબી/૧૨૭૮/૧૯૯૬.—વડોદરા જીલ્લાના ન્યાય ખાતાના મહેકમના નીચે જણાવેલ આસીસ્ટન્ટસની તારીખ ૧ અને ૨ જુલાઇ ૧૯૯૬ ના રોજ જીલ્લા ન્યાયાલય, વડોદરામા સીવીલ મેન્યુઅલ ૧૯૬૦ ના ફકરા ૫૬ અન્વયે લેવામાં આવેલ ન્યાય ખાતાની ઉચ્ચ તથા નીમ્ન શ્રેણીને ખાતાકીય પરીશાઓમાં ઉત્તીર્ણ થયેલા જાહેર કરવામાં આવે છે. તેઓના નામ ગુણવત્તા પ્રમાણે ગોઠવવામાં આવેલા છે.

અનુ. નંબર	ઉમેદવારનું નામ તથા	બેઠક નંબર	હોદ્દો તથા તેઓ જે કચેરીમાં કામ કરે છે તે કચેરીનું નામ	શેરો
૧	૨		૩	૪

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

ભાગ-૧

બધા પ્રશ્ન પત્રોમાં બેઠા હોય તેવા ઉમેદવારો

૧	શ્રી વી ટી તલાટી	(૨૫)	આસીસ્ટન્ટ જ્યુડી મેજી. ફ. ક. ચોથી કોર્ટ વડોદરા.
૨	શ્રી વી. એસ. ઠક્કર	(૨૩)	આસીસ્ટન્ટ જ્યુડી મેજી. ફ. ક. (મ્યુનિસિપલ) કોર્ટ, વડોદરા

ભાગ-૨

અગાઉના પ્રયાસોમાં એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં મુકિત મેળવી હોય તેવા ઉમેદવારો

૧	શ્રી એસ. ડી. વાયડે	(૫)	આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (સી. ડી.) વડોદરા.
૨	શ્રી જી. ડી. સંત	(૭)	આસીસ્ટન્ટ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વડોદરા.
૩	શ્રી પી. ટી. પરીખ	(૯)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ. ડી.) સાવલી.
૪	શ્રીમતી એસ. પી. વસાવા	(૧૧)	આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (સી. ડી.) વડોદરા.
૫	શ્રીમતી એસ. એ, પરમાર	(૧૩)	આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (સી. ડી.) વડોદરા.
૬	શ્રીમતી એસ. એચ. પરમાર	(૧૪)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વડોદરા.
૭	શ્રી આર. એમ. વસાવા	(૧૬)	આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (જુ. ડી.) શિનોર.

નીચે જણાવેલા ઉમેદવારો ન્યાય ખાતાની ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં અનુત્તિર્ણ થયેલા હોવા છતાં તેઓને તેમના નામ સામે જણાવેલ પ્રશ્નપત્રોમાંથી મુકિત આપવામાં આવે છે.

				પેપર નંબર
૧	શ્રી સી. એમ. તડવી	(૧૮)	આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (જુ. ડી.) સંખેડા.	૧
૨	શ્રી જે. બી. વસાવા	(૨૪)	આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (જુ. ડી.) છોટાઉદેપુર.	

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા.

ભાગ-૧

બધા પ્રશ્નપત્રોમાં બેઠા હોય તેવા ઉમેદવાર

૧.	કે. એ. ચોહાણ	(૨૦)	આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, (જુ. ડી,) સાવલી

INDEX

૧	૨	૩	૪

ભાગ-૨

અગાઉના પ્રયાસોમાં એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં મુક્તિ મેળવી હોય તેવા ઉમેદવારો

૧	શ્રીમતી કે. એચ. બ્રહમભટ્ટ	૧	આસીસ્ટન્ટ સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા
૨	શ્રી એમ. એસ. સોમન	૪	આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ,જુ. ડી, સાવલી
૩	શ્રી યુ ડી પટેલ	૬	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, જુ. ડી. પાદરા
૪	શ્રી ડી. બી. પટેલ	૭	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, જુ. ડી. સંખેડા
૫	શ્રી બી. આઈ. ઠક્કર	૧૧	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, સી. ડી. વડોદરા

નીચે જણાવેલા ઉમેદવારો ન્યાયખાતાની નિમ્ન શ્રેણીની ખાતાકય પરીક્ષામાં અનુત્તિર્ણ થયેલા હોવા છતાં તેઓને તેમના નામ સામે જણાવેલા પ્રશ્નપત્રોમાંથી મુક્તિ આપવામાં આવે છે.

૧	શ્રી ડી. બી. વસાવા	૧૪	આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, જુ. ડી, સંખેડા	ટાઈપ ટેસ્ટ
૨	શ્રીમતી એમ. એન. દેસાઈ	૨૨	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, સી. ડી, વડોદરા	ટાઈપ ટેસ્ટ

વડોદરા, તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૬.

અ. મો. કાપડીયા,
ડીસ્ટ્રીકટ જજ,
વડોદરા.

Notification

No. B 10/1141 of 1996.—The District Judge Surat is pleased to declare Wednesday, the 17th July 1996, to be a public holiday for the District Court and all its Subordinate Courts in Surat District, on account of "Rath Yatra"

A. L. DAVE,
District Judge,
Surat.

Surat, 18th July 1996.

જાહેરનામું

જાવક નં. બી/૧૦/૧૧૪૧સને૧૯૯૬.—સુરતના ડીસ્ટ્રીકટ જજશ્રી સહર્ષ જાહેર કરે છે કે, તારીખ ૧૭મી માહે જુલાઈ ૧૯૯૬ને બુધવારના રોજ રથયાત્રા નિમિત્તે સુરત શહેરની તથા તેની તાબાની તમામ કોર્ટો બંધ રહેશે

સુરત, તારીખ ૧૮મી જૂલાઈ ૧૯૯૬.

શ્રીમતી કે, એમ. વીણ,
ઈ. ચા. જિલ્લા ન્યાયાધિશ,
સુરત.

અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક દ્વારા

વંચાણે લીધું—(૧) ઈન્ડીયન કેરોસીનનો તારીખ ૪થી જુલાઈ ૧૯૯૬નો પત્ર તે સાથે રજુ થયેલ આઈ. ઓ. સી., કંપનીનું બીલ.

(૨) બનાયુનિ/એલડીઓ/ભાવ/બાંધણી/૯૪ તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૪.

હુકમ

નંબર અનયુનિ/કસન/વિતરણ/૯૬.—તાજેતરમાં કેન્દ્ર સરકારે પેટ્રોલીયમ પ્રોડકસના ભાવમાં વધારો કરેલ છે તે મુજબ કૂડતેલ/એલ. ડી. ઓ /ના ભાવમાં પણ ૧ કી. લી. એ રૂા ૧૮૪૩.૪૯ (અંકે રૂપિયા અઢારસો તેત્રાલિસ ને ઓગણપચાસ પૈસા પુરા) વધારો કરેલ છે. આથી કોયલીથી વિતરણ થતાં એલ. ડી. ઓ ના ભાવ ફરી બાંધવાના થાય જેથી રાજય સરકારશ્રીના આદેશ નંબર જીએસએમ/૭૪-૧૭ એમએસકયુ / ૩૪૭૪/જીએમઆર/૧૩૮/ બી તારીખ ૨૨મી માર્ચ ૧૯૭૪થી મળેલ સત્તાની રૂએ હું એ. એસ. પટેલ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક , અમદાવાદ શહેર અમદાવાદ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં આવક થતાં એલ ડી ઓ ના વેચાણ ભાવ પ્રતિ કીલોલીટર તારીખ ૩જી જૂલાઈ ૧૯૯૬થી અમલમાં આવે તે રીતે નીચે મુજબ ઠરાવું છું. કોઈપણ જથ્થાબંધ પરવાનેદાર સદરહું કરાયેલ ભાવથી વધારે ભાવે કૂડતેલ/એલડીઓનું વેચાણ કરી શકશે નહીં.

	કોયલી ડેપો રૂા. પૈ.
જથ્થાબંધ વેપારી કે એજન્ટ વિક્રેતાએ પોતાના ડેપોથી વેચાણ કરવાનો ૧ કી .લી. નો ભાવ.	૯૦૬૫.૧૭

ઉકત અમલવારીનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે, જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૧૮મી જુલાઈ ૧૯૯૬.

(સહી) અવાચ્ય,
અન્ન અને નાગરિક પુરવઠા
નિયંત્રક, અમદાવાદ શહેર.

INDEX

જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા

વંચાણે લીધા.—ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) ૧૯૮૧ની કંડીકા ૨૪.
(૨) અત્રેની કચેરીના આદેશ નં. પરવ/કશન/ તપસ વશી-૩૧૪૫ તારીખ ૩જી જુલાઇ ૧૯૯૬.

આદેશ

નંબર પરવ-કશન-વશી-૪૯૪૨ . —પંચમહાલ જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા વાદળી રંગના કેરોસીનનું રેશનકાર્ડ ઉપર વિતરણ પ્રમાણ વેચાણમાં લીધેલું અનુ. નં. ૨ના આદેશથી શહેરી વિસ્તાર માટે કાર્ડ માટે માસીક ૧૫ લી. ગ્રામ્ય વિસ્તાર માટે કાર્ડ દીઠ માસીક ૧૦ લી. અને રાંધણગેસ ધારકો માટે કાર્ડ દીઠ માસીક ૫ લીટર પ્રમાણે નકકી કરવામાં આવેલ છે.

શહેરી વિસ્તારમાં આવેલ રશનકાર્ડ અને ગ્રામ્ય વિસ્તારમાં કેરોસીનનું પ્રમાણ અલગ અલગ હોવાથી ગ્રામ્ય વિસ્તારના લોકો તરફથી શહેરી વિસ્તાર જેટલું કેરોસીન તેઓને મળે તેવી રજુઆત અવાર થવાર થયેલ છે. તેમજ આ જિલ્લાની મુલાકાતે માનનીય રાજ્યપાલશ્રી આવેલ ત્યારે ધારાસભ્યશ્રીઓ દ્વારા પણ ગ્રામ્ય વિસ્તારના લોકોને માસીક ૧૦ લી. કેરોસીન મળવું જોઈએ. તેવી રજુઆત થઈ હતી આ પ્રશ્ન અંગે તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૬ ની જિલ્લા નાગરીક પુરવઠા અનેગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને સમિતિના સભ્યોએ ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર માટે એક સરખુ માસીક ૧૦ લી. નું પ્રમાણ રાખવા માટે સંમત થયેલ હતા આ સંજોગોમાં વેચાણ ૨ નો આદેશની જિલ્લાનું કેરોસીનનું જે પ્રમાણ નકકી કરવામાં આવેલ છે. તેમાં સુધારો કરીને નીચે પ્રમાણે ફેરફાર તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૬ થી અમલમાં આ રીતે કરવા હુકમ કરૂ છુ.

૧. સમગ્ર પંચમહાલ જિલ્લાના કાર્ડ દીઠ ૧૦ લીટર સુધી વિસ્તાર માટે માસીક
૨. રાંધણ ગેસ ધારકો કાર્ડ દીઠ ૫ લીટર સુધી

ઉપર પ્રમાણે કેરોસીન વિતરણ અધિકૃત કરાયેલ દુકાનદાર, ફેરીયાઓ એ નિયત ભાવે કરવાનું રહેશે. અને તેનો ભંગ કરનારાઓ સામે પરવાના આદેશ ૧૯૮૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

વંચાણમાં લીધેલ ક્રમ ૨ નો તારીખ ૩જી જુલાઇ ૧૯૯૬ ના આદેશની ઉપરોકત ફેરફાર સિવાયની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે ડીલરો દુકાનદારો અને ફેરીયાઓ ને કેરોસીનની ફાળવણી પણ ઉપરોકત ધોરણ મુજબ જ કરવાની રહેશે.

આ આદેશ ગુજરાત આવશ્યક ચીજસ્તુના પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ. ૧૯૮૧ ની કંડીકા ૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ કરવામાં આવેલ છે તેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

ગોધરા, તારીખ ૩૧મી જુલાઇ ૧૯૯૬.

(સહી) અવાચ્ય,
જિલ્લા પુરવઠા અધિકારી
પંચમહાલ, ગોધરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના) મુંબઈના અધિનિયમ-૨૨)ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનું.

નંબર પવસ/કોસંબા/વશી-૪૬૬૪/૯૬.—સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩ની પેટા-કલમ(૧)ની બાબત"બી" પ્રમાણે નીચે જણાવ્યા મુજબ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદો લાગતા વળગતા ઈસમોની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે અને સૂચના આપવામાં આવે છે કે, મજકૂર જાહેરનામાનો મુસદો ગુજરાત સરકારના સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત વિચારણામાં લેશે.

મજકુર મુસદા સંબંધમાં જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતનો મજકુર મુસદ્દો ગુજરાત સરકારનાં સરકારી ગેઝેટમાં તે પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર કોઈપણ ઈસમ તરફથી લેખિત વાંધાંઓ અગર સૂચનો મળશે તો તે ઉપર વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામું

, આથી હું વી. એસ. ગઢવી, (આઈ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતને ખાતરી થઈ છે કે, કોસંબા રેલ્વે સ્ટેશનના મુખ્ય પ્રવેશ દ્વાર સામેના ખુલ્લા ચોકથી ગાડી અને રેલ્વે સ્ટેશનથી જુની પોસ્ટ ઓફિસ થઈ ગંદા કુવા પાસે જુના મંદિર રોડને મળે છે તે સાંકડારોડ તેમજ રેલ્વે સ્ટેશનથી ડાબી બાજુ પો. સ્ટે. સુધી તેમજ જમણી બાજુ ગેલોર્ડ પાન હાઉસ ચોક સુધીના રસ્તા ઉપર સંખ્યા બંધ લારી અને શાકભાજીના ફેરીયા ઊભા રહી ધંધો કરે છે, મુળ આ રસ્તો સાંકડો છે અને તેના ઉપર બંને સાઈડ પર શાકભાજી અને લારીવાળા ઊભા રહી જતાં બજારમાંથી પગે ચાલતા તેમજ રીક્ષા, સ્કૂટર, કાર, વિ. વાહન લઈ પસાર થવામાં અવરોધ થાય છે. ઉપરાંત બજારમાં ખરીદી કરવા આવતાં નાગરિકો તેમનું વાહન સાઈડ પર પાર્ક કરી દેતાં મુશ્કેલીમાં વધારો થાય છે. કોસંબા રેલ્વે સ્ટેશનથી સુરત વડોદરા તરફ ધંધા રોજગાર માટે અપ-ડાઉન કરનારની સંખ્યા ખુબજ મોટી છે. આથી ટ્રેઈનના સમયે તેમજ સવાર-સાંજનાં આ જગ્યા પર ખુબજ ભીડ જમા થાય છે. જે દરમ્યાન ચીલઝડપ, છેડતી રસ્તામાં અવરોધ બાબતે ઝગડો વિગેરે બનાવોની સંભાવના રહે છે. વળી રેલ્વે સ્ટેશનથી સીધોજ ખરચ રોડને જોડતો રસ્તો ખુજબ સાંકડો હોઈ તેના પરથી લારી શાકભાજીવાળાનું દબાણ હટાવ્યા પછી થી પણ તે રીક્ષા અને મોટા વાહનો પસાર થઈ શકે તેટલો પહોળો નથી.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૩ની કલમ-(૧)ની બાબતથી (બી) થી મને મળેલ અધિકારની રૂએ ટ્રાફીક નિયમન અને જાહેર સલામતિ સારૂ નીચેના રસ્તાઓની પાર્કીંગ ઝોન જાહેર કરું છું. એટલે આ રસ્તાઓ ઉપર એસ. ટી. બસ સિવાય કોઈપણ જાતના ભારે અને હલકા વાહનો થોભાવવા માટે તથા લારી, ગલ્લા ફેરીયાને, ત્યાં ધંધો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

૧. કોસંબા રેલ્વે સ્ટેશન ચોક તેમજ મેઈન બજારમાં પો. સ્ટે. થી ગેલાર્ડ પાન હાઉસવાળા ચોક સુધી.

૨. કોસંબા રેલ્વે સ્ટેશનથી જુની પોસ્ટ ઓફિસ અને ગંદા કુવા થઈ જૂનાં મંદિર રોડને જોડતો સાંકડો રસ્તો.

INDEX

૩. બસ સ્ટેન્ડ પાસે રીક્ષા પાકી ગ સિવાયના બસ સ્ટેશનથી રેલ્વે સ્ટેશન સુધીનાં અને બસ સ્ટેન્ડથી દરગાહ સુધીનાં રસ્તાને,

નોંધ.—ઉપરોકત રસ્તાઓ ઉપર યોગ્ય સ્થળે જરૂરી સૂચના દર્શાવતા બોર્ડ જિલ્લા પોલીસ અધિકારીશ્રી (રૂરલ) સુરત તરફથી મુકવાના રહેશે.

આજરોજ તારીખ ૨૭મી જૂલાઈ ૧૯૯૬નાં રોજ મારી સહી કરી સિક્કા કરી આપ્યો છે.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) મુજબનો હુકમ.

નંબર હી. સી./પી.ઓ.એલ/એમ.એ.જી/એસ.આર./૪૭/૯૬.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે.

હું એમ. કે. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૯મી ઓગસ્ટ ૧૯૯૬ થી તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૬ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અનેછેડેથી અણીવાળું પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્રો સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી લાઠી અથવા શારિરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાની, યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની અને તૈયાર કરવાની.

(૪) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાંજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્ર નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ.—આ હુકમનો ખંડ(૧) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય જેમને જેને ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને;

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારત ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ ના અધિનિયમ નંબર ૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ નં. ૨૨માંની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસી /પી ઓ એલ/એમ એ જી/એસ આર/૪૮/૯૬.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, એમ. કે. ચૌધરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માંનો અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવિલ વિસ્તારોમાં તારીખ ૯મી ઓગસ્ટ ૧૯૯૬ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૬ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગું થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ : (વિસ્તાર) અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસૂલ વિસ્તાર (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

INDEX

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર તેમને ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના તેમજ અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવેલ હોય તેવા સભા સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૬ ના રોજ મારી સહી અને સિક્કો માર્યો છે.

એમ. કે. ચૌધરી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલમ/રજી-૩૧/૯૬ — કમાન્ડીંગ ઓફીસરશ્રી, એન. સી. સી. નવસારીનાં તારીખ ૨૫મી જુલાઈ ૧૯૯૬નાં પત્ર નં. ૧૦૧/જી થી જણાવ્યા મુજબ એન. સી. સી. ના વાર્ષિક પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતએ ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે.

વાસ્તે, હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મા)ની કલમ-૩૭ની પેટા-કલમ-(૧) હેઠળ મને મળેલી સત્તાની રૂએ, આ અધિનિયમની કલમ-૪૭ની પેટા-કલમ-૪ની જોગવાઈ મુજબ નીચે જણાવેલા સ્થળે અને તારીખે ફાયરીંગ તથા તેની આજુબાજુનાં ૨ કી. મી. વિસ્તારમાં,

દાંડી રેન્જ	તારીખ	સમય
	૩૧મી જુલાઈ ૧૯૯૬	સવારે ૮-૦૦ કલાક સાંજે ૧૭-૦૦ કલાક

ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારના કોઈ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર સાથે જવા ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું. સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબાર થી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૬નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. કુમાર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી-૩૦૬૬ થી ૩૦૭૧/૯૬.—જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/૧૩૧૨/૯૬, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૬ થી જણાવે છે કે આગામી ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન તે પછી ધાર્મિક તહેવારની ઉજવણી થનાર હોઈ અને ત્યારબાદ શ્રાવણ માસમાં ધાર્મિક તહેવારો આવતા હોઈ, આ પ્રસંગોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જાળવાઈ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવા વિનંતિ કરેલ છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવાઈ રહે તે માટે જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨મા અધિનિયમની) કલમ-૩૭(૧) અન્વયે મળેલી સત્તાની એ, હું, એ. બી. ત્રિવેદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી ફરમાવું છું. છ કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૬ થી ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૬ સુધી (બંને દિવસો સહિત),

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, જછ્છરો, લાકડી કે લાઠી, અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ શયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં. અશ્લીલ ગીતો ગાવા નહીં.

(૨) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવા નહી અથવા તેનો ફેવાલો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને, જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જે તે શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી, લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને,

આજરોજ તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

ઓ. બી. ત્રિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ચાલુમાં લીધુ —

(૧) સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક. બીએલએસ-૧૦૯૪ / /એમ-૨, તારીખ ૨૫મી ઓગષ્ટ ૧૯૯૪.

(૨) નાયબ કલેક્ટરશ્રી, વિરમગામ પ્રાંત, અમદાવાદના પત્ર ક. એમએજી/વેઠપ્રથા/૫-૭૫૪/તારીખ તારીખ ૧૫મી જૂલાઈ ૧૯૯૬

હુકમ

નંબર એસ. બી./વે. પ્રથા/ટા ફોર્સ/વિ. ગામપ્રાંત —વેઠપ્રથા નાબુદી ધારો ૧૯૭૬ના અસરકારક અમલ માટે નાયબ કલેક્ટરશ્રી વિરમગામ-પ્રાંત અમદાવાદના સંદર્ભ (૨) હેઠળના પત્રથી મળેલ દરખાસ્ત અન્વયે વિરમગામપ્રાંત, અમદાવાદપેને પેટા વિભાગ માટે સંદર્ભ (૧) હેઠળના પરિપત્રથી ફરેલ જોગવાઈ અનુસાર નીચેના સભ્યો એક ટાસ્ક ફોર્સની રચના કરવા આથી હુકમ કરવામાં આવે છે.

૧.	પ્રાંત અધિકારી, અને સબડીવીઝનલ મેજિસ્ટ્રેટ વિરમગામ પ્રાંત, અમદાવાદ.	અધ્યક્ષ
૨.	મામલતદારશ્રી, તાલુકા દસ્ક્રોઈ, / વિરમગામ / દહેગામ.	સભ્ય
૩.	તાલુકા વિકાસ અધિકારી, તાલુકા દસ્ક્રોઈ/વિરમગામ/દહેગામ	સભ્ય
૪.	પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, દશક્રોઈ/વિરમગામ/દહેગામ	સભ્ય
૫.	અરૂણક્ષશ્રી, સામાજિક ન્યાય સમિતિ, તાલુકા પંચાયત, દસ્ક્રોઈ/વિરમગામ/દહેગામ.	સભ્ય
૬.	સરકારી મજૂર અધિકારીશ્રી, (ઉદ્યોગ) નાયબ મજૂર કમીશનરની કચેરી ખાનપુર, અમદાવાદ.	સભ્ય
૭.	સરકારી મજૂર અધિકારી (ખેત) બ્લોક નં. ૭/૧, જૂના સચિવાલય, ગાંધીનગર	સભ્ય
૮.	જિલ્લા સમાજ કલ્યાણ અધિકાર શ્રી જિલ્લા પંચાયત ભવન, અમદાવાદ	સભ્ય
૯.	શ્રી મંગાજી જીવાજી બારૈયા, મુ. ક. તાલુકા દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.	સભ્ય
૧૦.	અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત, અમદાવાદ	સભ્ય
૧૧.	શ્રી ધરમશીભાઈ સોમાજી ઠાકોર, મુ. ભોજવા, તા. દસ્ક્રોઈ જી. અમદાવાદ.	સભ્ય
૧૨.	એન. સી. સી. ના પ્રતિનિધિ જુનિયર ઓફીસરશ્રી, કમીશન નંબર-૧૮૮૪૪૦/એનબી/સબ, ખટાર કનુભાઈ ૬, ગુજરાત બટાલીયન, એન. સી. સી. ગૃપ, હેડ ક્વાર્ટર, શાહીબાગ, અમદાવાદ.	સભ્ય
૧૩.	એન. એસ. એસ. ના પ્રતિનિધિ ; પ્રો. યુ. આર. રાવ, એન. એસ. એસ. વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૧૫.	સભ્ય

INDEX

૧૪. સામાજિક કાર્યકરોના પ્રતિનિધિ ;

શ્રી પ્રતાપસિંહ લક્ષ્મણજી ચાવડા, મુ. નાદેલ, તાલુકા દહેગામ, જિ. અમદાવાદ.	સભ્ય

૧૫. ખેત-મજૂર / ગ્રામ કામદારોના પ્રતિનિધિ ;

શ્રી દલાભાઈ ડાહ્યાભાઈ સોલંકી, મુ. માંડલ, તા. વિરમગામ, જિ. અમદાવાદ.	સભ્ય

૧૬. બિન-સરકારી સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ ;

ગુજરાત ખેત-મજૂર વિકાસ પરિષદ, ખેત ભવન, આશ્રમ રોડ, વાડજ, અમદાવાદ.	સભ્ય

આ ટાસ્ક ફોર્સ, સરકારશ્રીના ઘંચાણુ (૧) હેઠળના ઠરાવ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. ટાસ્ક ફોર્સની મુદત તેની પુનઃરચના ન થાય ત્યાં સુધી ની રહેશે.

અમદાવાદ, તારીખ જુલાઈ ૧૯૯૬.

વિપુલ મિત્રા,
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

ક્રમાંક એમઈડી/કોલેરા/વશી-૧૬૯૫.—મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયતના પત્ર નંબર જીપં/જા. આ. ઈપીસી-કોલેરા-જાહેરનામું-૫૫૬૬ થી ૫૬૩, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૬ થી જિલ્લાના નીચે જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત/કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા નિવેદન કરેલ છે.

ઉકત નિવેદન વિચારણામાં લઈને ઈ. પી. ડી. એકટ, ૧૮૯૭ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન બહાર પાડેલ છે. તેની જોગવાઈ હેઠળ હું જી. સી. મુર્મુ, આઈ. એ. એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, શ્રી ભરૂચ નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ નં. ૧માં જણાવ્યા મુજબના વિસ્તારને કોલેરાભયગ્રસ્ત તરીકે તરીકે અને કો. નં. ૨માં જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરું છું તથા કોલમ નં. ૩માં જણાવેલ અધિકારીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમના નામ સાથે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરું છું.

કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર	કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક થયેલ અધિકારીશ્રી.
દહેગામ	સમગ્ર જંબુસર તાલુકો	મામલતદારશ્રી જંબુસર.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૬.

જી. સી. મુર્મુ,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-

©

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, DECEMBER 12, 1996 / AGRAHAYANA 21, 1918 [No. 50

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		PAGES
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	579-588
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B,) under the Bombay Local Boards. Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	51
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	3032-3036
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1207-1230

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૩૦૮/વિ. શા./૧૯૯૬.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

આથી હું, પી. પી. સીંઘ, પોલીસ કમીશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૬ કલાક ૦૦-૦૦થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૬ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

INDEX

વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી હકુમત હેઠળનો વિસ્તાર

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ જેમને ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫ ની પેટા-કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૯૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

જંચાણે લીધા.—જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૪૦/૯૬ તારીખ ૧૭મી જૂન ૧૯૯૬.

ક્રમાંક ઉ/ગપક/૪૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કલમ-૩૩ -બી) ની આધારે મળેલ સત્તાની રૂએ હું, સી. પી. સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર નીચે મુજબ હુકમ કરું છું.

આગાઉ ઉકત તારીખ ૧૭મી જૂન ૧૯૯૬ ના જાહેરનામા દ્વારા ઉસ્માનપુરા સર્કલથી સરકારશ્રીના બાવલાથી સીધા વિજય ચાર રસ્તા સુધી અને વિજય ચાર રસ્તાથી ડ્રાઈવ ઈન રોડ, ડ્રાઈવ ઈન સીનેમા સુધી તથા વિજય ચાર રસ્તાથી સીધા એસ. ડી. એન્જી. કોલેજ થઈ પાંજળાપોળ થઈ નહેરૂનગર સર્કલ સુધીનો સમસ્ત વિસ્તારના રસ્તાઓ પર સવારના ૮-૦૦ થી સાજના ક્લાક ૯-૦૦ સુધી અને ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ અંગે જાહેરનામું બહાર પાડેલ તે પ્રાયોગિક ધોરણે તારીખ ૧૬મી જૂલાઈ ૧૯૯૬ સુધી અમલમાં મુકવામાં આવેલ તે અંગે જાહેર જનતાને પ્રતિભાવ જોતાં કાયમી ધોરણે (બીજો હુકમ ન થાય ત્યાં સુધી) અમલ કરવા નીચે પ્રમાણે નવેસરથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

(૧) ઉસ્માનપુરા સર્કલથી સરદારશ્રીના બાવલાથી સીધા વિજય ચાર રસ્તા સુધી અને વિજય ચાર રસ્તાથી ડ્રાઈન ઈન રોડ, ડ્રાઈવ ઈન સિનેમા સુધી.

(૨) વિજય ચાર રસ્તાથી સીધા એલ. ડી. એન્જી. કોલેજ થઈ પાંજળાપોળ થઈ નહેરૂનગર સર્કલ સુધીનો સમસ્ત વિસ્તાર.

(૩) ઈન્કમટેક્ષ ઓફીસ સર્કલથી સી. જી. રોડ પંચવટી સર્કલ સુધીનો વિસ્તાર.

ઉપર જણાવેલ રસ્તાઓ પર સવારના ક્લાક ૮-૦૦ થી સાંજના ક. ૯-૦૦ સુધી ટ્રકો અને ભારે વાહનોના અવરજવર પર નીચે જણાવેલ કારણોસર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે આ અંગેની જાહેર જનતાને નોંધ લેવી.

૧ વ્યસ્ત રસ્તાઓ પર ગીચતા અને ટ્રાફીક જામ ન થાય તે માટે.
૨ પ્રવાસી બસોના ઝડપી વ્યવહાર અંગે.
૩ પોલ્યુશનપાં ઘટાડો કરવા.
૪ પગપાળા ચાલનાર અને સાયકલ સવારો માટે સહી સલામતી વધારવા.
૫ અવાજનું પ્રદુષણ ઘટાડવા.

સદરહુ હુકમ તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૬ થી અમલમા રહેશે.

આજ તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા કરેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (૩) મુજબ. જાહેરનામા નંબર/ઉ/ગપક/૩૦૮/લિમા/૧૯૯૬ તા. ૧૬મ/૮/૯૬.

નંબર ઉ/ગપક/વિ. શા./ પરવાનગી/૧૩૩/૬૪.—ઉપરોકત મુજબના નંબરવાળા જાહેરનામામા અપવાદના બીજા ફકરામાં નીચે મુજબનો સુધારો કરી વાંચવું.

"આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઉપરોકત પ્રપાસુનો સુધારો તારીખ ૧૭મી માર્ચ ૧૯૯૬ સમાનઅંકી જાહેરનામા નંબર ૨૯૧ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૬ તથા ત્યારપછીના જાહેરનામા નંબર ૨૯૭, તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૬, ૨૯૬, તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૬ ૨૯૯, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૬, ૩૦૦, તારીખ ૧૪મી મે ૧૯૯૬, ૩૦૨, તારીખ ૩૦મી મે ૧૯૯૬, ૩૦૩, તારીખ ૧૪મી જૂન ૧૯૯૬ ૩૦૫, તારીખ ૨૮મી જૂન ૧૯૯૬, ૩૦૬, તારીખ ૧૨મી જૂલાઈ ૧૯૯૬, ૩૦૭, તારીખ ૩૦મી જૂલાઈ ૧૯૯૬માં સુધારો કરી વાંચવા સારું.

આજ તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

સી. પી. સિંઘ,
પોલીસ કમિશ્નર.
અમદાવાદ શહેર.

જિલ્લાના મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) મુજબ હુકમની મુદતમાં વધારો કરવો.

નંબર ડી/એમએજી/૧/સભા/સરઘસ/૯૫-૯૬ .—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૩૩ (૧) (ઓ) મુજબ જિલ્લાના જાહેરોઓને ગામોમાંથી સભા સરઘસ કાઢવા યોજવા માંગતા હોય તો કેવી રીતભાત, વર્તણુકથી સભાઓ તથા સરઘસો કાઢવા જે સંબંધનું જાહેરનામું આ કચેરીના નં. ડી/એમએજી/૧૯૯૬ તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૫ થી પ્રસિધ્ધ કરેલ છે જે તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૬ સુધી અમલમાં મુદત મુકરર કરવામા આવેલ હતી.

સબબ પ્રવર્તમાન સંજોગોને લક્ષમાં લેતાં તેમજ કાયદો અને અવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં આ જાહેરનામાના મુદતમાં વધારો કરવો જરૂરી જણાયેલ છે જેથી મુંબઈ પોલીસ અધિનિયમના કલમ-૩૩ (૧) (અ) અન્વયે મળેલ સત્તાની રૂએ હું રાજ ગોપાલ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા, પાલનપુર સદરહું

INDEX

જાહેરનામું એક વર્ષ માટે એટલે કે તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૬થી તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૭ સુધી લંબાવવા હુકમ કરૂ છું.

આજરોજ તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૬ ના રોજ મારી સહી તથા સેટૅનો સિક્કો કરી આપ્યો.

રાજ ગોપાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ એક્ટ, ૧૯૫૧ સને (૧૯૫૧ ૨૨માં અધિનિયમની, કલમ ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક ડીસી/પીઓએલ/બીપીએલ/૩૭/૧/વર્શી .—ગાંધીનગર જીલ્લો એ ગુજરાત રાજ્યના પાટનગરનો જીલ્લો છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાર્ટર્સ શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ સરકારી કચેરીઓ આવેલ છે અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોવાથી તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ગંભીર પરિસ્થિતિ ઉભી થાય તેવી શક્યતા હોઈ કાયદો અને વ્યવસ્થા ભંગ ન થાય તેમજ જાહેર સુલેહ શાંતી જાળવવાના હેતુથી હું, કે, એલ. બચાણી,અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચેના અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૬ થી તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૬ સુધીના બંને દિવસ સહીત નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ધોકા, બંદૂક, છરા કે અન્ય સળગતી મશાલ બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપનો નીચેનો વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનો મહેસુલી વિસ્તાર.

વિસ્તાર :

૧ જંૐથી ૨-૩ સુધીના રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.
૨ ધ-૩ થી ૨-૩ સુધીનો રોડ સિવાયનો પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર.
૩ ૨-૫ થી છ-૫ સુધીનો રોડ સિવાયનો ચ.પ. સે ૨.ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
૪ છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર.
૫ છ-૫ થી જ-૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો વિસ્તાર.
૬ જ-૬ થી જ-૩ સુધીનો રોડ પુર્વ તરફનો મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર.
૭ રાજભવન સહીત મંત્રીશ્રીઓના એમએલએ રહેણાંક વિસ્તારના ૧૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.

(૧) જાહેરનામું ધાર્મિક મરણોત્તર પ્રક્રિયાને લાગુ પડશે નહી.
(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ પર હથિયાર લઈ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટેટ, ગાંધીનગર, તથા જિલ્લા પોલીસ અધિકારી ગાંધીનગર તથા અધિક જિલ્લા પોલીસ અધિકારી, તથા પોલીસ ઈન્સપેક્ટરશ્રી, ગાંધીનગર જેઓને શારીરીક અશક્તિ છે તેના કારણોસર લાકડી રોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.
(૪) અત્રેની કોઈપણ કિસ્સા તરીકે આપવામાં આવેલ પરવાનગીને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૫ હેઠળ ગુનાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૯મી ઓગસ્ટ ૧૯૯૬ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ(૩) હેઠળ.

નંબર ડી.સી./પીઓએલ/બીપીએ/૩૭(૩) / વર્શી .—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેર વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાર્ટર્સ, શાળા કોલેજો, જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ન મુંબઈ ૨૨માંની કલમ-૩૭ ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ હું કે એલ. બચાણી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૬ શનિવાર સવારના ૦૦-૦૦ થી તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૬ શનિવાર ૨૪-૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાઉં છું.

INDEX

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧ ફરજ ઉપર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
૨ ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષક દળની વ્યકિતને.
૩ કોઈ લગ્નના વરઘોડાને.
૪ કોઈ સ્મશાનયાત્રાને.
૫ અત્રેથી આપવામાં આવેલ ખાસ કોરસા તરીકેની પરવાનગીને

વિસ્તાર : ગાંધીનગર ટાઉનશીપનો નીચે મુજબનો વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનો મહેસુલી વિસ્તાર.

૧ જ-૩ થી ૨-૪ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો વિસ્તાર
૨ ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર
૩ ચ-૫ થી છ-૫ સુધીનો રોડ સિવાયનો ચ. પ. સે. ૨૧ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
૪ છ-૪ થી છ-૬ સુધીનો રોડ તથા પુર્વ તરફનો વિસ્તાર.
૫ છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
૬ છ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર

મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર.

આ ઉપરાંત રાજભવન સહીત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તેમજ મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર તથા નવા એમ.એલ.એ. ક્વાર્ટર્સ સેકટર ૨૧ ના રહેણાંક વિસ્તારનો ફરતો ૧૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

નોંધ :—આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ર.ટરલ્ લ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-(૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ઠરશે.

આજ તારીખ ૯મી ઓગસ્ટ ૧૯૯૬ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ (૧)ની ક્લોઝ (બી) અન્વયેનો.

નંબર પલસ/ચોમાસુ/૧૯૯૬.—સુરત જિલ્લામાં આવેલ કેટલાક રસ્તાઓ ચોમાસા દરમ્યાન ભારે વાહન વ્યવહારને લીધે ખરાબ બની જવા તથા રાહદારીઓ માટે અગવડરૂપ બનવાની સંભાવના હોવાથી આવા રસ્તાઓના ઉપયોગનું નિયમન કરવું જરૂરી જણાયું છે. સબબ ચાલુ વર્ષે પણ ચોમાસાની ઋતુ દરમ્યાન કેટલાક રસ્તાઓ ઉપર ભારે વાહનોની અવરજવર બંધ કરવાનું મને જરૂરી જણાયું છે

જેથી આ અર્થે હું, ડી. બી. મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) ની ક્લોઝ(બી) થી મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓ પર સાત માણસોથી વધુ બેસી શકાય તેવા વાહનો તેમજ ભારે વાહનો તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૬ સુધી ચોમાસાના સમય દરમ્યાન અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય હંકારી શકાશે નહીં.

પરિશિષ્ટ

અનુ. નંબર	રસ્તાનું નામ	તાલુકાનું નામ	રસ્તાની કક્ષા	રસ્તાની લંબાઈ	ચોમાસા દરમ્યાન રસ્તો બંધ કરવાના કારણો
૧	૨	૩	૪	૫	૬
૧	પાઠકવાડી પદમ ડુંગર ચુનાવાડી રોડ	ચોરાસી	મુ.જિ. માર્ગ	૯/૦ થી ૨૧/૦	કોઝવેની કામગીરી બાકીમાં છે.
૨	ધામણદેવી સર કેવડી રોડ		ગ્રા મા	૨૪.૫૦	નાળા તથા પુલની કામગીરી બાકી
૩	કનપુરાથી મુસાડ રોડ	,,	,,	૫.૫૦	નાળાની કામગીરી બાકી
૪	કપુરાથી છોરમાં રોડ			૨.૦૦	,,
૫	વેલ્ધાથી ટીચકીયા રોડ	,,	,,	૨.૦૦	કાચી સપાટીનો રસ્તો છે
૬	કાંકડવાથી વરજાખણ રોડ			૨.૩૭	,,
૭	પંચોલથી પલાસીયા રોડ	,,	,,	૩.૦૦	,,
૮	છીંડીવાથી બાલપુર રોડ			૩.૦૦	,,
૯	રાની આંબાથી ઢોગા આંબા રોડ	,,	,,	૨.૦૦	,,
૧૦	ઓડસ આપચુક કવીઠા નીહાલી રોડ	મહુવા	અન્ય જી.મા	૮.૮૪	કવીઠા-નિહાલી વચ્ચે ઘુમાસી ખાડી ઉપર કોઝવેના એપ્રોચનું ધોવાણ થવાથી
૧૧	ભગવાનપુરા વાંકથી સાંબા ભોરીમા રોડ	,,	ગ્રા. મ.	૧/૬ થી ૧/૮	નાળુ ખરાબ હોવાથી
૧૨	વસરાઈ એપ્રોચ રોડ	,,	,,	૦૦ થી ૨.૦	,,
૧૩	પણદાથી વરાડ એપ્રોચ રોડ	બારડોલી	,,	૩.૦૦	રસ્તો કાચો છે (માટી સપાટીનું)
૧૪	ટીમ્બરવાથી કરચકા રોડ	,,	,,	૩.૦૦	,,

INDEX

૧	૨	૩	૪	૫	૬
૧૫	જેતાથી મોવાછી રસ્તો	બારડોલી	ગ્રા. મ.	૩.૦૦	રસ્તા કાચો છે (માટી સપાટીનું)
૧૬	બાલ્દાથી ભેસુદલા રોડ	,,	,,	૩.૦૦	,,
૧૭	ગોજીથ સેજવાડ રસ્તો	,,	,,	૭.૦૦	,,
૧૮	ચલથાણ તળોદરા એરથાણ રોડ	પલસાણા	,,	૫.૦૦	એક વેપર મે લ સપાટી સીંગલ લેન રસ્તો બંધ રાખવા જરૂરી છે.
૧૯	બગુપરા બલેશ્વર રોડ	,,	,,	૨.૦૦	,,
૨૦	ધામડોદ સોયાણી રોડ	,,	,,	૪.૦૦	,,
૨૧	તાંતીઢોયા સાંકીરોડ	,,	,,	૩.૬૦	,,
૨૨	કડોદરા જોળવા રોડ	,,	,,	૫.૦૦	,,
૨૩	અંબાસ એપ્રોચ રોડ	વાલોડ	વી. આર	૩.૦૦	પથ્થરની ખાણ આવેલ છે જેથી બંધ કરવો હિતાવહ છે.
૨૪	વાલોડ કોસંબીયા કુંભારી રોડ	,,	,,	૮.૦૦	એજન
૨૫	વાલોડ દોડકીયા ફળીયા એપ્રોચ રોડ	,,	,,	૪.૦૦	,,
૨૬	તલંગપોર ગભેણીરોડ તા. ચોર્યાસી	ચોર્યાસી	વી. આર	૪ કી. મી.	મેટલ સોલીંગ સપાટી હોવાના કારણે
૨૭	મહોણી ગાંગવા રોડ તા. ચોર્યાસી	,,	ઓ ડીઆર	૨ કી. મી.	,,
૨૮	એરથાણ બોણંદ રોડ તા. ચોર્યાસી	,,	વી. આર	૪ કી. મી.	,,
૨૯	ભાટીયા ચોપડા રોડ તા. ચોર્યાસી	,,	વી. આર	૩ કી. મી.	,,

આજરોજ, તારીખ ૩જી જુલાઈ, ૧૯૯૬નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

ડી. બી. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ઉ-મકપ-૯૬-વશી-૧૮૩૬.—પંચમહાલ જિલ્લાની નીચે જણાવેલ તાલુકાની ગામોમાં કોલેરા પોજીટીવના કેસો થયેલી હોવાથી મામલતદારશ્રી, શહેરાએ તેમની પત્ર નંબર એમઈડ-વશી, તારીખ ૯ ઓગષ્ટ, ૧૯૯૬ થી આ ગામોને કોલેરાગ્રસ્ત તથા તે તાલુકાઓને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા માંગણી કરેલ છે,

તાલુકાનું નામ	ગામનું નામ
શહેરા	નરસાણા

ઉપરોક્ત સંજોગોમાં જાહેર આરોગ્યની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવી જરૂરી જણાય છે. વાસ્તે હું ડી. એન. પાંડે (આઈ.એ. એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, કોલેરા રેગ્યુલેશન એક્ટની કલમ-૨ અને ક્લ ૩ અન્વયે મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ ગામોને કોલેરાગ્રસ્ત તરીકે અને આજુબાજુના આઠ કિ. મી. નાં વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત તરીકે જાહેર કરું છું.

કોલેરાગ્રસ્ત ગામનું નામ	કોલેરા ભયગ્રસ્ત તાલુકાનું નામ
નરસાણા	નરસાણા ગામથી આજુબાજુનો આઠ કિ. મી. નો વિસ્તાર.

મામલતદારશ્રી, શહેરાને અનુક્રમે શહેરા તાલુકાના વિસ્તાર માટે કોલેરા નિયંત્રણ અધિકારીતરીકે નિયુક્ત કરું છું, જેમણે કોલેરા રેગ્યુલેશન એકટ મુજબ નિયમોનુસાર પગલાં લેવા કાર્યવાહી કરવી.

આ જાહેરનામું બહાર પાડયા તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે,

ગોધરા, તારીખ ૧૨મા ઓગસ્ટ ૧૯૯૬.

ડી. એન. પાંડે,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર એમ/ઇડી/કોલેરા/વશી/૩૦૨૩-૩૫/૧૯૯૬.—કરજણ તાલુકાના કરજણ ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી મી. ના વિસ્તાર કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત વડોદરા ના તેઓના પત્રાંક ઈએમઓ/કોલેરા/જાહેરનામું/૨૨૪૪-૯૬, તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૬ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે ૧૯૯૬ ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કરજણ તાલુકાના ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી કરજણને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૬.

આઈ. પી. ગૌતમ,
કલેકટર, વડોદરા.

INDEX

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *read* with Rule 6].

No. ULC 6 (1)/ Athawa/No-16/87 Unit-1.—Whereas draft statement dated 31st July 1992 was servedon Shri Yugnesh N. Nanavati under sub-section (*3*) of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 in Form III adended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him/her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him/her and after hearing the party and considering the objections a final statement dated 27th September 1996 under section 9 was served on him/her in the manner referred to in the said sub-section (*3*) of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette.*

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the Holder	Village	Taluka	Details of land: Survey No. / Final Plot No.	Details of land: Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Yagnesh N. Nanavati etc.	Athwa	Chorasi	60 F. P. No 129 T. P. 7	318.00	

Surat, 3rd December, 1996.

સક્ષમ અધિકારી અને અધિક કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી./૬(૧) અઠવા-રજીનં. ૧૬/૮૭/યુનિટ-૧.— જે અર્થે યજ્ઞેશ એન, નાણાવટી વંદના એન્ટરપ્રાઈઝ એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૮૨નું મુસદ્દા પત્રક વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૬નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરું છું કે,—(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	યશ્રેશ એન, નાણાવટી વંદના એન્ટરપ્રાઈઝ	અડવા	ચોર્યાસી	૬૦ ફા, પ્લોટ નં. ૧૨૯, ટી. પી, ૭	૩૧૮	

સુરત, તારીખ ૩જી ડીસેમ્બર, ૧૯૯૬.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule 6] .

No. ULC 6(i) 1/2637, 1/2697, 1/2626/Umara/Unit-1.—Whereas draft statement dated 25th Septmber, 1994 was served on Shri Naranbhai Somabhai Ahir & Etc. under sub-section (*3*) of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 20th September, 1996 under section 9 was served on him in the manner referred to in the said sub-section (3) of section-8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No./ Final Plot No.	Area in Sq. Mts.	
1	2	3	4	5(a)	5(b)	6
1.	Shri Naranbhai Somabhai Ahir & Ect.	Umaru ,, ,,	Chorasi	5/A/P. 60/2 61/2	6273 657 1214 8144	

Surat, 3rd December 1996.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૬(૧),૧/૨૬૩૭, ૧/૨૬૯૭, ૧/૨૬૨૬/ઉમરા/યુનિટ-૧.—જે અર્થે શ્રી નારણભાઈ સોમાભાઈ આહીર વગેરે એ ધારણ કરેલ ખુલ્લી જમીન સબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮(૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ ૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૮૪નુ મુસદ્દા પત્રક વાંધા રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા. અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૬ નું આખરી પત્રક કલમ-૮ (૩)માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ ૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરૂં છું કે :—(૧) આ સાથેનાં પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંનાં તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		
				સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચો.મીટરમાં)	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	નારણભાઈ સોમાભાઈ આહીર વિગેરે	ઉમરા	ચોર્યાસી	૫/એ/પૈ.	૬૨૭૩	
		,,	,,	૬૦/૨	૬૫૭	
		,,	,,	૬૧/૨	૧૨૧૪	
					૮૧૪૪	

સુરત, તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૬.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule 6]

No. ULC-6 (i) 459/96/Bhestan /Unit-1.—Whereas draft statement dated 21st July 1996 was served on Shri Gulab bhai Dahyabhai under sub-section (3) of Section 8 of the Urban Land (Ceilings & Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling & Regulation) Rule 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 27th September 1996 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that :

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat: and

(ii) All, the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

INDEX

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Ramarks
				Survey No./Final Plot No.	Area in Sq. mts.	
1	2	3	4	5 (a)	5(b)	6
1	Shri Gulabbhai Dahayabhai	Bhestan	Choriyasi	156	18167	

Surat, 3rd December 1996.

R. M. PATEL,
Competent Authority and Additional Collector,
Urban Land Ceiling, Surat.

જાહેરનામુ

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી. /૬ (૧) ૪૫૯/૯૬ /ભેસ્તાન-ચુનિટ૧.--૭ અર્થે, શ્રી ગુલાબભાઈ ડાહ્યાભાઈ એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું

INDEX

તારીખ ૨૭ જુલાઈ ૧૯૯૬ નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજૂ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૧૯૯૬ નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકાર રૂએ, હું આથી જાહેર કરું છું કે:— (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જો તે અંગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	ગુલાબભાઇ ડાહ્યાભાઇ	ભેસ્તાન	ચોર્યાસી	૧૫૬	૧૮૧૬૭	

સુરત, તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૬.

આર. એમ. પટેલ,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXVII] THURSDAY, DECEMBER 19, 1996 / AGRAHAYANA 28, 1918 [No. 51

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette.	589—598
Part I-A	Orders and Notifications (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	55
Part, I-B	Government Notifications published under Land Acquisition Act only.	3034—3109
Part-I-L	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1231—1258

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

BY DISTRICT JUDGE

Notification

No. B. 7 /3 / ADM/27 of 1996.—The following Assistants (Junior Clerks) of the Judicial Department of Mahesana district who appeared in the Higher Standard Departmental Examination and Lower Standard Departmental Examinations of the Judicial Department held on 1st July 1996 and 2nd July 1996 are declared as successful, as under :

Higher Standard Departmental Examinations :

1. Shri A. S. Raval, Assistant, District Court, Mahesana.
2. Shri M. K. Modh, Assistant, Civil Court (Junior Division), Siddhpur.

Lower Standard Departmental Examinations:

1. Shri H. C. Pandya, Assistant, Civil Court (J.D.), Kalol.

INDEX

2. Shri H. J. Mansuri, Assistant, Civil Court, (J.D.), Vadnagar.
3. Shri P. M. Barot, Assistant, District Court, Mahesana.
4. Shri R. G. Solanki, Assistant, Civil Court, (J.D.), Mansa.
5. Shri Y. R. Parmar, Assistant, Civil Court, (J.D.), Kadi.
6. Shri P. H. Darji, Assistant, District Court, Mahesana.
7. Shri R. B. Patel, Assistant, Civil Court, (J.D.), Visnagar.
8. Shri J. N. Modh, Assistant, Civil, Court, (J.D.), Kheralu.
9. Smt. S. R. Shukla, Assistant, Civil Court, (J.D.), Visnagar.
10. Smt. P. D. Dave, Assistant, Civil Court, (S.D.) Patan.
11. Shri R. B. Chavada, Assistant, District Court, Mahesana.

Mahesana, 30th July, 1996.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

નં. બી. ૭/૩/વહીવટ/૨૭/સને ૧૯૯૬.—મહેસાણા જિલ્લાના ન્યાય-ખાતાના નીચે જણાવેલ આસીસ્ટન્ટ (જુનિયર ક્લાર્ક) છે, જેઓ ઉચ્ચશ્રેણી તેમજ નિમ્નશ્રેણીની તારીખ ૧લી જુલાઈ ૧૯૯૬ અને ૨જી જુલાઈ ૧૯૯૬ના રોજ લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષા:

૧. શ્રી એ. એસ. રાવલ,
આસીસ્ટન્ટ,
ડીસ્ટ્રીક્ટ કોર્ટ, મહેસાણા.

૨. શ્રી એમ. કે. મોઢ,
આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.), સિધ્ધપુર.

નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષા:

આ નીચે જણાવેલા ક્લાર્ક કે જેઓને ખાતાકીય નિમ્નશ્રેણીની પરીક્ષ આપેલ તેઓને ઉત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા છે.

૧. શ્રી એચ. સી. પંડ્યા,
આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.), કલોલ.

૨. શ્રી એચ. જે. મનસુરી,
આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.), વડનગર.

૩. શ્રી આર. એમ. બારોટ,
આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, મહેસાણા.

૪. શ્રી આર. જી. સોલંકી,
આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.), માણસા.

૫. શ્રી વાય. આર. પરમાર.
આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ (જે. ડી.), કડી.

૬. શ્રી પી. એચ. દરજી,
આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, મહેસાણા.

૭. શ્રી આર. બી. પટેલ,
આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.) વિસનગર.

૮. શ્રી જે. એન. મોઢ,
આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.) ખેરાલુ.

૯. શ્રીમતી એસ. આર. શુક્લા.
આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.), વિસનગર.

૧૦. શ્રીમતી પી. ડી. દવે,
આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.), પાટણ.

૧૧. શ્રી આર. બી. ચાવડા,
આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, મહેસાણા.

મહેસાણા, તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૬.

Notification

No. B-7/3/ADM/ 28 of 1996.—The following Assistants (Junior Clerks) of the Judicial Department of Mahesana district who appeared in the Higher Standard Departmental Examination and Lower Standard Departmental Examination of the Judicial Department held on 1st July, 1996 and 2nd July, July, 1996, but failed at the said Examinations are exempted from appearing again in the paper shown against their names :

Higher Standard Departmental Examinations:

1.	Shri A. T. Ghosalkar ..	Assistant, Civil Court (S. D.) Mahesana	Paper-IV
2	Shri N. B. Joshi ..	Assistant, District Court, Mahesana	Paper-I
3.	Smt. R. M. Shah ..	Assistant, Civil Court (J. D.), Kalol	Paper-I

Lower Standard Departmental Examination:

1	Shri A. C. Joshi ..	Assistant, Civil Court (J. D.), Vijapur	Type
2	Shri D. S Brahman ..	Assistant, Civil Court (J. D.), Harij	Type
3	Shri D. V. Parmar ..	Assistant, Civil Court (S. D.), Patan	Type

INDEX

4	Shri J. K. Parmar	..	Assistant, Civil Court (J. D.), Visnagar	Type
5	Shri K. A. Patel	..	Assistant, Civil Court (J. D.), Kheralu	Type
6	Shri K. D Solanki	..	Assistant, Civil Court (S. D.), Patan	Type
7	Shri M. M. Vora,	..	Assistant, Civil Court (J. D.), Harij	Type
8	Shri R. G. Upadhyay	..	Assistant, District Court, Mahesana	Type
9	Shri R. J. Raval	..	Assistant, District Court, Mahesana	Type
10	Shri S. K. Modh	..	Assistant, Civil Court (S. D.), Patan	Type

Mahesana, 30th July, 1996.

A. A. KURESHI,
District, Judge, Mahesana.

જાહેરનામું

નંબર બી-૭/૩/વહીવટ/૨૮ સને ૧૯૯૬.—મહેસાણા જિલ્લાના ન્યાયખાતાના નીચે જણાવેલ આસીસ્ટન્ટ જુનીયર ક્લાર્ક કે જેઓ ઉચ્ચશ્રેણી અને નિમ્નશ્રેણીની તારીખ ૧લી જુલાઇ ૧૯૯૬ અને રજી જુલાઇ ૧૯૯૬ ના રોજ લેવાયેલ ખાતાકીય પરીક્ષામાં બેઠેલા પરંતું તેઓ નાપાસ થયા છે. તેઓને તેમના નામની સામે દર્શાવેલ પેપરમાંથી મુકિત આપવામાં આવે છે.

	ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષા :	પેપર નંબર
૧.	શ્રી એ. ટી. ઘોસાલકર. આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ (એસ. ડી.), મહેસાણા	૪
૨.	શ્રી એન. બી. જોશી, આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીક્ટ, કોર્ટ, મહેસાણા	૧
૩	શ્રીમતી આર. એમ. શાહ, આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ (જે.ડી.), કલોલ.	

	નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષા :	પેપર નંબર
૧	શ્રી એ. સી. જોશી, આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે.ડી.), વિજાપુર.	ટાઇપ
૨	શ્રી ડી. એસ. બ્રાહમણ, આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ (જે.ડી.), હારીજ.	ટાઇપ
૩	શ્રી ડી. વી. પરમાર, આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (એસ. ડી.), પાટણ.	ટાઇપ
૪	શ્રી જે. કે. પરમાર, આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ (જે.ડી.), વિસનગર.	ટાઇપ
૫	શ્રી કે. એ. પટેલ, આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે. ડી.), ખેરાલુ.	ટાઇપ
૬	શ્રી કે. ડી. સોલંકી, આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (એસ. ડી.), પાટણ.	ટાઇપ
૭	શ્રી એમ. એમ. વોરા, આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જે.ડી.), હારીજ.	ટાઇપ
૮	શ્રી આર. જી. ઉપાધ્યાય, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા	ટાઇપ
૯	શ્રી આર. જે. રાવલ. આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.	ટાઇપ
૧૦	શ્રી એસ. કે. મોઢ. આસીસ્ટન્ટ સીવીલ, કોર્ટ, (એસ. ડી.), પાટણ.	ટાઇપ

મહેસાણા, તારીખ ૩૧મી જુલાઇ, ૧૯૯૬.

એ. એ. કુરેશી,
જિલ્લા ન્યાયાધીશ.
મહેસાણા.

Notification

No. B/7/1/1199/96.—The following Assistants serving in the District Court and Subordinate courts in the Judicial District of Sabarkantha who have appeared in the Higher and Lower Standard Departmental Examination held on 1st and 2nd July, 1996, are declared successful.

I

HIGHER STANDARD EXAMINATION

1. Mr. A. H. Soni, Assistant, 2nd Jt. Civil Judge (S. D.) and J. M. F. C., Himatnagar.

2. Mr. N. K. Chamar, Asstt. 5th Jt. Civil Judge (J. D.) and J. M. F. C., Himatnagar.

3. Mr. S. T. Prajapati, Asstt., Jt., District Judge, Court, Himatnagar.

4. Mr. H. J. Vankar, Asstt., Civil Judge (S. D.), Himatnagar.

5. Mr. N. A. Patel, Asstt., Jt., Civil Judge (J. D.) and J. M. F. C., Idar at Khedbrahma.

6. Miss. P. P. Thapa, Asstt. District Court, Himatnagar.

7. Mr. R. A. Vyas, Asstt., District Court, Himatnagar.

8. Mr. A. M. Patel, Asstt., Civil Judge (S. D.), Himatnagar.

9. Mrs. S. K. Verma, Asstt., Civil Judge (S. D.), Himatnagar.

10. Mr. P. B. Raval, Asstt., Jt., Civil Judge (J. D.), and J. M. F. C., Himatnagar.

11. Mr. M. A. Rajpura, Asstt., Asststant, Court, Himatnagar.

12. Mr. G. M. Barot, Asstt. 3rd Jt., Civil Judge (J.D.) and J.M.F.C., Himatnagar,

INDEX

II

LOWER STANDARD EXAMINATION

1. Mr. M. D. Parmar, Asstt., Civil Court (J.D.) and J. M. F. C., Prantij.

2. Mr. D. S. Sisodiya, Asstt., Civil Court (S.D.) Himatnagar.

3. Mr. R. T. Trivedi, Asstt., District Court Himatnagar.

4. Mrs. N. R. Modiya, Asstt., Chief Judicial Magistrate Court, Himatnagar.

Their names are arranged in order of merits.

Out of the candiates, who had appeared in the Departmental Examination held on 1st and 2nd July, 1996, the following candidates have failed but have obtained exemption in the papers shown against their names as under :

LOWER STANDARD EXAMINATION

Sr. No.	Name	Paper in which exemption is earned
1.	Mr. B. R. Bhatt	Type Test
2.	Mr. S. K. Kotwal	,,
3.	Mrs. U. S. Hotha	,,
4.	Mrs. D. B. Asari	,,
5.	Mr. R. S. Goswami	,,
6.	Mrs. T. M. Mochi	,,
7.	Mr. M. K. Tabiyad	,,
8.	Mr. C. B. Kalab	,,
9.	Mr. A. V. Baranda	,,

Himatnagar, 14th August, 1996.

P. U. RANA,
District Judge,
Sabarkantha, Himatnagar.

જાહેરનામું

જાવક નંબર બી/૭/૧/૧૧૯૯ સને ૧૯૯૬.—સાબરકાંઠા જીલ્લામાં તારીખ ૧લી અને ૨જી જુલાઇ સને ૧૯૯૬ ના રોજ લેવાયેલી ન્યાયખાતાની ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણી પરીક્ષામાં બેસેલ ઉમેદવારો પૈકી નીચે જણાવેલ ઉમેદવારો ઉકત પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા :

૧. શ્રી એ. એચ. સોની, આસીસ્ટન્ટ, બીજા જોઇન્ટ સીવીલ જજ (સી. ડી.) સને જ્યુડી. મેજી. ફ.ક. કોર્ટ, હિમતનગર.

૨. શ્રી એન. કે. ચમાર, આસીસ્ટન્ટ પાંચમાં જો. સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજી. ફ. ક. કોર્ટ, હિમતનગર.

૩. શ્રી એસ. ટી. પ્રજાપતિ, આસીસ્ટન્ટ, જોઇન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ, હિમતનગર.

૪. શ્રી એચ. જે. વણકર, આસીસ્ટન્ટ સીવીલ જજ (સી. ડી.) કોર્ટ, હિંમતનગર.

૫. શ્રી એન. એ. પટેલ, આસી. જો. સીવીલ જજ, (જુ. ડી.) અને જ્યુડી. મેજી. ફ. ક. ઈડર, મુ. ખેડબ્રહ્મા.

૬. કુ. પી, પી. થાપા, આસી. ડીસ્ટ્રીકટ કોર્ટ, હિમતનગર.

૭. શ્રી આર. એ. વ્યાસ આસી. ડીસ્ટ્રીકટ કોર્ટ, હિમતનગર

૮. શ્રી એ. એમ. પટેલ, આસીસ્ટન્ટ, સીવીલ જજ, (સી.ડી.) કોર્ટ, હિમતનગર.

૯. શ્રીમતી એસ. કે. વર્મા, આસીસ્ટન્ટ સીવીલ જજ, (સી. ડી.) કોર્ટ હિમતનગર.

૧૦. શ્રી પી. બી. રાવલ, આસીસ્ટન્ટ જો. સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજી. ફ. ક. કોર્ટ, હિમતનગર.

૧૧ શ્રી એમ. કે. રાજપુરા આસીસ્ટન્ટ, કોર્ટ, હિમતનગર

૧૨. શ્રી જી. એમ. બારોટ, આસીસ્ટન્ટ, બીજા જો. સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજી. ફ. ક. કોર્ટ, હિમતનગર.

નિમ્ન શ્રેણી પરીક્ષા :

૧ શ્રી એમ. ડી. પરમાર, આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ. ડી.) પ્રાંતિજ.

૨ શ્રી ડી. એસ. સીસોદીયા, આસીસ્ટન્ટ, સીવીલ, કોર્ટ., સી. ડી.) હિમતનગર.

૩ શ્રી આર. ટી. ત્રીવેદી, આસીસ્ટન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ, હિમતનગર

૪ શ્રીમતી એન. આર. મોડીયા, આસીસ્ટન્ટ, ચીફ. જ્યુડી. મેજી. કોર્ટ, હિમતનગર.

ઉપરોકત નામો ગુણવત્તાના ક્રમમાં ગોઠવેલા છે.

ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણીની પરીક્ષામાં જે ઉમેદવારો બેસેલ તે પૈકી અન-ઉત્તીર્ણ થયેલ નીચે જણાવેલ ઉમેદવારોને તેમના નામ સામે જણાવેલ પેપરોમાં ફરીને બેસવામાંથી મુકત મળે છે.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા :

—શૂન્ય—

નિમ્ન શ્રેણીની પરીક્ષા :

૧	શ્રી બી. આર. ભટ્ટ.	આસીસ્ટન્ટ ટાઇપ ટેસ્ટ.
૨	એસ. કે. કોટવાલ	,, ,,
૩	શ્રીમતિ યુ. એસ. હોથા.	,, ,,
૪	શ્રીમતી ડી. બી. આસારી.	,, ,,
૫	શ્રી આર. એસ. ગોસ્વામી	,, ,,
૬	શ્રીમતી ટી. એમ. મોચી	,, ,,
૭	શ્રી એમ. કે. તબીયાડ	,, ,,
૮	શ્રી સી. બી. કળબ	,, ,,
૯	શ્રી એ. વી. બરંડા.	,, ,,

હિમતનગર, તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૬.

પી. યુ. રાણા,
જીલ્લા ન્યાયાધીશ,
સાબરકાંઠા, હિમતનગર.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મા) ની કલમ-૩૭ (૩).

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.૩૨/૯૬.—જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર ક્ષાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાનું તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છ કે, વલસાડ જિલ્લામાં તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૬ થી ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૬ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચાર થી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં. સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મા) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૬નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.અ./૨જી. ૩૩/૯૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું બી. કે. કુમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી આવતા પારસી નવું વર્ષ તથા રક્ષાબંધનના તહેવાર નિમિત્તે જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારાં જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમા કોઈપણ વ્યકિતએ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૬ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની.

(છ) જેનાથી ચૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ, પ્લેબોર્ડો અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા, તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાંઠી લઈ જવાનું પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. કે. કુમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી/વશી-૮૦૧૫.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહેતે હેતુથી તથા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબણના ૨૨માં અધિનિયમ ની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેરશાંતી અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈઅ નીચેનં અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૯૬ થી તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૬ સુધી (બંને દિવસો સુધ્ધા)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બારીયા, ધોકા, છરા, લાકડી લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી ક્ષકાય તેવું બજ કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

INDEX

(૧૫) પથ્થરો અથવા હાની કારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(૧૬) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૧૭) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૧૮) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બતાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ભરૂચ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૬ના રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો છે.

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

